મહારાષ્ટ્ર જીવનપ્રભાત

પુસ્તકાલય સહાયક
સહકારી મંડળ, લિમિટેડ
વડોદરા

મહારાષ્ટ્ર જીવનપ્રભાત:

રમેશચન્દ્ર દત્તની

નવલકથા

બંગાળીમાંથી

અનુવાદ કરનાર:

નરસિંહભાઇ ઈશ્વરભાઇ પટેલ

પ્રકટ કરનાર:

પુસ્તકાલય સહાયક સહકારી

મંડળ, લિમિટેડ

વડોદરા

મૂલ્ય રૂા. ૧॥

પ્રકાશકની પ્રસ્તાવના

આ નવલકથા મૂળ બંગાળીમાં મહૂંમ ભારતમિત્ર રમેશચન્દ્ર દત્તે લખેલી છે. એનો અનુવાદ કેટલાંક વર્ષો પૂર્વે સ્વ. નારાયણ હેમચન્દ્રે પ્રસિદ્ધ કર્યો હતો; પણ તે પુસ્તક મળતું નહિ હોવાથી અને વાચકવર્ગમાં તેની માગણી હોવાથી પેટલાદ મિત્રમંડળે, ભાઇ નરસિંહભાઇ ઇશ્વરભાઇ પટેલ પાસે અનુવાદ કરાવી, સને ૧૯૦૯માં એ પુસ્તકની ૧૦૦૦ પ્રત પ્રસિદ્ધ કરી હતી. એક બે વર્ષમાંજ એની બધી પ્રતો વેચાઇ ગઇ અને છતાંયે તેની માગણી ચાલુ રહેવાથી ૧૮ વર્ષની લાંબી મુદત પછી એજ અનુવાદની તેટલીજ પ્રતની આ બીજી આવૃત્તિ "પુસ્તકાલય સહાયક સહકારી મંડળ, લિ." ફરીથી પ્રસિદ્ધ કરે છે અને આશા રાખે છે કે પુસ્તકાલયોના યુગમાં વાચક વર્ગને આ અનુવાદ બહુજ પસન્દ પડશે.

એજ સુપ્રિદ્ધ બંગાળી લેખકની 'રાજપુત જીવનસન્ધ્યા' નામની નવલકથાનો ભાઇ નરસિંહભાઇએ કરેલો અનુવાદ મંડળ તરફથી છપાયો છે અને થોડાકજ વખત ઉપર વાચકોના હાથમાં મૂકાયો છે.

આ બન્ને અનુવાદોની એકેક આવૃત્તિ ભાઇ નરસિંહભાઇએ કંઇ પણ બદલાની આશા રાખ્યા વિના પ્રસિદ્ધ કરવાની પરવાનગી મંડળને આપી છે, તે માટે મંડળ તેમનો આભાર માને છે.

રાવપુરા,
વડોદરા.
શ્રાવણી, '૮૩

દેવીદાસ હરગોવિંદદાસ શાહ
પ્રમુખ,
પુસ્તકાલય સ. સ. મંડળ લિ.

સમાવેશ :

આણંદ ચરોતર પ્રિન્ટિંગ પ્રેસમાં મોતીભાઇ મથુરભાઇ
પટેલે પ્રકાશકને માટે છાપ્યું. તા. ૧૮ : ૮ :'૨૭.

મહારાષ્ટ્ર

જીવનપ્રભાત

૧

જીવન – ઉષા

ક્રાઇસ્ટના બારમા સૈકાના અન્તભાગમાં મહમદ ઘોરીએ આર્યાવર્ત પ્રદેશ જિતી લીધો. એ વિશાળ અને સમૃદ્ધિશાળી રાજ્ય પ્રાપ્ત કરી મુસલમાનો એક સૈકા સુધી શાન્ત રહ્યા, વિન્ધ્યાચળ અને નર્મદા રૂપી વિશાળ કિલ્લો અને ખાઇ ઓળંગી દક્ષિણ તરફ જવાના કોઇ પ્રયત્નો કર્યા નહિ. અન્તે તેરમા સૈકાને અન્તે દિલ્લીનો યુવરાજ અલ્લા-ઉદ્-દીન ખિલજી આઠ હજાર અશ્વારો લેઈ નર્મદા નદીની પાર ગયો અને હિન્દુ રાજધાની દેવગઢ પાસે ઓચિન્તો ખડો થયો. દેવગઢનો રાજપુત્ર પોતાની મોટી સેના લેઇ અલ્લા-ઉદ્-દીનની સામે થયો, પણ તુમુલ સંગ્રામમાં હિન્દુ સેના હારી અને હિન્દુ રાજાએ બહુ દ્રવ્ય અને ઇલિચપુર પ્રદેશ આપવાનો કરી સન્ધિ ખરીદી. પછી જ્યારે અલ્લા-ઉદ્-દીન બાદશાહ થયો, ત્યારે તેનો સેનાપતિ મલેક કાફૂર દક્ષિણ ઉપર ત્રણ વાર ચઢ્યો અને નર્મદાથી કુમારિકા સુધીના પ્રદેશને અસ્તવ્યસ્ત કરી નાખ્યો. દેવગઢ આદિ દક્ષિણનાં

હિંદુ રાજ્યોએ દિલ્હીના મુસલમાન બાદશાહની આધીનતા સ્વીકારી.

ચૌદમા સૈકામાં મહમદ તઘલખ દિલ્હીનો બાદશાહ થયો, તેણે રાજધાની દિલ્હીથી દેવગઢ લાવવાના પ્રયત્નો કર્યા અને દેવગઢનું નામ બદલી દૌલતાબાદ પાડયું. પણ દક્ષિણના હિંદુમુસલમાનો સર્વે આથી નારાજ થયા અને બાદશાહની વિરુદ્ધ આચરણ કરવા લાગ્યા. હિન્દુઓએ વિજયનગરમાં પોતાની રાજધાની સ્થાપી અને એક વિશાળ રાજ્ય સ્થાપ્યું, તથા મુસલમાનોએ દૌલતાબાદમાં એક સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું. થોડા સમયમાં વિજયનગર અને દૌલતાબાદનાં રાજ્યો સમસ્ત દક્ષિણનાં રાજ્યોમાં પ્રથમ પદવીએ આવી ગયાં. પછી વળી ત્રણસો વર્ષ સુધી દિલ્હીના કોઈ બાદશાહે દક્ષિણપ્રદેશ જિતવા કંઇ યે પ્રયત્નો કર્યા નહિ.

દિલ્હી તરફથી કંઇ વિઘ્નો ન આવ્યાં, તોપણ દક્ષિણનાં હિન્દુ રાજ્યને શાન્તિ નહોતી. હિન્દુઓએ પોતાના ઘરમાં દૌલતાબાદસ્વરૂપ મુસલમાન રાજ્યને સ્થાન આપ્યું હતું, એ સમયે હિન્દુઓનું જાતીય જીવન ક્ષીણ અને અવનતિશીલ હતું, વિજયી મુસલમાનોનું જાતીય જીવન પ્રબળ અને ઉન્નતિશીલ હતું; આથી તેઓ પરસ્પર નાશ કરવાને મચ્યા રહેતા. કેટલેક વખતે દૌલતાબાદનું રાજ્ય અતિશય વધી ગયાથી તેના વિભાગો થઈ ગયા ને વિજાપુર, ગોલકંડા અને અહમદનગરનાં મુસલમાન રાજ્યો સ્થપાયાં. એ ત્રણ મુસલમાન રાજ્યોએ ઇ. સ. ૧૫૬૮માં એકત્ર થઇ તેલિકોટના યુદ્ધમાં

હિન્દુ સેનાને હરાવી એ રાજ્યનો અન્ત આણ્યો. આમ દક્ષિણમાં હિન્દુઓની સ્વતંત્રતાનો નાશ થયો. વિજાપુર, ગોલકંડા અને અહમદનગરનાં મુસલમાન રાજ્યો પ્રબળ બની ગયાં. કર્ણાટક અને દ્રાવિડનાં હિન્દુ રાજ્યોએ પણ ધીમે ધીમે વિજાપુર અને ગોલકંડાની આધીનતા સ્વીકારી.

ઇ. સ. ૧૫૯૦માં ફરી બાદશાહ અકબરે સમગ્ર દક્ષિણને દિલ્હી સાથે જોડી દેવાનો પ્રયત્ન કર્યો. તેના મૃત્યુ પહેલાં સમસ્ત ખાનદેશ અને અહમદનગરનો મોટો ભાગ દિલ્હીની મોગલ સેનાએ જિતી લીધો હતો. તેના પૌત્ર શાહજહાંએ ઇ. સ. ૧૬૩૬માં અહમદનગરનું સમગ્ર રાજ્ય જિતી લીધું, તેથી આપણી કથા શરૂ થાય છે તે સમયે તો દક્ષિણમાં માત્ર વિજાપુર અને ગોલકંડા એ બે જ સ્વતંત્ર મુસલમાન રાજ્ય હતાં.

આ સમસ્ત રાજવિપ્લવને સમયે દેશી લોકોનાં અર્થાત્ મરાઠાઓની શી સ્થિતિ હતી તે જાણવું આવશ્યક છે. અહમદનગર, ગોલકંડા ને વિજાપુરનાં મુસલમાન રાજ્યોમાં હિન્દુઓની અવસ્થા છેક ખરાબ નહોતી. વસ્તુતઃ અનેક મરાઠાઓ પોતાના બુદ્ધિબળથી મુસલમાનોના દેશની વ્યવસ્થા કરતા ને પ્રાન્તોમાં અમલ ચલાવતા. પ્રદેશમાં અનેક પરગણાં હતાં; એ પ્રદેશોમાં અને પરગણાંમાં કોઇ કોઇ વખત મુસલમાન સુબાઓ નીમાતા, પણ ઘણી વખત તો મરાઠાઓ રાજ્યને કર આપી પરગણાં ઇજારે લેતા. મહારાષ્ટ્ર દેશ પર્વતમય છે ને પર્વતશિખરો ઉપર અસંખ્ય કિલ્લા છે. મુસલમાન સુલતાનો એ કિલ્લા

મરાઠાઓને સોંપતાં સંકોચ પામતા ના, ને મરાઠા કિલ્લેદારો પોતાને મળેલી જાગીરોમાંથી કિલ્લાનું રક્ષણ કરવા માટે ખર્ચ કરતા. એ સમસ્ત કિલ્લેદારો અને દેશમુખો ઉપરાંત બીજા અનેક હિન્દુ મન્સબદારો રાજદરબારમાં રહેતા; તેઓ સો, બસો, પાંચસો, હજાર કે તેથી પણ વધારે ઘોડેસ્વારોના સેનાપતિ હતા; સુલતાનની આજ્ઞા પ્રમાણે તે તે પ્રમાણમાં સેના લેઇ યુદ્ધસમયે આ મન્સબદારો હાજર થતા. તેઓને પણ સેનાના પગાર અને બીજા ખર્ચને માટે જાગીરો મળતી.

વિજાપુરના સુલતાનના દરબારમાં ચંદ્રરાવ મોરે બાર હજાર પાયદળનો સેનાપતિ હતો. સુલતાનની આજ્ઞા પ્રમાણે તેણે નીરા અને વાર્ણા નદીની વચ્ચેનો પ્રદેશ જિતી લીધો. સુલતાને રાજી થઈ એ દેશ ચંદ્રરાવને થોડો કર નક્કી કરી જાગીર સ્વરૂપે આપ્યો; ચંદ્રરાવના સાત પેઢીના વંશજોએ રાજાનો ખેતાબ ધારણ કરી સારી રીતે રાજ્ય ચલાવ્યું. તે જ પ્રમાણે રાવનાયક નિમ્બાલકરના વંશજોએ ફલટન પ્રદેશમાં દેશમુખ બની રાજ્ય કર્યું. મલ્લરી, મુશ્વર, કાપસી, મુધોલ, ઝટ, વારિ આદિ પ્રદેશોમાં મરાઠાઓ જાગીરદાર હતા. વિજાપુરના સુલતાનના તાબામાં રહી આ સર્વે જાગીરદારો કાર્ય કરતા ને વખતે પોતપોતાની અંદર પણ તુમુલ સંગ્રામ મચાવતા. જાતિવિરોધના જેવો એકે વિરોધ નથી, છતાં પર્વતમય કોંકણ અને મહારાષ્ટ્ર પ્રદેશમાં સર્વ સ્થાને ને સર્વ કાળે મોટા મોટા વંશોમાં પણ આ આત્મવિરોધ દૃષ્ટિએ પડે છે. પુષ્કળ લોહી રેડાય છે, છતાં આ આત્મવિરોધમાંથી એક પરિણામ સારૂં આવ્યું છે. કસરતથી જેમ આપણું

શરીર દઢ અને બળવાન થાય છે, તેમ કાર્ય, ઉપદ્રવ અને યુદ્ધથી જાતિનું બળ અને જાતિનું જીવન દઢ ને બળવાન બને છે; એમ મહારાષ્ટ્રીય જીવન-ઉષાની પ્રથમ પ્રકાશ-ચ્છટાએ શિવાજીના જન્મ પહેલાં અનેક સમયથી ભારત-આકાશ રંગાઇ રહ્યું હતું.

અહમદનગરના સુલતાનને તાબે યાદવ અને ભોંસલે નામે બે જાગીરદાર વંશો હતા. સિન્ધુક્ષીરના યાદવ જેવો મરાઠા જાગીરદાર વંશ આખા મહારાષ્ટ્ર પ્રદેશમાં નહોતો અને અનેક શોધોથી માલમ પડ્યું છે કે તે વંશ દેવગઢના પ્રાચીન હિન્દુ રાજ્યમાંથી ઉતરી આવ્યો છે. ભોંસલેવંશ યાદવવંશ જેટલો ઉન્નત નહોતો, તથાપિ તે પણ એક પ્રધાન અને ક્ષમતાશાળી વંશ હતો એમાં તો સંદેહજ નથી. આ સ્થાને કહેવું જોઇએ કે યાદવ વંશમાં શિવાજીની માતાએ અને ભોંસલે વંશમાં શિવાજીના પિતાએ જન્મ લીધો હતો.

૨

રઘુનાથજી હવાલદાર

કોંકણ પ્રદેશમાં વર્ષાકાળમાં પ્રકૃતિ અતિ ભીષણ રૂપ ધારણ કરે છે. ઇ. સ. ૧૬૬૩નાં વસન્તકાળમાં એક દિવસ સાયંકાળે ગગન ઘનઘોર બની ગયું છે; સૂર્ય હજી અસ્ત પામ્યો નથી, પણ સમસ્ત આકાશ વાદળથી ઘેરાઇ ગયું છે અને ચારે દિશામાં પર્વતો અને જંગલો ઉપર અન્ધકાર

રાજ્ય ભોગવે છે. પર્વતમાં, ખીણમાં, વનમાં, મેદાનમાં આકાશમાં કે પૃથ્વી ઉપર કંઇ શબ્દ સંભળાતો નથી, જાણે થોડા જ સમયમાં મહાપ્રલય થવાનો છે એમ જાણી સમસ્ત જગત ભયથી મૂઢ બની ગયું છે, પાસેના પર્વત ઉપર થઇને જવાઆવવાની પગથી કંઇક રેખાય છે, ઝાડોથી છવાઇ ગએલે પેલે દૂરને પર્વતે વધારે કાળો રંગ ધારણ કર્યો છે અને નીચેની ખીણ તો એથી પણ વધારે કાળી દેખાય છે, પર્વતપ્રવાહી જલપ્રપાતો રૂપાના છડા જેવા દેખાય છે ને કેટલાક તો અન્ધકારમાં લીન થઇ જઇ માત્ર પોતાના શબ્દથી જ પોતાનો પરિચય આપે છે.

પેલા પર્વતમાર્ગ ઉપર થઈને એક અશ્વાર ઘોડો વેગે દોડાવતો જાય છે. ઘોડાનું સમસ્ત શરીર પરસેવાથી અને ફીણથી લદબદ થઇ ગયું છે, અશ્વારના શરીર ઉપર ખુબ ધૂળ ચઢી છે; એમ સ્પષ્ટ જણાઇ આવે કે તે બહુ દૂરથી આવે છે. તેના જમણા હાથમાં ભાલો છે, મ્યાનમાં તલવાર છે; ડાબા હાથમાં લગામ છે ને ખભે ઢાલ છે. એનો પોશાક રાજસ્થાનનો છે. વય અઢારેક વર્ષનું હશે, અવયવ ઉન્નત અને ગૌરવર્ણ છે, પરન્તુ પરિશ્રમથી કે સૂર્યતાપથી તેના મુખમણ્ડળનો વર્ણ અત્યારે કંઇક શ્યામ છે; શરીર દૃઢ અને બળવાન છે, લલાટ ઉન્નત છે, આંખો જ્યોતિઃપૂર્ણ છે, મુખમણ્ડળ ઉદારતાપૂર્ણ તથા તેજઃપૂર્ણ છે. ઘોડાને જરા વિશ્રામ આપવાને માટે યુવક ઘોડા ઉપરથી ઉતરી પડયો, લગામ ઝાડની ડાળીએ ભરાવી, ભાલો ઝાડે ટેકવ્યો, કપાળ ઉપરનો

પરસેવો આંગળી વડે લોહી નાખ્યો, કાળા કેશગુચ્છને પાછળ ઠીક કરતાં ક્ષણેક આકાશ તરફ દષ્ટિ ફેંકી.

આકાશની આકૃતિ અતિ ભયાનક છે, થોડા જ સમયમાં ભારે વરસાદ થશે એમાં સન્દેહ નથી. મન્દ મન્દ વાયુ વહેવા લાગ્યો, અને અનન્ત પર્વતમાળા ને વૃક્ષમાળામાંથી ગમ્ભીર શબ્દ ઉઠવા લાગ્યો. એકાદ બે મેઘગર્જનાઓ થઇ અને યુવકના સુકા પડી ગએલા હોઠ ઉપર વર્ષાદના એક બે છાંટા પણ પડ્યા. હવે આગળ પ્રવાસ કરવાનો સમય નથી, આકાશ સ્વચ્છ થતા સુધી ક્યાંક વિરામ કરવો ઉચિત છે; પણ યુવકને વિચાર કરવાનો વખત નહોતો. તે જે કાર્યને માટે નિકળ્યો છે તે કાર્ય વિલમ્બ સહે તેમ નહોતું, તે જે પ્રભુને કામે નિકળ્યો હતો, તે કોઈ પણ આપત્તિને સાંભળે એવો નહોતો. યુવકને પણ વિલમ્બ અને આપત્તિને તાબે થવાનો અભ્યાસ નહોતો. ફરી હાથમાં ભાલો લેઇ લફ લેઈ ઘોડા ઉપર ચઢી બેઠો. ક્ષણેક આકાશ તરફ નજર કરી ફરી ઘોડો દોડાવી મુક્યો ને શાન્ત બનેલા જંગલને ફરી ગર્જનાથી ભરી દીધું.

થોડા જ સમયમાં ભયાનક તોફાન શરૂ થયું. આકાશમાં એક છેડેથી બીજા છેડા સુધી વિજળીઓ ચમકારા મારવા લાગી ને રાસ રમવા લાગી. મેઘની ગર્જનાથી એ અનન્ત પર્વતપ્રદેશ જાગી ઉઠ્યો. તરત જ અનેક રાક્ષસબળથી ભયંકર ગર્જના કરતો પવન છુટ્યો. આ અનન્ત પર્વતોને પણ સમૂળા ઉખેડી નાખશે એવો ભાસ થવા લાગ્યો. પર્વતો ઉપરનાં અસંખ્ય

વૃક્ષોમાંથી કર્ણભેદી શબ્દ ઉઠવા લાગ્યો. જળપ્રપાતો અને પર્વતનદીઓનાં પાણી પવનથી ઉડવા લાગ્યાં ને તેનાં બિન્દુઓ દૂર સુધી છંટકાવ કરવા લાગ્યાં. વિજળીના પ્રકાશથી બહુ દૂર સુધી પ્રકૃતિનો આ ઘોર વિપ્લવ નજરે પડે છે અને વચ્ચે વચ્ચે વજ્રશબ્દથી જગત કમ્પી ઉઠે છે, સ્તબ્ધ બની જાય છે. તુરત જ મુશળધાર વર્ષાદ પડવા લાગ્યો, પર્વત જંગલ ને ખીણોને નવડાવી દીધાં, પ્રપાત અને નદીઓને ફેણુથી ભરી દીધી.

અશ્વાર કશાથી અટક્યો નહિ, એ તો એની મેળે સાવધાનતાથી ચાલ્યો જાય છે. વખતે એમ લાગે છે કે પવનબળ અશ્વાર અને અશ્વને પર્વત પરથી ઉંચકીને અહુણા નીચે ફેંકી દેશે. વાયુથી ગભરાએલી વૃક્ષની એક ડાળી એના માથામાં વાગી, કપાળમાંથી લોહીનાં એક બે બિન્દુ પડયાં. તથાપિ યુવક વ્રતપરાયણ છે, એ થોભે કેમ? બને તેટલી સાવધાનતા રાખી ઘોડો ચલાવવા લાગ્યો, એક ક્ષણ વિચાર કરવા પણ ન ઉભો. થોડીવાર મુશળધાર વર્ષાદ વર્ષ્યા પછી આકાશ સ્વચ્છ થવા લાગ્યું, વર્ષાદ બંધ પડયો. અસ્તાચળ પર્વત ઉપર ઉતરતા સૂર્યના પ્રકાશથી પર્વતો અને અહુણા નાહી ઉઠેલાં વૃક્ષો વિલક્ષણ શોભા આપવા લાગ્યાં.

યુવક કિલ્લા પાસે આવી ઉભો, ઘોડાને થોભાવ્યો, છુટી ગએલા સુન્દર વાળ લલાટ ઉપરથી ખસેડી ફરી બાંધ્યા. નીચે નજર કરી, જ્યાં સુધી નજર પહોંચે ત્યાં સુધીમાં તો બે ત્રણ હજાર ઉંચાં પર્વતશિખરો એ પ્રદેશને શોભા આપી

રહ્યાં છે, પર્વતની બાજુએ, શિખરે અને ચારે દિશાએ નવાં નાહી ઉઠેલાં વૃક્ષો સૂર્યપ્રકાશમાં ચકચકાટ કરી રહ્યાં છે. વચ્ચે વચ્ચે ફેણથી વધેલી કાયા ને ગૌરવવાળા જળપ્રપાતો એક શિખરથી બીજા શિખર પર નૃત્ય કરતા કરતા ઉતરે છે, અને સૂર્યનાં સુવર્ણકિરણોમાં અતિ સુન્દર ક્રીડા કરતા ફરે છે. પર્વત અને શિખર ઉપર સૂર્યકિરણો નાના પ્રકારના રંગ ધારણ કરી રહ્યાં છે, જળપ્રપાત પર રામધનુ ખેલે છે, પ્રકાણ્ડ ધનુ પોતાના અનેક રંગથી આકાશને ઓર શોભા આપે છે. વાયુથી ઝાડનાં પાન ઉપર ઠરેલાં બિન્દુ ખરી પડી વરસાદનું રૂપ ધારણ કરે છે.

યુવક આ શોભાથી ક્ષણમાત્ર સ્તબ્ધ બની ગયો. પછી સૂર્યસામે જોઇ તે કિલ્લા તરફ ચાલ્યો. ઓળખાણ આપી કિલ્લામાં પેઠો. સૂર્ય તે સમયે અસ્ત પામતો હતો, તુરત જ ઝણણણ શબ્દથી કિલ્લાના દરવાજા બન્ધ થયા.

દ્વારપાળ દરવાજા બન્ધ કરી યુવકને કહેવા લાગ્યો: "ઠીક થયું તે વહેલા આવ્યા, જરાક મોડા આવ્યા હોત તો આજ આખી રાત કિલ્લા બહાર ગાળવી પડત."

યુવક: "એક પળ પણ મોડું કરૂં કેમ? પ્રભુ પાસે જે પ્રતિજ્ઞા કરી છે તે ભવાનીની કૃપા વડે પૂરી કરીશ. અહુણા જ પ્રભુની આજ્ઞા પહોંચાડવા કિલ્લેદાર પાસે જઇશ."

દ્વારપાળ: "કિલ્લેદાર પણ આપની વાટ જ જુએ છે."

યુવક તુરત જ કિલ્લેદારના મહેલમાં ગયો, અને નમન કરીને કેડનો બન્ધ ઢીલો કરી કેટલાક કાગળો તેણે કિલ્લેદારના હાથમાં મુકયા. કિલ્લેદાર માઉલી જાતિનો હતો અને શિવાજીનો વિશ્વાસુ હતો. તે એ કાગળોની વાટ જોતો હતો, તેથી યુવક તરફ નજર પણ ના કરતાં કાગળો વાંચવા મંડી પડયો.

દિલ્હીના બાદશાહ સાથેના યુદ્ધનો આરમ્ભ, યુદ્ધની વર્તમાન સ્થિતિ, કેવી રીતે કિલ્લેદાર શિવાજીને વિશેષ સહાયતા આપી શકે, અને કયા વિષયમાં શિવાજીની કેવી આજ્ઞા છે તે સર્વ હકીકત કિલ્લેદારે કાગળોમાંથી વાંચી લીધી. અનેક ક્ષણ કાગળો વાંચ્યા પછી અન્તે કિલ્લેદારે પત્રવાહક યુવક સામે જોયું. અઢાર વર્ષના યુવકનું બાળક-યોગ્ય ઉદાર મુખમણ્ડળ અને લાંબા, કાળા, સુન્દર કેશ જોઇ કિલ્લેદાર ચકિત થઇ ગયો. પત્રની સામે જોયું, ફરી બાળક અથવા યુવકની સામે તીક્ષ્ણ મર્મભેદી દષ્ટિ ફેંકી, અન્તે બોલ્યો: "હવાલદાર! તમારૂં નામ રઘુનાથજી? તમે જાતે રાજપુત છો?"

રઘુનાથજીએ વિનીત ભાવે શિર નમાવી પ્રશ્નનો ઉત્તર આપ્યો.

કિલ્લેદાર: "તમે આકૃતિએ અને વયે બાળકમાત્ર છો; પરન્તુ કાર્યમાં વિમુખ નથી."

રઘુનાથજી: "યત્ન અને ચેષ્ટા મનુષ્યસાધ્ય છે અને પ્રભુ તે જ કારણથી વખતે મારાથી સન્તુષ્ટ હશે. સિદ્ધિ તો ભવાનીને હાથ છે."

કિલ્લેદાર: "તમે સિંહગઢથી તોરણદુર્ગ આટલા જલદી શી રીતે આવ્યા?"

રઘુનાથજી: "પ્રભુની પાસે એવી પ્રતિજ્ઞા કરી હતી."

કિલ્લેદાર આ ઉપરથી સંતુષ્ટ થઈ જરા હશીને બોલ્યો: "પ્રશ્ન જ નિરુપયોગી છે; કાર્યસાધનમાં તમારો જે યત્ન છે, તે તમારી આકૃતિ જ કહી આપે છે."

રઘુનાથજીનું સમસ્ત શરીર અને વસ્ત્રો હજી યે ભીનાં છે, તેના લલાટમાંનો ઘા હજી યે દેખાય છે.

પછી કિલ્લેદારે સિંહગઢ અને પુનાની સમસ્ત અવસ્થા તથા મહારાષ્ટ્રીય, મોગલ અને રાજપુત સૈનાની વ્યવસ્થા અને સંખ્યા સમ્બન્ધે અનેક પ્રશ્નો પુછ્યા. રઘુનાથજીએ યથાશક્તિ ઉત્તર આપ્યા.

કિલ્લેદાર બોલ્યો: "ત્યારે કાલે સવારે મારી પાસે આવજો, હું પત્રો તૈયાર કરી મુકીશ. અને પ્રભુ શિવાજીને મારૂં નામ દેઇ કહેજો કે તેમણે જે તરુણ હવાલદારને આ વિષમ કાર્યમાં યોજ્યો છે, તે હવાલદાર તેના કામમાં કેવળ જ યોગ્ય છે." પ્રશંસાવાક્યથી હવાલદારનું મસ્તક નીચું નમ્યું ને એણે ઉપકાર માન્યો.

રઘુનાથજી વિદાય થયો. રઘુનાથની આ પ્રમાણે પરીક્ષા કરવાનો હેતુ એ હતો કે કિલ્લેદારે શિવાજી ઉપર અતિશય ગૂઢ રાજકીય સમાચાર અને કેટલીક ગૂઢ મંત્રણા મોકલવાનો સંકલ્પ કર્યો હતો. એ હકીકત પત્રમાં લખાય તેવી નહોતી, કારણકે પત્ર વખતે શત્રુના હાથમાં જાય. રઘુનાથજી સાથે એ સન્દેશો મ્હોંડે કહી મોકલાય કે નહિ, દ્રવ્યબળે કે બીજે ઉપાયે શત્રુને વશ થઇ શત્રુને એ હકીકત રઘુનાથજી કહી દે કે નહિ તે પરીક્ષા કિલ્લેદારે કરી લીધી. રઘુનાથ દષ્ટિ બહાર થયો એટલે કિલ્લેદાર કંઇક હસી બોલ્યો: " શિવાજી એ વિષયમાં અસાધારણ પંડિત છે. યોગ્ય કાર્યને માટે યોગ્ય પુરુષને જ મોકલ્યો છે. "

૩

સરયૂબાલા

કિલ્લેદાર પાસેથી વદાય લેઇ રઘુનાથજી હવાલદાર ભવાની દેવીના મન્દિર તરફ ચાલ્યો. એ કિલ્લો જિતી લીધા પછી તુરત જ શિવાજીએ ત્યાં એક ભવાનીની મૂર્તિની પ્રતિષ્ઠા કરી હતી અને અમ્બરદેશના એક અતિ ઉચ્ચ કુળના બ્રાહ્મણને બોલાવી દેવીપૂજાને માટે રાખ્યો હતો. યુદ્ધકાળમાં એ દેવીની પૂજા કર્યા વિના બીજું કોઇ પણ કાર્ય થતું નહિ.

રઘુનાથ યૌવનોચિત ઉલ્લાસ સહિત પોતાના કાળા કેશ નચાવતો નચાવતો ને એક યુદ્ધગીત મૃદુસ્વરે ગાતો ગાતો મન્દિર તરફ આવતો હતો. જ્યારે તે મન્દિર પાસે આવ્યો, ત્યારે સન્ધ્યા થઇ ગઇ હતી. પશ્ચિમ ગગનના ઝાંખા પ્રકાશથી શ્વેત મન્દિર સુન્દર શોભા પામતું હતું, મન્દિર પાસેની એક નાની વાડીમાં કેવળ અન્ધકાર મચી રહ્યો હતો. મન્દિરનો પુરોહિત તે વખતે ઘેર નહોતો, તેથી રઘુનાથજી વાડીમાં વિશ્રામ લેવા પત્થર ઉપર બેઠો.

સન્ધ્યાસમયે એ વાડીમાં એક બાલિકા ફૂલ વીણવા આવી. રઘુનાથ એને જોઇને જરા વિસ્મિત થયો, કારણકે બાલિકા આ દેશની નહોતી, પોશાક ઉપરથી જણાય છે કે તે રાજપુતબાળા હતી, બહુ દિવસે એક સ્વદેશીય રમણીને જોઇ રઘુનાથનું હૃદય નાચી ઉઠયું. ઇચ્છા થઇ કે પાસે જઇને તે રાજપુતબાળાનું નામઠામ પુછવું; પણ રઘુનાથે પોતાની ઇચ્છા દાબી રાખી, વૃક્ષ તળે એ જ પત્થર ઉપર બેશીને એ કન્યાનું નિરીક્ષણ કરવા લાગ્યો. જેમ જેમ જોવા લાગ્યો તેમ તેમ રઘુનાથનું હૃદય તે તરફ વધારે વધારે આકર્ષાવા લાગ્યું.

બાલિકા તેરેક વર્ષની હશે. રેશમને પણ કોરે મુકે એવા કાળા કેશ કપાળ અને પીઠ ઉપર ઝુલી રહ્યા છે અને તે વડે આંખો તથા મુખમણ્ડળ જરા ઢંકાઇ રહ્યાં છે. બન્ને ભ્રમરો જાણે પીછીથી ચિતરી છે; તે સુન્દર ભ્રમરો વક્રભાવે લલાટને કંઇ વિલક્ષણ શોભા આપી રહી છે. બે હોઠ સૂક્ષ્મ અને રક્તવર્ણ છે. હાથ અને બાહુ ગોળ છે

અને સુવર્ણનાં વલય અને કંકણથી સુશોભિત બની રહ્યા છે. કન્યાના લલાટ ઉપર આકાશનો રાતો પ્રકાશ પડી રહ્યો છે ને તપેલા સુવર્ણથી પણ વધારે શોભા આપી રહ્યો છે. ઉન્નત કણ્ઠ ઉપરથી છાતી સુધી એક કણ્ઠમાળા ઝુલી રહી છે. રઘુનાથ અનિમિષ લોચને સાયંકાળના અન્ધકારમાં ચમકતા એ પ્રકાશ તરફ—એ અપૂર્વ રાજપુતકન્યા તરફ—જોઈ રહ્યો. તેનું હૃદય કદી નહિ અનુભવેલા આનન્દ-પ્રવાહમાં ડુબવા લાગ્યું.

કન્યા ફૂલ વીણી ઘેર જવા ફરી, એવે સમયે જોયું કે પાસે જ એક દીર્ઘકાય રાજપુતયુવક તેની સામે અનિમિષ લોચને નિહાળી રહ્યો છે. લજ્જાને લીધે તેના મુખ ઉપર ભાતભાતના રંગ ફરવા લાગ્યા, તેણે પોતાનું વદન નીચું કરી દીધું. ફરી ઉંચું જોયું, પણ યુવાન તો ત્યાં જ ઉભો હતો, કેશના ગુચ્છા યુવકના ઉન્નત લલાટ અને જ્યોતિઃ-પૂર્ણ નયનો ઉપર ફરફર ઉડે છે. મ્યાનમાં તલવાર છે, જમણા હાથમાં લાંબો ભાલો છે. યુવક ત્યારે પણ અનિમિષ લોચને તેની સામે જોઇ રહ્યો છે. બહુ દિવસે એક દેશીય યોદ્ધાને આ મહારાષ્ટ્રીય કિલ્લામાં જોઇને રાજપુતબાલા પ્રથમ વિસ્મિત થઇ, યુવકની આકૃતિ અને મનોહર સૌન્દર્ય જોઇ તે ચકિત થઇ ગઇ, મુખમણ્ડળ નીચું રાખી ફૂલ લેઇ બાળા ઘરમાં પેઠી.

અને ત્યારે જ રઘુનાથને ભાન આવ્યું; મંદિરના પુરો-

હિતને મળવા ધીરે ધીરે વિચાર કરતો મંદિરમાં પેઠો અને પુરોહિતની વાટ જોતો બેઠો.

આગળ જણાવ્યું છે કે પુરોહિત અમ્બર દેશનો કુલીન બ્રાહ્મણ હતો, તેનું નામ જનાર્દનદેવ હતું. તે અંબરના પ્રસિદ્ધ રાજા જયસિંહનો એક સભાસદ હતો, પછી શિવાજીના બહુ આગ્રહથી ને જયસિંહની સમ્મતિથી શિવાજીએ સર્વથી પ્રથમ જિતેલા તોરણગઢમાં એને આણ્યો. તેને કંઇ સન્તાન નહોતું, પણ સ્વદેશત્યાગની પહેલાં થોડે જ વખતે એક ક્ષત્રિયકન્યાના લાલનપાલનનો ભાર એણે સ્વીકાર્યો હતો. કન્યાનો પિતા જનાર્દનદેવનો બાલ્યકાળનો પરમમિત્ર હતો, કન્યાની માતા પણ જનાર્દનની સ્ત્રીને બેન કહી બોલાવતી. કન્યાનાં માતાપિતાનો કાળ થઇ ગયો, ત્યારે નિઃસન્તાન જનાર્દન અને તેની સ્ત્રીએ એ ક્ષત્રિયબાળાના લાલનપાલનનો ભાર ગ્રહણ કર્યો ને તોરણદુર્ગમાં આવતાં તેને પેટની જણી દીકરી પેરે પાળવા માંડી.

પછી જનાર્દનની સ્ત્રીનો પણ કાળ થયો ને ત્યાર પછી સરયૂ વિના બીજું કોઇ સ્નેહપાત્ર જનાર્દનને રહ્યું નહિ. સરયૂબાળા પણ જનાર્દનને પિતા કહી બોલાવતી ને તેના ઉપર અતિ સ્નેહ રાખતી. કાળક્રમે સરયૂબાળા નિરુપમા લાવણ્યમતી થતી ગઇ ને દુર્ગના સર્વ બ્રાહ્મણો જનાર્દનને કણ્વ મુનિ અને તેની પાળેલી નિરુપમા લાવણ્યમયી ક્ષત્રિયબાળા સરયૂબાળાને શકુન્તલા કહી પરિહાસ કરતા.

જનાર્દન પણ કન્યાના સૌન્દર્યથી અને સ્નેહથી સન્તુષ્ટ થઇ રાજસ્થાનમાંથી થએલા દેશવટાનું દુઃખ વિસરી જતો.

રઘુનાથ થોડીવાર દેવાલયમાં બેઠો. એવામાં જનાર્દન દેવીમન્દિરમાં આવ્યો. તેનું વય પચાસ વર્ષ ઉપરનું થઇ ગયું છે, અવયવો દીર્ઘ અને હજી યે બલિષ્ઠ છે, વર્ણ ગૌર છે, ખાંધ ઉપરથી ઉપવિત લટકે છે, તેના મુખ ઉપરથી જ પૂજકનું પવિત્ર મન અંને સરળ હૃદય પરખાઇ જાય છે. જનાર્દન ધીરે ધીરે મન્દિરમાં પેઠો. તેને દેખીને રઘુનાથ આસન ઉપરથી ઉભો થયો.

બન્ને સંક્ષેપમાં મિષ્ટાલાપ કરી લેઇ આસન ઉપ બેઠા અને જનાર્દને શિવાજીના કુશળ સમાચાર પુછ્યા, રઘુનાથે યથાશક્તિ યુદ્ધનું વિવરણ કરી શિવાજીના પ્રણામ કહ્યા; ત્યાર પછી તેના હાથમાં થોડી સુવર્ણમુદ્રા મુકી બોલ્યો: "પ્રભુની પ્રાર્થના છે કે તેઓ જે ક્ષણે મોગલો સાથે યુદ્ધમાં ઉતરે, તે ક્ષણે તેમના જયને માટે આપ ભવાનીની પૂજા કરશો. દેવીપ્રસાદ વિના માનવીની ચેષ્ટા વ્યર્થ છે."

જનાર્દને પોતાને નૈસર્ગિક સ્થિર ગમ્ભીર સ્વરે ઉત્તર આપ્યો: "સનાતન હિંદુધર્મની રક્ષાને માટે મારા જેવા માણસે સદા યત્ન કરવો એ કર્તવ્ય છે; એ ધર્મના રક્ષકસ્વરૂપ શિવાજીના વિજયને માટે અવશ્ય પૂજા કરીશ. મહાત્માને જણાવજો કે હું કંઇ બાકી રાખીશ નહિ."

રઘુનાથ: "દેવીપદે પ્રભુને બીજું પણ એક આવેદન કરવાનું છે: તે ઘોર યુદ્ધમાં રોકાશે, તેનું ફળાફળ કંઇક પૂર્વેથી જ જાણી લેવાની તેમને આકાંક્ષા છે. આપના જેવા દૂરદર્શી દૈવજ્ઞ એ વિષયમાં અવશ્ય તેમની મનઃકામના પૂર્ણ કરી શકશે."

જનાર્દન ક્ષણેક આંખ મીંચી રહ્યો, પછી ફરી ગમ્ભીર સ્વરે એણે ઉત્તર આપ્યો: "રજનીયોગે દેવીપદે શિવાજીની વાસના જણાવજો, કાલે પ્રભાતે તેનો ઉત્તર જાણી શકાશે."

રઘુનાથ ધન્યવાદ દેઇ વિદાય થવાની તૈયારી કરતો હતો, તેવે સમયે જનાર્દન બોલ્યો: "તમે પ્રથમ કદી આ કિલ્લો જોએલો નહિ હોય, આજે પ્રથમ જ આવો છો?"

રઘુનાથ: "આજે જ આવું છું."

જનાર્દન: "કિલ્લામાં કોઇને ઓળખો છો? ઉતરવાનું સ્થાન છે?"

રઘુનાથ: "પ્રભુની કૃપાથી કંઇ કષ્ટ નથી, અમારે તો હમેશાં આવી જ રાત્રીઓ ગાળવાની હોય છે."

જનાર્દન: "વત્સ, યુદ્ધસમયે તો કલેશ અનિવાર્ય છે, પણ આજે કલેશ સહેવાનું કંઇ કારણ નથી. અમારા આ દેવાલયમાં ઉતરો, મારી પાલિત કન્યા ભોજનની વ્યવસ્થા કરી દેશે. પછી રાત્રિએ અહીં વિશ્રામ કરી કાલે સવારે દેવીની આજ્ઞા લેઇ શિવાજી પાસે જજો."

રઘુનાથજીનું હૃદય એકદમ કુલી ઉઠ્યું, અન્દરથી જાણે કોઇ બળથી આઘાત કરતું હોય એમ જણાયું. આ તે કષ્ટનો ઉદ્વેગ કે આનન્દનો? જનાર્દનની પાલિત કન્યા કોણ? વાડીમાં દીઠેલી પેલી લાવણ્યમયી રાજપુતબાળા તો નહોય?

૪

કંઠમાળા

પહોર રાત વીતતાં સરયૂબાળાએ પિતાની આજ્ઞા પ્રમાણે અતિથિની ભોજનસામગ્રી તૈયાર કરી દીધી. રઘુનાથ પાટલા ઉપર બેઠો, સરયૂ પાછળ ઉભી રહી. મહારાષ્ટ્રદેશમાં આજે પણ પરિવારમાંની કોઇએક રમણી આવી અતિથિને ભોજન પીરસે એવી રીત છે.

રઘુનાથ ભોજન કરવા બેઠો, પણ તેનું હૃદય આજે ચંચળ છે, અસ્થિર છે. સરયૂએ કષ્ટ ઉઠાવી અનેક પ્રકારની ભોજનસામગ્રી તૈયાર કરી હતી, પણ શું ખાઉં છું, તેનું રઘુનાથને ભાન નથી. જનાર્દનદેવ રાજસ્થાનની વાતો કરવા લાગ્યો, રઘુનાથ સમયે ઉત્તર દેતો, સમયે ચુપ બેશી રહેતો.

ભોજન સમાપ્ત થયું. શ્વેત પત્થરના કટોરામાં સરયૂએ મીઠો શરબત આણી મુકયો, કટોરાને બદલે કટોરો લાવનારી સરયૂ સામે ઉદ્વેગચિત્તે જોવા લાગ્યો, જાણે તેનું હૃદય

તેની દૃષ્ટિ સાથે મળી જઇ કન્યા તરફ દોડતું હોય ને! ચારે આંખો એક થઇ, સરયૂનું મુખમંડળ લજ્જાથી કંઇક રાતું થયું, મુખ નીચું કરી સરયૂ ધીરે ધીરે સરી ગઇ. રઘુનાથ પણ લજવાઇ ગયો, એણે નીચું ઘાલી દીધું.

હાથ ધોવાને માટે સરયૂએ જળપાત્ર આણી મુકયું. રઘુનાથ અસભ્ય નહોતો, આ વેળાએ તો તે નીચું જોઇ રહ્યો, સરયૂના સુન્દર સુવર્ણવલય વાળા ગોળ હાથ માત્ર દેખી શકયો. એક લાંબો નિઃશ્વાસ નાખ્યો.

રઘુનાથને માટે શય્યા તૈયાર થઇ. રઘુનાથ સુતો ના. ઘરનાં દ્વાર ધીરે ધીરે ઉઘાડી નક્ષત્રને પ્રકાશે પેલી વાડીમાં ફરવા લાગ્યો.

એ ગમ્ભીર અન્ધકારમાં નક્ષત્રજડિત રાત્રિગગન તરફ સ્થિર દૃષ્ટિ કરી આ યુવાન યોદ્ધો શી ચિન્તા કરતો હશે? રાત્રિની છાયા ધીરે ધીરે ગાઢી થતી ગઇ. એ શીતળ ગાઢી છાયામાં મનુષ્ય, જીવ, જન્તુ, સમગ્ર જગત સુઇ રહ્યું છે. કિલ્લામાં શબ્દમાત્ર નથી, કેવળ વચ્ચે વચ્ચે પહેરેગીરોનો અવાજ સંભળાય છે અને ઘડીએ ઘડીએ ઝાલર ઉપર ઠોકાતી મોગરીનો અવાજ શાન્ત કિલ્લામાં અને ચારે બાજુના પર્વતોમાં પડઘો ઉઠાવે છે. એ ગમ્ભીર અન્ધારી રાત્રિમાં રઘુનાથ કેમ જાગે છે ને શું વિચારે છે?

રઘુનાથ અત્યારે કેમ વાડીમાં ફરે છે તેનું ભાન તેને જ નથી. આજ સુધી રઘુનાથ બાળક હતો, આજે જાણે

તેના શાન્ત જીવનગગનમાં એક નુતન પ્રકારનો પ્રકાશસૂર્ય ઉગ્યો હોય, તેમ તેની સુપ્ત ચિન્તા અને મનોવૃત્તિ જાગી ઉઠી. એક વાર એ રાજપુતબાળાની આનન્દમયી મૂર્તિ તેના ચિત્ત ઉપર આવી ગઇ, એ ચિત્રસમાન ભ્રૂકુટી, ફૂલને કોરે મુકે એવા એ મધુમય હોઠ, એ ગોળ બાહુ, એ સ્નેહપૂર્ણ નયન, એ ચિન્તાહારી અતુલ લાવણ્ય! રઘુનાથ! એ સુન્દરી શું તારી થશે? તું તો એક સામાન્ય હવાલદાર માત્ર, જનાર્દન અતિ કુલીન બ્રાહ્મણ; તેની પાલિત કન્યાને માટે એવી વૃથા આશામાં તારા હૃદયને વ્યર્થ દુ:ખ દે છે! રઘુનાથ! એ વૃથા તૃષ્ણામાં શા માટે હૃદયને બાળી મુકે છે?

પરંતુ યૌવનકાળમાં આશા જ બળવાન હોય છે. માનવી એ અવસ્થામાં એમ એકદમ નિરાશ નથી થઇ જતું, અસાધ્યને સાધ્ય માની લે છે, અસમ્ભવને સમ્ભવ માની લે છે. રઘુનાથ આકાશ તરફ જોતો જોતો કંઇક વિચાર કરતો હતો. થોડી વાર પછી ઉભો થયો, હૃદય ઉપર બન્ને હાથ મુકી થોડો વખત ઉભો રહ્યો ને મનમાં બોલવા લાગ્યો : "ભગવાન્! સહાય થાઓ, અવશ્ય કૃતકાર્ય થઇશ. યશ, માન, ખ્યાતિ મનુષ્યને સાધ્ય છે; મને ત્યારે શા માટે અસાધ્ય થશે? મારૂં શરીર શું બીજાના કરતાં ક્ષીણ છે? બાહુ શું બીજાના કરતાં નિર્બળ છે? દેવગણ, મને સહાય થાઓ, હું યુદ્ધમાં પિતાનું નામ રાખીશ, રાજપુત્રને ઘટતું માન મેળવીશ. ત્યાર પછી? જો કૃતકાર્ય થયો તો સરયૂ! હું તને અયોગ્ય નહિ રહું. ત્યારે સરયૂ! આનન્દ-

ક્ષણોમાં આજની આ સર્વ કથા તને કહી સંભળાવીશ, ત્યારે તારા સુન્દર હાથ આ કમ્પતા હાથમાં લેઇશ, એ લાવણ્યમયી દેહલતા આ ઉદ્વિગ્ન હૃદયમાં ચાંપીશ, એ સુન્દર હોઠ—" રઘુનાથ! રઘુનાથ! ઉન્મત્ત મા બન.

થોડી વાર પછી રઘુનાથ કંઇક શાન્ત થયો ને ઘર તરફ ચાલ્યો. અકસ્માત્ એક કણ્ઠમાળા જમીન ઉપર પડેલી તે નજરે પડી. એ માળામાં બબ્બે મોતીના ને એકેક પરવાળાનો દાણો હતો. રઘુનાથે એ માળા ઓળખી. એ જ માળા સરયૂએ સન્ધ્યાકાળે પહેરી હતી, અસાવધાનતાથી માળા પડી ગઇ હશે. રઘુનાથ આકાશ તરફ જોઇ બોલ્યો: "ભગવાન! મારી આશા પૂર્ણ થવાનું આ પૂર્વચિહ્ન તેં મોકલ્યું?"

માળા હૃદયમાં ધારણ કરી રઘુનાથ ઉંઘી ગયો, સવાર થયા ત્યારે ઉઠ્યો. જનાર્દનદેવની પાસેથી ભવાનીની આજ્ઞા જાણી લીધી: "મ્લેચ્છ સામેના યુદ્ધમાં જય, સ્વધર્મીઓ સામેના યુદ્ધમાં પરાજય."

કિલ્લામાંથી જતા પહેલાં રઘુનાથે સરયૂને મળી લીધું: સરયૂ ફૂલ વીણવાને ફરી વાડીમાં ગઇ, ત્યારે રઘુનાથ પણ ધીરે ધીરે ત્યાં ગયો. હૃદયના ઉદ્વેગને કંઇક દાબીને કમ્પિત સ્વરે બોલ્યો: "ભદ્રે! કાલે સંધ્યાકાળે આ માળા અહીં પડેલી તે મને જડી છે, તમને આપવા આવ્યો છું; અજાણ્યાનો આટલો અવિનય ક્ષમા કરશો."

એ વિનીત વાક્યો સાંભળીને સરયૂએ પાછું જોયું, જોયું કે એ જ સુન્દર ઉદાર મુખમણ્ડળ, એ જ ઉન્નત લલાટ, એ જ ઉજ્જ્વલ નયન, એ જ તરુણ યોદ્ધો! રમણીનું ગોરૂં વદનમણ્ડળ ફરી રાતું થયું.

રઘુનાથ ફરી ધીરે ધીરે બોલ્યો: "જો અનુમતિ આપો તો–તો આ સુન્દર માળા તેને યોગ્ય સ્થાને પહેરાવી દેઉં, એટલો મારા ઉપર અનુગ્રહ કરો; ભગવાન તમને સુખી રાખશે."

સરયૂબાળાનાં સલજ્જ નયનો તરફ રઘુનાથ એકવાર જોઇ રહ્યો, એ વિશાળ નયનોની ક્ષણદૃષ્ટિથી રઘુનાથનું હૃદય કંપ્યું. તત્ક્ષણ રમણીએ લાજથી નયન મીંચી દીધાં. સમ્મતિનું લક્ષણ માની રઘુનાથે ધીરે ધીરે એ કણ્ઠમાળા પહેરાવી દીધી, કન્યાના પવિત્ર શરીરને સ્પર્શ કર્યો ના.

ક્ષણેક પછી રઘુનાથ ધીર ધીરે બોલ્યો: "ત્યારે હવે અતિથિને વિદાય દો."

આ વારે લજ્જાને ને ઉદ્વેગને કંઇક રોકી સરયૂ ધીરે ધીરે રઘુનાથની તરફ જોવા લાગી, વળી ધીરે ધીરે ભૂમિ તરફ નજર ફેરવી અતિ મૃદુ અસ્પષ્ટ સ્વરે બોલી: "હું આપની સદા અનુગૃહિત રહીશ. ફરી આ કિલ્લામાં પધારવું થાય તો પ્રાર્થના કરૂં છું કે પિતાના આ મન્દિરમાં જ ઉતારો રાખશો."

તરસી ચાતકને પ્રથમ વર્ષાદના બિન્દુ સમાન, રાત્રે રસ્તો ભુલેલા પ્રવાસીને પ્રથમ ઉષાના પ્રકાશ સમાન, સરયૂ-

બાળાની આ પ્રથમ અમૃતકથાથી રઘુનાથનું હૃદય આનન્દ-સાગરમાં ડુબી ગયું. તે બોલ્યો: "ભદ્રે! હું બીજાનો દાસ છું, યુદ્ધ એ મારો ધંધો છે; ફરી ક્યારે આવી શકીશ, કોઇ વખત આવી શકીશ કે નહિ, તે પણ જાણી શકતો નથી. પણ જ્યાં સુધી જીવતો રહીશ, ત્યાં સુધી આપની દેવનિન્દિત મૂર્ત્તિ એક પળને માટે પણ વિસારીશ નહિ."

સરયૂ ઉત્તર દેઇ શકી નહિ. રઘુનાથે જતી વખતે જોયું કે સરયૂની બન્ને આંખો આંસુથી છવાઇ ગઇ છે; પોતાની આંખ પણ સુકી નહોતી.

૫

શાયેસ્તખાં

જો કે કેટલાંક વર્ષોથી શિવાજીની ક્ષમતાં, રાજ્ય અને કિલ્લાની સંખ્યા દિનદિન વૃદ્ધિ પામતાં હતાં, તથાપિ ઇ.સ. ૧૬૬૨ પહેલાં દિલ્લીના બાદશાહે તેને વશ કરવાને માટે કંઇ વિશેષ પ્રયત્ન કર્યો નહિ. એ વર્ષે શાયેસ્તખાં અમીર-ઉલ-ઉમરાવનો ખેતાબ ધારણ કરી દક્ષિણ પ્રદેશમાં સુબો થઇ આવ્યો ને શિવાજીને તત્કાળ વશ કરવાનો તેને હુકમ મળ્યો. શાયેસ્તખાંએ એજ વર્ષમાં પુના, ચાકનદુર્ગ અને બીજાં કેટલાંક સ્થળ જિતી લીધાં. બીજે વર્ષે અર્થાત્ આપણી કથાને સમયે શાયેસ્તખાંએ શિવાજીનો એકદમ નાશ કરવાનો સંકલ્પ કર્યો. દિલ્લીના બાદશાહની આજ્ઞાથી

મારવાડનો પ્રખ્યાત રાજા જશવન્તસિંહ પણ એ વર્ષે —૧૬૬૩માં—બહુ સૈન્ય લેઇ શાયેસ્તખાંને આવી મળ્યો. હવે શિવાજીની વિપત્તિની સીમા રહી ના. મોગલ અને રાજપુત સેના પુના નગરની પાસે તમ્બુઓ નાખી પડી હતી, શાયેસ્તખાં તો ખુદ દાદાજી કાણ્ડદેવના જ ઘરમાં —જે ઘરમાં શિવાજી બાલ્યાવસ્થામાં માતાની સાથે વાસ કરતો હતો તે જ ઘરમાં—ઉતર્યો હતો. શાયેસ્તખાં શિવાજીના ચાતુર્યને બહુ સારી રીતે જાણતો હતો, તેથી તેણે હુકમ કર્યો હતો કે પરવાના વિના કોઈ પણ મરાઠાને પુનામાં પેસવા દેવો નહિ. પાસેના સિંહગઢમાં શિવાજી સેના સાથે રહેતો હતો. મરાઠાઓ એ સમયે યુદ્ધકળામાં પરિપકવ નહોતા, દિલ્હીના શિક્ષિત સૈન્ય સામે કોઇ રીતે સમ્મુખયુદ્ધ કરી શકાય તેમ નહોતું. આથી ચાતુર્ય વિના સ્વાધીનતારક્ષા અને હિન્દુરાજ્યવિસ્તારનો બીજો કોઇ માર્ગ શિવાજીએ જોયો નહિ.

ચૈત્રમાસના અન્તભાગમાં એક દિવસે સાયંકાળે થાકેલો મોગલ સેનાપતિ શાયેસ્તખાં પોતાના અમાત્ય અને મંત્રીઓ સાથે સભામાં બેઠો છે. કેવી રીતે શિવાજીને પરાજય આપવો, તે સમ્બન્ધે વિચાર ચાલે છે. દાદાજી કાણ્ડદેવના ઘરના સભામણ્ડપમાં એ સભા મળી છે. ચારે બાજુ દીવાઓ ઝઘઝઘાટ બળે છે. સાયંકાળનો શીતળ વાયુ વાડીનાં ફૂલની સુગન્ધ લેઇ આવી સભાસદોને આનન્દિત કરે છે. આકાશમાં અન્ધકાર છે, માત્ર એકાદ બે નક્ષત્રો પ્રકાશે છે.

અનવરી નામે શાયેસ્તખાંનો એક હાજી હા ભણનારો દરબારી બોલ્યો: "વાયુથી જેમ સુકાં પાંદડાં આકાશમાં ઉડી જાય છે તેમ અમીરની સેનાને બળે મરાઠાસેના ઉડી જશે, અથવા ભય પામી પૃથ્વીમાં પેશી જશે."

ચાંદખાં નામે એક વૃદ્ધ સૈનિક કેટલાંક વર્ષથી મરાઠાઓનું બળ જોતો આવતો હતો; તેણે ધીરે ધીરે ઉત્તર આપ્યો: "મને લાગે છે. કે મરાઠાઓમાં વાયુ અને પાંદડાં બન્નેના ગુણ છે."

શાયેસ્તખાં: "કેમ?"

ચાંદખાં: "ગયે વર્ષે કેટલાક પહાડી મરાઠાઓ જ્યારે ચાકનદુર્ગની અંદર પેશી ગયા હતા, ત્યારે આપણી સમસ્ત સેનાને બે માસ સુધી કેવો પ્રચણ્ડ પ્રયત્ન કરવો પડ્યો હતો ને કેટલે કષ્ટે તેમને બહાર કાઢી કિલ્લો હાથ કરવો પડ્યો હતો તે જહાંપનાહને સ્મરણ હશે. એક કિલ્લો લેવામાં અનેક મોગલ સેનાનો નાશ થાય છે. વળી આ વર્ષે સર્વે કિલ્લાઓમાં આપણી સેના છે, છતાં નેતાજીએ અહમદનગર અને ઔરંગાબાદ સુધીનો ઉડિયા દેશ ઉજ્જડ કરી મુકયો છે."

શાયેસ્તખાં: "ચાંદખાંની ઉમર હવે વધારે થઇ છે, એ પહાડી ઉંદરોથી ડરે છે, પહેલાં તો એટલો ડરતો નહોતો."

ચાંદખાંનું મુખ રાતું થઇ ગયું, પણ કંઇ ઉત્તર દીધો ના.

અનવરી: "જહાંપનાહે ઠીક ફરમાવ્યું! મરાઠાઓ પણ

એક પ્રકારના ઉંદરો છે. પહાડી ઉંદરોની પેઠે દરમાં ભરાઇ રહે છે એ વાતની ના કહેવાય નહિ."

ચાંદખાં: "એ પહાડી ઉંદરોને પુનાના દરમાંથી પણ ખણી કાઢવા બહુ મુશ્કેલ છે."

શાયેસ્તખાં: "હવે તો દિલ્લીથી અનંત નખાયુધ રાની બિલાડા આવ્યા છે, હવે ઉંદરનું શું ચાલવાનું છે!"

સર્વ સભાસદો 'કેરામત્' 'કેરામત્' પોકારી સેનાપતિના વાકયને અનુમોદન આપવા લાગ્યા.

મરાઠાઓ વિષે આ પ્રમાણે અનેક વાતો થઇ, ત્યાર પછી કેવી પદ્ધતિથી યુદ્ધ કરવું તે વિષે વિચાર થવા લાગ્યા. ચાકનદુર્ગ તાબે થયો ત્યારથી બીજા કિલ્લા તાબે કરવા એ શાયેસ્તખાંને બહુ કઠણ લાગ્યું હતું. તે બોલ્યો: "આ પ્રદેશ કિલ્લાઓથી પરિપૂર્ણ છે. જો એકે એકે કિલ્લાઓ તાબે કરી શકાય, તોપણ કેટલે દિવસે દિલ્લીશ્વરનું કાર્ય સિદ્ધ થઇ શકશે, સિદ્ધ થઇ શકશે કે નહિ તે પણ નક્કી કહી શકાતું નથી."

ચાંદખાં: "જહાંપનાહ! કિલ્લા એ જ મરાઠાઓનું બળ છે; તેઓ સમ્મુખયુદ્ધ કરશે નહિ, અથવા રણમાં પરાજય પામશે તોપણ તેમને બહુ હાનિ નથી, કારણકે દેશ પર્વતમય છે, તેમની સેના એક સ્થાનેથી પલાયન કરી જઇ બીજી દિશામાં થઇ કોઇ બીજે જ સ્થાને ખડી થઈ જશે,

આપણને તેમનો હેતુ સમજાશે નહિ. પણ કિલ્લા એકે એકે લેઇ શકીશું તો મરાઠાઓને અવશ્ય દિલ્લીની આધીનતા સ્વિકારવી પડશે."

શાયેસ્તખાં: "કેમ? મરાઠાઓ યુદ્ધમાં પલાયન કરી જશે તો આપણે તેમની પાછળ પડી શકીશું નહિ? આપણી પાસે શું ઘોડેસ્વાર સેના નથી? પાછળ પડી સમસ્ત મરાઠા સેનાનો નાશ કરી શકીશું નહિ?"

ચાંદખાં: "યુદ્ધ થાય તો તો અવશ્ય મોગલોનો જય થાય, પકડી શકીએ તો આપણે મરાઠા સેનાનો નાશ કરી શકીએ, એમાં તો સન્દેહ નથી. પરન્તુ આ પર્વતપ્રદેશમાં મરાઠા ઘોડેશ્વારોની પાછળ પડી તેમને પકડી શકે એવા ઘોડેશ્વારો આખા હિન્દુસ્થાનમાં નથી. આપણી પાસે બહુ ઘોડા છે, આપણા ઘોડેશ્વારો પાસે બખ્તર અને હથિયાર છે. સપાટ ભૂમિમાં, સમ્મુખયુદ્ધમાં આપણું તેજ દુર્દમનીય છે, આપણી ગતિ કોઇથી અટકાવી શકાય તેમ નથી. પણ આ પર્વતપ્રદેશમાં આપણા ઘોડેશ્વારો શું કરી શકવાના? દખણનાં ટટ્ટુ અને ઠીંગણા મરાઠાઓ પર્વતનાં શિખરો ઉપર ચપળતાથી બકરાંની પેઠે ઠેકડા મારે છે અને ખીણોમાં હરણોની પેઠે દોડે છે. જહાંપનાહ! મારી સલાહ ગ્રહણ કરો. સિંહગઢમાં શિવાજી છે, એકદમ એ કિલ્લાને ઘેરો; એક બે માસમાં કિલ્લો પડશે, શિવાજી કેદી થશે, દિલ્લીશ્વરનો જય થશે. નહિ તો અહીં બેશી મરાઠાઓની વાટ જોવાથી શું વળશે? તેમની પાછળ

ધાવાથી શું વળશે? જુઓ, નેતાજી અકસ્માત આપણી પાસે થઇ ચાલ્યો ગયો ને અહમદનગર અને ઔરંગાબાદ સુધીનો મુલક ઉજ્જડ કરી આવ્યો; રૂસ્તમ જમાને તેની પાછળ પડી શું કર્યું?"

શાયેસ્તખાં ક્રોધથી બોલ્યો: "રૂસ્તમ જમાને દગો કર્યો છે, તેણે જાણીજોઇને નેતાજીને જવા દીધો છે, હું તેને યોગ્ય દંડ દેઇશ. ચાંદખાં, તમે પણ સમ્મુખયુદ્ધની વિરૂદ્ધ સલાહ આપો છો, દિલ્હીશ્વરની સેનામાં શું કોઇ જ સાહસી નથી?"

વૃદ્ધ યોદ્ધા ચાંદખાંનું મુખમણ્ડળ રાતું ચોળ થઇ ગયું. મુખ પાછળ ફેરવી આંસુનું એક બિન્દુ લોહી નાખ્યું, પછી સેનાપતિ તરફ જોઇ ધીરે ધીરે બોલ્યો: "સલાહ આપી શકું એવી શક્તિ નથી; સેનાપતિ! યુદ્ધની પદ્ધતિ નક્કી કરો, પછી હુકમ થશે તે પ્રમાણે વર્તવામાં આ દાસ પાછો નહિ પડે."

એ સમયે એક દાસે આવી સમાચાર આપ્યા કે સિંહગઢનો દૂત મહાદેવજી ન્યાયશાસ્ત્રી નામે એક બ્રાહ્મણ આવ્યો છે તે નીચે વાટ જુએ છે. શાયેસ્તખાં પણ તેની વાટ જોતો હતો, તેને સભામણ્ડપમાં આણવાની આજ્ઞા કરી. સર્વ સભાસદો એ દૂતને જોવાને ઉત્સુક બની ગયા.

તુરત જ મહાદેવજી ન્યાયશાસ્ત્રીએ સભામણ્ડપમાં પ્રવેશ કર્યો. ન્યાયશાસ્ત્રીની ઉમર હજી પૂરાં ચાળીસ વર્ષની

નહોતી; તેના અવયવો મરાઠાઓના જેવા કંઈક નીચા અને કાળા હતા; બ્રાહ્મણનું મુખમણ્ડળ સુન્દર, છાતી વિશાળ, હાથ લાંબા, નયન ગમ્ભીર ને બુદ્ધિસૂચક હતાં; લલાટમાં લાંબું ચંદનનું તિલક હતું; ખાંધે ઉપવિત લટકતું હતું; શરીર ઉપર સૂતરનું કુરતું પહેર્યું હતું તેથી શરીરનું ગઠન સ્પષ્ટ દેખાતું નહોતું; માથે મોટી પાઘડી હતી, એવડી મોટી કે વદનમણ્ડળ પણ તેની છાયામાં ઢંકાઇ જતું હતું. સત્કાર કરી શાયેસ્તખાંએ દૂતને બેસવા કહ્યું.

શાયેસ્તખાંએ પુછ્યું: "સિંહગઢના શા સમાચાર છે?"

મહાદેવજીએ એક સંસ્કૃત શ્લોકમાં ઉત્તર આપ્યો:

"सन्ति नद्यो दंडकेषु तथा पंचवटीवने ।
सरयूविच्छेदशोकं राघवस्तु कथं सहेत् ॥

"અર્થાત્ દણ્ડકારણ્યમાં અને પંચવટી વનમાં અનેક નદીઓ છે, પણ તેથી શું સરયૂ નદીનો વિયોગ રાઘવ સહજે ભૂલી શકે? સિંહગઢ આદિ અનેક કિલ્લા હજીયે શિવાજી પાસે છે, પણ જ્યાં સુધી પુના આપની પાસે છે, ત્યાં સુધી એમનો સન્તાપ શમી શકે?"

શાયેસ્તખાં સન્તુષ્ટ થઇ બોલ્યો: "હા, તમારા પ્રભુને કહેજો કે મુખ્ય કિલ્લાઓ તો અમારા હાથમાં આવી ગયા છે; હવે યુદ્ધ કરવું વિફળ છે, દિલ્લીશ્વરની આધીનતા સ્વીકારશે તો હજીયે આશા છે."

બ્રાહ્મણ હાસ્ય કરી બીજો એક શ્લોક બોલ્યો:

"न शक्तो हि स्वाभिलाषं ज्ञापयितुञ्च चातकः ।
ज्ञात्वा तु तद्वारिधरस्तोषयति हि याचकम् ॥

"અર્થાત્ ચાતક બોલીને પોતાની અભિલાષા મેઘને જણાવી શકે નહિ, પરન્તુ મેઘ દયાળુ થઇને ચાતકની અભિલાષા પૂર્ણ કરે છે. મહાન્ પુરૂષોની પણ ચાતકને આપવાની રીતિ એવીજ હોય છે. 'પ્રભુ શિવાજી અત્યારે પુના અને ચાકન ખોઇ બેઠાથી સન્ધિ કરવાની ઇચ્છા રાખે છે, પણ શરમ આવે છે. પરન્તુ આપ જેવા મહાન્ પુરુષ એમના મનની અભિલાષા જાણી જઈ દયાભાવે જે આપશો તે મસ્તક ઉપર સ્વીકારશે."

શાયેસ્તખાંના આનન્દનો તો પાર રહ્યો ના; બોલ્યો: "પણ્ડિતજી, આપના સાહિત્યથી મને કેટલો સન્તોષ થાય છે, તે કહી શકતો નથી. આપની સસ્કૃત ભાષા કેવી સુમધુર અને ભાવપરિપૂર્ણ છે! ખરેખર શિવાજી સન્ધિની ઇચ્છા કરે છે?"

મહાદેવજી બોલ્યો:

"केशरिणः प्रतापेन भयाविदग्धचेतसः ।
त्राहि देव त्राहि राजन् इति ब्रुवन्ति भूचराः ॥

"અર્થાત્ દિલ્લીશ્વરના પ્રતાપથી અમે બધા ભયવિહ્વલ બની ગયા છીએ ને ત્રાહિ ત્રાહિ પોકારીએ છીએ."

શાયેસ્તખાંનો આનંદ હવે ગુપ્ત રહી શકયો નહિ; બોલ્યો : "બ્રાહ્મણ! આપના શાસ્ત્રાભ્યાસથી પરમ સન્તોષ થાય છે. જો તમે સન્ધિ કરવા આવ્યા હો તો શિવાજીએ તમને મોકલ્યા છે તેની નિશાની શી છે?"

બ્રાહ્મણે ગમ્ભીરભાવે વસ્ત્રમાંથી એક પત્ર કાઢી આપ્યો. અનેક ક્ષણ સુધી શાયેસ્તખાં એ પત્રમાં જોઇ રહ્યો, પછી બોલ્યો: "હા, પત્ર જોઇને સન્તોષ થાય છે; શી શી સરતો કરવાની છે, બોલો."

મહાદેવજી : "પ્રભુનું એવું કહેવું છે કે જ્યારે પ્રથમ જ આપનો જય થયો છે, ત્યારે તો હવે યુદ્ધ કરવું વૃથા છે."

શાયેસ્તખાં : "ઠીક."

મહાદેવજી : "કઇ કઇ સરતોથી દિલ્લીશ્વર સન્ધિ સ્વીકારશે તે જાણવાને તે ઉત્સુક છે. જાણી શકાય તો તે પાળવાનો યત્ન કરી શકાય."

શાયેસ્તખાં : "પ્રથમ તો દિલ્લીશ્વરની આધીનતા સ્વીકારવી પડશે. તમારો પ્રભુ એમ કરવું સ્વીકારશે?"

મહાદેવજી : "તેમની સમ્મતિ અથવા અસમ્મતિ જાણવાનો મને અધિકાર નથી. આપ જે જે કહેશો તે હું તેમને જણાવીશ; તે ઉપર તેઓ વિચાર કરી સમ્મતિ અસમ્મતિ પછીથી પ્રકાશ કરશે."

શાયેસ્તખાં: "ઠીક, પ્રથમ સરત તો મેં તમને કહી કે દિલ્હીશ્વરની આધીનતા સ્વીકારવી પડશે. બીજું, દિલ્હીશ્વરની સેનાએ તમારા જે જે કિલ્લા લીધા છે, તે દિલ્હીશ્વરનેજ તાબે રહેશે. ત્રીજું, સિંહગઢ આદિ બીજા પણ કેટલાક કિલ્લા તમારે છોડવા પડશે."

મહાદેવજી: "કયા કયા?"

શાયેસ્તખાં: "એક બે દિવસમાં પત્ર લખી તે કિલ્લાનાં નામ જણાવીશું. ચોથું, બાકી રહેલા કિલ્લા અને પ્રદેશ શિવાજી પાસે રહેવા દેવામાં આવશે, તેનો પણ દિલ્હીશ્વરની જાગીરસ્વરૂપે શિવાજીએ ઉપભોગ કરવો પડશે ને તેને માટે કર આપવો પડશે. આ સરતો તમારા પ્રભુને જણાવજો, તે સમ્મત છે કે અસમ્મત તે અમને બે ચાર દિવસમાં જણાવજો."

મહાદેવજી: "આપના હુકમ પ્રમાણે ચાલીશ. અત્યારે સન્ધિની ગોષ્ટિ ચાલે છે, તો જ્યાં સુધી સન્ધિ થાય નહિ ત્યાં સુધી યુદ્ધ બન્ધ રહી શકશે?"

શાયેસ્તખાં: "કદાપિ નહિ, ધૂર્ત્ત કપટાચારી મરાઠાઓનો હું કદાપિ વિશ્વાસ કરીશ નહિ, એવી ધૂર્ત્તતા એકે નથી કે જે તેઓ ન કરી શકે. સન્ધિ પૂરેપૂરી થઇ નથી, ત્યાં સુધી યુદ્ધ તો ચાલતું રહેવાનું જ, અમારાથી થશે તેટલું તમારૂં અનિષ્ટ કરીશું, તમારાથી થાય એટલું અમારૂં અનિષ્ટ કરજો."

"એવમસ્તુ," બોલી બ્રાહ્મણ ત્યાંથી વદાય થયો, તેની આંખમાંથી અગ્નિ ઝરવા લાગ્યો.

ધીરે ધીરે તે મહેલમાંથી બહાર નિકળવા લાગ્યો. પ્રત્યેક બારણું, પ્રત્યેક ખણ્ડ ખુબ તપાસતો તપાસતો ધીરે ધીરે બહાર નિકળ્યો. એક મોગલ પહેરેગીર વિસ્મિત થઇ પુછવા લાગ્યો: "દૂતમહાશય, શું જુઓ છો?"

દૂતે ઉત્તર આપ્યો: "આ ખણ્ડમાં પ્રભુ શિવાજી બાલ્યકાળમાં રમતા હતા તે જોઉં છું. આ કિલ્લો તમે લેઇ લીધો ને લાગે છે કે બધા કિલ્લા એકેએકે તમે લેઇ લેવાના. હા! ભગવાન!"

પહેરેગીર હશીને બોલ્યો: "એને માટે હવે વૃથા ખેદ કરવાથી શું વળવાનું છે? તમે તમારે કામે ચાલતા થાઓ."

બ્રાહ્મણ સત્વર પુનાનગરીના લોકમાં ભળી ગયો.

૬

શુભકાર્યનો પુરોહિત

એકેએકે પુનાના બહુ માર્ગ બ્રાહ્મણ વટાવી ગયો, જે જે સ્થાન પાસેથી થઈને જવા લાગ્યો, તે તે સ્થાનનું સૂક્ષ્મ અવલોકન કરતો ચાલ્યો. કંઇ ખરીદવાને બંહાને એક બે દુકાનમાં પેઠો, ત્યાંથી નાના પ્રકારની હકીકત જાણી લીધી.

પછી બજાર પાર થઇ નિકળી ગયો. વિશાળ રાજમાર્ગ ઉપરથી એક નાની ગલીમાં પેઠો; ત્યાં રજનીના સર્વે દીવા ગુલ થઇ ગયા છે, નાગરિકો બારણાં વાશી સુઇ ગયા છે.

બ્રાહ્મણ એકલો દૂર સુધી ગયો; આકાશ અન્ધકારમય છે, કેવલ એકાદ બે તારા ચળક ચળક કરે છે; નાગરિકો સર્વે સુઇ ગયા છે, જગત નિસ્તબ્ધ છે. બ્રાહ્મણના મનમાં સન્દેહ થયો, પાછળથી તેણે માનવીના પગલાનો શબ્દ સાંભળ્યો. સ્થિર થઈ ઉભો રહ્યો, પણ ફરી તે શબ્દ સંભળાયો નહિ.

ફરી ચાલવા માંડયું, થોડી વાર પછી વળી જણાયું કે કોઇ પાછળ આવે છે. બ્રાહ્મણનું હૃદય કંઈક ચંચળ થયું. આ ગમ્ભીર રાત્રીમાં તેની પાછળ કોણ પડયું છે? શત્રુ કે મિત્ર? શત્રુ હોય તો શું ઓળખી ગયો છે? ઉદ્વેગપરિપૂર્ણ હૃદયે ક્ષણેક વિચારમાં પડ્યો. પછી નિ:શબ્દે પહેરણની અન્દરની બાજુએથી એક છરી બહાર કાઢી, માર્ગની એક બાજુએ ઉભો રહ્યો, ગમ્ભીર અન્ધકારમાં નિરીક્ષણ કરવા લાગ્યો. કોઇ નથી, સર્વ સુતેલું છે; નગર શબ્દશૂન્ય છે, નિઃસ્તબ્ધ છે.

સન્દેહથી બ્રાહ્મણ પ્રકાશપૂર્ણ બજારમાં પાછો આવ્યો. ત્યાં અનેક દુકાનોમાં અનેક જાતિના લોકો હજી માલ ખરીદે છે ને વેચે છે, તેની અન્દર ભળી જવાનો તેણે પ્રયત્ન કર્યો. વળી ત્યાંથી એકદમ એક ગલીમાં પેશી ગયો ને બીજી ગલીઓમાં આમતેમ ઉતાવળે ફરી નગરની

ભાગોળે આવી પહોંચ્યો. ત્યાં નિ:શબ્દે અનેક ક્ષણ શ્વાસ બન્ધ કરી ઉભો રહ્યો. શબ્દમાત્ર નથી; વાટઘાટ, બારીઅટારી સર્વે નિસ્તબ્ધ છે, ગમ્ભીર અન્ધકાર દ્વારા રાત્રિગગને સમસ્ત જગતને છાઇ દીધું છે; બ્રાહ્મણનું હૃદય કમ્પી ઉઠ્યું, તે નિ:શબ્દે ઉભો રહ્યો.

ક્ષણેક પછી વળી પાછો તે શબ્દ થયો, મહાદેવજીનો ભય દૂર થયો, એ તો નગરનો પહેરેગીર પહેરો ભરે છે. દુર્ભાગ્યે મહાદેવ જે ગલીમાં સન્તાઇ રહ્યા હતો, તે ગલીમાં જ પહેરેગીર આવ્યો. ગલી અતિશય સાંકડી હતી. ફરી હાથમાં છરી લેઇ મહાદેવજી દુર્ભેદ્ય અન્ધકારમાં ઉભો રહ્યા.

પહેરેગીર ધીમે ધીમે આમ તેમ જોતો જોતો તેજ સ્થાને આવ્યો. મહાદેવજી જે સ્થાને ઉભો હતો, તે દિશાએ જોયું. મહાદેવજીનું હૃદય થરથરવા લાગ્યું. શ્વાસ બન્ધ કર્યો, હાથમાં છરી મજબુત પકડી ઉભો રહ્યો.

પહેરેગીર અન્ધકારમાં કંઇ દેખી શકયો નહિ, ધીરે ધીરે ત્યાંથી આગળ ચાલતો થયો. મહાદેવજી પણ ધીરે ધીરે ત્યાંથી નિકળી ગયો. કપાળ ઉપરનો પરસેવો લુંછી નાખ્યો, પછી પાસેનું એક બારણું ઠોકયું. શાયેસ્તખાંનો એક મરાઠા સૈનિક બહાર આવ્યો. બન્ને જણ અતિ ગુપ્ત રીતે નગરમાંના એક અતિ ગુપ્ત અને કોઇ મનુષ્ય ન જાય એવે સ્થાને જઇ ઉભા; બન્ને જણ ત્યાં બેઠા.

બ્રાહ્મણ: "બધું તૈયાર છે?"

સૈનિક: "તૈયાર!"

બ્રાહ્મણ: "પરવાનો મળ્યો છે?"

સૈનિક: "મળ્યો છે."

આ સમયે પગનો વળી એક અસ્પષ્ટ શબ્દ સંભળાયો. મહાદેવજીએ ક્રોધે આંખ રાતી કરી. હાથમાં છરી લેઇ ચારે બાજુ જોવા લાગ્યો, કંઇ દેખાયું નહિ. ધીરે ધીરે પાછો વળી સૈનિકને કહેવા લાગ્યો: "ખાલી હાથે આવ્યો છે?"

સૈનિકે છાતીમાંથી છરી બહાર કાઢી દેખાડી. બ્રાહ્મણ બોલ્યો: "ઠીક; સાવધાન રહેવું. વિવાહ કયારે છે?"

સૈનિક: "કાલે."

બ્રાહ્મણ: "પરવાનો મળ્યો છે?"

સૈનિક: "હા."

બ્રાહ્મણ: "કેટલા માણુસોનો?"

સૈનિક: "વાજાંવાળા દશ જણાનો ને હથિયારવાળા ત્રીશ જણાનો. એથી વધારેનો ના મળ્યો."

બ્રાહ્મણ: "એટલા માણુસ ઘણાય છે. કઇ વેળાએ?"

સૈનિક: "એક પહોર રાત જતાં."

બ્રાહ્મણ: "ઠીક, આ દિશામાંથી વરઘોડો નિકળશે."

સૈનિક: "યાદ છે."

બ્રાહ્મણ : "વાજાંવાળા વાજાં જોરથી વગાડશે."

સૈનિક : "યાદ છે."

બ્રાહ્મણ : "કુટુમ્બીજનો મળે એટલા એકઠા કરવા-ના છે."

સૈનિક : "ઠીક છે."

બ્રાહ્મણ કંઇક હસીને બોલ્યો : "અમે એ શુભકાર્યના પુરોહિત! એ શુભકાર્યનું પરિણામ સમસ્ત ભારતવર્ષમાં વ્યાપી જશે."

જોરથી ફેંકેલું એક તીર બ્રાહ્મણની છાતીમાં અકસ્માત આવી વાગ્યું. એ તીરે જરૂર એનો પ્રાણ જાત, પણ બ્રાહ્મણના કુરતા નીચે લોઢાનું બખ્તર હતું, તેને તીર અથડાયું ને ભોંયે પડયું.

•

તુરત જ ભાલો આવી વાગ્યો. ભાલાના આઘાતથી બ્રાહ્મણ ભૂમિ ઉપર પડયો, પણ તે દુર્ભેદ્ય બખ્તર ભેદાયું નહિ, મહાદેવ ઉભો થઇ ગયો. સામે જોયું તો ઉઘાડી તલવારે એક મોગલ યોદ્ધો ઉભો છે. તે ચાંદખાં હતો!

•

આજની સભામાં સેનાપતિ શાયેસ્તખાંએ ચાંદખાંને બાયલો કહ્યો હતો; યુદ્ધવ્યવસાયમાં તેના વાળ ધોળા થઇ ગયા છે, પણ આવું વચન તેને કોઇએ સંભળાવ્યું નહોતું. અન્તરમાં મર્માન્તિક વેદના થઇ, બીજાને કંઇ કહ્યું નહિ; પણ મનમાં સ્થિર પ્રતિજ્ઞા કરી કે કાર્યદ્વારા એ અપવાદ દૂર કરવો, નહિ તો આ યુદ્ધમાં પ્રાણત્યાગ કરવો.

બ્રાહ્મણનું આચરણ જોઈ તેને સન્દેહ થયો હતો. તે શિવાજીને સારી પેઠે ઓળખતો હતો. શિવાજીની અસાધારણ શક્તિ, તેના બહુસંખ્ય કિલ્લાઓ, તેની અપૂર્વ અને દ્રુતગામી અશ્વસેના, તેની હિન્દુધર્મ ઉપરની આસ્થા, હિન્દુ-રાજ્ય સ્થાપવાની તેની અભિલાષા, હિન્દુસ્વતંત્રતા સ્થાપવા-ની તેની પ્રતિજ્ઞા; એ કશું ચાંદખાંથી અજાણ્યું નહોતું. મોગલો સાથે યુદ્ધ આરમ્ભાતાં જ શિવાજી પરાજય સ્વીકારશે ને સન્ધિ માટે પ્રાર્થના કરશે એવો કદાપિ સંભવ જ નહોતો, તથાપિ એ બ્રાહ્મણે શિવાજીનું પ્રાર્થનાપત્ર દેખાડયું છે; ત્યારે એ બ્રાહ્મણ કોણ? તેની ગુપ્ત અભિલાષા શી હશે?

બ્રાહ્મણની કથાવાર્તામાં પણ ચાંદખાંને શંકા ઉત્પન્ન થઇ હતી. મરાઠાઓની નિન્દા સાંભળીને બ્રાહ્મણની આંખમાં-થી અગ્નિ વરસતો હતો, તે પણ તેણે જોયો હતો. એ સમસ્ત સન્દેહની વાત તેણે શાયેસ્તખાંને કરી નહિ, સત્ય બોલીને વળી શા માટે વધારે તિરસ્કાર પામવો? પણ મનમાં નિશ્ચય કર્યો કે એ ખળ દૂતને પકડવો. ત્યારથી દૂતની પાછળ તે લાગ્યો હતો. માર્ગેમાર્ગે, ગલીએગલીએ તે તેની પાછળ ગુપ્ત ભાવે ચાલ્યો જતો હતો. એક ક્ષણને માટે પણ બ્રાહ્મણ ચાંદખાંની દૃષ્ટિ બહાર થઇ શકયો નહોતો. સૈનિકની સાથે બ્રાહ્મણને જે વાત થઇ હતી, તે પણ તેણે સાંભળી લીધી હતી. તીક્ષ્ણબુદ્ધિ યોદ્ધો ચાંદખાં સઘળું સમજી ગયો, ને તેણે એ દૂતને મારી નાખી સૈનિકને સેનાપતિ પાસે લેઇ જઇ યોગ્ય શાસન કરાવવાનો સંકલ્પ કર્યો. મનમાં મનમાં વિચાર કરવા લાગ્યો: "શાયેસ્તખાં! યુદ્ધવ્યવસાય-

માં આ કેશ મિથ્યા ધોળા નથી કર્યા; હું બાયલો યે નથી, દિલ્હીશ્વરથી વિરૂદ્ધ પણ નથી. આજે ગુપ્ત કપટાચાર પકડી પ્રકટ કરી દેઇશ, અને પછી સિદ્ધ કરી આપીશ કે આ વૃદ્ધ યોદ્ધાના શબ્દોનો અનાદર કરવો નથી જોઇતો." પણ હા! આશા માત્ર માયાવી છે!

મહાદેવજી ભૂમિ ઉપરથી ઉઠ્યો ન ઉઠ્યો એટલામાં તો તીર અને ભાલો વ્યર્થ ગયાં જાણી ચાંદખાં તેના ઉપર આવી પડ્યો, ને તલવારથી બળપૂર્વક ઘા કર્યો. તલવાર બખ્તરમાં વાગી પાછી પડી. તે ઘા પણ નિષ્ફળ ગયો.

"અકાળે તું મારી પાછળ પડ્યો છે." કહી મહાદેવજીએ છાતીમાંથી કટારી કાઢી આકાશમાં ઉંચી કરી; નિમેષમાત્રમાં વજ્રમુષ્ટિથી ચાંદખાંની છાતી ચીરાઇ ગઈ. ચાંદખાંનો મૃતદેહ ધરણી ઉપર ઢળી પડ્યો.

બ્રાહ્મણે હોઠ ઉપર દાંત પીસ્યા, તેની આંખમાંથી અગ્નિ વર્ષ્યો; ધીરે ધીરે કટાર છુપાવી બોલ્યો: "શાયેસ્તખાં! મરાઠાઓની નિન્દા કરવાનું આ પ્રથમ ફળ, ભવાનીની કૃપાથી બીજું ફળ કાલે ફળશે."

જે સમયે ચાંદખાંએ કર્તવ્ય માટે જીવનદાન આપ્યું તે સમયે શાયેસ્તખાં મીઠી નિદ્રા અનુભવતો હતો, શિવાજીને વશ કરવાના સમ્બન્ધનું મીઠું સ્વપ્ન અનુભવતો હતો.

મરાઠા સૈનિક એ સમસ્ત વ્યાપારથી વિસ્મિત થઇ

બોલ્યો : "પ્રભુ, આ શું કર્યું? કાલે આ વિષયની ચર્ચા થશે ને આપણો સર્વ સંકલ્પ વૃથા જશે."

બ્રાહ્મણ: "કંઇ વૃથા જવાનો નથી. જાણું છું કે આજે સભામાં ચાંદખાં અપમાન પામ્યો છે, તેથી તે થોડા દિવસ સભામાં નહિ જાય, તોપણ કોઇને સન્દેહ પડવાનો નથી. એ મૃતદેહને પેલા ઉંડા કુવામાં ડુબાવી દે ને સ્મરણ રાખજે કે કાલે રાત્રે એક પહોર જતાં."

સૈનિક: "કાલે રાત્રે એક પહોર જતાં."

બ્રાહ્મણ નિઃશબ્દે પુનામાંથી નિકળી ગયો. ત્રણ ચાર સ્થાને પહેરેગીરોએ તેને અટકાવ્યો, પણ શાયેસ્તખાંનો જાતનો પરવાનો દેખાડી નગરમાંથી નિકળી ગયો.

૭

રાજા જશવન્તસિંહ

મધ્યરાત્રિ વીતી ગઇ છે, રાજપુતરાજા જશવન્તસિંહ એકલો તમ્બુમાં બેઠો છે. કપાળે હાથ દેઇ એ મોડી રાત્રે પણ તે કંઇક ચિન્તા કરે છે. સામે માત્ર એક દીવો બળે છે, તમ્બુમાં બીજું કોઇ નથી. સમાચાર આવ્યા કે મરાઠા દૂત મળવા આવ્યો છે. તેને અંદર બોલાવી લાવવાની આજ્ઞા કરી છે, તેની વાટ જોતો બેઠો છે.

મહાદેવજી ન્યાયશાસ્ત્રી તમ્બુમાં આવ્યો. જશવન્તસિંહે તેને આદર આપી બોલાવ્યો ને બેસવા કહ્યું. બન્ને બેઠા.

અનેક ક્ષણ સુધી જશવન્તસિંહ ચુપ બેશી રહ્યો, કંઇક વિચાર કરતો હતો. રાજપુત તરફ મહાદેવ તીક્ષ્ણ દષ્ટિથી નિઃશબ્દે જોઈ રહ્યો હતો. અન્તે જશવન્તસિંહ બોલ્યો: "મને આપના પ્રભુનો પત્ર મળ્યો છે, તેમાં જે લખ્યું છે તે જાણ્યું છે, તે સિવાય બીજું કંઇ કહેવાનું છે?"

મહાદેવ: "પ્રભુએ મને કંઇ કહેવા મોકલ્યો નથી, માત્ર ખેદ કરવાને મોકલ્યો છે."

જશવન્તસિંહ: "કેવળ પુના અને ચાકનદુર્ગ હજી તો અમારે હાથ આવ્યાં છે, એને માટે આટલો ખેદ?"

મહાદેવ: "દુર્ગનાશ માટે એમને ખેદ થતો જ નથી, એવા તો એમની પાસે અસંખ્ય કિલ્લાઓ છે."

જશવન્તસિંહ: "ત્યારે શું મોગલયુદ્ધસ્વરૂપ વિપત્તિ આવી પડી છે તે માટે તે ખેદ કરે છે?"

મહાદેવ: "વિપત્તિમાં ખેદ કરે એ તો એમનો સ્વભાવ જ નથી."

જશવન્તસિંહ: "ત્યારે શેને માટે ખેદ કરે છે?"

મહાદેવ: "જે હિન્દુરાજતિલક છે, જેમનો જન્મ ક્ષત્રિય કુળમાં થયો છે, જે સનાતન ધર્મના રક્ષણકર્તા

છે, તે આજ મ્લેચ્છના દાસ બન્યા છે, એ જોઇને પ્રભુને બહુ ખેદ થાય છે?"

જશવન્તસિંહનું મુખમણ્ડળ કંઇક લાલ થયું, મહાદેવ તેને જોયુ ના જોયું કરીને ગમ્ભીર સ્વરે બોલવા લાગ્યો: "ઉદયપુરના રાણાના વંશમાં જેણે વિવાહ કર્યો છે, મારવાડનું રાજછત્ર જેના મસ્તક ઉપર ધરાય છે, રાજસ્થાન જેની સુખ્યાતિથી પરિપૂર્ણ બની ગયું છે, ક્ષિપ્રાને તીરે જેના બાહુબળથી ઔરંગજેબ ભયભીત અને વિસ્મિત થઇ ગયો હતો, સમગ્ર ભારતવર્ષ જેને સનાતન હિન્દુધર્મના સ્તમ્ભસ્વરૂપ માને છે, દેશેદેશે ગામેગામે મન્દિરેમન્દિરે જેના જયને માટે હિન્દુમાત્ર, બ્રાહ્મણમાત્ર જગદીશ્વરના ચરણમાં પ્રાર્થના કરે છે, આજ તેને મુસલમાનનો પક્ષ ગ્રહણ કરી હિન્દુ વિરુદ્ધ યુદ્ધ કરતો દેખી પ્રભુને ખેદ થાય છે! રાજન્! હું તો માત્ર દૂત છું, હું શું બોલું છું તેનું મને ભાન નથી, દોષ થતો હોય તો ક્ષમા કરશો, પણ આ યુદ્ધની સર્વ તૈયારીઓ શેને માટે? આ સૈન્યસામન્ત શેને માટે? આ સમસ્ત વિજયપતાકા શેને માટે ઉડતી કરી છે? સ્વાધિકારની વૃદ્ધિ માટે? હિન્દુસ્વતંત્રતાની સ્થાપના માટે? ક્ષત્રિયોચિત યશોલાભને માટે? આપ ક્ષત્રિયકુળભૂષણ છો, આપ વિચાર કરી જુઓ, હું તો કંઇ જાણતો નથી."

જશવન્તસિંહ નીચું જોઇ રહ્યો. મહાદેવ વળી બોલવા લાગ્યો: "આપ રાજપુત છો, મરાઠાઓ રાજપુતપુત્ર છે,

પિતા પુત્ર વચ્ચે યુદ્ધ ના સમ્ભવે! ભવાની જાતે એ યુદ્ધનો નિષેધ કરે છે. આપ આજ્ઞા આપો, અમે તેનું પાલન કરીશું. રાજપુતનું ગૌરવ જ અનાથ ભારતવર્ષનું એકમાત્ર ગૌરવ છે, રાજપુતોનાં યશોગીત અમારા ઘરની રમણીઓ હજી પણ ગાય છે, રાજપુતોનાં ઉદાહરણ દેખી અમારાં બાળકો શિક્ષણ પામે છે. ક્ષત્રિયકુળતિલક! રાજપુતરુધિરમાં અમારી તલવાર બોળતા પહેલાં ભલે મરાઠાઓનું નામ વિલુપ્ત થઇ જાઓ, ભલે રાજ્ય વિલુપ્ત થઇ જાઓ! અમે ભાલા ને તરવાર ફેંકી દેઇશું ને ફરી હળ પકડતાં શીખીશું!"

જશવન્તસિંહ આંખ ઉંચી કરી ધીરે ધીરે બોલ્યો: "દૂતપ્રધાન! તમારી કથા બહુ મીઠી લાગે છે, પણ હું દિલ્લીશ્વરને આધીન છું. મરાઠાઓની સાથે યુદ્ધ કરીશ એમ કહીને આવ્યો છું; મરાઠાઓની સાથે યુદ્ધ

મહાદેવ: "અને હજારો સ્વધર્મીઓનો નાશ કરીશ, હિન્દુ હિન્દુનું મસ્તક છેદશે, બ્રાહ્મણ બ્રાહ્મણની છાતીમાં છરી બેસાડશે, ક્ષત્રિયના રુધિરસ્રોતમાં ક્ષત્રિયનો રુધિરસ્રોત ભળશે, અને અન્તે મ્લેચ્છ બાદશાહનો સંપૂર્ણ વિજય થશે."

જશવન્તસિંહનું મુખ રાતું થઇ ગયું. ઉદ્વેગ રોકી કંઇક કર્કશભાવે બોલ્યો: "કેવળ દિલ્લીશ્વરના જયને માટે આ યુદ્ધ નથી. હું તમારા પ્રભુની સાથે કેવી રીતે મિત્રતા કરૂં? શિવાજી વિદ્રોહાચારી છે, ચતુર શિવાજી આજે જે અંગીકાર કરે છે, કાલે તેનો ભંગ કરે છે."

હવે બ્રાહ્મણનાં નયન પ્રજ્વલિત થયાં, તે ધીરે ધીરે બોલ્યો: "મહારાજ, સાવધાનતાથી બોલજો. મિથ્યા નિન્દા કરવી આપને યોગ્ય નથી. શિવાજીએ હિન્દુને જે વચન આપેલું તે ક્યારે તોડ્યું છે? બ્રાહ્મણની પાસે જે પ્રતિજ્ઞા કરેલી, ક્ષત્રિયની પાસે જે પ્રતિજ્ઞા કરેલી તે શિવાજી ક્યારે વિસરી ગયો છે? દેશમાં અનેક ગામો છે, અનેક દેવાલયો છે; જઈને તપાસ કરો ને જુઓ કે સત્યપાલન કરવામાં, બ્રાહ્મણને આશ્રય આપવામાં, હિન્દુને ઉપકાર કરવામાં, ગોવત્સની રક્ષા કરવામાં, દેવદેવીની પૂજા કરવામાં શિવાજીએ ક્યારે પાછું વાળી જોયું છે? યુદ્ધ તો મુસલમાનો સાથે છે. જેતાઓ અને વિજિતો વચ્ચે મિત્રતા ક્યાં અને ક્યારે હોય છે? નોળિયો સાપને પકડે છે, ત્યારે સાપ મૃતવત્ પડ્યો રહે છે, મૃત જાણી તેને છોડી નોળિયો ચાલ્યો જાય છે, કે તુરતજ જર્જરિત શરીર નાગરાજ લાગ જોઇ શત્રુને દશે છે. એ તે શું વિદ્રોહાચરણ કે જાતિસ્વભાવ? કુતરાં સસલાંને પકડવાનો પ્રયત્ન કરે છે, સસલું પ્રાણ બચાવવાનો પ્રયત્ન કરે છે, એક બાજુએ નાસવાનો દમ્ભ કરીને બીજી જ બાજુએ નાશી જાય છે, એ તે ચતુરતા કે જાતિસ્વભાવ? જીવજન્તુ માત્રને જગદીશ્વરે પ્રાણરક્ષાના જે યત્ન અને ઉપાય શિખવ્યા છે, તે યત્ન અને ઉપાય તેણે માનવીને શિખવ્યા નથી? આપણા પ્રાણનો પ્રાણ, જીવનના જીવનસ્વરૂપ જે સ્વાધીનતા તેનું મુસલમાનોએ સેંકડો વર્ષથી હરણ કર્યું છે, હૃદયનું રુધિરસ્વરૂપ જે બળ, માન, દેશગૌરવ અને ધર્મ તેનો

વિનાશ કર્યો છે, તેમનીજ સાથે અમારી મિત્રતા ને સત્યસંબંધ? તેમનાથી જે ઉપાયે જીવનસ્વરૂપ સ્વાધીનતાની રક્ષા કરી શકાય, સ્વધર્મ અને જાતિગૌરવની રક્ષા કરી શકાય તે ઉપાયને શું તમે છળ કહેશો? એ ઉપાય શું નિન્દાપાત્ર છે? જીવનરક્ષણને માટે પલાયનકુશળ મૃગની શીઘ્રગતિને વિદ્રોહ કહેશો? બચ્ચાંનું રક્ષણ કરવા માટે પક્ષી શત્રુને લોભાવી બીજી બાજુએ દોરી જાય તે શું નિન્દાપાત્ર છે? ક્ષત્રિયરાજ! મુસલમાનો મરાઠાઓની સર્વદા નિન્દા કરે છે, એ તો સાંભળી જાય છે; પણ હિન્દુપ્રવર, આપ હિન્દુજીવનરક્ષાના એકમાત્ર ઉપાયની નિન્દા ના કરો, શિવાજીની નિન્દા ના કરો!" મહાદેવજીનાં જ્વલન્ત નયનો આંસુથી પુરાઇ ગયાં.

બ્રાહ્મણની આંખમાં આંસુ આવેલાં જોઇ રાજપુત જશવન્તસિંહના હૃદયમાં વેદના થઇ. તે બોલ્યો: "દૂતપ્રવર, આપને કષ્ટ આપવાનો મારો હેતુ નહોતો. જો કંઇ અન્યાય્ય બોલ્યો હોઉં તો ક્ષમા કરજો. હું તો માત્ર એજ કહેતો હતો કે રાજપુતો પણ સ્વાધીનતાની રક્ષા તો કરે છે, પણ તેઓ સાહસ અને સમ્મુખરણ વિના બીજો ઉપાય જાણતા નથી. મરાઠાઓ શું એ ઉપાય ગ્રહણ કરીને ફળલાભ પ્રાપ્ત ન કરી શકે?"

મહાદેવ: "મહારાજ! રાજપુતોની સ્વાધીનતા પુરાતન કાળની છે, તેમની પાસે પુષ્કળ ધન છે, તેમના દેશને પર્વતથી કે રણથી રક્ષણ મળે છે, સુન્દર રાજધાનીઓ

છે, હજારો વર્ષથી તેમને અપૂર્વ રણુશિક્ષણુ મળેલું છે. મરાઠાઓ પાસે એમાંનું શું છે? તેઓ દરિદ્ર છે, ચિરપરાધીન છે, તેમની રણુશિક્ષા આ પ્રથમની જ છે. આપના દેશ ઉપર હલ્લો થાય, તો આપ પુરાતન રીતિને અનુસરી યુદ્ધ આપો, પુરાતન અનિર્વચનીય તેજ અને પ્રરાક્રમ પ્રકટ કરો, અસંખ્ય રાજપુતસેના આગળ દિલ્લીશ્વરની સેના પલાયન કરે. અમારા દેશ ઉપર હલ્લો થાય તો અમે એમાંનું શું કરી શકીએ? પુરાતન રીતિ નથી, રણુશિક્ષા નથી, અસંખ્ય સેના નથી, જે સેના છે તેણે કદી રણુક્ષેત્ર જોયું નથી. દિલ્લીશ્વર જ્યારે કાબુલ, પંજાબ, બિહાર, માળવ, વીરપ્રસવિની રાજસ્થાનભૂમિમાંથી પણુ હજારો પુરાતન રણુદર્શી યોદ્ધાઓ મોકલે, જ્યારે મોટા અને અનિવાર્ય રણુઅશ્વ અને રણુગજ મોકલે, જ્યારે તોપો, બંદુકો, દારૂ, ગોળા અને ધનનાં હજારો ગાડાં લાવી દેશમાં ઠાલવી દે ત્યારે શું કરે આ દરિદ્ર મરાઠા? તેમની પાસે એવી અસંખ્ય દૂરદર્શી સેના નથી, એવા અશ્વગજ નથી, એટલું ધન નથી. ત્વરિતગતિ અને પર્વતયુદ્ધ વિના તેમને બીજો કયો ઉપાય છે? ક્ષત્રિયરાજ, જીવનપ્રભાતે દરિદ્ર જાતિને એ વિના બીજો ઉપાય નથી. જગદીશ્વર કરે ને મરાઠાઓ દીર્ઘજયી થાઓ, તેમની પાસે ધન અને યુદ્ધાયોજનના ઉપાય થવા દો, બસો ત્રણુસો વર્ષની રણુશિક્ષા થવા દો ને પછી તેઓ પણુ રાજપુતોના અસાધારણુ ગુણુનું અનુકરણુ કરશે."

એ સમસ્ત કથા સાંભળી જશવન્તસિંહ ઉંડા વિચાર-

માં ડુબી ગયો, હાથ કપાળ ઉપર મુકી વિચાર કરવા લાગ્યો. મહાદેવે જોયું કે તેનું એક વાક્ય પણ નિષ્ફળ નથી ગયું. ફરી ધીરે ધીરે બોલવા લાગ્યો: "આપ હિન્દુ-શ્રેષ્ઠ છો, હિન્દુગૌરવસાધનમાં સન્દેહ કેમ કરો છો? હિન્દુ-ધર્મના જયની આપને અવશ્ય ઇચ્છા છે, શિવાજીને પણ એ વિના બીજી ઈચ્છા નથી. મુસલમાનશાસનનો નાશ, હિન્દુજાતિનું ગૌરવસાધન, સ્થાને સ્થાને દેવાલયોની સ્થાપના, સનાતન ધર્મની ગૌરવવૃદ્ધિ, હિન્દુશાસ્ત્રની આલોચના, બ્રાહ્મણને આશ્રયદાન, ગોવત્સાદિનું રક્ષણ એ વિના શિવાજી-ને બીજી કશી ઇચ્છા નથી. એ વિષયમાં તેમને સહાયતા આપ-વાથી દૂર રહેવું હોય તો તમે જાતે એ કાર્ય સાધો. આપ આ દેશનું રાજ્ય કરો, મુસલમાનોને પરાજય પમાડો, મહારાષ્ટ્રમાં હિન્દુસ્વતંત્રતાની સ્થાપના કરો. આજ્ઞા કરો ને આ ક્ષણે કિલ્લાના દરવાજા ઉઘડશે, પ્રજા આપને કર આપશે, આપ શિવાજી કરતાં અનેક ગણા બળવાન છો, અનેક ગણા દૂરદર્શી છો, અનેક ગણા યોગ્ય છો. શિવાજી સંતુષ્ટ ચિત્ત આપનો એક સેનાપતિ થઇ રહેશે ને મુસલ-માનોના નાશમાં પ્રવૃત્ત થશે, એને બીજી વાસના નથી."

આ પ્રસ્તાવથી ઉચ્ચાભિલાષી જશવન્તસિંહનાં નયન આનન્દથી પ્રફુલ્લ બની ગયાં. અનેક ક્ષણ સુધી વિચાર કર્યો, પણ પછી ધીરે ધીરે બોલવા લાગ્યો: "મારવાડ મહારાષ્ટ્રથી બહુ દૂર છે, એક રાજાની નીચે એ બે પ્રદેશો રહી શકે નહિ."

મહાદેવ: "ત્યારે આપનો યોગ્ય પુત્ર હોય તો તેને રાજ્ય આપો, નહિ તો કોઇ આત્મીય યોદ્ધાને આપો. શિવાજી ક્ષત્રિય રાજાને આધીન રહી કાર્ય કરશે, પણ ક્ષત્રિયોની સાથે યુદ્ધ તો કદાપિ નહિ કરે."

જશવન્તસિંહ: "આ વિપત્કાલમાં ઔરંગજેબની સાથે યુદ્ધ કરી આ દેશને પોતાની પાસે રાખી શકે એવો કોઈ આત્મીય પણ નથી."

મહાદેવ: "કોઇ ક્ષત્રિય સેનાપતિની યોજના કરો. હિન્દુધર્મ અને સ્વાધીનતાની રક્ષા થશે તો શિવાજીની મનઃકામના પૂર્ણ થશે. શિવાજી સાનન્દચિત્તે રાજ્ય પરિત્યાગ કરી વાનપ્રસ્થ ગ્રહણ કરશે."

જશવન્તસિંહ: "એવો સેનાપતિ પણ નથી."

મહાદેવ: "ત્યારે જે આ મહત્કાર્ય સાધી શકે એવો છે તેને સહાયતા આપો. આપના સાહાય્યથી, આપના આશીર્વાદથી શિવાજી અવશ્ય સ્વદેશ અને સ્વધર્મનું ગૌરવસાધન કરી શકશે. ક્ષત્રિયરાજ! ક્ષત્રિયયોદ્ધાને સહાયતા આપશો તો ભારતમાં એવો કોઇ હિન્દુ નથી, આકાશમાં એવો કોઇ દેવ નથી કે જે આપને ધન્યવાદ નહિ આપે."

જશવન્તસિંહ: "દ્વિજવર, તમારો તર્ક અલંઘનીય છે, કંઈ ઉત્તર આપી શકાય એમ નથી; પણ દિલ્હીશ્વરે મને સ્નેહ કરી આ કાર્ય ઉપર યોજ્યો છે, હું શી રીતે ફરી જાઉં? એ શું ભદ્ર મનુષ્યને યોગ્ય છે?"

મહાદેવ: "દિલ્લીશ્વરે હિન્દુઓને કાફર કહી તેમના ઉપર જજિયાવેરો નાખ્યો છે, તે કાર્ય શું ભદ્ર મનુષ્યને યોગ્ય છે? દેશદેશમાં હિન્દુ મન્દિરોને, હિન્દુ દેવદેવીઓને અપમાન આપે છે તે કાર્ય શું ભદ્ર મનુષ્યને યોગ્ય છે? કાશીના પવિત્ર મન્દિરને તોડી નાખ્યું ને તેના પત્થરોથી મસ્જિદ બનાવી એ શું ભદ્ર મનુષ્યને યોગ્ય છે?"

ક્રોધકમ્પિત સ્વરે જશવન્તસિંહ બોલ્યો: "દ્વિજવર! હવે બોલો મા, બહુ થયું! આજથી શિવાજી મારો મિત્ર છે, આજથી શિવાજીની પ્રતિજ્ઞા ને મારી પ્રતિજ્ઞા એક છે, શિવાજીનો ને મારો પ્રયત્ન એક છે. એ હિન્દુવિરોધી દિલ્લીશ્વરની સામે આટલા બધા દિવસો જેણે યુદ્ધ કર્યું છે, તે મહાત્મા ક્યાં છે? એક વાર તેને આલિંગન આપી હૃદયનો સન્તાપ દૂર કરૂં."

બ્રાહ્મણવેશધારી દૂતે તુરતજ બ્રાહ્મણવેશનો ત્યાગ કર્યો, બ્રાહ્મણનો પોશાક ઉતરતાં યોદ્ધાનો પોશાક દેખાયો, કુરતું ઉતરતાં બખ્તર દેખાયું! મરાઠાવીર ધીરે ધીરે બોલ્યો: "રાજન્! ગુપ્તવેશ ધારણ કરી આપની પાસે આવ્યો છું તે દોષ તરફ દૃષ્ટિ કરશો ના. આ દાસ બ્રાહ્મણ નથી, મહારાષ્ટ્રીય ક્ષત્રિય છે; નામ મહાદેવજી નથી, દાસનું નામ શિવાજી!"

રાજા જશવન્તસિંહ વિસ્મય અને હર્ષોત્ફુલ્લ લોચને આ પ્રખ્યાત મરાઠાયોદ્ધા તરફ જોઇ રહ્યો, ચકિત થઇ દિલ્લી-

શ્વરના આ પ્રચણ્ડ શત્રુ તરફ—દક્ષિણના વીરશ્રેષ્ઠ તરફ—જોઇ રહ્યો. અનેક ક્ષણ પછી ઉભો થયો, આનન્દે ને અજળનયને આજ સુધીના એ પરમશત્રુને આલિંગન દીધું. શિવાજીએ પણ સમ્માન અને પ્રણયસહેત એ પ્રખ્યાત રાજપુતવીરને આલિંગન આપ્યું!

સમસ્ત રાત્રિ કથાવાર્તામાં ચાલી ગઇ, યુદ્ધની સમસ્ત યોજના નક્કી થઇ; ત્યાર પછી શિવાજી વદાય થયો. વદાય થતી વેળાએ બોલ્યો: "મહારાજ કૃપા કરી કોઇ કારણ બતાવી કાલે પુનાથી કેટલાક કોશ દૂર જાઓ તો ઠીક પડે."

જશવન્તસિંહ: "કેમ કાલેજ પુના લેવું છે કે શું?"

મરાઠાવીર હાસ્ય કરી બોલ્યો: "ના, એક વિવાહ ઉજવવાનો છે, મહારાજ હોય તો શુભ કાર્યમાં કંઇક વિઘ્ન નડે."

જશવન્તસિંહ: "ઠીક, દૂર રહીશ. વિવાહસંસ્કારના મંત્રો ન્યાયશાસ્ત્રી મહાદેવજીને યાદ છે કે?"

મહાદેવજી: "હા છે! મારી શાસ્ત્રવિદ્યા જોઇ દિલ્લીનો સેનાપતિ શાયેસ્તખાં વિસ્મય પામ્યો છે! કાલે વળી તે બીજી વિદ્યા દેખશે."

જશવન્તસિંહ બારણા સુધી સાથે ગયો, પછી વદાયસમયે બોલ્યો: "ત્યારે યુદ્ધવિષયમાં જે કથાવાર્તા થઇ છે, તે પ્રમાણે આપણે કાર્ય કરવાનું છે."

શિવાજી : "એ પ્રમાણે કરવાને પ્રભુ શિવાજીને હું કહીશ."

જશવન્તસિંહ : "હા ભૂદેવ! એ પ્રમાણે કાર્ય કરવાનું આપના પ્રભુને કહેજો." એમ બોલતો બોલતો જશવન્તસિંહ તમ્બુમાં પાછો બેઠો.

૮

શિવાજી

પૂર્વદિશાનું આકાશ રાતું દેખાય છે, એવે સમયે બ્રાહ્મણવેશધારી શિવાજીએ સિંહગઢમાં પ્રવેશ કર્યો. પાઘડી અને કુરતું ઉતાર્યું, પ્રાતઃકાલને પ્રકાશે મસ્તક ઉપરની લોઢાની ટોપી અને શરીર ઉપરનું બખ્તર ચળકાટ મારવા લાગ્યું, છાતી ઉપર કટારી છે ને મ્યાનમાં 'ભવાની' નામની પ્રસિદ્ધ તલવાર છે. છાતી વિશાળ છે. શરીર કંઇક નીચું છે, તથાપિ દૃઢ છે, સુબદ્ધ છે, અને માંસપેશીઓ બખ્તર નીચેથી પણ તરી આવેલી દેખાય છે. પેશ્વા મોરો ત્રિમળે સાનન્દે તેને બોલાવ્યો ને કહ્યું : "ભવાનીનો જય થાઓ! આપ આટલા સમય પછી પણ ક્ષેમકુશળ પાછા આવ્યા છો!"

શિવાજી : "આપને આશીર્વાદે કઇ વિપત્તિમાંથી ઉદ્ધાર નથી થયો?"

મોરો: "બધું નક્કી થયું ?"

શિવાજી: "બધું."

મોરો: "આજ રાત્રે જ વિવાહ કે?"

શિવાજી: "આજે જ."

મોરો: "શાયેસ્તખાં કંઇ જાણી તો નથી શકયો ને? પેલો તીક્ષ્ણબુદ્ધિ ચાંદખાં કંઇ જાણી તો નથી શકયો ને?"

શિવાજી: "શાયેસ્તખાં ભયભીત શિવાજીની સન્ધિ-પ્રાર્થનાની વાટ જોતો બેઠો છે. યોદ્ધો ચાંદખાં ચિરનિદ્રામાં સુતો છે, તે હવે યુદ્ધમાં ઉતરવાનો નથી."

મોરો: "અને રાજા જશવન્તસિંહ?"

શિવાજી: "આપે પત્રમાં જે સમસ્ત યુક્તિઓ દેખાડી હતી, તેથી તેનું મન ફરી ગયું છે. મેં જઇને જોયું તો શું કરવું તે વિષે તે મૂઢ બની રહ્યો હતો, તેથી આપણું કામ અનાયાસે જ સિદ્ધ થયું છે."

મોરો: "ભવાનીનો જય થાઓ! એક રાતમાં આપે એકલાએ જે કાર્ય સાધ્યું છે, તે કાર્ય હજારો પુરુષો પણ નહિ સાધી શકે. જે અસમસાહસી કાર્યમાં આપ પ્રવૃત્ત થયા, તે વિચારતાં હજી પણ મારું હૃદય કમ્પે છે. પ્રભુ! હવે આવા કાર્યમાં પડતા ના, આપને કંઇક અમંગળ થશે તો મહારાષ્ટ્રનું શું થશે?"

શિવાજી: "મોરેશ્વર! વિપત્તિમાં ભય માન્યો હોત તો હજીયે હું માત્ર જાગીરદાર હોત, વિપત્તિમાં ભય માનીએ તો આ મહાસાધના સાધી શકાય શી રીતે? સર્વદા વિપત્તિમાં રહું તો ભલે, પણ ભવાની કરે ને મહારાષ્ટ્રને સ્વાધીન કરૂં."

મોરો: "વીરશ્રેષ્ઠ! આપનો જય નિશ્ચય છે, ભવાની પોતે સહાયતા કરશે. પણ મધ્યરાત્રિએ શત્રુતમ્બુએ ગુપ્તવેશે એકલા?"

શિવાજી: "એ તો શિવાજીનો અભ્યાસ થઇ ગયો છે, પણ ખરેખર આજ એક સંકટમાં આવી પડ્યો હતો."

મોરો: "શું?"

શિવાજી: "મારા જેવા મૂર્ખ નિરક્ષરને આપે સંસ્કૃત શ્લોક શિખવ્યા હતા, મારૂં નામ લખતાં તો મને આવડતું નથી, તો એ શ્લોક તે વળી શે યાદ રહે?"

મોરો: "કેમ શું થયું હતું?"

શિવાજી: "બીજું કંઇ નહિ, પણ શાયેસ્તખાંની સભામાં જતાં જતાં તો ન્યાયશાસ્ત્રી મહાશય બધા શ્લોક ભૂલી ગયા!"

મોરો: "પછી?"

શિવાજી: "પછી શું વળી? એક બે યાદ રહી ગયા હતા, તે વડે કાર્ય સાધી લીધું."

શિવાજીની સાથે આપણને આ પ્રથમ પરિચય છે. આ સ્થળે તેનો પૂર્વ વૃત્તાન્ત કંઈક કહેવો જોઇએ. ઇતિહાસનો જાણનાર, ઇચ્છા હોય તો, આ પ્રકરણનો હવે બાકીનો ભાગ છોડી દેઇ આગળ ચાલતો થાય.

શિવાજીનો જન્મ ઇ. સ. ૧૬૨૭માં થયો હતો. તેથી આ કથામાં આવતો ભાગ ભજવતી વખતે તેનું વય છત્રીસ વર્ષનું હતું. એના પિતાનું નામ શાહજી ને પિતામહનું નામ માલોજી હતું. અમે પ્રથમ અધ્યાયમાં પુલટણ દેશના દેશમુખ પ્રસિદ્ધ નિમ્બાલકર વંશની કથા કહી હતી. એ વંશના જગપાલરાવ નાયકની બેન દીપાબાઈ સાથે માલોજી-નો વિવાહ થયો હતો. અનેક દિવસો સુધી આ દંપતીને કંઇ સન્તાન થયું નહિ, ત્યારે માલોજીએ અહમદનગરના શાહશરીફ નામે એક મુસલમાન પીરની પાસે જઇ પોતાને સન્તાન થાય એવો આશીર્વાદ માગ્યો. પીરે પણ અનેક પ્રાર્થનાઓ કરી, ત્યાર પછી થોડેક કાળે દીપાબાઇને પેટે એક પુત્ર પ્રસવ્યો, એ પીરના નામ ઉપરથી માલોજીએ પુત્રનું નામ શાહજી રાખ્યું.

તે સમયે અહમદનગરમાં પ્રખ્યાત જાધવ વંશનો એક સેનાપતિ હતો; દશ હજાર ઘોડેસ્વારનો તે સેનાપતિ હતો ને વળી મોટો જાગીરદાર હતો. ઈ. સ. ૧૫૯૯માં હોળીને દિવસે માલોજી પુત્ર શાહજીને લેઇ જાધવને ઘેર ગયો હતો. શાહજીનું વય તે સમયે પાંચજ વર્ષનું હતું. જાધવ સેનાપતિને ત્રણ વર્ષની જીજીબાઇ નામે

કન્યા હતી, આથી સમાનવયનાં બાળકો આનન્દે રમવા લાગ્યાં. એ જોઈને જાધવ બહુ સંતુષ્ટ થયો, પોતાની કન્યાને બોલાવી કહ્યું: "કેમ બેટા, તું આ બાળકની સાથે લગ્ન કરશે?" પછી બીજા બેઠેલાઓ તરફ જોઇ બોલ્યો: "આ બે જણની જોડી કેવી સુન્દર દેખાય છે? આ સમયે શાહજી અને જીજીબાઈ પરસ્પર ફાગનો રંગ છાંટી હશી ઉઠયાં; માલોજી ઉભો થઇ બોલ્યો: "બન્ધુઓ! તમે સર્વે સાક્ષી છો, તમે સાંભળ્યું છે કે જાધવે મને વેવાઇ માન્યો છે." સર્વેએ એ પ્રસ્તાવને અનુમોદન આપ્યું. જાધવનો વંશ વધારે કુલીન, તેથી શાહજીની સાથે પોતાની કન્યા પરણાવવાની કદી વાસના કરે જ નહિ, પણ માલોજીની આ ચતુરતા જોઇ તે તો સ્તબ્ધ જ થઇ ગયો.

બીજે દિવસે જાધવે માલોજીને નિમંત્રણ મોકલ્યું, પણ વેવાઇ થવાનો અસ્વીકાર કર્યોથી માલોજીએ કહાવી મોકલ્યું કે હું આવવાનો નથી. જાધવે તે સ્વીકાર કર્યો ય નહિ ને માલોજી એને ઘેર ગયો ય નહિ. જાધવની ગૃહિણી જાધવ કરતાં પણ વંશમર્યાદાની વધારે અભિમાની હતી. કહેવાય છે કે જાધવે ગૃહિણીનું હૃદય જોવા માટે કહ્યું કે જીજીબાઈનાં લગ્ન શાહજી સાથે કરવામાં કંઇ હાનિ નથી, એ સાંભળી ગૃહિણીએ સ્વામીને વિલક્ષણ શબ્દો સંભળાવી દીધા. માલોજી રોષે ચાલ્યો ગયો ને એક ગામ જઇ ત્યાં પ્રકટ કર્યું કે ભવાનીએ જાતે ઉતરી આવીને તેને પુષ્કળ ધન આપ્યું છે. મહારાષ્ટ્રદેશમાં એવી લોકવાયકા છે કે ભવાની-

એ આ સમયે માલોજીને કહ્યું: "માલોજી! તારા વંશમાં એક જણ રાજા થશે, તે શમ્ભુના જેવો ગુણવાન થશે, મહારાષ્ટ્રદેશમાં ન્યાયવિચાર ફરી સ્થાપન કરશે; અને બ્રાહ્મણ તથા દેવાલયના શત્રુઓને દૂર હાંકી કાઢશે. તેના નામનો શક પ્રવર્તશે અને તેની સત્તાવીશ પેઢી સિંહાસન ભોગવશે."

એ તો ગમે તેમ હોય, પણ માલોજીને આ સમયે ખુબ ધન પ્રાપ્ત થયું એમાં તો સંદેહ નથી. એ ધન વડે તેણે આત્મોન્નતિને માટે પ્રયત્ન કર્યો ને તે કાર્યમાં તેને તેના સાળા જગપાલે અતિશય સહાયતા આપી. થોડા જ સમયમાં 'માલોજી અહમદનગરના સુલતાનને ત્યાં પાંચ હજાર ઘોડેસ્વારનો સેનાપતિ બન્યો, સુલતાને તેને 'રાજા'-નો ખિતાબ આપ્યો ને વળી જુન્નર તથા ચાકનના કિલ્લાઓ અને તેની આસપાસના પ્રદેશ ઉપર વહીવટ કરવાના અધિકાર ઉપર મુકયો; પુના અને સોપા પરગણાં જાગીરમાં મળ્યાં. હવે જાધવને કાંઇ વાંધો હતો નહિ. ઇ. સ. ૧૬૦૪ માં મહા ધામધુમથી શાહજી સાથે જીજીબાઇનાં લગ્ન થયાં, અહમદનગરનો સુલતાન જાતે એ લગ્નમાં હાજર રહ્યો હતો. તે વખતે શાહજીનું વય માત્ર દશ વર્ષનું હતું. માલોજીના મૃત્યુ પછી શાહજી પિતાને પદે જાગીરદાર સ્થપાયો.

એ સમયે દિલ્હીશ્વર અકબરશાહ અહમદનગરના રાજ્યને દિલ્હીના રાજ્યમાં ભેળી દેવાને પ્રયત્નો કર્યા કરતો હતો,

તે તેને માટે યુદ્ધ કરતો હતો. અકબરશાહ કંઇક અંશે વિજયી થયો, અને તેના મૃત્યુ પછી બાદશાહ જહાંગીર શાહે પિતાના આદરેલા પ્રયત્નો ચાલુ રાખ્યા. આ યુદ્ધ-કાળમાં શાહજી ભોંસલે સુઇ નહોતો રહ્યો. ઇ. સ. ૧૬૨૦માં અહમદનગરના મુખ્ય સેનાપતિ મલેક અમ્બરના હાથ નીચે એ હતો અને એક મહાયુદ્ધમાં પોતાનું સાહસ ને પરાક્રમ પ્રકટ કરી સૌનો માનીતો બન્યો હતો.

વિનાશસમુદ્રને કિનારે આવી પડેલા અહમદનગરની સ્વતંત્રતા સાચવવા માટે શાહજીએ દિલ્લીની સેના સાથે અનેક યુદ્ધ કર્યાં. શત્રુને હાથે સુલતાન પડ્યા પછી શાહજીએ એ જ વંશના એક બીજા પુરુષને સુલતાન બનાવી ગાદી ઉપર બેસાડ્યો. અનેક વિદ્વાન્ બ્રાહ્મણોની સહાયતાથી દેશશાસનની સુન્દર વ્યવસ્થા સ્થાપી. અનેક કિલ્લાઓ જીતી લીધા ને સુલતાનને નામે સેના એકઠી કરવા માંડી.

દિલ્લીના તખ્ત ઉપર આ સમયે બાદશાહ શાહજહાં હતો, તે આ સમસ્ત વ્યાપાર દેખી ક્રોધે ભરાયો. શાહજી અને તેના પ્રભુ સુલતાનને દમન કરવા મોટી સેના મોકલી. દિલ્લીશ્વરની સાથે યુદ્ધ કરવાની સુલતાનમાં કે શાહજીમાં શક્તિ નહોતી. કેટલાંક વર્ષોના યુદ્ધ પછી અહમદનગરના રાજ્યનો નાશ થયો, એ સર્વ રાજ્ય દિલ્લીના રાજ્યમાં ભળી ગયું. આથી શાહજી દિલ્લીશ્વરનો જાગીરદાર બન્યો. પ્રથમ તો શાહજહાંએ તેને પાંચ હજાર ઘોડેસ્વારોના સેના-પતિને સ્થાને કબુલ રાખ્યો, તેની જાગીર પણ સ્વીકારી.

પણ શત્રુના સેનાપતિ શાહજી ઉપર દિલ્હીશ્વરની કૃપા કયાં સુધી ટકી રહે? ત્રણ વર્ષ પછી શાહજહાંએ તેની જાગીરનો કેટલોક ભાગ જપ્ત કરી લીધો. શાહજી રીસાઇને વિજાપુરના સુલતાનના પક્ષમાં ગયો ને મૃત્યુ સુધી તેણે વિજાપુરની સેવા કરી.

વિજાપુરના સુલતાને એને જાગીર આપી સેનાપતિપદે સ્થાપ્યો; સુલતાનની આજ્ઞાને અનુસરી કર્ણાટક પ્રદેશમાં જઇ તેણે ઘણા વિજય મેળવ્યા. આથી પુના પાસે જે જાગીર હતી, તેવી જાગીર દક્ષિણદેશમાં કર્ણાટક પ્રદેશમાં પણ તેણે પ્રાપ્ત કરી.

જીજીબાઇને પેટે શાહજીને શંભાજી અને શિવાજી બે પુત્ર થયા. આગળ લખવામાં આવ્યું છે કે જીજીબાઇનો પિતા જાધવ પુરાતન દેવગઢના હિન્દુરાજના વંશમાંથી ઉતરી આવેલો હતો એમ લોકવાયકા છે. એ કથા જો સત્ય હોય તો શિવાજી પુરાતન રાજવંશમાંથી ઉત્પન્ન થયો ગણી શકાય, એટલુંજ નહિ પણ શિવાજીનો પિતા શાહજી મેવાડના સિસોદિયા રાણાના વંશમાંથી ઉતરી આવ્યો છે.[1] ઇ. સ. ૧૬૦૩માં શાહજીએ તુકાબાઇ નામની

[1] મેવાડના રાણા અજેસિંગે પોતાના પુત્ર સજનસીને કોઇ કારણથી દેશપાર કર્યો હતો, તેથી તે દક્ષિણમાં ગયો. એના વંશજો હિન્દુધર્મને તારનારા ને મુસલમાની રાજ્યને તોડનારા થયા. કેમકે સજનસીથી બારમી પેઢીએ સિસોદિયાના નામને શોભાવે એવો મરાઠી રાજ્યનો મૂળપુરુષ મહાન્ શિવાજી થયો. એની વંશાવળી

બીજી કન્યા સાથે લગ્ન કર્યું. અભિમાનિની જીજીબાઇ આથી ક્રોધે ભરાઇ ને સ્વામીનો સંસર્ગ ત્યાગ કરી પુત્ર શિવાજીને લેઇ પુનાની જાગીરમાં આવી રહી. શાહજી તુકાબાઇને લેઇ કર્ણાટકમાં રહ્યો, ત્યાં તુકાબાઇને પેટે વ્યંકોજી નામે પુત્ર થયો.

શાહજીની પાસે બે અતિ વિશ્વાસુ બ્રાહ્મણમંત્રીઓ હતા, તેમાંનો દાદાજી કાણ્ડદેવ પુનાની જાગીરમાં રહેતો ને જીજીબાઇ તથા પુત્ર શિવાજીનું રક્ષણ કરતો.

ઇ. સ. ૧૬૨૭માં જુન્નરગઢમાં શિવાજીનો જન્મ થયો હતો, એ કિલ્લો પુનાથી આશરે ૨૫ ગાઉ દૂર છે. શિવાજી ત્રણ વર્ષનો હતો ત્યારે શાહજીએ તુકાબાઇ સાથે લગ્ન કરેલું. આ લગ્નથી તેને જીજીબાઇ સાથે વિચ્છેદ થયો. જીજીબાઇ પુત્ર સાથે પુને આવી ને દાદાજી કાણ્ડદેવના રક્ષણ નીચે રહી. શિવાજીને પુનામાં રહેવા માટે શાહજીએ એક મોટી હવેલી બંધાવી. આપણે જોઇ ગયા છીએ કે પુનામાં શાયેસ્તખાં એ જ હવેલીમાં ઉતર્યો હતો.

આ પ્રમાણે છે: સજનસી દુલીપજી, સિંગોજી, ભોરાજી, દેવરાજ, ઉગ્રસેન. માહુલજી, મેલુજી, કનકોજી, સન્તોજી, શાહજી ને શિવાજી. શાહજીના પિતાનું નામ મી. દત્ત મલ્લજી બતાવે છે, ત્યારે 'મેવાડની જાહોજલાલી'ના કર્તા રા. વિઠ્ઠલભાઇ ધ. પટેલ સન્તોજી બતાવે છે. પણ તેજ લેખક પોતાના 'ભરતખણ્ડના સરળ ઇતિહાસ'માં વળી તેનું નામ માલોજી બતાવે છે. માલોજીને જ મી. દત્ત મલ્લજી કહે છે.

ભા. ક.

માતાપુત્ર આ સ્થાનમાં વાસ કરવા લાગ્યાં. બાલ્ય-કાળથી શિવાજી દાદાજી પાસે શિક્ષણ લેવા લાગ્યો. પણ શું શિક્ષણ લીધું? શિવાજી કદીયે નામ લખતાં પણ શિખ્યો નહિ! ત્યારે શિક્ષણ લીધું શું? બાલ્યકાળથી જ ધનુષ ઉપરથી બાણ છોડવાં, ભાલા ફેંકવા, તલવાર ચલા-વવી, કટાર ખોસવી, ને ઘોડા ઉપર બેસવું; આ એનું મુખ્ય શિક્ષણ હતું! મરાઠામાત્ર ઘોડા ચલાવવામાં ઉસ્તાદ હોય છે, પણ તેમાંયે શિવાજીએ તો નામ મેળવ્યું. એમ વ્યાયામથી ને યુદ્ધ શિક્ષણથી બાળકનું શરીર દૃઢ ને બલિષ્ઠ બની ગયું.

પણ કેવળ અસ્ત્રવિદ્યામાં જ શિવાજી બધો કાળ ગાળતો એમ નહોતું. દાદાજી પાસે બેશીને રામાયણ અને મહા-ભારતમાંની અનન્ત વીરત્વની કથાઓ પણ શ્રવણ કરતો. આ કથાઓ એને બહુ ગમતી. એ કથાઓ સાંભળીને બાળકના હૃદયમાં સાહસનો સંચાર થયો, હિન્દુધર્મ ઉપરની તેની આસ્થા દૃઢ થઇ, એ પ્રાચીન કાળના વીરોનું અનુકરણ કરવાની તેને પ્રબળ ઇચ્છા થઇ, ધર્મવિદ્વેષી મુસલમાનો ઉપર તેના હૃદયમાં વિદ્વેષ જન્મ્યો. ધીમે ધીમે કથા ઉપર તેને એટલો સ્નેહ થયો, કે અનેક વર્ષો પછી પણ જ્યારે દેશમાં તેની ખ્યાતિ થઇ ગઇ ને રાજ્યસિંહા-સને ચઢયો, તે વારે પણ અમુક સ્થાને કથા થાય છે એવું તેના સાંભળવામાં આવે, તો અનેક કષ્ટ સહન કરીને પણ તે સ્થાને જવાનો તે પ્રયત્ન કરતો!

આમ દાદાજીના શિક્ષણથી શિવાજી થોડા જ કાળમાં સ્વધર્માનુરક્ત અને મુસલમાનવિદ્વેષી થઇ પડ્યો. સોળ વર્ષને વયે તો દેશને સ્વાધીન કરવાના નાના પ્રકારના સંકલ્પ કરવા લાગ્યો. પોતાના જેવા ઉત્સાહી યુવકોને ચારે બાજુથી એકત્ર કરવા લાગ્યો. પર્વતપરિપૂર્ણ કોંકણ-દેશમાં તેમને લેઇને સદા જાઆવ કરવા લાગ્યો. એ પર્વતો કેવી રીતે ઓળંગી જવાય, ક્યાં ક્યાં માર્ગ છે, કયે માર્ગે કયા કિલ્લામાં જવાય, કયા કયા કિલ્લા અતિ-શય દુર્ગમ છે, કેવે પ્રકારે કિલ્લા ઉપર હલ્લો કરી શકાય, કેવે પ્રકારે તેનું રક્ષણ કરી શકાય, ને એવા જ પ્રકારના વિચારોમાં ને પ્રયોગોમાં બાળક દિવસો ગાળવા લાગ્યો. કોઇ કોઇ વાર તો દિવસોના દિવસ પર્વતોમાં ને ખીણોમાં ગાળવા લાગ્યો. કોઇ પણ કિલ્લો, કોઇ પણ માર્ગ, કોઇ પણ ખીણ શિવાજીથી અજાણી રહી ના. અન્તે એક બે કિલ્લા કેમ હાથ કરી લેવાય, તે વિષેનો વિચાર કરવા લાગ્યો.

બાળકની આ પ્રકારની કથા સાંભળી તથા આચરણ જોઇ દાદાજી ભયભીત થઇ ગયો. તેણે અનેક બોધવચનો-થી તેને ઉપદેશ આપ્યો ને એ માર્ગથી પાછો વળી જાગીરના રક્ષણમાં મન લગાડે એવો પ્રયત્ન કરવા લાગ્યો; પણ શિવાજીના હૃદયમાં વીરત્વના જે અંકુર સ્થપાયા હતા, તે હવે ઉખાડી શકાય એમ નહોતું. શિવાજી દાદા-જીને પિતાતુલ્ય માનતો, પણ જે માર્ગે તેણે પ્રવાસ શરૂ કર્યો હતો, તે માર્ગ ત્યજવાની તેણે સાફ ના પાડી.

માવળીજાતિ કષ્ટસહિષ્ણુ ને વિશ્વાસયોગ્ય હોય છે, આથી શિવાજીને તે જાતિ ઉપર અતિશય પ્રીતિ થઇ હતી. તના યુવકમિત્રોમાં જશોજી પંક, તાનાજી માલુસરે ને બાજી ફસલકર એ મુખ્ય અને પ્રિયતમ હતા; તે ત્રણે જણ માવળી જાતનાજ હતા. તેમની સહાયતાથી અન્તે ઈ. સ. ૧૬૪૬માં તોરણગઢના કિલ્લેદારને ફોડી તે કિલ્લો હાથ કર્યો. આ નવલકથાના આરંભમાં જ તોરણગઢની કથા આવી છે. આ પ્રથમ વિજય વખતે શિવાજીનું વય માત્ર ઓગણીસ વર્ષનું હતું. એને બીજે વર્ષે તોરણગઢની આગ્નેય દિશામાં દોઢ ગાઉ ઉપર આવેલા એક ઉંચા ગિરિશિખર ઉપર નવો કિલ્લો બાંધ્યો ને તેનું નામ રાયગઢ પાડ્યું.

વિજાપુરના સુલતાનને શિવાજીનાં સર્વ સાહસના સમાચાર મળ્યા, ત્યારે તેણે શિવાજીના પિતા શાહજીને ઠપકો મોકલ્યો ને આ સર્વ ઉપદ્રવનું કારણ પુછ્યું. વિજાપુરનો વિશ્વાસુ કર્મચારી શાહજી આ વિષયમાં બિન્દુમાત્ર પણ જાણતો નહોતો. તેણે દાદાજીને આનું કારણ પુછ્યું. દાદાજી કાણ્ડદેવે ફરી શિવાજીને બોલાવ્યો અને આવાં આચરણોથી સર્વનાશ થઇ જશે એવું સમજાવ્યું; પિતાએ વિજાપુરના તાબામાં રહી કેવી રીતે ધન, જાગીર, બળ અને સમ્માન મેળવ્યાં છે, તે પણ સમજાવ્યું. શિવાજી પિતાસમાન દાદાજીને શો ઉત્તર આપે? મિષ્ટ શબ્દોમાં ઉત્તર આપ્યો, પોતાનું આચરણ છોડયું ના. ત્યાર પછી થોડે દિવસે દાદાજીનું મૃત્યુ થયું. મૃત્યુસમયે દાદાજીએ

પોતાની પાસે શિવાજીને ફરી બોલાવ્યો. વૃદ્ધ ઠપકો આપશે એજ આશાથી શિવાજી ત્યાં ગયો, પણ વૃદ્ધે જે શબ્દો કહ્યા તેથી તો વિસ્મય પામ્યો. મૃત્યુશય્યામાં જાણે દાદાજીનાં દિવ્યચક્ષુ ઉઘડ્યાં હોય તેમ તેણે શિવાજીને સ્નેહથી કહ્યું: "વત્સ! તેં જે પ્રયત્ન આદર્યો છે, તેના જેવો મોટો ને પવિત્ર પ્રયત્ન બીજો કોઇ નથી. એ ઉન્નત માર્ગે પ્રવાસ કર, દેવાલયોને કલંક આપનારના પ્રયત્નો વિફળ કરજે. ઇશાનીએ જે ઉન્નત માર્ગ તને દર્શાવ્યો છે, એ માર્ગે પ્રવાસ કરજે." એમ બોલી વૃદ્ધ ચિરનિન્દ્રામાં સુતો. શિવાજીનું હૃદય એ દિવ્ય ઉપદેશથી ઉત્સાહમાં અને સાહસમાં દશગણું ફાટી ઉઠ્યું. તે વખતે શિવાજીનું વય માત્ર વીશ વર્ષનું હતું.

એજ વર્ષમાં ચાકન અને કાણ્ડાના કિલ્લાના કિલ્લેદારોને ધનથી વશ કરી શિવાજીએ એ બન્ને કિલ્લા હાથ કર્યા, ને કાણ્ડાના કિલ્લાનું નામ ફેરવી સિંહગઢ નામ રાખ્યું. આ કથામાં ચાકન અને સિંહગઢ વિષે પ્રથમ લખવામાં આવ્યું છે. શિવાજીની અપર માતા તુકાબાઇનો ભાઇ બાજી કિલ્લાનું રક્ષણ કરતો હતો. એક દિવસે મધ્યરાત્રિએ પોતાની માઉલી સેનાને લેઇ શિવાજી અકસ્માત એ કિલ્લા ઉપર ચઢી ગયો ને તે કિલ્લો હાથ કર્યો. મામાની પ્રત્યે કંઇ અત્યાચાર ન કરતાં તેને પિતાની પાસે કર્ણાટક મોકલી દીધો. તેવામાં પુરન્દરદુર્ગનો અધીશ્વર મૃત્યુ પામ્યો, ગાદીને માટે ભાઇઓમાં કલહ જાગ્યો, શિવાજીએ બે નાના

ભાઈઓને સહાયતા આપવાનો દંભ કરી એ કિલ્લો હાથ કરી લીધો. એ આચરણથી ત્રણે ભાઈઓને ક્રોધ ચઢયો, પણ શિવાજીએ દેશની સ્વતન્ત્રતાનું રક્ષણ કરવાનો પોતાનો હેતુ જણાવ્યો ને એ હેતુને અર્થે એ ભાઈઓની સહાયતા માટે પ્રાર્થના કરી, ત્યારે તેમનો ક્રોધ ઉતરી ગયો. શિવાજી-નો મહાન હેતુ તેઓ સમજી શકયા ને ત્રણે ભાઈઓએ તેને આધીન રહી કાર્ય કરવાનું સ્વીકાર્યું.

એમ શિવાજીએ એકે એકે અનેક કિલ્લા હાથ કર્યા, પણ તે બધાનાં નામ લખીને જ આ કથા સંપૂર્ણ કરી નાખવાનો વિચાર નથી. ઈ. સ. ૧૬૪૮માં શિવાજીના કર્મચારી 'આબાજી સોનદેવે કલ્યાણદુર્ગ અને કલ્યાણી પ્રદેશ જિતી લીધાં. આથી વિજાપુરના સુલતાને ક્રોધે ભરાઇ શિવાજીના પિતા શાહજીને કેદમાં નાખ્યો ને હુકમ કર્યો કે અમુક સમયમાં શિવાજી તાબે ન હે થઇ જાય, તો તેના પિતાના કેદખાનાનું બારણું સદાને માટે બન્ધ કરી દેવામાં આવશે. શિવાજીએ દિલ્હીના બાદશાહને પ્રાર્થના કરી ને તેની સહાયતાથી શાહજી કેદખાનામાંથી મુક્ત થયો, તથાપિ તે ચાર વર્ષ સુધી તો કેદમાં રહ્યો.

જાવલીના રાજા ચંદ્રરાવને શિવાજીએ પોતાના પક્ષમાં આવવાને અને મુસલમાનોની પરાધીનતાની સાંકળો તોડી નાખવાને સમજાવ્યો; ચન્દ્રરાવે એમ કરવા સ્વીકાર્યું નહિ ત્યારે તેને અને તેના ભાઇને મારી નંખાવ્યા, અને અકસ્માત્ રજનિયોગે પોતાની માઉલીસેના સાથે જઈ તેનો

કિલ્લો હાથ કરી લીધો. પછી સમસ્ત જાવલીપ્રદેશ તાબે કરી લીધો. એજ વર્ષમાં પ્રતાપગઢ નામે નવો કિલ્લો બાંધ્યો. બે વર્ષ પછી તેણે મોરો ત્રિમળને પેશ્વાપદે સ્થાપ્યો અને સમસ્ત કોંકણપ્રદેશને જિતી લેવા મોટી સેના એકઠી કરવા માંડી.

શિવાજીનો સમૂળો નાશ કરવાનો વિજાપુરના સુલતાને સંકલ્પ કર્યો. ઇ. સ. ૧૬૫૯માં અફ્ઝલખાન નામે એક પ્રસિદ્ધ યોદ્ધાને ૫૦૦૦ ઘોડેસ્વાર અને ૭૦૦૦ પાયદળ તથા અનેક તોપો આપી શિવાજી ઉપર મોકલ્યો. તેણે ગર્વિત શબ્દોમાં પ્રકટ કર્યું કે વિદ્રોહીના હાથમાં સાંકળો નાખી સત્વરજ આ પાયતખ્તમાં પકડી લાવીશ.

આટલી મોટી સેના સામે યુદ્ધ કરવું અશક્ય હતું; શિવાજીએ સન્ધિ કરી. અફ્ઝલખાને ગોપીનાથ નામે એક બ્રાહ્મણને શિવાજી પાસે મોકલ્યો. પ્રતાપગઢની પાસે સભામાં દૂતને શિવાજી મળ્યો ને કથાવાર્તા કરી. રાત્રિ ગાળવાને માટે ગોપીનાથને એક નિર્જન સ્થાન આપ્યું.

રજનિયોગે શિવાજી ગોપીનાથને મળવા આવ્યો. શિવાજીમાં અસાધારણ વાકપટુતા હતી. તેણે ગોપીનાથને અનેક રીતે સમજાવી કહ્યું : "આપ બ્રાહ્મણ છો, મારાથી શ્રેષ્ઠ છો; પણ મારી કથા શ્રવણ કરો: મેં જે કર્યું છે, તે સમસ્ત હિન્દુજાતિને માટે, હિન્દુધર્મને માટે કર્યું છે. ભવાનીએ જાતે મને ગોબ્રાહ્મણનું પાલન કરવાની પ્રેરણા

કરી છે, હિન્દુ દેવોનો અને દેવાલયોનો નાશ કરનારને દણ્ડવાની અને સ્વધર્મના શત્રુની વિરુદ્ધ ઉઠવાની આજ્ઞા કરી છે. આપ બ્રાહ્મણ છો, ભવાનીના આદેશને સમર્થન આપો અને જાતીય—દેશીય—લોકોની મધ્યે સ્વચ્છન્દે વાસ કરો.”

ગોપીનાથ એ સમસ્ત કથાવાર્તાથી સંતુષ્ટ થયો ને એણે શિવાજીને સહાયતા આપવાનું સ્વીકાર્યું. નક્કી કર્યું કે કાર્યસિદ્ધિને માટે અફઝલખાનની સાથે શિવાજીએ કોઇ એકાન્ત સ્થાનમાં મળવું.

કેટલાક દિવસ પછી પ્રતાપગઢની પાસે એક સ્થાનમાં બે શત્રુઓ એકઠા થયા. અફઝલખાનના પાંચસો સૈનિકો થોડે દૂર રહ્યા. માત્ર એક અનુચરને લેઇને મ્યાનામાં બેશી અફઝલખાન નક્કી કરેલે સ્થળે આવ્યો. શિવાજીએ તે દિવસ પ્રભાતમાં ઉઠી સ્નાનપૂજાદિ સમાપ્ત કર્યાં. સ્નેહમયી માતાને ચરણે મસ્તક મુક્યું ને તેનો આશીર્વાદ ઇચ્છયો.. કુરતા અને પાઘડી નીચે બખ્તર અને લોઢાની ટોપી પહેરી લીધી. અન્તે શિવાજી ગઢમાંથી નિકળી નીચે ઉતરી આવ્યો અને બાલ્યસહચર તાનાજી માલુસરેની સંગે અફઝલખાન પાસે આવ્યો. આલિંગન આપવાને બહાને અફઝલખાનની પાસે આવ્યો ને છાતીમાં સન્તાડી રાખેલા વાઘનખથી મુસલમાનની છાતી ચીરી નાખી. અફઝલખાન પૃથ્વી ઉપર લાંબો થઇ ગયો![1] તત્ક્ષણ શિવાજી-

[1] પ્રસિદ્ધ ‘મૉડર્ન રિવ્યુ (Modern Review)’ ના ૧૯૦૭ના મે માસના અંકમાં પ્રો. જદુનાથ સરકારે ‘શિવાજીનું

ની સેના અફ્ઝલખાનની સેના ઉપર તુટી પડી. શિવાજીએ પછી અનેક કિલ્લા હાથ કરી લીધા ને વિજાપુરના દરવાજા સુધીનો દેશ લુંટ્યો.

વિજાપુર સાથે ત્રણ વર્ષ સુધી યુદ્ધ ચાલ્યું, પણ કોઇ પક્ષને વિશેષ લાભ થયો નહિ. અન્તે ઇ. સ. ૧૬૬૨માં શાહજીએ મધ્યસ્થ બની વિજાપુરના સુલતાન અને શિવાજી વચ્ચે સન્ધિ કરાવી. શિવાજીએ પિતૃભક્તિની પરાકાષ્ટા દેખાડી. પોતે ઘોડા ઉપરથી ઉતરી પિતાને રાજા-

---

ચરિત' લખતાં કેટલાક ઉર્દુ ઇતિહાસોનાં ભાષાન્તરો આપેલાં છે. એ ઉર્દુ ઇતિહાસના લેખકો અફ્ઝલખાનના સમકાલિન મુસલમાનો છે. તે ઇતિહાસકો એકમતે જણાવે છે કે વિજાપુર રાજ્ય સાથે સન્ધિ કરવાનો શિવાજીનો ઇરાદો હતો; હમેશને માટે નહિ, પણ પોતે યોગ્ય બળ પ્રાપ્ત કરે ત્યાં સુધી. પણ આત્મરક્ષણનાં સાધનો સજ્યા વિના શિવાજી કદી બહાર નીકળતો નહિ ને શત્રુઓ પાસે જવું હોય તો ખાસ. ભેટતી વખતે શિવાજીના પડખામાં અફ્ઝલખાને કટાર મારી; પણ શિવાજી બખ્તર પહેરીને આવેલો તેથી ખાનનો ઘા નિષ્ફળ ગયો. શત્રુની શઠતા સમજાતાં આત્મરક્ષણ માટે રાખેલા 'બિછુઆ' ને 'વાઘનખ' વડે ખાનને ફાડી નાખ્યો. જંગલમાં સન્તાઇ રહેલી મરાઠાસેનાએ મુસલમાનસેનાનું નિકન્દન કાઢ્યું.

અંગ્રેજની રાજાપુરની કોઠીવાળાએ સુરતની કૌંસિલને તા. ૧૦ ઑક્ટોબર ૧૬૯૯ને રોજ જે કાગળ લખેલો, તે તેજ અરસાનો હોવાથી વધારે પ્રમાણભૂત ગણાય. પ્રો. જદુનાથ એ કાગળને આધારે લખે છે કે: "શિવની સાથે રણયુદ્ધ કરવાની ખાનને ઇચ્છા નહોતી. વળી બેગમે તેને સૂચના આપી હતી કે આદિલશાહ એને માફી

સમાન માન આપ્યું. પિતાના તમ્બુમાં પગે ચાલતો ગયો. પિતાએ બેસવાનું કહ્યું, પણ પિતા સમક્ષ એણે આસન ના લીધું. કેટલાક દિવસ પુત્ર પાસે રહીને શાહજી તેના આચારથી કેવળ સન્તુષ્ટ થયો. શાહજી પછી વિજાપુર ગયો ને ત્યાં જઇ સન્ધિ કરાવી. શિવાજીએ પિતાની સ્થાપેલી સન્ધિ વિરુદ્ધ આચરણ કર્યું નહિ ને શાહજી જીવતો રહ્યો ત્યાં સુધી વિજાપુર સાથે કદાપિ યુદ્ધ થયું નહિ. ત્યાર પછી સન્ધિ તુટતાં પણ શિવાજી કદી પ્રથમ હલ્લો કરતો નહિ.

આપશે એવું કહીને અને દોસ્તીનો ઢોંગ કરીને શિવને પકડવો અથવા તો મારી નાખવો. વિજાપુરી સરદારે હુકમ માથે ચઢાવ્યો. ને ભરી સભામાં ગર્વિત શબ્દોએ કહ્યું કે ઘોડેથી ઉતર્યા વિના શિવને પકડી લાવીશ. પછી વાતચિત કરવાનું આમંત્રણ આપવા અફઝલનો દૂત આવ્યો. જો સલામતીની ખાત્રી અપાતી હોય તો એ આમંત્રણનો સ્વીકાર કરૂં છું એમ કહીને શિવે દૂતને પાછો વાળ્યો અને સાથે પોતાના દૂત ગોપીનાથને મોકલ્યો. ગોપીનાથ સાથે કહાવી મોકલ્યું કે વાતચિત દરમિયાન અફઝલને કશી ઇજા નહિ થાય અને અફઝલે પણ પોતાની સરળતાની તેવીજ ખાત્રી આપી. શિવ બેઠક ઉપર ચઢ્યો ને અફઝલને સલામ કરી. ખાન ઉભો થયો, થોડુંક સામે ગયો ને શિવને ભેટવા હાથ પહોળા કર્યા. ઠીંગણો મરાઠો પોતાના શત્રુના ખભા સુધીજ આવ્યો. એકાએક અફઝલે ભીડ કઠણ કરી ને પોતાને ડાબે હાથે શિવને ગળેથી સખ્ત ભીડ્યો, જમણે હાથે પોતાની લાંબી કટાર કાઢી ને શિવના પડખામાં મારી. શિવ ગુંગળાયાથી પળેકવાર મુઝાયો, પણ પછી શુદ્ધ ઠેકાણે આણીને ડાબે હાથે ખાનને

ઇ. સ. ૧૬૬૨માં વિજાપુર સાથે સન્ધિ થઇ, એજ વર્ષમાં મોગલો સાથે યુદ્ધ આરમ્ભાયું. આપણી નવલકથાનો સમય હવે શરૂ થાય છે. આ સમયે સમસ્ત કોંકણ શિવાજીના તાબામાં આવ્યો હતો, અને તેની પાસે સાત હજાર ઘોડેશ્વાર અને પચાસ હજાર પાયદળની સેના હતી, શિવાજીનું વય આ સમયે પાંત્રીસ વર્ષનું હતું.

કમરમાંથી ભીડયો અને વાઘનખથી એનું પેટ ચીરી નાખ્યું. પછી જમણે હાથે બિછુઆથી એનું પડખું ચીરી નાખ્યું."

કિંકેડ નામે આધુનિક અંગ્રેજ ઇતિહાસક લખે છે કે: "ઇતિહાસમાં બીજા કોઇને પણ અન્યાય થયો હોય તેના કરતાં પણ વધારે અન્યાય, કોઇ અદ્‌ભુત દુર્ભાગ્યે, શિવાજીને થયો છે. ખાફીખાનને આધારે ગ્રૅણ્ટ ડફે ઇતિહાસ લખ્યો ને તે સર્વમાન્ય મનાયો. શિવાજીના ઉપર એ સૌ ઇતિહાસકોએ ખુબ કઠોર સપાટા લગાવ્યા છે, એના શત્રુઓને છેક જવા દીધા છે. ઔરંગઝેબની હજારો નીચતા, ને વિજાપુરના અને અહમદનગરના અમીરોના ભ્રષ્ટ કપટાચારને એમણે હસતે મોંએ જતા કર્યા છે. ઘોરપડેએ શિવાજીને ફસાવ્યો એ નિર્દય કપટાચાર વિરુદ્ધ કશી ટીકા નથી. અને છતાંયે શિવાજીને કપટાચારના અવતારરૂપ ચિતર્યો છે."

મી૦ ડફ આદિ અંગ્રેજોના ઇતિહાસો સર્વસાધારણ ઇતિહાસોને આધારે રચાયા નથી, એ આથી સિદ્ધ થાય છે; ને પોતાને અનુકૂળ ઇતિહાસોને આધારે શિવાજીને કપટાચારી ઠરાવે છે. શિવાજી દેશભક્ત હતો એમ ઠરાવવાને જ્યારે હિન્દુઓ પ્રયત્ન કરે છે ત્યારે

શુભકાર્યસમ્પાદન

સૂર્ય અસ્ત પામે છે. સિંહગઢની અન્દરની સેના નિઃશબ્દે સજ્જ થાય છે, એવી નિઃશબ્દે કે દુર્ગના બહારના લોક પણ જાણી શકે નહિ કે દુર્ગમાં શું થાય છે. દુર્ગના એક ઉંચા સ્થાન ઉપર કેટલાક મહાયોદ્ધા ઉભા છે. એ સ્થાનેથી દેખાવ અતિ મનોહર દેખાય છે. પૂર્વ દિશામાં સુન્દર નીરા નદી વહી જાય છે, એ નદીને તટે વસન્તકાળમાં નવ પુષ્પપત્ર અને શ્યામ દુર્વા સુશોભિત અને મનોહર દેખાય છે. ઉત્તર દિશામાં બહુ વિસ્તૃત ખેતરો, બહુ દૂર સુધી સુન્દર લીલા રંગના ખેતરો, સૂર્યકિરણમાં ઉજ્જવળ દેખાય છે. બહુ દૂરે વિસ્તીર્ણ પુનાનગરી સુન્દર શોભા ધારણ કરે છે. યોદ્ધાઓ એજ દિશામાં જોઇ રહ્યા છે, આજ રાત્રે એ નગરીમાં કેવા કેવા બનાવો બનવાના છે, તેનો વિચાર કરે છે. દક્ષિણ અને પશ્ચિમ દિશામાં પર્વત પાછળ પર્વત, જ્યાં સુધી દેખ્યું જાય, ત્યાં સુધીનો પ્રદેશ અસ્તાચળે ઉતરતા સૂર્યનાં કિરણમાં અપૂર્વ શોભા પામે છે; પણ લાગે છે, કે યોદ્ધાઓ આ અપૂર્વ શોભા નિહાળવા આ

અંગ્રેજ ઇતિહાસકો તેને કપટાચારી કહી હલકો પાડવાના અને એક દેશવીરને પ્રજાના હૃદયમાંથી ખેંચી નાખવાના પ્રયત્ન કરે છે.

બંગાળી નવલકથા લખનાર મી. રમેશચન્દ્ર દત્તે પણ અંગ્રેજી ઇતિહાસોનો આધાર લીધો છે એ સ્પષ્ટ છે. તે સમયે પ્રો. જદુનાથનાં સંશોધન પ્રકટ પણ નહોતાં થયાં. ભાષાન્તરકર્તા

ઉંચા સ્થાન ઉપર આવ્યા નથી, તેઓ તો બીજી જ ચિન્તામાં પડ્યા છે.

જે યુદ્ધમાં અથવા જે અસમસાહસિક કાર્યમાં એકેવારે બહુ કાળની વાંચ્છા ફળીભૂત થશે કે એકેવારે સર્વ નાશ થશે, તેના વિચારથી કાર્યના આરમ્ભમાં ગમે તેવા સાહસિક અને નિર્ભય હૃદયમાં પણ ચિન્તા ઉત્પન્ન થાય છે. આજે શાયેસ્તખાં અને તેની મોગલસેના પરાજિત અને છિન્નભિન્ન થઇ જશે કે પર્વતોમાં અસ્ત પામતા પેલા સૂર્યની પેઠે મહારાષ્ટ્રસૂર્ય એકેવારે અસ્ત પામી જગત ઉપર અન્ધકાર મુકી જશે, એ ચિન્તા યોદ્ધાઓના વીર હૃદયમાં જન્મી હતી. કોઇ એ ચિન્તા વિષે એક ઉચ્ચાર પણ કરતો નહોતો; પણ યોદ્ધાઓ એક બીજાનાં મુખનું નિરીક્ષણ કરતા હતા, ત્યારે આ ચિન્તા ગુપ્ત રહી શકતી નહોતી. કેવળ વીસ કે પચીસ સૈનિકો લેઇ શિવાજી શત્રુ-સેના મધ્યે પ્રવેશ કરશે અને તેનો નાશ કરશે. આવું સાહસ શિવાજીએ પ્રથમ કદી ઉઠાવેલું નહિ, તેથી ક્ષણ-ભર યોદ્ધાઓનાં હૃદય સન્દેહપૂર્ણ થાય તેમાં શું આશ્ચર્ય ?

એ વીરમણ્ડળમાં બહુદર્શી પેશ્વા મોરો ત્રિમળ હતો. બાલ્યકાળથી તે શિવાજીના પિતા શાહજીના હાથ નીચે યુદ્ધવ્યવસાય શીખ્યો હતો, પછી શિવાજીની પાસે આવી પ્રતાપગઢનો મહા વિચિત્ર અને ચમત્કારિક કિલ્લો તેણે જ બાંધ્યો હતો. ચાર વર્ષ સુધી પેશ્વાપદે રહ્યો, ને એ પદની યોગ્યતા તેણે સિદ્ધ કરી આપી. શિવાજીએ અફઝલ-

ખાનનો અન્ત આણ્યો. ત્યાર પછી એણે જ મરાઠીસેના વડે મુસલમાનસેનાનું કાસળ કાઢી નાખ્યું હતું. મોગલોની સાથે યુદ્ધ આરમ્ભાયું છે, ત્યારથી પાયદળ સેનાનો એ જ સરનોબત અર્થાત્ સેનાપતિ છે. યુદ્ધકાળમાં સાહસી, વિપત્કાળમાં સ્થિર અને અવિચલિત, મંત્રમાં બુદ્ધિમાન અને દૂરદર્શી, કાર્યદક્ષ કર્મચારી અને બન્ધુ શિવાજી પાસે મોરેશ્વર જેવો બીજો કોઇ જ નહોતો.

બીજો એક આબાજી સોનદેવ નામે દૂરદર્શી અને યુદ્ધ-પટુ બ્રાહ્મણ પણ તે સ્થાને હતો. તેનું મૂળ નામ તો નીલપન્ત સોનદેવ હતું, પણ આબાજી નામે જ તે પ્રખ્યાત છે. તેણે ૧૬૪૮માં કલ્યાણદુર્ગ અને સમસ્ત કલ્યાણીપ્રદેશ હાથ કર્યો હતો, અહુણા રાયગઢનો પ્રસિદ્ધ દુર્ગ બાંધવામાં રોકાયો છે.

પ્રસિદ્ધ અન્નાજી દત્ત પણ આજે સિંહગઢમાં હતો. ચાર વર્ષ ઉપર તેણે પવનગઢ હાથ કર્યો હતો, અને શિવાજીના કર્મચારીઓમાં તે મુખ્ય અને અતિશય કાર્યદક્ષ હતો.

ઘોડેશ્વાર સેનાનો સરનોબત અર્થાત્ સેનાપતિ નેતાજી સિંહગઢમાં નહોતો. કેવી રીતે મોગલસેનાની પાસે થઇને ચાલ્યો ગયો, કેવી રીતે તેણે ઔરંગાબાદ અને અહમદ-નગર સુધીના પ્રદેશને લુંટી લેઈ અસ્તવ્યસ્ત કરી નાખ્યો તેની હકીકત શાયેસ્તખાંની સભામાં ચાંદખાંને મુખે આપણે સાંભળી હતી, સિંહગઢમાં આજ બહુ થોડી જ ઘોડેશ્વાર સેના છે, અને તે કરતોજી ગુજજર નામના એક નીચેની પદવીના સેનાનીના તાબા હેઠળ છે.

ગયા પ્રકરણુમાં શિવાજીના ત્રણ માઉલી બાલ્યમિત્રો વિષે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેમાંથી બાજી ફુસલકર ત્રણ વર્ષ ઉપર મૃત્યુ પામ્યો છે, તાનાજી માલુસરે અને જશોજી પંક આજે સિંહગઢમાં છે. બાલ્યકાળની મિત્રતા અને યૌવનનું વિષમ સાહસ હજી તે ભુલી ગયા નથી. તેઓ શિવાજી ઉપર અચળ સ્નેહ રાખતા, અનેક વાર પોતાની માઉલી સેના લેઇ શિવાજીની સાથે રાત્રે કિલ્લાઓ ઉપર નિ:શબ્દે ચઢતા અને કિલ્લાઓ હાથ કરી લેતા.

સૂર્ય અસ્ત પામ્યો. અન્ધકારનાં પડ ઉપર પડ જગત ઉપર ચઢવા લાગ્યાં ને તેને કાળું કરવા લાગ્યાં. હજી પણ વીરમણ્ડળ એ ગિરિશિખર ઉપર નિ:શબ્દે ઉભું રહ્યું છે. એવામાં શિવાજી ત્યાં આવી ઉભો. તેના મુખમણ્ડળ ઉપર દૃઢ પ્રતિજ્ઞા તરી આવેલી સ્પષ્ટ દિસે છે. ભયનું લેશ-માત્ર ચિહ્ન નથી. વસ્ત્રની નીચે બખ્તર ને હથિયાર સજી લીધાં છે. આજ રાતના અસમસાહસિક કાર્યને માટે તૈયાર થઇ રહ્યો છે. યોદ્ધાનાં નયન ઉજ્જવળ છે, દૃષ્ટિ સ્થિર અને અવિચલિત છે.

શિવાજી ધીરે ધીરે બોલ્યો: "બધી તૈયારી થઇ ગઇ છે, બન્ધુઓ, હવે વદાય દો."

મોરો મિત્રળ: "ત્યારે શું એમજ નક્કી કર્યું છે કે આજે રાત્રે સોનદેવ, આનાજી કે હું, એ ત્રણમાંથી કોઇને સાથે નજ લેવો? મહાત્મા, સંકટસમયે અમે આપનો સંગ કયારે છોડયો છે?"

શિવાજી: "પેશ્વાજી, ક્ષમા કરો. હવે બહુ આગ્રહ કરો મા. આપનું સાહસ, આપનું પરાક્રમ, આપની બુદ્ધિ, કશું મારાથી અજાણ્યું નથી; પણ આજનો દિવસ ક્ષમા કરો. ભવાનીની આજ્ઞાથી મેં આજે વિષમ પ્રતિજ્ઞા કરી છે, આજે હું જ આ કાર્ય સાધી આવીશ, અને નહિ તો નિરર્થક પ્રાણનો ત્યાગ કરીશ. આશીર્વાદ આપો, જય પ્રાપ્ત કરીશ. પણ કદી કંઇ અમંગળ થાય, કદી આજના સાહસમાં મૃત્યુ થાય, તોય આપ ત્રણ જણ હશો, તો મહારાષ્ટ્રનું સર્વસ્વ રહ્યું સમજજો. મારી સાથે આપનો પણ નાશ થાય તો કોનું દૂરદર્શી બુદ્ધિબળ દેશને દોરશે? કોનું બાહુબળ દેશને સ્વતંત્ર કરશે? હિન્દુગૌરવની કોણ રક્ષા કરશે? જતી વેળા હવે કંઇ કહેશો ના."

પેશ્વાએ જાણ્યું કે હવે વધારે આગ્રહ કરવો વૃથા છે, તેથી કંઇ બોલ્યો નહિ. શિવાજી બોલ્યો: "મોરેશ્વર, આપે પિતાની પાસે કાર્ય કર્યું છે, આપ મારા પિતા સમાન છો; આશીર્વાદ આપો કે આજે જયલાભ કરી આવું, બ્રાહ્મણનો આશીર્વાદ અવશ્ય ફળશે. આબાજી! આનાજી! આશીર્વાદ આપો, હું કાર્યપ્રસ્થાન કરૂં."

મોરો મિત્રળ, આબાજી અને આનાજી એ ત્રણેએ સજળ નયને મહારાષ્ટ્રવીરને આશીર્વાદ આપ્યા. ત્યાર પછી શિવાજી પોતાના માઉલી મિત્રો તાનાજીને ને જશોજીને સમ્બોધન કરી બોલ્યો: "મિત્રો! વદાય આપો."

તાનાજી: "પ્રભુ કયે અપરાધે અમને આપની સંગે લેઇ જવાનો નિષેધ કરો છો? કયા નિશાવ્યાપારમાં, કયા દુર્ગજયમાં અમે પ્રભુની સાથે નહોતા? પૂર્વકાળ સંભારી કાઢો, કોંકણપ્રદેશમાં આપની સાથે કોણ રખડતું? પર્વતશિખર ઉપર, ખીણમાં, ગિરિગુફામાં, નદીતટે કોણ આપની સાથે શિકાર કરતું ને રાત્રે સાથે સુતું? અથવા દુર્ગજયનો વિચાર કરતું? જશોજી, સ્વર્ગવાસી બાજી અથવા તો દાસ તાનાજી.' બાજીએ પ્રભુના કાર્યમાં પ્રાણ સમર્પ્યો છે, અમને પણ એ વિના બીજી વાસના નથી. અનુમતિ આપો. દાસને સંગે લો; જય થશે તો પ્રભુને આનન્દે આનન્દિત થઇશું, જો પ્રભુનું મૃત્યુ થશે તો અમે જીવતા રહીને શું કરવાના હતા? અમારામાં એવું બુદ્ધિબળ નથી કે રાજકાર્યમાં કંઇ સહાયતા આપી શકીએ. આપના બાલ્યકાળના મિત્રોને સાથે લેવાની ના પાડશો ના."

શિવાજીએ જોયું કે તાનાજીની આંખમાં આંસુ આવ્યાં છે. તાનાજીને અને જશોજીને આલિંગન આપી બોલ્યો: "બન્ધુઓ! તમને ન આપું એવું મારી પાસે કશું યે નથી. જલદી તૈયાર થાઓ."

પછી શિવાજી અન્તઃપુરમાં ગયો. દુઃખિની જીજીબાઇ એકલી એક ખણ્ડમાં બેઠી બેઠી ચિન્તા કરતી હતી. આજની વિપત્તિમાંથી પુત્રનું રક્ષણ થાય તે માટે પ્રાર્થના કરતી હતી. એવે સમયે શિવાજી આવી બોલ્યો: "માતાજી, આશીર્વાદ આપો, વદાય દો."

માતાજી સ્નેહપૂર્ણ સ્વરે બોલ્યાં: "વત્સ! આવ, એક વાર તને ભેટી લેઉં. ક્યારે આ દુઃખિનીના શોકનો અને ચિન્તાનો અન્ત આવશે?"

શિવાજી: "માતાજી, આપના આશીર્વાદથી કઇ વિપત્તિમાંથી ઉદ્ધાર નથી થયો? કયા યુદ્ધમાં વિજય નથી થયો?"

જીજીબાઇ: "વત્સ! દીર્ઘજયી થાઓ, ઈશાની તમારી રક્ષા કરો." આમ બોલી માતાએ પુત્રના મસ્તક ઉપર હાથ મુકયો, આંસુથી ભીની થએલી છાતી સરસો પુત્રને ચાંપ્યો.

શિવાજીએ બધા પાસેથી રજા લીધી છે, અત્યાર સુધી તેની દૃષ્ટિ સ્થિર અને સ્વર અકમ્પિત હતો. માની સ્નેહમયી સોડમાં તેનું હૈયું ભરાઇ આવ્યું, આંખોમાંથી આંસુ નિકળી પડયાં. ઉદ્વેગકમ્પિત સ્વરે બોલ્યો: "સ્નેહમયિ જનનિ! આપ જ મારાં ઈશાની છો, ચિરજીવન ભક્તિભાવે આપનીજ પૂજા કરીશ, આપના આશીર્વાદથી સર્વ સંકટને તુચ્છ માનીશ."

વૃદ્ધ જીજીબાઇની આંખમાંથી પણ આંસુ નિકળી પડયાં. વદાય આપતી વખતે બોલી: "વત્સ! હિન્દુધર્મને માટે જયસાધના કર. દેવરાજ શમ્ભુ જાતે તને સહાયતા આપશે. મારા પિતાનું કુળ દેવગઢમાં રાજ્ય ભોગવતું હતું, હિન્દુધર્મનું રક્ષણ કરતું હતું. બચ્ચા! મારો આશીર્વાદ છે કે તું પણ મહારાષ્ટ્રદેશનો રાજા થજે, દક્ષિણમાં હિન્દુધર્મનું રક્ષણ કરજે!"

સમસ્ત સેના સજ્જ થઇ છે. શિવાજી નિઃશબ્દે ઘોડે ચઢયો, સેના નિઃશબ્દે દરવાજા બહાર નીકળી.

દરવાજામાંથી બહાર નિકળતાં એક યુવાન યોદ્ધો શિવાજી પાસે આવ્યો ને શિર નમાવ્યું. શિવાજીએ પુછયું: "રઘુનાથજી હવાલદાર! અત્યારે તમારે શું કહેવાનું છે?"

રઘુનાથ: "પ્રભુ! તોરણગઢમાંથી હું કાગળ લેઇ આવ્યો હતો, તે દિન પ્રસન્ન થઇ આપે ઇનામ આપવાનું કહ્યું હતું."

શિવાજી: "આજ સંકટસમયે ઇનામ માગવા આવ્યા છો?"

રઘુનાથ: "ઇનામ એટલું જ જોઇએ કે મને આજના ઉત્કટ વ્યાપારમાં સાથે લો. જે પચીશ માઉલી યોદ્ધાઓને લેઇને પુને જાઓ છો, તેમાં મને પણ લો."

શિવાજી: "રાજપુતબાળક! શા માટે ઇચ્છા કરીને સંકટમાં પડે છે? નાના વયમાં શા માટે પ્રાણ ખોવા ઉત્સુક બને છે?"

રઘુનાથ: "મહારાજ! આપની સાથે જવામાં પ્રાણ ખોવાની શંકા કરવી વૃથા છે. જો પ્રાણ જશે, તો મારે માટે કલેશ કરે એવું જગત્માં કોઇ જ નથી. અને કદાપિ કાર્યદ્વારા પ્રભુને સન્તોષ આપી શકીશ, જીવતો પાછો આવી શકીશ, તો ભવિષ્યમાં મારૂં કલ્યાણ છે."

રઘુનાથના કૃષ્ણવર્ણ કેશગુચ્છ ભ્રમરવિનિન્દિત નયન ઉપર પડ્યા છે. બાળકના સરળ ઉદાર મુખમણ્ડળ ઉપર યોદ્ધાની સ્થિરપ્રતિજ્ઞા બિરાજમાન થએલી છે. બાળકયોદ્ધાની આ કલ્પના સાંભળી શિવાજી સન્તુષ્ટ થયો અને સાથે આવવાની અનુમતિ આપી. રઘુનાથે શિર નમાવ્યું ને તુરત જ ઘોડે ચઢી ચાલ્યો.

સિંહગઢથી પુના સુધીના સમસ્ત માર્ગ ઉપર શિવાજીએ પોતાની સેના રાખી હતી. સંધ્યાને અન્ધારે માર્ગમાં સ્થાને સ્થાને સેના છુપાઇ રહી. મશાલ સળગે અથવા સેનાનો શબ્દ થાય તો પુનામાં શત્રુઓ ચેતી જાય તેથી તેઓએ અન્ધકારમાં નિઃશબ્દે છુપાવા માંડ્યું.

આ કાર્ય પૂર્ણ થયું, રજનીએ જગત્ ઉપર ગાઢ અન્ધકાર વિસ્તારી દીધો. શિવાજી, તાનાજી અને જશોજી માત્ર પચીસ માઉલી યોદ્ધાઓને લેઇ પુના પાસેના એક મોટા બાગમાં પહોંચ્યા ને ત્યાં છુપાઇ રહ્યા. રઘુનાથ છાયાની પેઠે પ્રભુની પાછળ ને પાછળ રહ્યો.

હજી વધારે અન્ધારૂં થયું ને એ આંબાવાડિયું અન્ધકારથી છવાઇ ગયું. સંધ્યાનો શીતળ વાયુ આંબાવાડિયામાં મર્મર શબ્દ કરવા લાગ્યો. સંધ્યાના પ્રવાસીઓ એ બાગની પાસે થઇને એકે એકે પુના તરફ ચાલ્યા ગયા, તેઓ ગાઢ અન્ધકાર વિના બીજું કંઈજ ન જોઇ શકયા, પાંદડાંના મર્મરશબ્દ વિના બીજું કંઈજ ન સાંભળી શકયા.

ધીરે ધીરે પુનાનો કોલાહલ શાન્ત થયો, દીવાઓ બુઝાયા, નિસ્તબ્ધ નગરમાં કેવળ પહેરેગીરો એક એક વાર ઉચ્ચ શબ્દ કરવા લાગ્યા. સમયે સમયે શિયાળવાનો શબ્દ વાયુમાર્ગે આવતો હતો. ટન્-ટન્ ઢુન્-ઢુન્ શબ્દ અકસ્માત્ સંભળાયો ને શિવાજીનું હૃદય ચમક્યું. તે દિશા તરફ નજર કરી, શબ્દ ગલીમાંથી આવતો હતો, નગર બહારથી શબ્દસ્થાન જોઈ શકાતું નહોતું.

ટન્-ટન્ ઢુન્-ઢુન્ શબ્દ ફરી થયો. ફરી શિવાજીએ શબ્દદિશામાં જોયું. બહુ લોકો મશાલો લેઇને વાજાં વગાડતા વગાડતા રાજમાર્ગે થઇને જતા હતા; આ જ વરઘોડો!

વરઘોડો પાસે આવ્યો. પુનાને કિલ્લો નહોતો, તેથી આ બધો વ્યાપાર સ્પષ્ટ દેખાતો હતો. રાજમાર્ગ ઉપર લોકો ભરાઈ ગયા હતા, વાજાંના શબ્દમાં બીજું કંઇ સમ્ભળાતું નહોતું. કેટલાક ઘોડા ઉપર હતા, પણ ઘણા તો પગે ચાલતા હતા.

શિવાજીએ નિઃશબ્દે બાલ્યમિત્ર તાનાજી અને જશોજીને આલિંગન આપ્યું. એકમેકની સામે જોઇ રહ્યા. 'વખતે આ છેલ્લું આલિંગન હશે,' એવો ભાવ સર્વના મનમાં જાગ્રત થયો, આંખ ઉપર સ્પષ્ટ થયો; પણ અત્યારે બોલવું વ્યર્થ હતું. નિઃશબ્દે શિવાજી અને તેના યોદ્ધાઓ વરઘોડામાં ભળી ગયા.

વરઘોડો આગળ ચાલ્યો, શાયેસ્તખાંના ઘર આગળ થઇને ચાલ્યો. ઘરની સ્ત્રીઓ બારીએ ને અટારીએ

આવી ઉભી ને આ હિન્દુ લોકનો વરઘોડો જોવા લાગી. વરઘોડો ચાલતો થયો, ને સ્ત્રીઓ પાછી શય્યામાં સ્વામીઓ પાસે ગઇ, વરઘોડામાંથી આશરે ત્રીશેક જણ શાયેસ્તખાંના ઘર આગળ સન્તાઇ રહ્યા, તે કોઇ જોઇ શકયું નહિ. ધીરે ધીરે વરઘોડાનો કોલાહલ શાન્ત થઇ ગયો.

રજની ગમ્ભીર થતી ચાલી. શાયેસ્તખાંના રસોડા ઉપર એક બારી હતી. ત્યાં કંઇક શબ્દ થવા લાગ્યો. ઉન્દર રસોડાના કંઇ પદાર્થો ખાતા હશે તેનો તો એ શબ્દ નહિ હોય? પણ ખાંસાહેબના પરિવારની રમણીઓ સર્વે નિદ્રાની મીઠી લજ્જત લેતી હતી, તે એ શબ્દ કોણ સાંભળે? ખાંએ માનેલા ઉન્દરોને કોણ હાંકે?

એક ઇંટ ખશી, પછી બીજી ખશી, વળી બીજી ખશી; ઝર્-ઝર્ ટપ્-ટપ્ ઠપ્-ઠપ્ માટી ખરવા લાગી. ખાંની નારીઓ જાગી ઉઠી, એ દિશામાં જોવા લાગી, તો ભીંતમાં પડેલા છિદ્રમાં થઇ એક જણ, પછી એક જણ, વળી એક જણ, કીડીઓ દરમાં પેસતી હોય એમ, ઘરમાં માણસો પેસતા જણાયા! નારીઓ ચિત્કાર કરી ઉઠી, દોડી દોડી શાયેસ્તખાંના ખંડમાં પેશી ગઇ ને એને જગાડયો.

નારીઓએ ખાંની મીઠી નિદ્રાનો ભંગ કર્યો, સુન્દર સુખસ્વપ્નનો ભંગ કર્યો. જાણે શિવાજી હાથ જોડી સામે ઉભો છે ને સન્ધિ માટે પ્રાર્થના કરે છે એવું મઝાનું સ્વપ્ન ખાંસાહેબ અનુભવતા હતા તેવામાં સ્ત્રીઓના ચિત્કારથી

બિચારા જાગી ઉઠ્યા. જાગ્યા ત્યારે સાંભળ્યું કે શિવાજીએ પુના લેઇ લીધું છે ને તેણે પોતાના મહેલને પણ ઘેર્યો છે.

પલાયન વિના બીજો માર્ગ નહોતો. ખાંસાહેબ બારણા તરફ દોડ્યા તો અસ્ત્રધારી મરાઠાયોદ્ધાઓ! ભયભીત થઇ બારણું બન્ધ કરી દીધું ને બારીએ થઇને નાશી જવાનો પ્રયત્ન કર્યો. એવામાં 'હર હર મહાદેવ!' શબ્દે મરાઠાઓ પાસેના ખંડમાં ભરાઇ ગયા.

પુનાનગરીને શત્રુઓએ હાથ કરી લીધી છે એવો કોલાહલ ચારે બાજુએ થઇ રહ્યો. મહેલના રક્ષકો ઘેરાઇ ગયા ને મૂઢ બની ગયા; અનેક મરાયા ને અનેક ઘવાયા. તથાપિ બાકીના પ્રભુની રક્ષા કરવા મહેલમાં દોડી ગયા ને એમણે પચીસ માઉલીઓને ઘેરી લીધા.

તુરત જ ભીષણ શબ્દે મહેલ પરિપૂરિત થઇ ગયો છે. દીવાઓ બુઝાઇ ગયા છે, અન્ધારામાં માઉલીઓ ચીત્કાર કરી રહ્યા છે, યુદ્ધ કરી રહ્યા છે. અન્ધારામાં હિન્દુ મુસલમાનો યુદ્ધ કરે છે. બારણાંના ઝણઝણાટ શબ્દો, મરાઠાઓના ઉલ્લાસશબ્દો, ઘવાએલાના આર્ત શબ્દો વિના બીજું કંઇ સમ્ભળાતું નથી. શિવાજી હાથમાં લાંબો ભાલો લેઇ ફલંગ મારી યોદ્ધાઓ વચ્ચે આવી ઉભો, 'હર હર મહાદેવ' શબ્દે ગાજી ઉઠ્યો. સાથે સાથે માઉલીઓ હુંકારો કરી ઉઠ્યા, મોગલ પહેરેગીરો પલાયન કરી ગયા અથવા ઘવાઇ પડ્યા. શિવાજીએ ભાલાથી કમાડ ચીરી નાખ્યાં ને સર્વે મરાઠાઓ શાયેસ્તખાંના શયનગૃહમાં મહાજયનાદે પેઠા.

સેનાપતિના રક્ષણ માટે તત્ક્ષણ કેટલાક મોગલો ત્યાં દોડી આવ્યા. શિવાજીએ જોયું કે સામે મૃત ચાંદખાંનો વિક્રમશાળી પુત્ર શમશેરખાં યુદ્ધ માટે આવી ઉભો છે. પિતા અપમાનિત થઇ મૃત્યુ પામ્યો છે, તથાપિ પુત્ર એ જ પ્રભુના રક્ષણ અર્થે પ્રાણ દેવાને તત્પર બન્યો છે. શિવાજી ક્ષણેક ઉભો રહ્યો, તલવાર મ્યાનમાં રાખી બોલ્યો: "યુવક! તારા પિતાનું લોહી હજી મારા હાથ ઉપર તાજું છે, તારૂં જીવન નહિ લેઉં, માર્ગ ખુલ્લો કરી દે."

શમશેરખાંએ ઉત્તર ન આપ્યો, એની આંખો અગ્નિવત્ જ્વલંત હતી. શિવાજી આત્મરક્ષણનો પ્રયત્ન કરે તે પેલાં તો તેના મસ્તક ઉપર શમશેરખાંની સમશેર આવી પડી.

શિવાજીએ ક્ષણભર જીવનની આશા તજી દીધી, ઇષ્ટ-દેવતા ભવાનીનું નામ સ્મરી લીધું; તુરત જ જોયું કે પાછળથી એક ભાલો ઉછળ્યો ને તેણે સમશેરખાંને ધરણી-માતાને ખોળે સુવાડયો! તુરત જ જણાયું કે એ ભાલો રઘુનાથજી હવાલદારનો હતો.

"આ કાર્ય મને સદા સાંભર્યા કરશે," કહી શિવાજી આગળ ચાલ્યો.

આ સમયે શાયેસ્તખાંએ બારીને એક દોરડું બાંધ્યું હતું ને તે વડે તે નીચે ઉતરી જવાનો પ્રયત્ન કરતો હતો. કેટલાક માઉલીઓ તે તરફ દોડયા, એક જણે તલવારનો ઘા કર્યો, તે ખાંના હાથમાં લાગ્યો ને આંગળી કપાઇ દૂર

પડી. શાયેસ્તખાં તો પાછું જોયા વિના પલાયન કરી ગયો. તેનો પુત્ર અબદુલ ફતેખાં અને બીજા બધા પહેરેગીરો કપાઇ પડયા. ઘરના ચોકમાં લોહી લોહી થઇ રહ્યું છે, ઠેકઠેકાણે મૃતદેહ પડયા છે, સ્ત્રીઓ અને બીજા નાસનારાઓનો આર્તનાદ સમ્ભળાય છે, માઉલીઓએ મુસલમાનોનો નાશ કરવા ચારે બાજુ દોડાદોડ કરી મુકી છે. મશાલના અસ્પષ્ટ પ્રકાશથી કોઇનો મૃતદેહ, કોઇનું કપાએલું મસ્તક, કોઇ સ્થળે લોહીએ ભરાઇ ગએલાં ખાબોચીઆં દેખાય છે. હવે શિવાજીએ પોતાના માઉલીઓને બોલાવી લીધા. સર્વદા યુદ્ધમાં વિજય થયો કે પછી વૃથા પ્રાણનાશ કરવાનો તેનો સ્વભાવ જ નહોતો અને શત્રુ પલાયન કરી જાય ત્યાર પછી તેનો નાશ કરવો તેને ગમતો નહિ. શિવાજીએ આજ્ઞા આપી: "આપણું કાર્ય સિદ્ધ થયું છે, શાયેસ્તખાં હવે આપણી સાથે યુદ્ધ કરવાનો નથી. હવે જલદી સિંહગઢ ચાલો." અન્ધારી રાત્રે પુનામાંથી નિકળી શિવાજી અને તેના માઉલી યોદ્ધાઓ સિંહગઢ તરફ ચાલ્યા. બેએક ગાઉ ગયા પછી મશાલ સળગાવવાની આજ્ઞા કરી. મશાલો સળગી. પુનામાંથી શાયેસ્તખાં જોઇ શકયો કે મહારાષ્ટ્રીય સેના વિના આપત્તિએ સિંહગઢ ઉપર ચઢે છે.

બીજે દિને પ્રાત:કાળે યુદ્ધ કરવા મોગલસેના સિંહગઢ ઉપર ચઢી, પણ ગઢની તોપોના મારાથી છિન્નભિન્ન થઇ પલાયન કરી ગઇ. કરતોજી ગુજ્જર અને તેના સૈનિકો બહુ દૂર સુધી મોગલોની પાછળ પડયા.

સાહસી યોદ્ધો તો નાના પરાજયથી લાગેલા કલંકને મોટે વિજયે ધોઇ દેવાને ઉત્સુક બને છે, પણ શાયેસ્તખાં આ પ્રકારનો યોદ્ધો નહોતો. તેણે તો ઔરંગઝેબને એક પત્ર લખ્યો ને તેમાં જણાવ્યું કે સમસ્ત સેના નિર્બળ છે ને જશવન્તસિંહ દ્રવ્યથી મરાઠાઓને વશ થએલો છે. ઔરંગઝેબે બન્નેને નકામા ગણી પાછા બોલાવી લીધા ને પોતાના પુત્ર મોઆઝિમને દક્ષિણ વશ કરવા મોકલ્યો, પણ પછી તેને સહાયતા આપવા ફરી રાજા જશવન્તસિંહને મોકલ્યો.

ત્યાર પછી એક વર્ષ સુધી કંઇ યુદ્ધ ચાલ્યું નહિ. ઇ. સ. ૧૬૬૪ના આરમ્ભમાં શિવાજીનો પિતા શાહજી મૃત્યુ પામ્યો. શિવાજીએ સિંહગઢમાં તેનું શ્રાદ્ધ કર્યું ને ત્યાર પછી રાયગઢમાં જઇ રાજાપદ ધારણ કર્યું; પોતાના નામના શિક્કા પાડ્યા. હવે આપણે આ નવભૂપતિ પાસેથી થોડાક વખત વિદાય થઇશું.

પાઠક! તોરણગઢમાંથી નિકળી ગયાં બહુ દિવસ થયા; ચાલો, આજ પાછા એ ગઢમાં જઇએ ને ત્યાં શું બને છે તે જોઇએ.

૧૦
આશા

જે દિવસે રઘુનાથ તોરણગઢમાં આવ્યો હતો, તે દિવસે તેનું હૃદય ઉંચુંનીચું બન્યું હતું. તે જ દિવસે પ્રેમની આનન્દમય લહરીઓથી એક બાલિકાનું હૃદય નાચતું હતું. બાગમાં સન્ધ્યાને સમયે સરયૂની દૃષ્ટિ અકસ્માત્ એ તરુણ સ્વદેશી યોદ્ધા ઉપર પડી, ત્યારે તે ચમકી ઉઠી. ફરી એને જોયો, ફરી તે ઉદાર વદનમણ્ડળ, એ ઉન્નત તરુણ યુદ્ધવેશધારી અવયવો જોયા, પછી ઘરની અન્દર ધીરે ધીરે ચાલી ગઇ.

રાત્રે સરયૂ એ સ્વદેશી યોદ્ધાને ભોજન પીરસવા આવી, પાસે ઉભી રહી, એ દેવનિન્દિત અવયવો તરફ જોઈ રહી. ચારે આંખો એક થઇ, ત્યારે શરમાઇને ધીરે ધીરે ત્યાંથી સરી ગઇ.

સરી ગઇ ખરી, પણ હૃદયમાં જન્મ. પામેલા એક નવા ભાવને સરાવી શકી નહિ. રઘુનાથે તેના તરફ સોદ્વેગ દૃષ્ટિ કેમ કરી? રઘુનાથ શું સ્વદેશી બાલિકા પ્રત્યે સ્નેહભરી દૃષ્ટિથી જોતો હતો? તરુણ યોદ્ધાના હૃદયમાં સરયૂને માટે મમતા જાગી છે?

બીજે દિવસે તેણે ફરી તરુણ યોદ્ધાને જોયો, ત્યારે સરયૂનું હૃદય ઉદ્વિગ્ન થયું. પછી જ્યારે રઘુનાથનાં

આનન્દમય પ્રેમવાક્યો સાંભળ્યાં, રઘુનાથે જ્યારે સરયૂને ગળે કણ્ઠમાળા પહેરાવી દીધી, ત્યારે આહા! તેનું શરીર કમ્પી ઉઠ્યું, તેનું હૃદય આનન્દમાં, ઉદ્વેગમાં ડુબવા લાગ્યું. અને જ્યારે યોદ્ધો ઘોડા ઉપર ચઢી વિદાય થયો, ત્યારે તો બારીમાં ડોકું કરી દેખાયો ત્યાં સુધી જોઇ રહી; દૃષ્ટિ બહાર ગયો, તોયે જાણે દેખાતો હોય તેમ કેટલીક વાર સુધી તે શૂન્ય દિશામાં શૂન્ય દૃષ્ટિ કરી જોઇ રહી.

સૂર્યકિરણોથી પર્વતમાળા અનેક દૂર સુધી દેખાય છે, પર્વતો ઉપરનાં વૃક્ષ સમુદ્રની લહરી પેઠે વાયુમાં ડોલે છે, શિખરો ઉપરથી સ્થાને સ્થાને જળપ્રપાત પડે છે ને એ સ્વચ્છ જળ નીચે નદીનું રૂપ ધારણ કરે છે, ખાણોમાં સુન્દર ગામોની ઝુંપડીઓ દેખાય છે, તેની પાસે જઇને પર્વતકન્યા નદી ધીરે ધીરે વહે છે અને મેઘશૂન્ય આકાશમાં પ્રકાશતો સૂર્ય એ સુન્દર દેખાવ ઉપર પોતાનો પ્રકાશ પાડી જોનારને આનન્દ આપે છે. પણ સરયૂ કંઇ એ દેખાવ જોતી નથી, એ તો શૂન્ય દિશામાં શૂન્ય દૃષ્ટિ કરી કંઇ બીજુંજ જોઈ રહી છે.

આજ આખો દિવસ સરયૂ શૂન્યચિત્ત રહી. સાયંકાળે ભોજન સમયે પિતાની પાસે બેઠી, પિતાની પથારી તૈયાર કરી, પછી ધીરે ધીરે પોતાના ખણ્ડમાં ચાલી ગઇ. નિસ્તબ્ધ રજનીમાં સરયૂ ઉઠી ધીરે ધીરે પેલી બારી પાસે ગઇ, ત્યાં નિઃશબ્દે બેઠી ને ચન્દ્રપ્રકાશ જોવા લાગી.

૧૧

ચિન્તા

જનાર્દન સ્વભાવથી જ સરળ બ્રાહ્મણ હતો, સમસ્ત દિન શાસ્ત્રોની આલોચનામાં અથવા દેવપૂજામાં ગાળતો. પ્રભાતે ને સાયંકાળે કિલ્લેદારની પાસે બેસતો કે ઘરમાં રહેતો. પાલિત કન્યા ઉપર અતિશય સ્નેહ રાખતો ને ભોજન-સમયે કન્યા પાસે ન હોય તો તેને ભોજન ભાવતું નહિ. રાત્રે કદી કદી શાસ્ત્રોની વાતો કહેતો, તે સરયૂ પાસે બેશી સાંભળતી. એ વિના બન્ને પોતપોતાના કાર્યમાં ગુંથાતાં, તેથી બાલિકાના હૃદયમાં એક દિવસ એક નવો ભાવ જન્મ પામ્યો એની વૃદ્ધ જનાર્દનને શી ખબર પડે?

બાલિકાના હૃદયમાં અકસ્માત્ જે ભાવ જન્મ પામ્યો તે બહુ દિવસ સ્થાયી રહ્યો નહિ. એક દિવસ સન્ધ્યાકાળે સરયૂના હૃદયમાં અકસ્માત્ જે ભાવ જન્મ પામ્યો, તે બે ચાર દિવસમાં કમી થઇ ગયો, તથાપિ હૃદયનો ભાવ એકેવારે તો હૃદયમાંથી લીન થઇ જાય ના. વચ્ચે વચ્ચે એ તરુણ યોદ્ધાની કથા સરયૂના હૃદયમાં જાગ્રત થતી. વળી સરયૂ જન્મથી જ એકલી હતી, જનાર્દન વિના તેના ઉપર સ્નેહ રાખનાર આજ સુધી બીજું કોઇ જ હતું નહિ, તેથી તે બાલ્યકાળથી જ ધીર, શાન્ત ને ચિન્તાશીલ હતી. પ્રથમ યૌવનમાં જે રૂપ જોઇ એક દિન સરયૂનું હૃદય વલોવાઇ ગયું હતું, તે રૂપ સાયંકાળે, પ્રભાતે અને ગમ્ભીર રજનીમાં સમયે સમયે તેના હૃદયમાં તરી આવતું.

કલ્પના માયાવી છે! સરયૂ જ્યારે સન્ધ્યાકાળે બારીએ બેસતી અથવા રાત્રે ચંદ્રિકામાં એ બાગમાં ફરતી, ત્યારે કેટકેટલી કલ્પનાઓ તેના હૃદયમાં જાગ્રત થતી! એ તરુણ યોદ્ધો આટલા દિવસ યુદ્ધના ઉલ્લાસમાં મગ્ન થયો છે, તેણે કિલ્લો હાથ કર્યો છે, શત્રુનો નાશ કર્યો છે, ત્યારે સરયૂ તેને એક વાર પણ સાંભરી આવતી હશે? એ તો પુરુષનું મન! નાના પ્રકારના કાર્યમાં, ચિન્તામાં, શોકમાં, ઉલ્લાસમાં સર્વદા પરિપૂર્ણ રહે. જીવન આશાપૂર્ણ છે, આશાથી લંબાય છે; આશા ફલવતી હો કે ના હો, પણ આશાથી જીવન ઉલ્લાસપૂર્ણ રહે છે. રાજદ્વારે, યુદ્ધક્ષેત્રે, શોકગૃહે કે નાટકશાળામાં નાના પ્રકારનાં કાર્યોથી ને વિચારોથી જીવન પરિપૂર્ણ રહે, ત્યારે હૃદયમાં સદાકાળ એક જ વિચાર રહે એ કંઇ સમ્ભવિત છે? તથાપિ માયાવી આશા સરયૂબાળાને છાનું છાનું પુછે છે કે તરુણ તને કદી સંભારતો હશે?

વળી વિચાર આવ્યો: તરુણ યોદ્ધો હજી યે તોરણદુર્ગને સંભારતો હશે? આ કાળમાં, આ વયમાં તેનું મન શું સ્થિર હોઇ શકે? હાય! નદીની ઉર્મિ કાંઠાના ફૂલને ક્ષણ વાર લેઇ રમાડે, પુષ્પ આનન્દે નાચે, પણ ઉર્મિ ક્યાંની ક્યાં ચાલી જાય; પુષ્પ સુકાઇ જાય, પણ ઉર્મિ પાછી ફરે ના. તથાપિ માયાવી આશા સરયૂબાળાને છાનું છાનું કહે છે કે એ યોદ્ધો પાછો એક દિન તોરણગઢમાં આવશે.

રાત્રે જ્યારે એ ઉંચો ગઢ અને ચારે બાજુની પર્વતમાળા સુધાકિરણમાં નિદ્રા લેતાં, ત્યારે નીલ આકાશ અને શુભ્ર ચન્દ્ર તરફ જોતાં બાલિકાના હૃદયમાં કોણ જાણે કેટલીયે કલ્પનાઓ જન્મ લેતી: જાણે એ પર્વતમાર્ગે થઇને એક નવીન અશ્વાર આવે છે, ઘોડો સફેદ છે, અશ્વારના કાળા કેશ કપાળ ઉપર ને આંખો ઉપર ફરફરે છે; જાણે કિલ્લામાં આવી અશ્વાર ઘોડા ઉપરથી ઉતર્યો, જાણે તેના મસ્તક ઉપર સોનાનો મુકુટ છે, બલિષ્ઠ ગોળ બાહુ ઉપર બાજુબન્ધ છે, જમણા હાથમાં લાંબો ભાલો છે; જાણે યોદ્ધો જમવા બેસે છે ને તેને પોતે પીરસે છે અથવા અગાશીમાં રાત્રે પોતે તે યોદ્ધા પાસે સલજ્જ બની ઉભી છે, યોદ્ધો જાણે આનન્દથી પોતાને યુદ્ધની કથા કહી સંભળાવે છે.

•

કલ્પનાને અન્ત નથી, અગાધ સમુદ્રના તરંગોની પેઠે એક આવે છે, તે જાય છે; બીજી આવે છે, તે પણ જાય છે; વળી બીજી આવે છે. સરયૂને વળી વિચાર આવવા લાગ્યા: જાણે યુદ્ધ થઇ ગયું છે, તરુણ સેનાપતિ બહુ ખ્યાતિ પામ્યો છે, બહુ ઉપાધિઓ પામ્યો છે, પણ હજી ભૂલ્યો નથી; જાણે પિતાએ તે યોદ્ધાની સાથે વિવાહ કરવાની સમ્મતિ આપી છે, ઘરમાં બહુ લોક ભરાયા છે, ચારે દિશામાં દિવાઓ બળે છે, વાજાં વાગે છે, સ્ત્રીઓ ગીત ગાય છે, અને બીજું શું શું થાય છે, તેની તેને પોતાને પણ ખબર પડતી નથી; જાણે ઘુમટો તાણીને

પોતે તે દેવપ્રતિમાની સામે બેઠી છે, જાણે યુવકના હાથમાં પોતાનો પરસેવાભર્યો કમ્પતો હાથ મુકે છે, જાણે રાત્રે એ જીવણજીને પામી સુખી થાય છે. આનન્દે બાલિકાનું હૃદય પ્રફુલ્લ બન્યું. સરયૂ! સરયૂ! ગાંડી મા થા!

વળી કલ્પના આગળ ચાલી: રઘુનાથ ખ્યાતિ મેળવી શકયો નહિ, ઉપાધિ મેળવી શકયો નહિ, રઘુનાથ દરિદ્ર જ રહ્યો, તોપણ પોતે તેની સાથે લગ્ન કર્યાં છે. પર્વતની નીચે એ સુન્દર મેદાન દેખાય છે, ત્યાં શાન્તવાહિની નદી ચન્દ્રપ્રકાશમાં ધીરે ધીરે વહે છે; લીલાં સુન્દર ખેતરો ચન્દ્રિકામાં આનન્દે નિદ્રા લે છે, એ રમણીય સ્થાનની એ ઝુંપૂડીઓ છે, તેમાંની એક ઝુંપડીમાં જાણે દિવસે પોતે રાંધ્યું છે, સુન્દર દુર્વા ઉપર બેઠી છે, દૂર ખેતરોમાં દૃષ્ટિ ફેરવે છે, એ જ દિશામાંથી સમસ્ત દિનના પરિશ્રમ પછી એક દીર્ઘકાય પુરુષ ઝુંપડી તરફ આવે છે; જાણે પોતાનું હૃદય નૃત્ય કરી ઉઠયું, જાણે એ પુરુષશ્રેષ્ઠે આવીને પોતાને એવી નવી કણ્ઠમાળા પહેરાવી દીધી. આનન્દે બાલિકાનું હૃદય ફરી પ્રફુલ્લ બની ગયું. સરયૂ! સરયૂ! ગાંડી મા થા!

એમ એક માસ, બે માસ, ત્રણ માસ વીતી ગયા, વર્ષ વીતી ગયું, પણ સરયૂની કલ્પનાલહરીનો અન્ત આવ્યો નહિ. જે સ્વદેશીય તરુણ યોદ્ધાને આ વિદેશમાં સ્નેહે જમાડયો હતો, તેની સુન્દર મુખકાન્તિ કલ્પનાની સાથે સાથે તેના હૃદયમાં જાગ્રત થતી. જે દીર્ઘકાય પુરુષે

સરયૂબાળાના હૃદયમાં સ્નેહથી કણ્ઠમાળા પહેરાવી હતી, તેનું આનન્દનીય રૂપ અને દેવતુલ્ય આકૃતિ કલ્પનાની સાથે સાથે તેના હૃદયમાં સદા બિરાજમાન રહેવા લાગી. કલ્પના શી માયાવી છે!

૧૨

પુનર્મિલન

કલ્પના માયાવી નહોતી, સરયૂબાળાના વિચારો મિથ્યા નહોતા, બાલિકાની આશા વિશ્વાસઘાતી નહોતી.

એક દિવસ સન્ધ્યાને સમયે ફરી સરયૂ એ બાગમાં ફૂલ વીણે છે અને ઘડી ઘડી પોતાના કણ્ઠહાર તરફ જોતી જાય છે. સરયૂનું રૂપ પ્રથમના જેવું જ સ્નિગ્ધ ને આનન્દ-નીય છે, તેનું મુખમણ્ડળ પ્રથમના જેવું જ સુન્દર શાન્ત છે, તથાપિ એ રૂપમાં એક વર્ષમાં કંઇ ફેરફાર થયો છે, વળી આશાઓથી ને નવા ઉલ્લાસથી એ મુખમણ્ડળે કંઇક વધારે સુન્દર કાન્તિ ધારણ કરી છે, નવે પ્રકાશે તે સુન્દર નયનો વધારે પ્રકાશિત બની ઉઠયાં છે, નવા ઉદ્વેગથી અને નવા લાવણ્યથી એ શરીર કંઇક ચપળ બન્યું છે; સરયૂનો દેહ, હૃદય, મન ફરી ગયું છે; સરયૂ હવે બાલિકા નથી, એણે પ્રથમયૌવનના મન્દિરમાં પગલું ભર્યું છે. રૂપવતી, ચિન્તાવતી, યૌવનસમ્પન્ના સરયૂબાળા ફૂલ વીણે

છે અને ઘડીએ ઘડીએ એ કણ્ઠમાળા તરફ જુએ છે ને કંઇક વિચારે છે. એ સમયે બારણે કોઇ રાજપુતયોદ્ધો ઘોડા ઉપરથી ઉતર્યો. ફૂલ વીણતાં વીણતાં રાજપુતકુમારીએ તે તરફ જોયું, અકસ્માત્ કમ્પી ઉઠી, તે દિશામાંથી એમ સહજમાં આંખ ખસેડી શકી નહિ.

રાજપુતયોદ્ધાએ પણ એ બાગમાં રાજપુતબાળાને આજે બહુ દહાડે ફરી દીઠી. જે બાળાનું રૂપ જોઇ એક રાત્રે તે મોહ પામી ગયો હતો, જેના પવિત્ર કણ્ઠમાં એક પ્રભાતે તેણે પ્રિય કણ્ઠમાળા પહેરાવી હતી, યુદ્ધમાં ને સંકટમાં, તમ્બુમાં ને સેનામાં જેની ચિન્તા રાજપુતના હૃદયમાં વારંવાર થયા કરતી, રાત્રે સ્વપ્નમાં પણ જેનું સુન્દર લજ્જારંજિત મુખ સર્વદા તેને દેખાતું, આજ તેજ લજ્જારંજિત મુખ જોઇ રઘુનાથ ક્ષણેક વાક્યશૂન્ય ને નિશ્ચેષ્ટ બની ગયો.

ચન્દ્રદેવ! રઘુનાથ ને સરયૂ ઉપર તમારી સુધા રેડો, તમે રાત્રે જાગરણ કરી બધું બહુયે જોતા હશો, પણ આવું આવું જોવાનું તો તમારા ભાગ્યમાં કોઇક દિવસજ હશે. તરુણ વયમાં જ્યારે હૃદય પ્રથમપ્રણયમન્દિરમાં કુંકુમ-ભર્યાં પગલાં માંડે, જ્યારે નવજાત ચન્દ્રકિરણની પેઠે નવજાત પ્રણયની આનન્દલહરીમાં માનસ જગત લહેરો ખાય, આકાશ ને મેદિનીને ડુબાવી દે, ત્યારેજ આ જગતમાં ઇન્દ્રપુરી ઉતરી આવે! ક્ષણેક પછી સરયૂબાળા નીચું ઘાલી મન્દિરમાં ચાલતી થઇ ને પિતાને રઘુનાથજી

આવ્યાના સમાચાર કહ્યા. જનાર્દનદેવે બહુ માનથી શિવાજીના દૂતને અન્દર આણ્યો.

સન્ધ્યાકાળે રઘુનાથ પુરોહિત પાસે બેઠો ને યુદ્ધના સર્વ સમાચાર તેને કહી સંભળાવ્યા. શાયેસ્તખાં પરાજય પામી દિલ્લી જતો રહ્યો છે, શિવાજીએ રાયગઢમાં જઇ રાજાપદ ધારણ કર્યું છે, દેશશાસનની સુન્દર વ્યવસ્થા કરી છે; પણ દિલ્લીશ્વરે શિવાજીની સાન ઠેકાણે લાવવા અમ્બરાધિપતિ મહાપરાક્રમી રાજા જયસિંહને મોકલ્યો છે, એમ સાંભળી મહારાષ્ટ્રાધિપતિને કંઇક ચિન્તા થઇ છે. શિવાજી વખતે રાજા જયસિંહની સાથે સન્ધિ કરશે અને તેથી કાર્ય સાધવા માટે અમ્બરનિવાસી શાસ્ત્રી જનાર્દનદેવનું મહારાજ સ્મરણ કરે છે. રાજાની આજ્ઞાથી રઘુનાથ પુરોહિતને લેવા આવ્યો છે, મ્યાનો તૈયાર છે. જો પુરોહિત મહાશયને અનુકૂળતા હોય તો બે ચાર દિવસમાં રાયગઢ આવે એવી મહારાજની આજ્ઞા છે.

ઘરના એક ખણ્ડમાં સરયૂબાળા રસોઇ કરે છે, પાઠક સહજે જાણી શકશે કે બાળા આ બધી કથાવાર્તા સાંભળી શકે છે. પિતા રાજધાનીમાં જશે? આ તરુણ યોદ્ધો રાજાની આજ્ઞાથી અમને તેડવા આવ્યો છે? સરયૂનું હૃદય નૃત્ય કરવા લાગ્યું, ગાત્રો આનન્દિત બની ગયાં, શરમથી સરયૂબાળા ઘરમાંથી બહાર નીકળી ગઇ.

પછી રઘુનાથે ધીરે ધીરે પુરોહિતની સાથે બીજી વાતો કરી. પોતાના દેશની વાત કહી, જાતિ ને કુળ

બતાવ્યાં, પિતામાતાનાં નામ આપ્યાં. જનાર્દનને પિતા કહી બોલાવવા લાગ્યો. જનાર્દન પણ રઘુનાથને ઉંચા કુળનો જાણી તથા તેનું વીર્ય, સૌન્દર્યગુણ અને વિનય જોઇ સન્તુષ્ટ થયો ને તેને પુત્ર કહી બોલાવવા લાગ્યો. વાળુનો વખત થયો છે, સરયૂએ સર્વ તૈયાર કર્યું છે, વૃદ્ધ જનાર્દન ઉઠ્યો ને હૃષ્ટ ચિત્તે રઘુનાથને આલિંગન દેઇ બોલ્યો: "વત્સ રઘુનાથ! હવે વાળુ કર. આજ તારો પરિચય પામી સન્તુષ્ટ થયો છું, તારૂં કુળ મારાથી અજાણ્યું નથી, તારા ગુણ તે વંશને યોગ્ય જ છે. સરયૂને મેં પુત્રી કરી રાખી છે, તને આજે પુત્ર માની લેઉં છું. ભગવાન કરે ને આ યુદ્ધને અન્તે તારા જેવા યોગ્ય પાત્ર સાથે સરયૂને પરણાવીને પરવારી લેઉં. જગદીશ્વર તને અને સરયૂને સુખી કરો."

આ શબ્દો સાંભળી રઘુનાથની આંખમાં આંસુ આવ્યાં, ધીરે ધીરે પુરોહિતને પગે નમન કરી બોલ્યો: "પિતા, આશીર્વાદ દો, જેથી આ દરિદ્ર સૈનિક આપની અભિલાષા પૂર્ણ કરી શકે. રઘુનાથ માત્ર દરિદ્ર હવાલદાર છે, એને કીર્તિ નથી, પદવી નથી, દ્રવ્ય નથી. પરન્તુ જગદીશ્વર સહાય થાઓ, પિતા આશીર્વાદ આપો, રઘુનાથ એ અમૂલ્ય રત્નલાભ પ્રાપ્ત કરવા યત્ન કરશે.

આ આનન્દમયી કથા સરયૂબાળાના કાનમાં પહોંચી. વાયુથી વૃક્ષપત્ર કમ્પે તેમ તેની દેહલતા કમ્પી ઉઠી.

તે દિવસે રઘુનાથ બરાબર જમી શકયો ના, સરયૂ બરાબર જમાડી પણ શકી ના.

૧૩

રાયગઢમાં યાત્રા

યાત્રાની તૈયારી કરવામાં પાંચ સાત દિવસ નીકળી ગયા. રઘુનાથ પુરોહિતના ઘરમાં જ રહેવા લાગ્યો. પ્રાતઃકાળે ને સન્ધ્યાએ સરયૂને બાગમાં ફૂલ વીણતાં દેખતો, મધ્યાહ્ને અને રાત્રે તેને હાથે ભોજન જમતો. એ પાંચ સાત દિવસમાં સરયૂની સાથે વાત કરવાનું સાહસ રઘુનાથથી ન થઇ શકયું. સરયૂને દેખતાં જ રઘુનાથનું હૃદય ધબકતું, કુમારી પણ ઘુમટો તાણી સરી જતી.

તોરણગઢથી રાયગઢ જતાં સરયૂના મ્યાનાની સાથે સાથે એક અશ્વાર ચાલતો, પર્વતમાર્ગે કે વનમાર્ગે, વૃક્ષશૂન્ય મેદાને કે નદીતીરે એ અશ્વાર ક્ષણવાર પણ મ્યાનાથી દૂર ન થતો. રાત્રે જ્યારે સરયૂ સખી સાથે કોઇ મન્દિરમાં, બજારમાં કે કોઇને ઘેર આશ્રય લેતી ત્યારે એક અનિદ્ર યોદ્ધો લાંબો ભાલો લેઇ એની ચોકી કરતો.

નારીમાત્ર એ સર્વ વિષય જાણી શકે, પુરુષનો યત્ન, પુરુષનો આગ્રહ, પુરુષના હૃદયનો આવેગ નારીનયનથી

ગુપ્ત રહી શકે ના. સરયૂ મ્યાનામાંથી એ અવિશ્રાન્ત અશ્વારને જોઇ શકતી, રાત્રે એ અનિદ્ર યોદ્ધાને જોઇ શકતી. એ દેવનિન્હિત આકૃતિ જોઇ જોઇને સરયૂનાં નયન પ્રકાશી ઉઠતાં. એ દુર્દમનીય આગ્રહચિહ્ન જોઇને સરયૂનું હૃદય આનન્દ, પ્રેમ અને ઉદ્વેગથી છલકાઇ જતું.

સન્ધ્યા સમયે જ્યારે સરયૂ યોદ્ધાને ભોજન કરાવવા આવતી, ત્યારે મૌનાવલમ્બી યોદ્ધાનું દર્શન બરાબર કરી શકતી નહિ, લજ્જાથી નીચું ઘાલી રહેતી, તેને બરાબર ભોજન કરાવી શકતી નહિ. પ્રાતઃકાળે મ્યાનામાં ચઢતી વખતે જ્યારે સરયૂ એ યોદ્ધાને ઘોડા ઉપર બેઠેલો જોતી, ત્યારે તેના મ્લાન મુખમણ્ડળ ઉપરથી સહજમાં દૃષ્ટિ ફેરવી શકતી નહિ.

કેટલાક દિવસના પ્રવાસ પછી સર્વે રાયગઢમાં આવી પહોંચ્યાં. જનાર્દને સન્ધ્યાસમયે ગઢ નીચે કોઇ ગામડામાં ઉતારો કર્યો ને ત્યાંથી શિવાજીને પોતાના આવ્યાના સમાચાર કહાવી મોકલ્યા. અનુમતિ હશે તો બીજે દિવસે કિલ્લામાં પ્રવેશ કરશે.

તે દિવસે રાત્રે આહારાદિ તૈયાર કરતાં કંઇક વિલંબ થયો. કંઇ જળયોગ કરીને જનાર્દન સુઇ ગયા. પહોર રાત જતાં જતાં સરયૂએ રઘુનાથને જમાડ્યો.

ભોજન કર્યા પછી આજ સુધીની પેઠે તે ઘરમાંથી બહાર ગયો ના. ઘરમાં આમતેમ કંઇક ફરવા લાગ્યો.

અનેક ક્ષણ પછી સરયૂબાળા જ્યાં બેઠી હતી, ત્યાં ધીરે ધીરે ગયો ને મસ્તક નમાવી ઉભો રહ્યો. હૃદયના ઉદ્વેગને દબાવી સ્થિર સ્વરે બોલ્યો: “દેવિ! હવે મને વદાય દો.”

રઘુનાથના આ શબ્દો અમીધારાની પેઠે સરયૂના કાનમાં ને ત્યાંથી હૃદયમાં સરી ગયા. સરયૂનું હૃદય નાચી ઉઠયું. મસ્તક નીચું રાખી ક્ષણેક ઉભી થઇ રહી.

રઘુનાથ ફરી બોલ્યો: “દેવિ! મને વદાય દો, કાલે તમે રાજમહેલમાં જશો, આ દરિદ્ર સૈનિકને ફરી પોતાના કાર્યમાં યોજાવાની વાસના છે.”

આ શબ્દો સાંભળી સરયૂ લજ્જા ભૂલી ગઈ, આંખમાં આવેલાં આંસુ લુછી નાખી નારીસહજ મમતાપૂર્ણ સ્વરે બોલી: “આપે અમારે માટે જે શ્રમ લીધો છે, પિતાને માટે, મારે માટે જે શ્રમ લીધો છે, તેના બદલામાં ભગવાન આપને વિજયી બનાવો, આપના મનોરથ સિદ્ધ કરો; અમે તો એનો બદલો શી રીતે વાળી શકીએ?”

રઘુનાથે વિનીત સ્વરે ઉત્તર આપ્યો: “રાજાની આજ્ઞાથી આપને નિર્વિઘ્ને રાયગઢ લાવી શકયો છું, એ મારૂં પરમ ભાગ્ય છે, એમાં કંઇ મારો ગુણ નથી. પણ જો આ દરિદ્ર સૈનિકના પરિશ્રમથી સન્તુષ્ટ થયાં હો, તો—તો આ દરિદ્ર સૈનિકને ભૂલશો ના.”

સરયૂ સમજી ગઇ. મોં નીચું થઇ ગયું. રઘુનાથે લજ્જા દૂર કરી કંઈક સાહસથી બોલવા માંડયું: “આ

દરિદ્ર જો કંઇ ઉચ્ચ આશા રાખતો હોય, તો આપ એનો અપરાધ માનતાં નહિ. આપના પિતાએ મારા ઉપર પ્રસન્નદષ્ટિ કરી છે, આશા કરૂં છું, કે આપ મારા ઉપર અપ્રસન્ન થશો નહિ. જો ભગવાન મારી મનોવાંછા પૂર્ણ કરશે, જો જીવનની ચેષ્ટા અને આશા ફળશે, તો એક દિન મનની વાત કહીશ, ત્યાં સુધી તો આ દરિદ્ર સૈનિકને કોઇ કોઇ વાર સંભારતાં રહેશો, તોય ઘણું છે.”

વિનીત ભાવે વદાય લેઇ રઘુનાથ ચાલતો થયો. સરયૂ ઘડી સુધી એ માર્ગે જોઇ રહી, મનમાં વિચાર કરવા લાગી. મધ્યરાત્રિએ એક નિશ્વાસ નાખી મનમાં ને મનમાં બોલી: “સૈનિકશ્રેષ્ઠ! તમે મને સંભારતા રહેજો, ભગવાન સાક્ષી છે.”

૧૪

રાજા જયસિંહ

પહેલાં જણાવી ગયા છીએ કે ઔરંગજેબે શાયેસ્તખાં અને જશવન્તસિંહ બન્નેને અયોગ્ય માની પાછા દિલ્હી બોલાવી લીધા, પછી પોતાના પુત્ર સુલતાન મોઆઝિમને દક્ષિણમાં મોકલ્યો અને તેની સહાયતાને માટે ફરી રાજા જશવન્તસિંહને મોકલ્યો. તેથી પણ કંઇ વિશેષ લાભ ન થયાથી બાદશાહે અન્તે તેમને બીજા પ્રદેશોમાં મોકલ્યા

અને તેમને બદલે અમ્બરપતિ પ્રખ્યાત રાજા જયસિંહને અને તેની સાથે દિલાવરખાં નામે એક પરાક્રમી અફઘાન સેનાપતિને દક્ષિણમાં મોકલ્યા. ઇ. સ. ૧૬૬૫ના ચૈત્ર માસના અન્ત ભાગમાં જયસિંહ પુને આવી પહોંચ્યો. શાયેસ્તખાંની પેઠે નિરુત્સાહ થઇને બેશી ન રહેતાં તેણે દિલાવરખાંને પુરન્દર દુર્ગ ઉપર હલ્લો કરવાની આજ્ઞા કરી અને પોતે સિંહગઢને ઘેરી રાયગઢ સુધી સેના લેઇ ગયો.

શિવાજી હિન્દુસેનાપતિ સામે યુદ્ધ કરવા રાજી નહોતો, વળી જયસિંહનું નામ, તેની સૈન્યસંખ્યા, તીક્ષ્ણબુદ્ધિ અને તેનો પ્રતાપ તેનાથી અજાણ્યો નહોતો. વળી તેના જેવો પરાક્રમી સેનાપતિ તો બાદશાહની આખી સેનામાં બીજો કોઇ નહિ હોય. તે વખતનો એક ફ્રેંચ પ્રવાસી બર્નિયર લખી ગયો છે કે જયસિંહના જેવો ન્યાયવિચક્ષણ, બુદ્ધિમાન અને દૂરદર્શી સેનાપતિ બીજો કોઇ જ નહોતો. શિવાજી પ્રથમથી જ નિરાશ થઇ ગયો હતો, તે વારંવાર જયસિંહ પાસે સન્ધિનાં કહેણ મોકલ્યા કરતો હતો, પણ તીક્ષ્ણબુદ્ધિ જયસિંહે એ કહેણ ઉપર જરાયે વિશ્વાસ કર્યો ના. અન્તે શિવાજીનો વિશ્વસ્ત મંત્રી રઘુનાથપંત ન્યાયશાસ્ત્રી દૂતવેશે જયસિંહની પાસે ગયો ને રાજાને સમજાવ્યો કે શિવાજી તમારી સાથે કપટ કરશે નહિ, તે પણ ક્ષત્રિય છે ને ક્ષત્રિયોચિત સમ્માનને તે સમજે છે. શાસ્ત્રજ્ઞ બ્રાહ્મણનાં વચનોમાં જયસિંહે વિશ્વાસ મુકયો ને તેનો હાથ ઝાલી બોલ્યો: "દ્વિજવર! આપના વાકયથી સન્તુષ્ટ થયો છું. રાજા શિવાજીને કહેજો કે દિલ્હીશ્વર

તેમના વિદ્રોહાચરણને ક્ષમા આપશે, અને તેમને યોગ્ય સમ્માન આપશે, તે માટે હું વચન આપું છું. આપના પ્રભુને કહેજો કે હું રાજપુત છું, રાજપુતનું વાક્ય મિથ્યા નથી."

થોડા દિવસો પછી વર્ષાકાળમાં રાજા જયસિંહ પોતાના તમ્બુમાં સભા ભરી બેઠો છે, એવામાં એક પહેરેગીરે આવી સમાચાર દીધા: "મહારાજનો જય થાઓ, રાજા શિવાજી જાતે આવીને બહાર ઉભા છે, મહારાજને મળવાની પ્રાર્થના કરે છે."

સર્વ સભાસદો વિસ્મિત થયા, રાજા જયસિંહ શિવાજીને લેવા જાતે તમ્બુ બહાર ગયો. બહુ આદરપૂર્વક તેને બોલાવ્યો, આલિંગન દેઇ તેને અન્દર લેઇ ગયો ને રાજગાદી ઉપર પોતાને જમણે હાથે બેસાડ્યો.

આ પ્રમાણેનું સમ્માન મળ્યાથી શિવાજી પણ સન્તુષ્ટ થયો. થોડીવાર સુધી વાર્તાલાપ કર્યા પછી રાજા જયસિંહ બોલ્યો: "રાજા, મારે તમ્બુએ આવી આપે મને માન આપ્યું છે, આ તમ્બુ એ આપનું જ ઘર છે એમ માનજો."

શિવાજી: "રાજા, આ દાસ ક્યારે આપની આજ્ઞાથી વિમુખ છે? રઘુનાથપન્ત દ્વારા આપે આવવાની આજ્ઞા કરી હતી, તેથી જ દાસ આવ્યો છે. આપનાં ઉદાર આચરણથી હું સમ્માનિત થયો છું."

જયસિંહ: "હા, રઘુનાથ ન્યાયશાસ્ત્રીને મેં કહ્યું હતું,

તે યાદ છે. રાજા, મેં જે વચન આપ્યું છે તે પ્રમાણે કરીશ. દિલ્હીશ્વર આપનું વિદ્રોહાચરણ ક્ષમા કરશે, આપની રક્ષા કરશે, આપને યોગ્ય માન આપશે; એ વિષયમાં હું વચન આપું છું, રાજપુતનું વચન ફરે ના.”

એમ કથાવાર્તા થયા પછી સભા બન્ધ થઇ, તમ્બુમાં જયસિંહ ને શિવાજી વિના બીજું કોઇ રહ્યું ના. ત્યારે શિવાજીએ ધારણ કરેલું આનન્દચિહ્ન દૂર કર્યું ને કપાળે હાથ મુકી ચિન્તા કરવા લાગ્યો; જયસિંહ જોઇ શક્યો કે તેની આંખમાં આંસુ છે.

જયસિંહ: “રાજા, તાબે થવામાં આપને શોક અને સંકોચ થતો હોય, તો ખેદ કરવો નિષ્પ્રયોજન છે. આપ વિશ્વાસથી મારી પાસે આવ્યા છે. રાજપુત વિશ્વાસ ઉપર હાથ નાંખે નહિ, આજ રાત્રે મારી અશ્વશાળામાંથી અશ્વ લો ને રાત્રેજ ચાલતા થાઓ. નિર્વિઘ્ને આવ્યા છો, નિર્વિઘ્ને જઈ શકશો; મારી આજ્ઞાથી કોઇ રાજપુત તમારા ઉપર હાથ ઉપાડશે નહિ. યુદ્ધમાં જય થશે તો ઠીક છે, નહિ થાય તો હરકત નહિ; પણ રાજપુત ક્ષત્રિયધર્મ કદાપિ વિસરશે નહિ.”

શિવાજી: “આપના જેવા ભવ્ય ને ઉદાર રાજપુતની પાસે પરાજય સ્વીકારી તાબે થવું, એથી શોક ન થાય! બાલ્યકાળથી હિન્દુધર્મ માટે, હિન્દુગૌરવ માટે જે પ્રયત્ન કર્યાં છે, તે સર્વે પ્રયત્નો હવે વ્યર્થ થાય છે એ

ચિન્તાએ હૃદય ચીરાઇ જાય છે. પણ એ વિષયમાંયે મનને સ્થિર કરી દેઇ આપને તમ્બુએ આવ્યો છું, એ માટે પણ ખેદ કરતો નથી.”

જયસિંહ: “ત્યારે શેને માટે ખેદ કરો છો.”

શિવાજી: “બાલ્યકાળથી આપનાં ગૌરવગીત ગાતો આવ્યો છું, આજ જોઇ શક્યો છું કે એ ગીત મિથ્યા નથી. જગતમાં જો માહાત્મ્ય, સત્ય અને ધર્મ હોય તો રાજપુતશરીરમાં જ છે. એ રાજપુત શું યવનની આધીનતા સ્વીકાર કરશે? મહારાજા જયસિંહ યવન ઔરંગજેબના સેનાપતિ?”

જયસિંહ: “ક્ષત્રિયરાજ! એ જ દુ:ખનું કારણ છે. પણ રાજપુતોએ સહજમાં આધીનતા સ્વીકારી નથી, બન્યું ત્યાં સુધી દિલ્હી સામે યુદ્ધ કર્યું, વિધિને લેખે અન્તે પરાધીન થવું પડયું. મેવાડના વીરપ્રવર પ્રાત:-સ્મરણીય મહારાણા પ્રતાપસિંહે અસાધ્ય સાધનોથી પ્રયત્ન કર્યો, પણ અન્તે તેમના વંશને દિલ્હીની આધીનતા સ્વીકારવી પડી, એ બધું આપને માલમ છે.”

શિવાજી: “હા, માલમ છે, ને એટલા જ માટે પુછું છું કે જેની સાથે આપને આટલા દિવસનો વૈરભાવ છે, તેનું કામ કરવાને કયે કારણે તત્પર બન્યા છો?”

જયસિંહ: “જ્યારે દિલ્હીશ્વરના સેનાપતિનું પદ ગ્રહણ

કર્યું, ત્યારે તેનું કાર્ય સિદ્ધ કરી આપવાનું વચન આપ્યું છે; જે વચન આપ્યું છે તે તો પાળીશ જ."

શિવાજી: "સર્વને આપેલાં સર્વ સમયનાં વચનો પાળવાં એજ સત્ય છે? જે આપણા દેશના શત્રુ છે, ધર્મના વિરોધી છે, તેમની સાથે વળી સત્યસંબંધ કેવો?

જયસિંહ: "આપ ક્ષત્રિય થઇ આવો પ્રશ્ન કરો છો? ક્ષત્રિયને આવો પ્રશ્ન પુછો છો? રાજપુતોનો ઇતિહાસ વાંચો, તેઓએ સેંકડો વર્ષ સુધી મુસલમાનો સામે યુદ્ધ કર્યું છે, પણ કદાપિ સત્યનું ઉલ્લંઘન નથી કર્યું. કોઇ વખત જય થયો હશે, અનેક વખત પરાજય પણ થયો હશે; પણ જયપરાજયમાં, સંપદ્‌વિપદ્‌માં સર્વદા સત્ય પાળ્યું છે. અત્યારે અમારામાં સ્વાધીનતાનું ગૌરવ નથી, પણ સત્યપાલનનું ગૌરવ હજીયે છે. દેશમાં, વિદેશમાં, મિત્રોમાં, શત્રુઓમાં રાજપુતનું નામ ગૌરવથી અંકિત થયેલું છે. ક્ષત્રિયરાજ ટોડરમલ્લે બંગાળા જિત્યું હતું, માનસિંહે કાબુલથી ઓઢીઆ સુધીના પ્રદેશ ઉપર દિલ્લીશ્વરની પતાકા ઉડાવી હતી; કોઇએ કદાપિ મુકેલા વિશ્વાસનો ભંગ કરેલો નહિ, મુસલમાન બાદશાહોને જે વચન આપેલાં તે પાલન કરવામાં કંઇ બાકી રાખેલી નહિ. મહારાષ્ટ્રરાજ, રાજપુતનાં વચન એજ સન્ધિપત્ર છે, અનેકો સન્ધિપત્રનો ભંગ કરે છે, રાજપુત તો વચનનો પણ ભંગ ના જ કરે."

શિવાજી: "મહારાજ જશવન્તસિંહ હિન્દુધર્મના એક

મુખ્ય રક્ષક છે, તેમણે મુસલમાનને માટે હિન્દુ સાથે યુદ્ધ કરવાનું સ્વીકારેલું, તે વિચાર તેમણે ફેરવી નાખ્યો છે."

જયસિંહ: "જશવંતસિંહ વીરશ્રેષ્ઠ છે, જશવંતસિંહ હિન્દુધર્મનો રક્ષક છે, એમાં સન્દેહ નથી. તેનો મારવાડ દેશ મરુભૂમિમય છે, તેની મારવાડી સેના જેવી કઠોર અને સાહસી સેના જગતમાં નથી. જો જશવન્તસિંહે એ મારવાડપ્રદેશમાં રહી, પોતાની મારવાડી સેના વડે હિન્દુસ્વાધીનતાના રક્ષણ માટે પ્રયત્નો કર્યા હોત, તો હું એને ધન્યવાદ આપત; જો વિજયી બની, આરંગજેબને પરાજય આપી, દિલ્હીમાં હિન્દુપતાકા ઉડાવી હોત, તો હું એને દેવની પેઠે પૂજત. પણ જે દિવસથી તે દિલ્હીશ્વરનો સેનાપતિ બન્યો છે, તે જ દિવસથી મુસલમાનનું કાર્ય સાધવા બન્ધાયો છે. વ્રતનું ગ્રહણ કરી તેનું ઉલ્લંઘન કરવું તે ક્ષાત્ર ધર્મ નથી; જશવન્તે કલંકમાં પોતાનો જશ ખોઇ દીધો છે. ક્ષિપ્રાનદીને તીરે ઔરંગજેબને હાથે પરાજય પામ્યો ત્યારથી તે આરંગજેબ ઉપર બહુ વિદ્વેષ રાખે છે, નહિ તો આવું કલંકિત કાર્ય કરે નહિ."

ચતુર શિવાજી સમજી ગયો કે જયસિંહ તે જશવન્તસિંહ નથી. ક્ષણેક પછી વળી બોલ્યો: "હિન્દુધર્મની ઉન્નતિચેષ્ટા તે કલંકિત કાર્ય? હિન્દુને ભાઇ સમજી સહાયતા કરવી એ કલંકિત કાર્ય?"

જયસિંહ: "એમ હું કહેતો નથી. જશવન્ત શા

માટે આરંગઝેબનું કાર્ય તજી દેઇ જગતની સમક્ષ, ભગવાનની સમક્ષ આપની સાથે મળી જતો નથી? આપ જેમ સ્વાધીનતાને માટે પ્રયત્ન કરો છો, તેમ એ શા માટે નથી કરતો? દિલ્હીશ્વરના કાર્યમાં રહેવાનો દમ્ભ કરી ગુપ્ત વિરૂદ્ધાચરણ કરવું, એ તો કપટાચાર છે; ક્ષત્રિયરાજ, કપટાચાર ક્ષત્રિયને ઉચિત ના હોય."

શિવાજી: "તે પ્રકટ રૂપે મને મળી જાય તો દિલ્હીશ્વર બીજો સેનાપતિ મોકલે ને વખતે અમે બન્ને પરાજય પામીએ ને માર્યા જઇએ."

જયસિંહ: "યુદ્ધમાં મરણ પામવું એ તો ક્ષત્રિયનું ભાગ્ય છે, કપટાચાર ક્ષત્રિયને કલંક છે."

શિવાજીનું મોં લાલચોળ થઇ ગયું, તે બોલ્યો: "રાજપુત! મરાઠાઓ મૃત્યુથી ડરતા નથી, જો આ નિઃસાર જીવન સમર્પતાં મારી સાધના સિદ્ધ થતી હોય, હિન્દુ સ્વાધીનતા, હિન્દુ ગૌરવ ફરી સ્થપાતું હોય, તો ભવાનીની સમક્ષ આ ક્ષણેજ છાતી ચીરી નાખું, અથવા રાજપુત! આપ અવ્યર્થ ભાલો હાથમાં લો ને આ છાતીમાં ઘા કરો, હસતે વદને પ્રાણ તજી દેઇશ. પણ જે હિન્દુ ગૌરવના વિષયનાં હું બાલ્યકાળથી સ્વપ્નો જોતો આવ્યો છું, જેને માટે હજારો યુદ્ધ કર્યાં છે, હજારો શત્રુઓને પરાજય આપ્યા છે, વીશ વર્ષથી પર્વતોમાં, ખીણોમાં, તમ્બુઓમાં, શત્રુઓમાં, દિવસે, સન્ધ્યાકાળે, ગમ્ભીર

રાત્રિએ વિચાર કરતો આવ્યો છું, એ ગૌરવની અને સ્વાધીનતાની આશા તજી દેતાં હૃદય વ્યથા પામે છે. યુદ્ધમાં પ્રાણ આપું તો સ્વાધીનતાની રક્ષા થઇ શકે ?"

જયસિંહે શિવાજીના તેજસ્વી શબ્દો સાંભળ્યા, તેની આંખમાં આંસુ આવ્યાં તે જોયાં; પરન્તુ પહેલાંની પેઠે સ્થિર ભાવે ઉત્તર આપ્યો : "સત્યપાલનથી જો સનાતન હિન્દુધર્મનું રક્ષણ નહિ થાય, તો સત્યલંઘનથી થઇ શકશે ? વીરના રુધિરથી જો સ્વાધીનતાબીજનો અંકુર નહિ ફુટે તો વીરના કપટથી શું થનાર છે ?"

આ યુક્તિથી શિવાજી હારી ગયો. અનેક ક્ષણ પછી ધીરે ધીરે બોલ્યો : "મહારાજ ! આપને પિતાતુલ્ય માનું છું, આપના જેવો ધર્મજ્ઞ, તીક્ષ્ણબુદ્ધિ યોદ્ધો મેં કદી જોયો નથી, હું આપના પુત્ર સમાન છું; એક પ્રશ્ન કરું છું, પિતાની પેઠે સલાહ આપો. હું બાલ્યકાળમાં કોંકણદેશના પર્વતોમાં ને ખીણોમાં રખડતો હતો, ત્યારે મારા હૃદયમાં વિચારો આવતા, સ્વપ્ન આવતાં; વિચારતો કે જાણે સાક્ષાત્ ભવાની મને સ્વાધીનતા સ્થાપવાને માટે ઉપદેશ આપે છે. જાણે દેવાલયોની સંખ્યા વધારવાને, બ્રાહ્મણોનું સમ્માન વધારવાને, ગોવત્સાદિનું રક્ષણ કરવાને, ધર્મવિરોધી મુસલમાનને દૂર કરવાને દેવી સાક્ષાત્ ઉત્તેજન આપે છે. અભિમાનથી તલવાર પકડી વીરશ્રેષ્ઠોને મૂઢ બનાવ્યા, કિલ્લા જિતી લીધા. યૌવનમાં પણ એ સ્વપ્ન જોયું છે : હિન્દુ ધર્મનું પ્રાધાન્ય, હિન્દુ નામનું ગૌરવ, હિન્દુ

સ્વાધીનતાનું સંસ્થાપન! એ સ્વપ્નથી દેશમાં વિજય કરી શકયો છું, શત્રુને પરાજય આપી શકયો છું, રાજ્યનો વિસ્તાર વધારી શકયો છું, દેવાલયો સ્થાપન કરી શકયો છું. ક્ષત્રિયરાજ! મારો આ હેતુ શું નિંદ્ય છે? એ સ્વપ્ન શું માત્ર સ્વપ્ન છે? આપ પુત્રને ઉપદેશ આપો."

બહુ દૂરદર્શી ધર્મપરાયણ રાજા જયસિંહ થોડી વાર સ્તબ્ધ રહ્યો, પછી ગમ્ભીર સ્વરે ધીરે ધીરે બોલ્યો: "રાજા, આપના હેતુ જેવો બીજો મોટો હેતુ ભાગ્યેજ હશે, આપનું સ્વપ્ન વાસ્તવિક છે. શિવાજી! આપનો મહાન્ હેતુ મારાથી અજાણ્યો નથી, એ શત્રુની પાસે પણ આપના હેતુની સ્તુતિ કરી છે, પુત્ર રામસિંહને આપનું ઉદાહરણ આપી શિક્ષણ આપું છું, રાજપુતો સ્વાધીનતાનું ગૌરવ હજી યે ભૂલી નથી ગયા, અને શિવાજી! આપનું સ્વપ્ન તે સ્વપ્ન નથી; પહોંચે છે ત્યાં સુધી દૃષ્ટિ કરૂં છું, મનમાં વિચારૂં છું, લાગે છે કે મોગલરાજ્ય હવે રહેવાનું નથી, ગમે એટલા પ્રયત્ન કરશે, પણ તે સકળ વિફળ થશે! મુસલમાનરાજ્ય કલંકપૂર્ણ બની ગયું છે, વિલાસપ્રિયતાથી જર્જરિત બની ગયું છે, હિન્દુઓ પ્રતિ કરેલાં અત્યાચારથી શાપગ્રસ્ત બની ગયું છે, પડતા ઘરની પેઠે હવે ઉભું ટકી શકવાનું નથી, મોડું કે વહેલું એ રાજમહેલ જેવું મોગલરાજ્ય ધૂળમાં ભળવાનું છે, ત્યાર પછી હિન્દુઓ ફરી દેશમાં પ્રાધાન્ય ભોગવશે; મહારાષ્ટ્રીય જીવનના અંકુર ફુટે છે, મહારાષ્ટ્રીય યૌવનતેજમાં, લાગે છે કે, ભારત ડુબી

જશે શિવાજી! આપનું સ્વપ્ન સ્વપ્ન નથી, ભવાનીએ આપને વ્યર્થ ઉત્તેજિત નથી કર્યા.”

ઉત્સાહે, આનન્દે શિવાજીનું શરીર કમ્પી ઉઠયું. તેણે ફરી પ્રશ્ન કર્યો: “અત્યારે આપ જેવા મહાત્મા એ મોગલ-મહેલના એક માત્ર સ્તમ્ભસ્વરૂપે કેમ નભી રહ્યા છે?”

જયસિંહ: “સત્યપાલન એ ક્ષત્રિયધર્મ છે, મેં જે વચન આપ્યું છે તે પાળીશ. પણ અસાધ્યનું સાધન નથી. પડતું ઘર પડવાનું જ!”

શિવાજી: “ઠીક, સત્યપાલન કરો, કપટાચારી ઔરંગ-જેબ પ્રત્યે પણ આપનું ધર્માચરણ દેખી દેવતાઓ પણ વિસ્મિત થશે ને આપને ધન્યવાદ આપશે. પણ મેં ઔરંગજેબને કદાપિ વચન આપ્યું નથી, હું જો બુદ્ધિ-બળથી સ્વદેશની ઉન્નતિ સાધવા પ્રયત્ન કરૂં, ઔરંગજેબને પરાજિત્ કરૂં, તો તે કાર્ય નિન્દનીય છે?”

જયસિંહ: “ક્ષત્રિયરાજ! કપટ તો યોદ્ધાને સર્વદા કલંક જ આપે છે, વિશેષમાં મહાન્ ઉદ્દેશ્ય સાધવામાં કપટ કરવું એ તો વધારે નિન્દનીય છે. મરાઠાઓની ઉન્નતિ કોઇથી અટકાવી શકાય એમ નથી, લાગે છે કે તેઓનું બાહુબળ ધીરે ધીરે વૃદ્ધિ પામશે. પણ શિવાજી, આજ આપ જે શિક્ષણ આપો છો, તે શિક્ષણ કદી ભૂલાશે નહિ. મારા શબ્દોથી માઠું લગાડતા ના; આજ આપ નગર લુંટતાં શીખવો છો, તો કાલે તેઓ ભરત-

ખણ્ડને લુંટશે. આજ આપ કપટથી જયલાભ કરતાં શીખવો છો, તો સમ્મુખયુદ્ધ કદી શીખવાનાજ નથી. જે જાતિ થોડાજ સમયમાં ભારતનું ઐશ્વર્ય પ્રાપ્ત કરનાર છે, તે જાતિના આપ બાલ્યગુરુ છો, ગુરુની પેઠે ધર્મશિક્ષણ આપો. આજ આપ કુશિક્ષણ આપશો, તો સેંકડો વર્ષ સુધી તેનાં કુફળ દષ્ટિએ પડશે. વૃદ્ધ દૂરદર્શી રાજપુતના શબ્દો ગ્રહણ કરો, મરાઠાઓને સમ્મુખરણનું શિક્ષણ આપો, કપટ દૂર કરો. આપ હિન્દુશ્રેષ્ઠ છો, આપના મહાન્ ઉદ્દેશ્યને માટે અનેક ધન્યવાદ આપ્યા છે, આપ ઉન્નતિશિક્ષણ નહિ આપો તો કોણ આપશે? મહારાષ્ટ્રના શિક્ષાગુરુ! સાવધાન! આપના પ્રત્યેક કાર્યનું ફળ બહુ-કાળવ્યાપી, બહુદેશવ્યાપી થનારૂં છે."

આ મહાવાક્યો સાંભળી શિવાજી ક્ષણેક સ્તબ્ધ બની રહ્યો, અન્તે બોલ્યો: "આપ ગુરુના ગુરુ છો, આપનો ઉપદેશ મસ્તકે ચઢાવવા યોગ્ય છે, પણ આજ ઔરંગ-જેબને તાબે થાઉં તો એ શિક્ષણ ક્યારે આપી શકાય?"

જયસિંહ: "જયપરાજયને સ્થિરતા નથી, આજ અમારો જય થયો, તો કાલે તમારો થશે. આજ તમે ઔરંગજેબને તાબે થશો, તો કાલે ઘટનાક્રમે વળી પાછા સ્વતન્ત્ર થશો."

શિવાજી: "જગદીશ્વર કરે ને એમ થાય; પણ જ્યાં સુધી ઔરંગજેબને આપ જેવા સેનાપતિ છે, ત્યાં સુધી

તો સ્વતન્ત્રતાની આશા મિથ્યા છે. ભવાનીએ જાતે હિન્દુ સેનાપતિની સાથે યુદ્ધ કરવાનો નિષેધ કર્યો છે.”

જયસિંહ કંઇક હસીને બોલ્યો: “શરીર ક્ષણભંગુર છે, આ વૃદ્ધ શરીર ક્યાં સુધી પહોંચવાનું છે? પણ જે દિવસો હજી બાકી છે, તે દિવસોમાં તો સત્યપાલન કરીશ જ.”

શિવાજી: “દીર્ઘાયુ હો!”

જયસિંહ: “શિવાજી! હવે મને રજા આપો; મેં ઔરંગજેબના પિતા પાસે કામ કર્યું છે, અત્યારે ઔરંગજેબ પાસે એનું કાર્ય કરૂં છું. જ્યાં સુધી જીવતો રહેશે ત્યાં સુધી દિલ્હીનો આ વૃદ્ધ સૈનિક વિદ્રોહાચરણ આચરશે નહિ. પણ ક્ષત્રિયપ્રવર, નિશ્ચિન્ત રહો, મહારાષ્ટ્રનું ગૌરવ અને હિન્દુનું પ્રાધાન્ય અનિવાર્ય છે! વૃદ્ધનાં વચન ગ્રહણ કરો: મોગલ રાજ્ય હવે રહેવાનું નથી, હિન્દુ તેજ હવે નિવારી શકાશે નહિ, થોડા જ સમયમાં દેશોદેશમાં હિન્દુનું ગૌરવનામ, આપનું ગૌરવનામ ગાજી ઉઠશે!”

શિવાજી અશ્રુપૂર્ણ લોચને જયસિંહને આલિંગન આપી બોલ્યો: “ધર્માત્મા! આપના મુખમાં પુષ્પચન્દન! આપનાં વાકય સફળ થાઓ! આપની સામે યુદ્ધ નહિ કરૂં. મેં આત્મસમર્પણ કર્યું છે, પણ ઘટનાક્રમે ફરી સ્વાધીન થઇ શકીશ, તો ક્ષત્રિયપ્રવર! આપનાં દર્શન કરવા આવીશ ને પિતાને ચરણે બેશી ઉપદેશ સાંભળીશ.”

સત્વર સન્ધિ સાધવામાં આવી. શિવાજીએ મોગલો પાસેથી જે જે કિલ્લાઓ જિતી લીધા હતા, તે સર્વે પાછા આપ્યા. નાશ પામેલા અહમદનગર રાજ્યમાંથી શિવાજીએ જે બત્રીસ કિલ્લાઓ જિતી, લીધા હતા, અથવા નવા બાંધ્યા હતા, તેમાંથી વીસ ઔરંગઝેબને આપ્યા ને બાકીના બાર મોગલોની જાગીરસ્વરૂપે શિવાજી પાસે રહેવા દેવામાં આવ્યા. જે પ્રદેશ તેણે મોગલોને આપ્યો, તેના બદલામાં તેને દિલ્હીશ્વરે વિજાપુર રાજ્યનો કેટલોક પ્રદેશ આપ્યો, ને તેના આઠ વર્ષના પુત્ર શમ્ભાજીને પાંચ હજાર સૈનિકોના મન્સબદારને પદે સ્થાપવામાં આવ્યો.

શિવાજીની સાથે સન્ધિ સ્થપાયા પછી રાજા જયસિંહ વિજાપુરના રાજ્યનો અન્ત આણી તે પ્રદેશ દિલ્હીને આધીન લાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. શિવાજીના પિતાએ વિજાપુરરાજ્ય સાથે સન્ધિ કરાવી હતી, તે સન્ધિ શિવાજીના વિપત્કાળમાં વિજાપુરને સુલતાને તોડી ને તેના પ્રદેશ ઉપર હલ્લો કર્યો. હવે લાગ આવ્યો, એટલે શિવાજીએ જયસિંહનો પક્ષ લીધો ને વિજાપુરના સુલતાન અલી આદિલસાહ સાથે યુદ્ધ આરમ્ભ્યું; પોતાની માઉલીસેના વડે તેના અનેક કિલ્લા જિતી લીધા.

જયસિંહ સાથે શિવાજીનો સદ્ભાવ ઉત્તરોત્તર વધતો

ગયો, એકમેક વચ્ચે અતિશય સ્નેહ બન્ધાયો. બન્ને સર્વદા એકઠા રહેતા, અને યુદ્ધમાં એકમેકને સહાયતા આપતા. શું કહીએ? શિવાજીનો એક તરુણ હવાલદાર હવે તો સર્વદા જયસિંહના એક પુરોહિતને ત્યાં રહેવા લાગ્યો! નામ દેવાની આવશ્યકતા છે?

સરળસ્વભાવ પુરોહિત જનાર્દન ધીરે ધીરે રઘુનાથને પુત્ર સમાન માનવા લાગ્યો. રઘુનાથ પણ અવકાશ મળ્યે એ સરળસ્વભાવ પુરોહિતની પાસે આવતો ને રાજસ્થાનના સમાચાર સાંભળતો, રાજા જયસિંહની કથા સાંભળતો, સ્વદેશની કથા સાંભળતો. કોઇ કોઇ વાર મધ્યરાત્રિ સુધી બેશી યુદ્ધની વાતો કરતો: પર્વતદુર્ગ ઉપર હલ્લો કર્યાનું, શત્રુઓના તમ્બુઓ ઉપર હલ્લો કર્યાનું, જંગલમાં કે પર્વત-શિખર ઉપર પ્રચણ્ડ યુદ્ધ કર્યાનું વર્ણન કરતો. એ સર્વે વાતો કરતાં કરતાં યોદ્ધાની આંખો પ્રજ્વલિત થઇ જતી, સ્વર કમ્પિત થતો ને મુખમણ્ડળ રાતું થઇ જતું.

વૃદ્ધ જનાર્દન વારંવાર યુદ્ધવાર્તા સાંભળતો, પાસેના ઘરમાં બેશી નિઃશબ્દે સરયૂબાળા એ જ્વલન્ત કથાઓ સુણતી, નિઃશબ્દે આંસુ પાડતી, નિઃશબ્દે ભગવાનની પ્રાર્થના કરતી કે તે એ તરુણ યોદ્ધાનું યુદ્ધમાં રક્ષણ કરે. બપોરની વાતો પુરી થતી, ત્યારે સરયૂબાળા ભોજન લાવતી, રઘુનાથ જમતો ત્યાં સુધી સરયૂ નિઃશબ્દે એ દેવમૂર્તિની સામે જોઇ રહેતી ને પોતાનાં નયનને તૃપ્ત કરતી. જો જો કરતી પણ નયન તૃપ્ત થતાં નહિ. ભોજન

પછી યોદ્ધો જો મૃદુસ્વરે વહાય માગતો અથવા એક બે બીજી વાતો કરતો, તો કમ્પિતકલેવર ખિન્ન સરયૂબાળા તેનો ઉત્તર દેઇ શકતી નહિ. લજ્જાથી તેના ગાલ લાલ થતા, આંખોમાં આનન્દ જણાતો; પણ ઘુમટો તાણી સરયૂ સરી જતી, સખી દ્વારા ઉત્તર મોકલાવતી.

પણ ઉત્તરની આવશ્યકતા જ ક્યાં? સરયૂનાં નયનની ભાષા રઘુનાથ સમજી જતો, રઘુનાથનાં નયનની ભાષા સરયૂ સમજી જતી. બન્નેનાં જીવન, પ્રાણ, મન પ્રથમ-પ્રણયની આનન્દલહરીઓમાં ડોલવા લાગ્યાં, બન્નેનાં હૃદય પ્રથમપ્રણયના આંગણામાં નૃત્ય કરવા લાગ્યાં.

થોડા જ દિવસોમાં વિજાપુર તાબાના અનેક કિલ્લા જિતી લેઇ શિવાજીએ અન્તે એક અતિ દુર્ગમ પર્વતદુર્ગ લેવાનો સંકલ્પ કર્યો. કયે સમયે કયા કિલ્લા ઉપર હલ્લો કરવાનો છે, એ સંકલ્પ શિવાજી કદી કોઇને જણાવતો નહિ, પોતાની સેનાને પણ જણાવતો નહિ. દિવસે એ કિલ્લાથી પાંચ સાત ગાઉ દૂર જયસિંહના તમ્બુની પાસે જ શિવાજીનો તમ્બુ હતો; સાયંકાળે એક હજાર માઉલી અને મરાઠા યોદ્ધાઓને તૈયાર થવાને આજ્ઞા કરી. એક પહોર રાત જતાં રુદ્રમણ્ડળના કિલ્લા ઉપર ચઢવાની આજ્ઞા કરી. નિઃશબ્દે એ હજાર યોદ્ધાઓ સાથે કિલ્લા તરફ ચાલ્યો.

રાત્રે નિઃશબ્દે ગઢની તળેટીમાં આવી પહોંચ્યા. સપાટ-ભૂમિ મધ્યે એક પર્વતશિખર છે, તેની ઉપર રુદ્રમણ્ડળ

કિલ્લો છે, પર્વત ઉપર ચઢવાનો માત્ર એક માર્ગ છે, તે આજે યુદ્ધના સમયમાં બન્ધ કરી દીધો છે. બીજી બાજુએથી ચઢવું અતિ કષ્ટસાધ્ય છે, માર્ગ કેવળ જંગલ અને પત્થરથી પરિપૂર્ણ ને વિકટ છે. શિવાજીએ એ કઠોર દુર્ગમ માર્ગે થઇને પર્વત ઉપર ચઢવાની સૈનિકોને આજ્ઞા કરી. તેના માઉલી અને મરાઠા સૈનિકો રાની બિલાડાની પેઠે વૃક્ષ ઉપરથી પત્થર ઉપર ને પત્થર ઉપરથી વૃક્ષ ઉપર એમ કરતા કરતા પર્વત ચઢવા લાગ્યા. કોઇ સ્થાને ઉભા રહી, કોઇ સ્થાને બેશી, કોઈ સ્થાને વૃક્ષની ડાળ પકડી, કોઇ સ્થાને ફલંગ મારી સૈનિકો આગળ ચાલવા લાગ્યા. મરાઠાઓ વિના બીજી કોઇ સેના આ રીતે પર્વત ઉપર ચઢી શકે કે કેમ તે પણ શંકા છે.

અર્ધેક રસ્તે ગયા પછી શિવાજીએ અકસ્માત્ જોયું કે કિલ્લા ઉપર મશાલો સળગવા લાગી છે. ચિન્તાતુર થઇ ક્ષણેક ઉભો રહ્યો, શત્રુઓ શું હલ્લાની વાત જાણી શકયા હશે? નહિ તો કિલ્લા ઉપર મશાલો શાને બળે? પ્રકાશનાં કિરણો નીચે સુધી પડયાં છે, જાણે કિલ્લામાંના સૈનિકો નીચેના શત્રુઓની વાટ જોતા જ બેઠા હોય ને શત્રુઓને અન્ધારામાં આવવું અશકય કરી દેવાને જ મશાલો બાળતા બેઠા હોય ને! શિવાજીએ પોતાના સૈનિકોને ઝાડ અને પત્થરોને અન્તરાળે બહુ સાવધાનતાથી ચઢવાની આજ્ઞા કરી. નિઃશબ્દે મરાઠાઓ પર્વત ઉપર ચઢવા લાગ્યા. જ્યાં મોટાં વૃક્ષ, ઝાડી, પત્થરો હોય, ત્યાં છાતીભેર ચઢી મરાઠાઓ ઉપર ચઢવા

લાગ્યા. કંઇ પણ શબ્દ થતો નથી; અન્ધકારે નિ:શબ્દે શિવાજી પર્વત ઉપર ચઢવા લાગ્યો.

થોડાજ સમયમાં મરાઠાઓ એક મેદાનમાં આવી ઉભા. ઉપરથી ત્યાં પ્રકાશ સ્પષ્ટ રૂપે પડતો હતો. એ સ્થાને થઇને તેઓ જાય તો ઉપરથી દેખાયા વિના રહે નહિ. શિવાજી ફરી ઉભો રહ્યો ને ઝાડની પાછળ ઉભો રહી ચારે બાજુ જોવા લાગ્યો. આગળ સો હાથ સુધી કંઇ વૃક્ષ નથી, પછી વૃક્ષવન છે. એ સો હાથ જવું શી રીતે? બાજુમાં જોયું, કંઇ જવાનો માર્ગ નથી. નીચે જોયું તો બહુ ઉપર સુધી આવી ચુકયા છે; પાછા નીચે જઇ બીજે માર્ગે જવાનો ઉદ્યમ કરે તો પ્રભાત થઇ જાય. શિવાજી ક્ષણેક નિ:શબ્દે ઉભો રહ્યો. પછી બાલ્યમિત્ર વિશ્વાસુ માઉલીયોદ્ધા તાનાજી માલુસરેને બોલાવ્યો. બન્ને વૃક્ષની પાછળ ઉભા રહ્યા ને અતિ મૃદુ સ્વરે વાતચિત કરવા લાગ્યા. ક્ષણેક પછી તાનાજી ચાલ્યો ગયો, શિવાજી તેની વાટ જોતો ત્યાંજ ઉભો, મરાઠા સૈનિકો પણ વાટ જોતા ત્યાંજ ઉભા.

અર્ધા કલાકમાં તાનાજી પાછો આવ્યો. શિવાજીની પાસે આવી મૃદુ સ્વરે કંઇક બોલ્યો. શિવાજી ક્ષણેક વિચાર કરી બોલ્યો: "એમ કરો ત્યારે, બીજો ઉપાય નથી."

વરસાદનું પાણી ઉતરવાથી એ મેદાનમાં એક નદી જેવો લાંબો પ્રવાહનો ખાડો પડી ગયો હતો. બે બાજુએ

ઉંચી ભેખડો આવી રહી હતી ને વચ્ચે ઠેઠ સુધી ખાડો હતો. એ ખાડામાં થઇ છાતીભેર સેના ચાલી જાય તો બે બાજુ ઉંચી ભેખડો હોવાથી શત્રુઓ તેમને દેખી શકે નહિ, માટે એ માર્ગે જવું એવું નક્કી થયું. સમસ્ત સેના ધીરે ધીરે એ ખાડામાં થઈને પર્વત ઉપર ચઢવા લાગી, પત્થરો ઉપર થઇ અન્ધારી રાતે સેના પર્વત ઉપર ચઢવા લાગી. થોડા જ સમયમાં તેઓ સામેના વૃક્ષ-વનમાં જઇ પહોંચ્યા. શિવાજી મનમાં ભવાનીને ધન્યવાદ દેવા લાગ્યો.

અકસ્માત્ શિવાજીની પાસેનો એક સૈનિક પડ્યો. શિવાજીએ જોયું કે તેની છાતીમાં તીર લાગ્યું છે! વળી બીજું એક તીર! વળી ફરી બીજું એક તીર! તીર ઉપર બીજું તીર! અનેક તીર આવી પડ્યાં! શત્રુઓ જાગી ઉઠ્યા છે. શિવાજીની સેના ખાડામાં થઇ ચઢતી હતી, તેવે સમયે શત્રુઓએ તેને જોઇ લીધી ને તે ઉપર તીર ફેંકવા માંડ્યાં.

શિવાજીની સમસ્ત સેના વૃક્ષની પાછળ સંતાઈ ઉભી. તીર આવતાં બન્ધ થયાં, પણ શિવાજી સમજી ગયો કે શત્રુઓ ચેતી ગયા છે. કિલ્લા તરફ જોયું તો અનેક મશાલો સળગે છે, પહેરેગીરો આમતેમ ફરે છે. આ વખતે તેઓ કિલ્લાથી માત્ર પચાસ હાથને છેટે હતા. જોયું કે શત્રુઓ સાવધાન બની ગયા છે. ભીષણ યુદ્ધ વિના હવે કિલ્લો હાથ આવવાનો નથી.

શિવાજીના ચિરસહચર તાનાજીએ આ સમસ્ત જોયું, ધીરે ધીરે બોલ્યો: "મહારાજ, હજી યે ઉતરી જવાનો સમય છે, આજ કિલ્લો નહિ લેવાય તો કાલે લેઇશું, પણ આજે જ પ્રયત્ન કરવાથી સર્વ સેના નાશ પામશે એમ લાગે છે." શિવાજી ગમ્ભીર સ્વરે બોલ્યો: "જયસિંહને જે વચન આપ્યું છે તે પાળીશ; આજ કિલ્લો લેઇશ કે યુદ્ધમાં પ્રાણ તજીશ."

શિવાજી ઝાડોને ઓથે ઓથે આગળ ચાલવા લાગ્યો. શત્રુઓને ભમાવવા સો સૈનિકોને કિલ્લાની બીજી બાજુ મોકલ્યા ને ત્યાં કોલાહલ કરવાની આજ્ઞા કરી. થોડા જ સમયમાં કિલ્લાની બીજી બાજુએ બંદુકોનો શબ્દ સમ્ભળાયો. એ દિશાએ થઇને શિવાજીએ કિલ્લા ઉપર હલ્લો કર્યો છે, એમ સ્માની કિલ્લામાંની સેના તે દિશાએ દોડી. આ બાજુની બધી મશાલો પણ તે સાથે સામી બાજુએ ચાલી ગઇ. શિવાજી બોલ્યો: "મરાઠાબંધુઓ, અનેક યુદ્ધોમાં તમે પરાક્રમ દેખાડી શક્યા છો, શિવાજીનું નામ રાખી શક્યા છો, આજ ફરી એક વાર એ પરાક્રમ દેખાડો. તાનાજી, બાલ્યકાલની મિત્રતાનો આજ પરિચય આપો."

પ્રભુવાક્યથી સર્વનાં હૃદય સાહસથી પરિપૂર્ણ બની ગયાં. ગમ્ભીર અન્ધકારમાં નિઃશબ્દે તેઓ આગળ ચાલ્યા. તુરત જ કિલ્લા પાસે આવી પહોંચ્યા. મધ્યરાત વીતી ગઇ છે, આકાશમાં પ્રકાશ નથી, જગતમાં શબ્દ નથી, કેવળ રહી રહીને રાત્રિવાયુ એ પર્વતવૃક્ષમાં મર્મરશબ્દ ઉઠાવે છે.

રુદ્રમણ્ડળના કિલ્લાથી શિવાજી વીશ હાથ દૂર હતો એટલામાં જોયું કે એક પહેરેગીર કિલ્લા ઉપર પહેરો દે છે. વૃક્ષોની અન્દર શબ્દ થતો સાંભળીને પહેરેગીર તે દિશામાં આવ્યો. એક માઉલીએ તેના ઉપર તીર તાકયું, હતભાગ્ય પહેરેગીરનું મૃત શરીર કિલ્લા ઉપરથી ઉથલીને નીચે પડયું.

આ શબ્દો સાંભળીને બીજો એક સૈનિક ત્યાં આવ્યો, ફરી બીજો એક, બે જણ, ચાર જણ, દશ જણ, સો જણ, બસો ત્રણસો જણ એકઠા થઇ ગયા. શિવાજીએ રોષે હોઠ પર દાંત પીસ્યા. હવે સન્તાઇ રહેવાય એમ નહોતું, સેનાને આગળ ચાલવાની આજ્ઞા કરી.

તત્ક્ષણ મરાઠાઓએ 'હર હર મહાદેવ!' યુદ્ધનાદે ગગન ગજાવી મુકયું. એક દળ કિલ્લો ઓળંગવા દોડયું, બીજું દળ વૃક્ષોમાંજ રહીને કિલ્લા ઉપરના મુસલમાનો ઉપર તીર ફેંકવા લાગ્યું. મુસલમાનોએ પણ શત્રુથી ના ડરતાં 'અલ્લાહો અકબર!' શબ્દે ધરણી ને આકાશ ગજાવ્યાં. કોઇ કોઇ કિલ્લા ઉપરથી તીર ફેંકવા લાગ્યા, કોઇ કોઇ તો કિલ્લા ઉપરથી ઉત્સાહભર્યા ઉતરી પડયા ને સન્તાઇ રહેલા મરાઠાઓ ઉપર તુટી પડયા.

તુરત કિલ્લા પાસે ને વૃક્ષોની અન્દર યુદ્ધ આરમ્ભાયું. કિલ્લા નીચેના મુસલમાનો ભાલાઓથી મરાઠાઓને પાડવા લાગ્યા, તેઓ પણ મુસલમાનોનો સંહાર કરવા લાગ્યા.

કિલ્લાની પાસે મુડદાંના ઢગ થવા લાગ્યા. યોદ્ધાઓ એ ઢગ ઉપર ઉભા રહી તલવાર અને ભાલાથી શત્રુઓનો સંહાર કરવા લાગ્યા. સેંકડો મુસલમાનો ઝાડોની અન્દર સુધી પહોંચી ગયા છે, હવે શિવાજીના માઉલીઓ એકદમ વાઘની પેઠે મુસલમાનો ઉપર તુટી પડ્યા. પ્રબલપ્રતાપ અફગાનો પણ યુદ્ધમાં નબળા નહોતા. પર્વત ઉપરથી રુધિર વહેવા લાગ્યું. વૃક્ષ પાછળથી, ઝાડીમાંથી, પત્થર ઉપરથી સેંકડો મરાઠાઓનાં સફળ તીર આવી મુસલમાનોને ચોંટવા લાગ્યાં. તીરના વર્ષાદથી મુસલમાનોની સંખ્યા ઘટવા લાગી.

અકસ્માત એ સર્વ નાદને ડુબાવી 'શિવાજીકી જય' એવો વજ્રનાદ કિલ્લાની અંદરથી થયો, ક્ષણ વાર સર્વે એ દિશામાં જોવા લાગ્યા. જોયું તો શત્રુસેનાને ભેદી લોહીથી ખરડાએલા ભાલાને ટેકે એક રાજપુત યોદ્ધો છલંગ મારી રુદ્રમણ્ડળના કિલ્લા ઉપર ચઢી ગયો છે, ત્યાં પઠાણોની પતાકાને લાત મારી પાડી નાખી છે, પતાકા પંકડનાર પહેરેગીરને તલવારના ઘાથી ભોંયે પાડ્યો છે, કિલ્લા ઉપર ઉભો રહી વજ્રનાદે 'શિવાજીકી જય' બોલાવે છે! એ યોદ્ધો તે રઘુનાથજી હવાલદાર!

હિન્દુમુસલમાન સર્વે ક્ષણવાર યુદ્ધ કરતા થમ્ભી ગયા ને તારાને પ્રકાશે વિસ્મયભર્યે લોચને એ દીર્ઘમૂર્તિ તરફ દૃષ્ટિ કરવા લાગ્યા. યોદ્ધાની લોઢાની ટોપી તારાના પ્રકાશથી ચકચક ચળકે છે, હાથ લોહીથી ખરડાએલા છે.

વિશાળ છાતી ઉપર એક બે તીર ચોંટેલાં છે. હાથમાં લોહીથી ખરડાએલો લાંબો ભાલો છે, ઉજળાં નયન ઉપર કાળા લાંબા કેશ ફરી વળ્યા છે. નૌકા પાસેથી સમુદ્ર-તરંગ ભાગી જાય તેમ ક્ષણ વાર શત્રુઓ યોદ્ધા પાસેથી દૂર ખશી ગયા, ક્ષણ વાર એમ જણાયું કે જાણે કોઇ રણદેવ પોતે હાથમાં લાંબો ભાલો લેઈ આકાશમાંથી કિલ્લા ઉપર ઉતરી આવ્યો છે!

ક્ષણવાર સર્વે સ્તબ્ધ બની ગયા. પછી શત્રુઓ કિલ્લા ઉપર ચઢે છે એમ જોઇને અફઘાનો ચારે દિશામાંથી વેગે દોડી આવ્યા. રઘુનાથની ચારે બાજુમાં વાદળની પેઠે શત્રુઓ આવીને ખડકાયા. રઘુનાથ તલવાર ને ભાલો વાપરવામાં કુશળ છે, પણ સેંકડો શત્રુઓની સાથે એકનું યુદ્ધ અશકય છે, આજે રઘુનાથનું જીવન સંશયપૂર્ણ છે.

પણ માઉલીઓ રઘુનાથનું પરાક્રમ દેખી ઉત્સાહપૂર્ણ બની ગયા ને કિલ્લા તરફ દોડયા. વાઘની પેઠે છલંગો મારી કિલ્લા ઉપર ચઢી ગયા ને રઘુનાથને વીંટી વળી યુદ્ધ કરવા લાગ્યા. દશ, પચાસ, બસો, ત્રણસો જણ કિલ્લા ઉપર ચઢી આવ્યા, ને કટાર તથા તલવારથી પઠાણોનો સંહાર કરવા લાગ્યા. પઠાણોને મારી માર્ગ ખુલ્લો કર્યો ને કિલ્લાને મહાનાદે પુરી કાઢયો. સેંકડો મરાઠાઓની સાથે બસો ત્રણસો પઠાણોને યુદ્ધ કરવું અશકય થઇ પડયું, તેઓ મરાઠાઓને અટકાવી શકયા નહિ.

પછી શિવાજી ને તાનાજી કિલ્લા ઉપરથી કુદી અન્દર દોડયા. સેનાએ જોયું કે હવે અહીં યુદ્ધ કરવાનું કારણ નથી, સર્વે પ્રભુની પાછળ પાછળ કિલ્લાની અન્દર દોડયા.

શિવાજી વિજળીની ગતિથી કિલ્લેદારના મહેલ આગળ આવી ખડો થયો. એ મહેલ અતિશય દૃઢ અને સુરક્ષિત હતો. શિવાજીની આજ્ઞાથી મરાઠાઓએ એ મહેલને ઘેરી લીધો, અને બહારના પહેરેગીરોનો નાશ કર્યો. પછી શિવાજીએ વજ્રનાદે કિલ્લેદારને કહ્યું: "દરવાજા ખોલો, નહિ તો મહેલ બળી ભસ્મ થશે." નિર્ભય પઠાણે ઉત્તર આપ્યો: "અગ્નિથી બળી જઈશું તે હા, પણ કાફરોને માટે દરવાજા ખુલશે નહિ."

તત્ક્ષણ મરાઠાઓ બળતી મશાલો લાવ્યા ને મહેલને જ્યાંથી ત્યાંથી સળગાવવા લાગ્યા. ઉપરથી કિલ્લેદારે અને તેના રક્ષકોએ ધનુર્બાણ સંભાળ્યાં, અનેક મરાઠાઓ હાથમાં મશાલ લેઇને પઠાણોના બાણથી ધરણીને ખોળે સુતા, પણ મહેલ તો સળગાવ્યો જ.

પહેલાં બારીઓજાળીઓ સળગી ને પછી તો એ વિશાળ મહેલ ચારે બાજુથી સળગી ઉઠયો. ભયંકર નાદે અગ્નિનો પ્રચણ્ડ પ્રકાશ ગગન સુધી પહોંચ્યો, રજનીના અન્ધકારને દૂર કર્યો. પ્રકાશથી બહુ દૂર સુધીના પર્વતો ને ખીણો દેખાવા લાગી, અને એ પણ સ્પષ્ટ રીતે દેખાયું કે શિવાજીની દુર્દમનીય સેનાએ મુસલમાનનો કિલ્લો અન્તે લીધો છે.

વીરથી જેટલું બને તેટલું પઠાણ કિલ્લેદાર રહેમતખાંએ કર્યું, હવે વીરની પેઠે મરવાનું જ બાકી રહ્યું છે. રહેમતખાં અને તેના સંગીઓ છાપરા ઉપર થઈને એક બાજુ ઉતરી પડયા ને મરાઠાઓ ઉપર તલવાર ચલાવવા લાગ્યા, છેવટની તલવારોએ બહુ મરાઠાઓને પાડયા.

મરાઠાઓએ મુસલમાનોને ઘેરી લીધા, ને એકેએકે પાડવા માંડયા. એક, બે, દશ મરાયા. રહેમતખાં ઘવાયો, તોપણ સિંહની પેઠે યુદ્ધ કરવા લાગ્યો. મરાઠાઓએ તેને ઘેરી લીધો. ચારે બાજુથી તલવારો ઉછળવા લાગી, હવે તેને જીવવાની આશા નથી. એવે સમયે ઉચ્ચ સ્વરે શિવાજીની આજ્ઞા સંભળાઇ: "કિલ્લેદારને કેદ પકડો, વીરનો પ્રાણસંહાર કરતા ના." ઘવાએલા પઠાણ વીરના હાથમાંથી મરાઠાઓએ તલવાર પકડી લીધી, તેના હાથ બાંધી તેને કેદ કરી લીધો.

મરાઠાઓ મહેલ હોલવવા લાગ્યા, એવામાં શિવાજીએ જોયું કે ગઢની બાજુએથી મેઘની પેઠે પાંચસો અફઘાનો કિલ્લા ઉપર ચઢી આવે છે. શિવાજીએ કિલ્લા ઉપર હલ્લો કરતી વખતે જે સો મરાઠાઓને બીજી બાજુએ મોકલ્યા હતા, તેઓએ તે બાજુ જઇ કોલાહલ કર્યો, તેથી કિલ્લાની ઘણી સેના તે બાજુએ ગઇ હતી. ચતુર મરાઠાઓ, ઝાડોને ઓથે રહી થોડી વાર યુદ્ધ કર્યાં પછી, એકે એકે પલાયન કરી જવા લાગ્યા. આથી મુસલમાનો ઉત્સાહિત થઇ તેમની પાછળ પડયા. બીજી બાજુએ તો શિવાજીએ બાકીની

સેનાને મારી કિલ્લા હાથ કર્યો હતો, પેલા પઠાણોને આ વાતની તો ખબર પણ નહોતી.

મહેલ બળ્યો ને તેના ભડકાએ પર્વત, ખીણ ને વૃક્ષોને પ્રકાશિત કર્યાં, ત્યારે પેલા પઠાણોનો ભ્રમ ભાગ્યો. તેઓએ કિલ્લા ઉપર ચઢી શત્રુઓનો નાશ કરવાનો સંકલ્પ કર્યો. શિવાજીએ થોડા સૈનિકોને મારી કિલ્લો હાથ કરી લીધો હતો, પણ હવે તો પાંચસો યોદ્ધાઓ ઉતાવળે વેગે કિલ્લા ઉપર ચઢી આવે છે, એવું જોઇને શિવાજીનું મ્હોં ગમ્ભીર બની ગયું.

તીક્ષ્ણ દૃષ્ટિથી શિવાજી જોઇ શકયો કે આખા કિલ્લામાં કિલ્લેદારનો મહેલ જ સર્વથી દૃઢ છે. તેને ચારે બાજુએ પત્થરની ભીંત હતી, ને તેને અગ્નિથી કંઇ નુકસાન થયું નહોતું. મહેલની બારીઓજાળીઓ બળી ગઇ છે ને કોઇ સ્થળેથી મકાન પડી ગયું છે, તથાપિ શિવાજીની તીક્ષ્ણ દૃષ્ટિ જોઇ શકી કે મોટી સેનાની સામે યુદ્ધ કરવાને આ સિવાય બીજું કોઈ વધારે ઉત્કૃષ્ટ સ્થાન કિલ્લામાં છે જ નહિ.

નિશ્ચય તુરત જ કરી નાખવામાં આવ્યો. તાનાજી અને બસો મરાઠાઓને મહેલમાં ગોઠવી દેવામાં આવ્યા. ભીંતની બાજુમાં તીરન્દાજ રાખ્યા, દરવાજાઓ અને બારીઓમાં તીરન્દાજ ગોઠવી દીધા, અગાશી ને છાપરા ઉપર ભાલા વાળા યોદ્ધાઓને મુકયા. કોઈ સ્થળેથી પત્થર ખસેડાવ્યા, કોઇ સ્થળે ખડકાવ્યા. પળવારમાં બધું તૈયાર

કરી નાખ્યું. પછી હાસ્ય કરીને શિવાજીએ તાનાજીને કહ્યુ: "તાનાજી, શત્રુઓ જો આ મહેલને ઘેરશે, તો તમે રક્ષણ કરી શકશો, પણ શત્રુઓ આ સ્થાને આવી શકે તે પહેલાંજ તમને ભગાડવા જોઇએ. તેઓ હજી તો પર્વત ઉપર ચઢે છે, હાલજ તેમના ઉપર હલ્લો કરવો યોગ્ય છે. તાનાજી, બસો યોદ્ધાઓને લેઇ તમે અહીં રહો, હું તે ઉદ્યમ કરી જોઉં."

તાનાજી: "તાનાજી અહીં રહેવાનો નહિ. એક પણ મરાઠો અહીં નહિ રહે. ક્ષત્રિયરાજ, આપ આ મહેલનું રક્ષણ કરો ને બીજી પણ જે વ્યવસ્થા કરવી ઘટે તે કરો. આવતા શત્રુઓને ભગાડવા આપના સેવકો યોગ્ય નથી?"

શિવાજી કંઈક હાસ્ય કરીને બોલ્યો: "તમારૂં કહેવું ઠીક છે, સામે શત્રુઓને દેખી મને યુદ્ધ કરવાનું મન થઇ ગયું હતું; પણ તમારો ઉપદેશ ઉત્કૃષ્ટ છે, આ સ્થાને રહેવું એ જ મારૂં કર્ત્તવ્ય છે. માત્ર બસેં યોદ્ધાઓને લેઇને અન્ધારામાં મુસલમાનોને એકદમ ઘેરી પરાજય આપે એવો કોઇ આપણા હવાલદારમાં છે?"

પાંચ, સાત, દશ હવાલદાર ઉભા થયા ને યુદ્ધે ચઢવાને સર્વેએ કોલાહલ મચાવી દીધો. રઘુનાથ એક બાજુએ ઉભો રહ્યો, કંઇ બોલ્યો નહિ; માત્ર જમીન તરફ જોઇ ઉભો રહ્યો.

શિવાજી સર્વે તરફ જોઇ રહ્યો, અન્તે રઘુનાથ તરફ

જોઇ બોલ્યો: "હવાલદાર, આ હવાલદારોમાં તમે સર્વેથી નાના છો, પણ એ બાહુમાં તમે અસુરવીર્ય ધારણ કરો છો, આજ તમારૂં પરાક્રમ જોઇ સન્તુષ્ટ થયો છું. રઘુનાથ, તમે જ આજ દુર્ગવિજયનો આરમ્ભ કર્યો છે, ત્યારે તમે જ તે પરિપૂર્ણ કરો."

રઘુનાથે જમીન સુધી શિર નમાવ્યું ને બસો યોદ્ધાઓ સાથે ક્ષણમાત્રમાં દૃષ્ટિ બહાર નિકળી ગયો. શિવાજી તાનાજી તરફ જોઇ બોલ્યો: "એ હવાલદાર રાજપુત વંશનો છે, એના મુખમણ્ડળ ને આચરણ ઉપરથી જણાય છે કે તેનો જન્મ કોઇ ઉન્નત વીરવંશમાં થયો લાગે છે, પણ હવાલદાર કદી પોતાના વંશ સમ્બન્ધે વાત કરતો નથી; પોતાના અસાધારણ સાહસ સમ્બન્ધે પણ કદી કોઇ ગર્વશબ્દો બોલતો નથી. એક દિવસે પુનામાં તેણે મારો પ્રાણ બચાવ્યો હતો, આજે કિલ્લો લેવામાં પણ એણે પહેલ કરી છે. આજ સુધી આપણે એને કંઈ શિરપાવ આપ્યો નથી, કાલે રાજસભામાં રાજા જયસિંહની સમક્ષ એને ઉચિત શિરપાવ આપીશું."

રઘુનાથજીએ જે કાર્ય કરવાની પ્રતિજ્ઞા કરી હતી, તે કાર્ય પાર ઉતાર્યું. અફઘાનો હજી પણ પર્વત ઉપર ચઢતા હતા, એવે સમયે મરાઠાઓ કિલ્લા ઉપરથી ભાલા લેઇને ઉતરી પડ્યા ને 'હર હર મહાદેવ'નો ભીષણ નાદ કરી યુદ્ધ માટે તૈયાર બની ગયા. યુદ્ધ તો થયું જ નહિ. કિલ્લા ઉપરની મશાલોના પ્રકાશથી મુસલમાનોએ જોયું કે

શત્રુઓ અસંખ્ય છે ને ફરી કિલ્લો હાથ કરવો અશક્ય છે. તેથી તેઓ પર્વત ઉપરથી ઉતરી પલાયન કરી જવા લાગ્યા. માઉલીઓ પાછળ પડ્યા, ને અનેક મુસલમાનોને ગબડાવ્યા.

રઘુનાથે ઉચ્ચ સ્વરે આજ્ઞા કરી: "નાસતાને મારો ના, શિવાજીની આજ્ઞાનું પાલન કરો." યુદ્ધ પુરૂં થયું. અફ્ઘાનો પર્વત ઉતરી નાઠા.

રઘુનાનજીએ કિલ્લા ઉપર સ્થાને સ્થાને પહેરેગીરો મુકી દીધા. સર્વે ઘર, સર્વે સ્થાન હાથ કરી, તેના રક્ષણની પૂર્ણ વ્યવસ્થા કરી રઘુનાથજીએ શિવાજી પાસે જઈને શિર નમાવ્યું ને સમસ્ત સમાચાર નિવેદન કર્યાં.

જ્યારે ઉષાનો રાતો પ્રકાશ પૂર્વ દિશામાં દેખાયો, પ્રાતઃકાળનો સુન્દર શીતળ વાયુ મસ્તકને શીતળ કરવા લાગ્યો, ત્યારે સર્વ કિલ્લો શબ્દશૂન્ય, સ્તબ્ધ બની ગયો હતો; જાણે એ સુન્દર શાન્ત વૃક્ષપૂર્ણ પર્વતશિખર કોઈ ઋષિનો આશ્રમ હોય, જાણે યુદ્ધનો પૈશાચિક શબ્દ કદી પણ એ સ્થાને થયો જ ના હોય, એવું શાન્ત બની ગયું હતું.

૧૬

વિજેતાને શિરપાવ

બીજે દિવસે સાંજે મોટી સભા ભરાઇ. ચાંદીના ચાર સ્થમ્ભ ઉપર એક લાલ રંગનો ચન્દરવો બાંધ્યો છે, જમીન ઉપર લાલ રંગનું વસ્ત્ર પાથર્યું છે, તે ઉપર રાજગાદી છે ને તે ગાદી ઉપર રાજા જયસિંહ ને રાજા શિવાજી બેઠા છે. ચારે બાજુએ સૈનિકો બન્દુક લેઇને હારબન્ધ ઉભા છે. બન્દુકની નળીઓ ઉપર બાંધેલાં લાલ રંગનાં નિશાન સાંજના વાયુમાં ફરફર ઉડે છે. ચારે બાજુએથી સેંકડો લોકો દિલ્લીશ્વરના, જયસિંહના ને શિવાજીના જયનાદ પોકારે છે.

જયસિંહે સહાસ્ય વદને શિવાજીને કહ્યું : "આપે દિલ્લીશ્વરનો પક્ષ લીધો છે, ત્યારથી તેમના જમણા હાથ સ્વરૂપ બન્યા છો, દિલ્લીશ્વર એ ઉપકાર કદી ભૂલી શકશે નહિ. આપના સર્વ પ્રયત્નો સફળ નિવડયા છે."

શિવાજી : "જ્યાં જયસિંહ છે, ત્યાં જય નિશ્ચય છે."

જયસિંહ : "હવે તો લાગે છે કે આપણે સત્વર વિજાપુર લેઇ શકીશું, એક રાતમાં જ આપ આ કિલ્લો લેઇ શકશો એવું તો મેં સ્વપ્ને પણ ધારેલું નહિ."

શિવાજી : "કિલ્લો જીતવાનું શિક્ષણ તો બાલ્યા-

વસ્થાથી જ મળેલું છે, તોપણ જેટલી સહેલાઇથી આ કિલ્લો લેવા ધારેલું, તેટલી સહેલાઇથી લેઇ શકાયો નહિ.”

જયસિંહ: “કેમ?”

શિવાજી: “મુસલમાનો ઉંઘતા હશે એમ ધારેલું, પણ તે તો જાગતા ને સજ્જ થએલા હતા. કિલ્લો લેતા પહેલાં આટલી સેના કદી મરાએલી નહિ.”

જયસિંહ: “આ યુદ્ધકાળ હોવાથી શત્રુઓ રાત્રે પણ સર્વદા સજ્જ રહે છે.”

શિવાજી: “ખરૂં, પણ આટલા કિલ્લા મેં લીધા, પણ સેના આવી સજ્જ કદી થઇ રહેલી નહિ.”

જયસિંહ: “અનુભવથી ધીરે ધીરે તેઓ સાવધાન રહેતાં શીખે છે; પણ સાવધાન હો કે અનવધાન હો, રાજા શિવાજીની ગતિ રોકવી અશક્ય છે, રાજા શિવાજીનો જય અનિવાર્ય છે.”

શિવાજી: “મહારાજની કૃપાથી કિલ્લો લેવાયો છે, પણ ગઇ રાત્રે જે સૈનિકો માર્યા ગયા છે, તેની ખોટ પુરી શકાય એમ નથી. હજાર યોદ્ધાઓ લીધા હતા, તેમાંના બસેં ત્રણસેંને તો આ ભવમાં દેખી શકવાનો નથી, એવા દૃઢપ્રતિજ્ઞ વિશ્વાસપાત્ર યોદ્ધાઓ હવે ફરી મળવાના નથી.”

શિવાજી શોકાતુર બની ગયો, પછી કેદીઓને લાવવાની આજ્ઞા કરી.

રહેમતખાં અને તેના એક હજાર સૈનિકો કિલ્લાની રક્ષા કરતા હતા, ગઇ કાલના યુદ્ધમાં માત્ર એકસો સૈનિકો કેદ થયા હતા, બાકીના માર્યા ગયા હતા કે પલાયન કરી ગયા હતા. કેદીઓના હાથ પાછળથી બાંધી લેવામાં આવ્યા હતા, તેઓ સભા સંમ્મુખ આવ્યા.

શિવાજીએ આજ્ઞા કરી: "સર્વના હાથ છોડી નાખો. અફઘાન યોદ્ધાઓ, તમે વીરનું નામ રાખ્યું છે, તમારાં આચરણથી હું સંતુષ્ટ થયો છું. હવે તમે સ્વતંત્ર છો, ઇચ્છા હોય તો દિલ્લીશ્વરની સેનામાં દાખલ થઇ જાઓ, નહિ તો તમારા પ્રભુ વિજાપુરના સુલતાન પાસે ચાલ્યા જાઓ, મારી આજ્ઞાથી તમારો કોઇ વાંકો વાળ નહિ કરે."

શિવાજીના આ સદાચરણથી કોઇ વિસ્મિત થયું નહિ. સર્વે યુદ્ધમાં, સર્વે કિલ્લા જિતી લીધા પછી તે વિજિતો ઉપર સદા આવી જ દયા કરતો, તેના બન્ધુઓ કદી કદી આ માટે તેના ઉપર દોષ મુકતા, પણ શિવાજી તેને ગણકારતો નહિ. શિવાજીના સદાચરણથી સન્તુષ્ટ થઇ અનેક અફઘાનો દિલ્લીશ્વરની સેનામાં દાખલ થયા.

પછી શિવાજીએ કિલ્લેદાર રહેમતખાંને લાવવાનો હુકમ કર્યો. તેના હાથ પણ પાછળથી બાંધેલા છે, તેના લલાટમાં તલવારનો ઘા છે, હાથ ઉપર તીરનો ઘા છે. વીર

અભિમાને સભા સમ્મુખ ઉભો, અભિમાને શિવાજી તરફ જોઇ રહ્યો.

શિવાજી એ વીરશ્રેષ્ઠને જોઇ પોતે ઉભો થયો ને તલવારથી તેના બન્ધ કાપી નાખ્યા, પછી ધીરે ધીરે બોલ્યો: "વીરવર! યુદ્ધના નિયમ પ્રમાણે આપના હાથ બાંધવામાં આવ્યા હતા, આપ એક રાત કેદી રહ્યા, મારો દોષ ક્ષમા કરો. આપ હવે સ્વતંત્ર છો.. જયપરાજય તો ભાગ્યમાં લખ્યા પ્રમાણે મળે છે, પણ આપના જેવા યોદ્ધાની સાથે યુદ્ધ કરવાનો પ્રસંગ મળ્યાથી હું સમ્માનિત થયો છું."

રહેમતખાંએ પ્રાણદણ્ડની આશા રાખી હતી, તેથી તેનાં ગર્વિત સ્થિર નયન કેવળ અકમ્પિત રહ્યાં હતાં, પણ શિવાજીની આ અસાધારણ સાધુતા જોઇ તેનું હૃદય પીગળી ગયું. યુદ્ધ સમયે રહેમતખાં કદી કાયરતા દેખાડે એવું શત્રુઓ પણ માની શકતા નહિ, પણ આજ શિવાજીની સાધુતાથી તેની આંખમાંથી આંસુ નિકળી પડયાં. તે ધીરે ધીરે બોલ્યો: "ક્ષત્રિયરાજ! ગઇ રાત્રે આપના બાહુબળથી પરાજય પામ્યો છું, આજ આપની સાધુતાબળથી એથી પણ વિશેષ પરાજય પામ્યો છું! જે હિન્દુમુસલમાનનો અધીશ્વર છે, બાદશાહોનો બાદશાહ છે, જમીન અને આસમાનનો સુલતાન છે, તેણે તમારી આ સાધુતાને માટે જ તમારામાં રાજ્ય વિસ્તારવાનું બળ મુકયું છે."

જયસિંહ: "પઠાણ સેનાપતિ! આપના ઉચ્ચ પદની

યોગ્યતા આપે સાબિત કરી આપી છે. દિલ્લીશ્વરને આપના જેવો સેનાપતિ મળે તો આથી પણ ઉચ્ચ પદના અધિકારી બનાવે, એમાં સંદેહ નહિ. દિલ્લીશ્વરને હું લખું કે આપના જેવો વીરશ્રેષ્ઠ મોગલસેનામાં સેનાપતિ બનવાની સમ્મતિ આપે છે?"

રહેમતખાં: "મહારાજ! આપના પ્રસ્તાવથી હું અત્યંત સમ્માનિત થયો છું, પણ આજ સુધી જેનું લુણ ખાધું છે તેને ત્યજી શકતો નથી. આ હાથ જેટલા દિવસ તલવાર પકડી શકશે, તેટલા દિવસ વિજાપુરને માટેજ પકડી શકશે."

શિવાજી: "ભલે, એમ થાઓ. આપ આજ રાત્રે વિશ્રામ્ કરો, કાલે પ્રભાતે મારા સૈનિકો તમને નિર્વિંઘ્ને વિજાપુર સુધી મુકી આવશે."

રહેમતખાં: "ક્ષત્રિયપ્રવર! આપે મારા પતિ જે ભદ્રાચરણ આચર્યું છે, તેના બદલામાં હું પણ તેવુંજ આચરણ આચરીશ, આપની પાસે કશું ગુપ્ત રાખીશ નહિ. આપની સેનામાં જરા સૂક્ષ્મ તપાસ કરી જોશો, બધાજ પ્રભુભક્ત નથી. કાલે આપે હલ્લો કર્યો તે પહેલેથી મને તે સમાચાર મળી ગયા હતા ને તેથીજ હું સજ્જ બની શક્યો હતો. એ સમાચાર આપનાર આપનોજ એક સૈનિક છે, એથી વધારે કહી શકીશ નહિ; આપ્યું વચન તોડીશ નહિ."

એમ બોલી રહેમતખાં ધીરે ધીરે પહેરેગીરો સાથે મહેલ તરફ ચાલતો થયો. રોષે શિવાજીનું મુખમણ્ડળ એકવારે કાળું થઇ ગયું, નયનમાંથી અગ્નિ ઝરવા લાગ્યો, શરીર કમ્પવા લાગ્યું. તેના બન્ધુઓ જાણી શકયા કે હવે સમજાવવાનો યત્ન વૃથા છે, તેના સૈનિકો જાણી શકયા કે આજ કંઇક ઉત્પાત થવાનોજ.

શિવાજીને આવી અવસ્થામાં જોઇ જયસિંહે કંઇક શાન્ત કર્યો, પછી સેના તરફ જોઈ બોલ્યો: "આ કિલ્લા ઉપર હલ્લો કરવાનો છે, એ તમે કયારે જાણેલું?"

સૈનિકો બોલ્યા: "એક પહોર રાત જતાં."

જયસિંહ: "તે પહેલાં એ વાત કોઇ જાણતું નહોતું?"

સૈનિકો: "રાત્રે કોઇ કિલ્લા ઉપર હલ્લો કરવાનો છે એ તો જાણતા હતા, આજ કિલ્લા ઉપર હલ્લો કરવાનો છે એ જાણતા નહોતા."

જયસિંહ: "કઇ વખતે તમે કિલ્લે પહોંચ્યા?"

સૈનિકો: "આશરે દોઢ પહોર રાત જતાં."

જયસિંહ: "ઠીક, એક પહોરથી દોઢ પહોર સુધીમાં તમે બધા એકત્ર જ હતા? કોઇ ગેરહાજર હતો? હોય તો કહી દો. એક જણના દોષથી હજાર જણને ગ્લાનિ

થાય એ અનુચિત છે, તમે દેશોદેશ ને ગામોગામ રાજા શિવાજીની પાસે રહી યુદ્ધ કર્યું છે, રાજા તમારા ઉપર વિશ્વાસ મુકે છે, તમને એવા પ્રભુ કદાપિ મળવાના નથી. તમે વિશ્વાસને યોગ્ય છો એવું પ્રમાણ બતાવી આપો. તમારામાં કોઇ વિદ્રોહી હોય તો તેને પકડી આપો. જો તે ગઇ કાલના યુદ્ધમાં મરાયો હોય તો તેનું નામ દો, વ્યર્થ સન્દેહથી શા માટે બધા કલંકિત બનો છો?"

સૈનિકો ગઇ કાલની વાત યાદ કરવા લાગ્યા, પરસ્પર વાતો કરવા લાગ્યા. શિવાજીનો ક્રોધ કંઇક શાન્ત થયો, તે બોલ્યો: "મહારાજ! આજે જો એ કપટી યોદ્ધાને પકડી આપો, તો હું તમારો સદાકાળનો ઋણી રહીશ."

ચન્દ્રરાવ નામે એક જમાદાર આગળ આવી બોલ્યો: "મહારાજ, કાલે પહોર રાત જતાં જ્યારે યુદ્ધયાત્રા કરવા માંડી, ત્યારે મારા તાબાનો એક હવાલદાર તપાસ કરતાં પણ જડતો નહોતો, જ્યારે આપણે કિલ્લે પહોંચ્યા, ત્યારે તે આવી મળ્યો હતો."

શિવાજી: "કયો એ હવાલદાર? હજી યે જીવતો છે?"

વિદ્રોહીનું નામ સાંભળવા સર્વ ઉત્સુક બની ગયા, શિવાજીના નિશ્વાસનો શબ્દ સ્પષ્ટ સમ્ભળાય છે, સભાસ્થાનમાં એક સોય પડે તોપણ તેનો શબ્દ સમ્ભળાય એવું સર્વ સ્તબ્ધ બની ગયું. એ સમયે ચન્દ્રરાવ ધીરે ધીરે બોલ્યો: "રઘુનાથજી હવાલદાર."

સર્વે વિસ્મયે સ્તબ્ધ બની ગયા.

ચન્દ્રરાવ એક પ્રસિદ્ધ યોદ્ધો હતો, પણ રઘુનાથના આવ્યા પછી ચન્દ્રરાવનું નામ અને પરાક્રમ ઝાંખાં પડી ગયાં હતાં. માનવપ્રકૃતિમાં ઇર્ષ્યાના જેવી ભીષણ બળવાન પ્રવૃત્તિ બીજી કોઇ જ નથી.

શિવાજીનું મુખ રાતું થઇ ગયું, ઓઠ ઉપર દાંત પીશી ચન્દ્રરાવને શિવાજી રોષથી કહેવા લાગ્યો. "રે કપાટાચારી! તેં આ કપટ વૃથા કર્યું છે, તારી નિન્દાથી રઘુનાથના યશને કલંક લાગવાનું નથી, રઘુનાથનાં આચરણ આ આંખે જોયાં છે; મિથ્યા નિન્દકને સેના સમક્ષ દંડ આપીશ."

વજ્રહસ્તે શિવાજીએ ભાલો ઉંચકયો, એકદમ રઘુનાથ આગળ આવી બોલ્યો: "મહારાજ! પ્રભુ ચન્દ્રરાવનો પ્રાણસંહાર કરો મા, તે મિથ્યાવાદી નથી, મને કિલ્લે આવતાં વાર થઇ હતી."

વળી સભાસ્થળ સ્તબ્ધ બની ગયું. સર્વે વિસ્મયે સ્તબ્ધ બની ગયા.

શિવાજી ક્ષણકાળ પત્થરની મૂર્તિ જેવો બની ગયો, પછી ધીરે ધીરે કપાળ ઉપરનો પરસેવો લુંછી બોલ્યો: "આ તે હું શું સ્વપ્ન જોઉં છું? તમેજ આ કાર્ય કર્યું? તમે એકલા તે દુર્દમનીય કિલ્લા ઉપર ચઢી ગયા હતા, તમે માત્ર બસો સૈનિકો લેઇ પાંચસો અફઘાનો ઉપર

ગયા હતા ને તેમને પર્વત નીચે મુકી ગયા હતા, ત્યારે શું તમેજ વિદ્રોહાચરણ કરી કિલ્લેદારને પહેલેથી હલ્લાના સમાચાર આપી દીધા હતા?

રઘુનાથે ધીરે ધીરે ઉત્તર આપ્યો: “પ્રભુ હું નિર્દોષ છું.”

દીર્ઘકાય નિર્ભય તરુણ, યોદ્ધો શિવાજીની અગ્નિદષ્ટિ સમક્ષ નિષ્કમ્પ બની ઉભો રહ્યો છે, આંખ પલકારો પણ મારતી નથી, સભાના સર્વે અને ચારે બાજુના અસંખ્ય લોકો રઘુનાથ ઉપર તીવ્ર દૃષ્ટિએ જોઇ રહ્યા છે; રઘુનાથજી સ્થિર, અવચલિત, અકમ્પિત છે; તેની વિશાળ છાતીમાંથી કેવળ ગમ્ભીર નિશ્વાસ છુટે છે. કાલે અસંખ્ય શત્રુઓ વચ્ચે કિલ્લા ઉપર એકલો ઉભો હતો, તેવી જ રીતે તેના કરતાં પણ વધારે ગમ્ભીર સંકટ મધ્યે આજે એ યોદ્ધો ધીર અવિચળ ભાવે ઉભો છે.

શિવાજી ગર્જના કરી બોલ્યો: “ત્યારે શા માટે મારી આજ્ઞાનું ઉલ્લંઘન કરી પહોર રાત્રે બહાર ગયો હતો?”

રઘુનાથનો ઓઠ કંઇક કંપ્યો, પણ તે કંઇ ઉત્તર આપ્યા વિના નીચે જમીન તરફ જોઇ રહ્યો.

રઘુનાથ કંઇ બોલતો નથી એ જોઇ શિવાજીનો સન્દેહ વધ્યો, ફરી આંખો રાતી થઇ, ક્રોધકમ્પિત સ્વરે બોલ્યો:

"કપટાચારી! આટલા માટે વીરત્વ દેખાડયું હતું? પણ તેં કુક્ષણે શિવાજી વિરુદ્ધ કપટ કર્યું છે."

રઘુનાથ હજી પણ ધીર અકમ્પિત સ્વરે બોલ્યો: "મહારાજ, છળ અને કપટ એ મારા વંશની રીત નથી, વખતે પ્રભુ ચન્દ્રરાવ પણ એ તો જાણતા હશે."

રઘુનાથનો સ્થિર ભાવ શિવાજીના ક્રોધાગ્નિમાં આહુતિ-સ્વરૂપે હોમાયો, તે કર્કશભાવે બોલ્યો: "પાપિષ્ઠ! હવે તું બચી શકવાનો નથી, ભુખ્યા સિંહના કોળીઆમાં પડેલો પલાયન કરી શકે, પણ શિવાજીના જ્વલન્ત ક્રોધાનળમાં પડેલો કંદી બચી શકવાનો નથી."

રઘુનાથે હજી પણ ધીરે ધીરે ઉત્તર આપ્યો: "હું મહારાજની પાસે બચવાની પ્રાર્થના કરતો જ નથી. મનુષ્યની પાસે ક્ષમા માટે પ્રાર્થના કરતો નથી, જગદીશ્વર મારો દોષ ક્ષમા કરશે."

ક્રોધાતુર શિવાજીએ ભાલો તોળ્યો, વજ્રનાદે આજ્ઞા કરી: "વિદ્રોહાચરણની સજા પ્રાણદણ્ડ!"

રઘુનાથે એ વજ્રમુષ્ટિમાંનો ભાલો દેખ્યો, અને તથાપિ તે અવિચલિત સ્વરે બોલ્યો: "યોદ્ધો મરવાને તૈયાર છે, વિદ્રોહાચરણ તો નથી જ આચર્યું."

શિવાજી હવે સહન ન કરી શકયો. દૃઢ મુઠીમાંનો એ

ભાલો કંઇક કંપ્યો, એવામાં રાજા જયસિંહે તેનો હાથ પકડ્યો.

શિવાજીનું મુખમણ્ડળ ક્રોધે વિકૃત થઇ ગયું. શરીર કમ્પવા લાગ્યું, જયસિંહ પ્રતિનું પણ યોગ્ય સમ્માન ચુકયો ને કર્કશ સ્વરે બોલ્યો: "હાથ છોડો, રાજપુતોના નિયમ જાણતો નથી, જાણવાની ઇચ્છા પણ નથી; મરાઠાઓનો સનાતન નિયમ છે કે વિદ્રોહીને સજા પ્રાણદણ્ડની, શિવાજી એ નિયમ પાળવાનો!"

જરા પણ ક્રુદ્ધ થયા વિના જયસિંહ ધીરે ધીરે બોલ્યો: "ક્ષત્રિયરાજ! આજે જે કરશો તે કાલે મિથ્યા કરી શકશો નહિ. આ યોદ્ધાને પ્રાણદણ્ડ કરશો તો જીવતા સુધી પસ્તાશો, યુદ્ધવ્યવસાયમાં મારા કેશ ધોળા થઇ ગયા છે, મારો અભિપ્રાય લો, એ યોદ્ધો વિદ્રોહી નથી. પણ એ વિચાર અત્યારે કરવાની આવશ્યક્તા નથી; આપ મારા મિત્ર છો, મિત્રની પાસે એ રાજપુતયોદ્ધાના જીવનની ભિક્ષા માગી લેઉં છું, મને ભિક્ષા આપો."

શિવાજી જયસિંહની સુજનતા જોઇ કંઇક શરમાયો ને બોલ્યો: "તાત! મારા કઠોર શબ્દો ક્ષમા કરો, આપના શબ્દનું કદાપિ ઉલ્લંઘન કરીશ નહિ. પણ શિવાજી વિદ્રોહીને ક્ષમા આપશે, એવું તો એના મનમાંયે નહોતું. હવાલદાર, રાજા જયસિંહે તારા જીવનનું રક્ષણ કર્યું છે, પણ આજ મારી આગળથી દૂર થા, શિવાજી વિદ્રોહીનું મ્હોં જોઇ શકશે નહિ."

રઘુનાથ સભાસ્થાન છોડી જતો હતો એવે સમયે શિવાજી ફરી બોલ્યો: "ઉભો રહે, તારા મ્યાનમાં આ જે તલવાર છે તે મેં બે વર્ષ ઉપર તને આપી હતી, વિદ્રોહીના હાથમાં મારી તલવારને અપમાન સહેવા નહિ દેઉં. પહેરેગીરો, કાઢી લો એ તલવાર ને પછી વિદ્રોહીને કિલ્લામાંથી હાંકી કાઢો."

રઘુનાથ ઉપર પ્રાણદણ્ડની આજ્ઞા થઈ, તે સમયે રઘુનાથ અકમ્પિત રહ્યો હતો, પણ પહેરેગીરોએ તલવાર કાઢી લીધી, ત્યારે તેનું શરીર કમ્પી ઉઠયું, નેત્ર રાતાં થઇ ગયાં. પણ ઉદ્વેગને એણે દાબી રાખ્યો, શિવાજી તરફ એક વાર જોઇ જમીન પર્યંત શિર નમાવ્યું ને નિઃશબ્દે કિલ્લામાંથી નિકળી ગયો.

સન્ધ્યાની છાયા ધીરે ધીરે ગાઢ થઇ જગતને ઢાંકવા લાગી. એક પ્રવાસી એકલો નિઃશબ્દે પર્વત ઉપરથી ઉતરી મેદાન તરફ ચાલ્યો; મેદાન પાર નીકળી ગયો, એક ગામમાં પેઠો, ગામમાંથી નિકળી વળી મેદાનમાં પડ્યો; અંધારૂં ગાઢ થયું, રહી રહીને રાત્રિવાયુ વાવા લાગ્યો, ત્યાર પછી કોઇ એ પ્રવાસીને જોઇ શકયું નહિ.

ચન્દ્રરાવ જમાદાર

ચન્દ્રરાવ જમાદારની સાથે આપણે આ પ્રથમજ પરિચય છે; તેનામાં અસાધારણ બુદ્ધિશક્તિ છે, અસાધારણ વીર્ય છે, અસાધારણ દૃઢપ્રતિજ્ઞા છે. તેનું વય રઘુનાથ કરતાં પાંચ છ વર્ષ વધારે હશે, પણ દૂરથી જોયો હોય તો ચાળીસ વર્ષનો લાગે. વિશાળ લલાટ ઉપર ચિન્તાની એકાદ બે ગમ્ભીર રેખાઓ અંકાઇ છે, મસ્તકમાં એકાદ બે ધોળા વાળ પણ દેખાય છે. આંખ નાની પણ તેજસ્વી છે. ચન્દ્રરાવને જેઓ સારી રીતે ઓળખે છે તેઓ કહે છે કે ચન્દ્રરાવનું તેજ અને સાહસ જેમ દુર્દમનીય છે, તેમજ તેના વિચારો ગમ્ભીર અને દૂરદર્શી તથા તેની પ્રતિજ્ઞા અનિવાર્ય અને સ્થિર છે. સમસ્ત મુખમણ્ડળ એ બે ભાવોથી પૂર્ણ છે; દેહ લોઢા જેવો કઠણ છે. જેઓ ચન્દ્રરાવના અસીમ પરાક્રમથી, વિજાતીય ક્રોધથી, ગમ્ભીર બુદ્ધિથી અને દૃઢ પ્રતિજ્ઞાથી જાણીતા છે, તેઓ કદી પણ અલ્પભાષી જમાદારની સાથે વિવાદ કરવાની હિમ્મત કરતા નથી. આ સર્વ સિવાય ચન્દ્રરાવમાં બીજો એક ગુણ અથવા દોષ હતો, અને તે કોઇ બરાબર રીતે જાણતા નહિ. બીજાની ઉન્નતિથી તેનું હૃદય અહોરાત્રિ બળ્યા કરતું, અસાધારણ બુદ્ધિપ્રયોગથી પોતાની ઉન્નતિનો માર્ગ સાફ કરતો, અતુલ દૃઢ પ્રતિજ્ઞાથી તે માર્ગે પ્રવાસ કરતો, હાથમાં તલવાર લેઇ માર્ગ સાફ કર્યા જતો. શત્રુ

હો કે મિત્ર હો, દોષી હો કે નિર્દોષ હો, અપરાધી હો કે પરમ ઉપકારી હો, તેના માર્ગમાં ગમે તે પડે, તેને મહાભિલાષી ચન્દ્રરાવ પતંગની પેઠે પગ તળે પીલી માર્ગ સાફ કરવામાં સંકોચાતો નહિ. આજ બાળક રઘુનાથ સંયોગબળે એ માર્ગમાં આવી પડ્યો, તેને પતંગ પેઠે પગ તળે પીલી ચન્દ્રરાવે પોતાનો માર્ગ સાફ કર્યો. આવા અસાધારણ પુરુષનો પૂર્વવૃત્તાન્ત આપણે જાણવો જોઇએ. સાથે સાથે રઘુનાથનો વંશવૃત્તાન્ત પણ કંઇક જાણી શકીશું.

ચન્દ્રરાવ તેનો જન્મવૃત્તાન્ત પ્રકટ કરતો નહોતો. રાજા જયસિંહના એક મુખ્ય સેનાપતિ ગજપતિસિંહે ચન્દ્રરાવને બાલ્યકાળમાં લાલનપાલન કરી ઉછેર્યો હતો. અનાથ બાળક ગજપતિને ઘેર કામ કરતો, ગજપતિનાં બાળકોને રમાડતો કે તેની સાથે યુદ્ધમાં ફરતો.

જ્યારે ચન્દ્રરાવ માત્ર પંદર વર્ષનો જ હતો, ત્યારે ગજપતિ તેના ગમ્ભીર વિચારો, દુર્દમનીય તેજ, દૃઢ પ્રતિજ્ઞા જોઇ આનંદિત થયો. પોતાના પુત્ર રઘુનાથની પેઠે તેના ઉપર સ્નેહ રાખતો અને એ કોમળ વયમાં પણ પોતાના તાબામાં કોઇ સૈનિકકાર્ય ઉપર તેને નિમ્યો.

સૈનિક થયો ત્યારથી ચન્દ્રરાવ દિનપ્રતિદિન એવું પરાક્રમ દેખાડવા લાગ્યો કે તે જોઇને વૃદ્ધ યોદ્ધાઓ પણ વિસ્મિત થતા. યુદ્ધમાં જે સ્થાને અતિશય સંકટ હોય, જે સ્થાને શત્રુ અને મિત્રના બાણોનો વરસાદ વરસતો

હોય, જે સ્થાને ધૂળથી આકાશ ઘેરાઇ ગયું હોય, જે સ્થાને વિજેતાના હુંકારા ને ઘવાએલાના આર્ત નાદ સમ્ભળાતા હોય તે સ્થાને તપાસ કરો, પંદર વર્ષનો અલ્પભાષી દૃઢપ્રતિજ્ઞ બાળક ત્યાં જરૂર હશે. યુદ્ધ સમાપ્ત થતાં જે સ્થાને યુદ્ધજયી યોદ્ધાઓ એકઠા થઇ રાત્રે ગીતવાદ્ય કરે છે, મઝા ઉડાવે છે, ત્યાં ચન્દ્રરાવ નહિ. અલ્પભાષી દૃઢપ્રતિજ્ઞ બાળક તમ્બુમાં એકલો અન્ધારે બેઠો હશે કે નદીતીરે અથવા મેદાનમાં સંકુચિત કપાળે એકલો ભમતો હશે. ચન્દ્રરાવનો હેતુ આજ સુધીમાં કેટલેક અંશે સાધી શકાયો છે. તે અત્યારે અજ્ઞાત રાજપુતબાળક નથી. તેની પદવી વધી છે, ગજપતિસિંહની સમસ્ત સેનામાં ચન્દ્રરાવના જેવો અસાધારણ તેજસ્વી વીર કોઇ નથી. પદવી વધી તેની સાથે તેનો મહાભિલાષા તથા ગર્વ પણ વધ્યો છે.

એક દિવસ એક યુદ્ધમાં ચન્દ્રરાવે ગજપતિસિંહને પરમ વિપદ્‌માંથી ઉગારી લીધો હતો. ગજપતિએ ચન્દ્રરાવને યુદ્ધ થઇ રહ્યા પછી પોતાની પાસે બોલાવ્યો ને ઉચિત માન આપી કહ્યું: “ચન્દ્રરાવ! આજે તારા સાહસથી મારો જીવ બચ્યો છે, એનું તને શું ઇનામ આપી શકું?”

ચન્દ્રરાવ મુખ નીચું કરી વિનીત ભાવે ઉભો થઇ રહ્યો. ગજપતિ સ્નેહથી બોલ્યો: “મનમાં વિચારી જો, જે ઇચ્છા થાય તે માગ—દ્રવ્ય, અધિકાર, પદવી, ચન્દ્રરાવ! જે જોઇએ તે માગ.”

ચન્દ્રરાવ આંખ ઉઠાવી ધીરે ધીરે બોલવા લાગ્યો: "રાજપુતવીર કદાપિ વચન ઉથાપતો નથી; વીરશ્રેષ્ઠ, આપવાની ઇચ્છા જ હોય તો આપની પુત્રી લક્ષ્મીબાઈ મને લગ્નમાં આપો."

સર્વ સ્તબ્ધ બની ગયા. ગજપતિસિંહના માથા ઉપર તો જાણે આકાશ તુટી પડ્યું! ક્રોધથી તેનું શરીર કમ્પી ઉઠ્યું, મ્યાનમાંથી તલવાર અર્ધીક બહાર ખેંચી. પણ તુરત જ એ ક્રોધ શમાવી ગજપતિ હશીને બોલ્યો: "આપેલું વચન કબુલ છે, પણ તારો જન્મ મહારાષ્ટ્ર દેશમાં છે. રાજપુતની દીકરીઓને મહારાષ્ટ્રીય દસ્યુની સાથે પર્વતમાં કે જંગલમાં રહેવાનો અભ્યાસ નથી. પહેલાં લક્ષ્મીને યોગ્ય વાસસ્થાન તૈયાર કર, જંગલની ઝુંપડીને બદલે કિલ્લો બાંધ, દસ્યુને બદલે યોદ્ધાનું નામ સમ્પાદન કર, ત્યાર પછી રાજપુતની દીકરીને વરવાની કામના જણાવજે. આજ બીજું કંઇ કહેવાનું નથી."

ચન્દ્રરાવ ધીરે ધીરે બોલ્યો: "અત્યારે કંઇ કહેવાનું નથી, જ્યારે એવી સ્થિતિ થશે ત્યારે પ્રભુને જણાવીશ."

સભા ઉઠી ગઇ, સર્વે પોતપોતાને તમ્બુએ ગયા. ઉદારચેતા ગજપતિ ચન્દ્રરાવ ઉપરનો ક્રોધ ભૂલી ગયો, તે દિવસની વાત ભૂલી ગયો; ચન્દ્રરાવ એ વાત ભૂલ્યો નહિ. તે દિવસે ચન્દ્રરાવ પોતાના તમ્બુમાં આમ તેમ ફરવા લાગ્યો. તમ્બુમાં અન્ધારૂં હતું, પણ ચન્દ્રરાવના હૃદયમાં અને કપાળ ઉપર એથીયે વધારે ગાઢું અન્ધારૂં હતું.

ઘડીક પછી ચન્દ્રરાવે તમ્બુમાં દીવો કર્યો, એક પુસ્તકમાં કંઇક લખ્યું, પુસ્તક બન્ધ કર્યું, વળી ઉઘાડયું, વળી જોયું, વળી બંધ કર્યું. કંઇક વિકટ હાસ્ય મુખમણ્ડળ ઉપર છવાઇ રહ્યું. તેનો એક મિત્ર એવામાં તમ્બુમાં આવ્યો ને પુછયું: "ચન્દ્ર! શું લખે છે?" ચન્દ્રરાવે સહજ અવિચલિત સ્વરે ઉત્તર આપ્યો: "કંઇ નહિ, એ તો હિસાબ લખી લેઉં છું, હું કોની પાસે શું માગું છું તે લખી રાખું છું."

મિત્ર ચાલ્યો ગયો, ચન્દ્રરાવે ફરી પુસ્તક ઉઘાડયું. ખરેખર એ હિસાબનું જ પુસ્તક હતું, ને તેમાં તેણે કોઇ પાસેનું માગતું લખી લીધું હતું. ફરી પુસ્તક બન્ધ કરી દીવો રાજ કર્યો.

આ ઘટનાને એક વર્ષ થઇ ગયું, ઔરંગજેબને જશવંતસિંહ સાથે ઉજ્જયિની પાસે યુદ્ધ થયું. એ યુદ્ધમાં ગજપતિસિંહ માર્યો ગયો.

[1]ગજપતિનાં અનાથ બાલકબાલિકા ફરી મેવાડપ્રદેશમાં સૂર્યમહેલ કિલ્લામાં જતાં હતાં. તે સમયે બાલક રઘુનાથનું વય બાર વર્ષનું ને બાલિકા લક્ષ્મીનું વય નવ વર્ષનું હતું. સાથે માત્ર એક જુનો નોકર હતો. માર્ગમાં કેટલાક દસ્યુઓ મળ્યા, તેમણે નોકરને મારી નાખ્યો ને

[1] ગજપતિ પ્રતાપી તેજસિંહનો પુત્ર થાય. તેજસિંહને માટે 'રાજપુત જીવનસન્ધ્યા' જોશો.

બાલકબાલિકાને મહારાષ્ટ્રદેશમાં લેઇ ગયા. બાળક બાલ્યવયમાંજ તેજસ્વી હતો, રાત્રે દસ્યુઓના તમ્બુમાંથી પલાયન કરી ગયો. દસ્યુપતિએ બળપૂર્વક બાલિકા લક્ષ્મી સાથે લગ્ન કર્યું. એ દસ્યુપતિ કોણ? પેલો ગજપતિનો પાલિતપશુ ચન્દ્રરાવ!

તીક્ષ્ણબુદ્ધિ ચન્દ્રરાવના કેટલાક મનોરથ સિદ્ધ થયા. ગજપતિના સંસારમાંથી કંઇક દ્રવ્ય તો આણ્યુંજ હતું, તેનાથી વિસ્તીર્ણ જાગીર ખરીદી. મહારાષ્ટ્રદેશમાં એક સભ્ય પુરુષની પેઠે રહેવા લાગ્યો. ચન્દ્રરાવ કોઇ ઉચ્ચ રાજપુતવંશનો છે, એ વાત પર કોઇને અવિશ્વાસ કરવાનું કારણ નહોતું. વળી તેણે પ્રખ્યાત ગજપતિસિંહની કન્યા સાથે લગ્ન કર્યું, તેથી તો હવે શંકા કરવાનું કારણજ રહ્યું ના. તેનું સાહસ અને પરાક્રમ જોઇ શિવાજીએ તેને જમાદારને પદે યોજ્યો, તેનું ધન અને જાગીર જોઇ સર્વે તેને માન આપવા લાગ્યા. દિનપ્રતિદિન ચન્દ્રરાવનો યશ વધવા લાગ્યો, એવે સમયે કુક્ષણે બાળક રઘુનાથ તેના ઉન્નતિમાર્ગમાં આવી પડયો. જમાદાર ચન્દ્રરાવે તુરતજ માર્ગમાંથી એ કાંટો ઉખેડી નાખ્યો.

લક્ષ્મીબાઇ

બાર વર્ષને વયે બાળક રઘુનાથ દસ્યુવેશી ચન્દ્રરાવને હાથે પડ્યો ને દસ્યુઓ સાથે રાજસ્થાનમાંથી મહારાષ્ટ્ર-દેશમાં આવ્યો. એક દિવસ રાત્રે તે પલાયન કરી ગયો. પર્વતકન્દરમાં, વનમાં, મેદાનમાં કે ગૃહસ્થના ઘરમાં કેટલાક દિવસો સન્તાઇ રહ્યો. સુન્દર અનાથ નાના બાળકને મુઠી ભિક્ષા આપતાં કોઇને સંકોચ થતો નહિ.

ત્યાર પછી પાંચ છ વર્ષ તેણે મહાકષ્ટે જુદા જુદા સ્થાનમાં ગાળ્યાં. અનન્ત સંસારસાગરમાં અનાથ બાળક એકલો ડુબવા લાગ્યો. જુદા જુદા દેશમાં રખડ્યો, અનેક લોકોને ત્યાં ભિક્ષાવૃત્તિ કે દાસવૃત્તિ કરીને દહાડા કાઢ્યા. પૂર્વગૌરવની કથા, પિતાના વીરત્વની અને સમ્માનની કથા બાળકના હૃદયમાં સદા જાગ્રત રહેતી, તથાપિ અભિમાની બાળક એ કથા, એ દુ:ખ કોઈને કહેતો નહોતો. કદી કદી દુ:ખભાર સહન ન થાય, ત્યારે નિ:શબ્દે એકલો જંગલમાં કે પર્વતમાં જતો ને ત્યાં બેશી છુટે મોંએ રોતો. ફરી આંખો લોહી પાછો આવતો ને કામે લાગતો.

મોટો થતો ગયો, તેમ વંશોચિત ભાવ હૃદયમાં વધારે વધારે જાગ્રત થતા ગયા. આ નાની વયનો નોકર કદી કદી પ્રભુની લોઢાની ટોપી માથે મુકતો, કદી કદી તલવાર કેડે લટકાવતો, કદી કદી સન્ધ્યાસમયે ભાગોળે બેશી

રાજપુતચારણોનાં ગીત ઉચ્ચ સ્વરે ગાતો, કદી કદી રાણા સંગ્રામસિંહનાં કે પ્રતાપસિંહનાં ગીત રાત્રે પ્રવાસ કરતા પ્રવાસીઓ ગાતા તે સાંભળી ચમકતો. અઢાર વર્ષનો થયો, ત્યારે શિવાજીની કીર્તિની, તેના ઉદ્દેશ્યની, તેના વીર્યની કથાઓ સાંભળી; શિવાજી દક્ષિણદેશમાં હિન્દુરાજ્ય વિસ્તારશે, રાજસ્થાનની પેઠે મહારાષ્ટ્રદેશ સ્વતંત્ર થશે, એમ વિચાર કરતાં કરતાં બાળકનું હૃદય ઉત્સાહપૂર્ણ થયું. તે શિવાજી પાસે ગયો ને એકાદ સૈનિકની જગ્યાએ રાખવા શિવાજીને પ્રાર્થના કરી.

શિવાજી માનવીને ઓળખવામાં એક્કા હતો, થોડા જ દિવસોમાં તેણે રઘુનાથને ઓળખી લીધો. હવાલદારને પદે તેને યોજ્યો ને ત્યાર પછી થોડા જ દિવસોમાં તોરણગઢ મોકલ્યો હતો. માર્ગમાં આપણે રઘુનાથની સાથે પ્રથમ પરિચય થયો હતો. તેનું ખરૂં નામ રઘુનાથસિંહ હતું, પણ દક્ષિણસેનામાં હવાલદાર થયા પછી તેને સૌ કોઈ રઘુનાથજી હવાલદાર કહી બોલાવતા.

રઘુનાથે શિવાજીની સેનામાં નોકરી લીધા પછી થોડા જ સમયમાં ચન્દ્રરાવના હાથ નીચેનો એક હવાલદાર મરણ પામ્યો, એ જ જગ્યા રઘુનાથને આપી હતી. ચન્દ્રરાવ પિતાનો નોકર અને પોતાનો બાલ્યમિત્ર છે, એમ તો તે જાણતો; પણ તે પેલો દસ્યુ છે અને પોતાનો બનેવી બન્યો છે, તેની એને ખબર નહોતી. આથી તે ચન્દ્રરાવની

સાથે આનન્દે વાતો કરતો. ચન્દ્રરાવ પણ તેનો સત્કાર કરતો, તથાપિ ચન્દ્રરાવનું કપાળ આજે ફરીથી સંકુચિત થયું.

દિનદિન રઘુનાથજીના સાહસ અને પરાક્રમનો યશ વિસ્તાર પામતો ગયો, દિનદિન ચન્દ્રરાવની ચિન્તા ગમ્ભીર થતી ગઇ. ચન્દ્રરાવની સ્થિર પ્રતિજ્ઞા કદી વિચલિત થઇ નહિ, ગમ્ભીર મન્ત્ર કદી વ્યર્થ થયો નહિ. આજે દૈવ-યોગે રઘુનાથજીનો પ્રાણ બચ્યો, પણ વિદ્રોહી કપટાચારી ઠર્યો ને શિવાજીના કાર્યથી દૂર થઇ પડયો.

ચન્દ્રરાવ પણ કેટલાક દિવસની રજા લેઇ ઘેર ગયો. પાઠકબન્ધુ! ચાલો, આપણે પણ મોટા લોકના ઘરમાં ડરતા ડરતા પ્રવેશ કરીએ.

જમાદાર ઘેર આવ્યો, દરવાજે નોબતો વાગવા લાગી. અસંખ્ય દાસદાસીઓ સામાં આવ્યાં, પાડોશીઓ મળવા આવ્યાં, થોડા જ સમયમાં ચન્દ્રરાવના આવ્યાના સમાચાર આખા પ્રદેશમાં ફરી વળ્યા. જમાદારના અન્ત:પુરમાં ધામ-ધૂમ મચી રહી, એ ધામધૂમમાં શાન્તનયન ક્ષીણકાય લક્ષ્મી-બાઇ નિ:શબ્દે પતિના સત્કારની સામગ્રી તૈયાર કરતી હતી.

લક્ષ્મીબાઇ વાસ્તવિક રીતે લક્ષ્મીસ્વરૂપ, શાન્ત, ધીર, બુદ્ધિમતી ને પતિવ્રતા હતી. બાલ્યકાળે પિતાની લાડકી કન્યા હતી, પણ કોમળ વયમાં જ અજાણ્યા લોકોમાં અલ્પભાષી કઠોરસ્વભાવ સ્વામીને હાથે પડી, વૃક્ષ ઉપરથી તોડી લીધેલા કોમળ કુસુમની ગતિને પામી, દિનદિન

સુકાવા લાગી. નવ વર્ષની બાળકીનું જીવન શોકપૂર્ણ થયું, પણ એ શોકનો ઉભરો અજાણ્યા લોકમાં કોના આગળ કાઢે? એનો શોક કોણ જાણે? ને એને કોણ આશ્વાસન આપે? બાલિકા પહેલાંના દિવસો સમ્ભારતી, પિતાની વાતો સમ્ભારતી, માના જણ્યા ભાઈને સમ્ભારતી ને છાતીફાટ રડતી.

શોકમાં પડવાથી, કષ્ટમાં પડવાથી આપણી બુદ્ધિ તીક્ષ્ણ થાય, આપણું હૃદય અને મન સહનશીલ થાય; બાલિકા એક બે વર્ષમાંજ કામે લાગી ગઇ ને સ્વામીની સેવામાં પડી. હિન્દુરમણીને પતિવીણ બીજી કઇ ગતિ છે? સ્વામી જો સહૃદય ને સદય હોય, તો નારી આનન્દમાં ડુબી જાય ને તેની સેવા કરે; સ્વામી નિર્દય ને વિમુખ હોય, તોપણ નારીને પતિસેવા વિના બીજો કયો ઉપાય છે? જોકે ચન્દ્રરાવનું હૃદય અભિમાનથી, હિંસાથી ને મહાભિલાષથી પરિપૂર્ણ હતું, તથાપિ તે અસહાય નારી પ્રત્યે નિર્દય થતો નહોતો. નમ્રમુખી, નમ્રહૃદય લક્ષ્મીબાઇની સેવાથી ચન્દ્રરાવ સન્તુષ્ટ રહેતો. યુદ્ધવિગ્રહનો અન્ત આવે કે પતિપરાયણ લક્ષ્મીબાઇની પાસે ઘેર આવતો ને શાન્તિ ભોગવતો. લક્ષ્મીબાઇની સ્નિગ્ધ કથાઓ સાંભળી તેને આદરથી હૃદયે ચાંપતો. લક્ષ્મીબાઇ ત્યારે જગતમાં પોતાને સર્વથી ભાગ્યવતી માનતી, સ્વામીના સામાન્ય માનથી પણ તેનું હૃદય ફુલાઈ જતું, સ્વામીની એક સ્નેહકથાથી તેનું હૃદય ડુબી જતું. બાગમાંથી ફુલછોડ લાવી ઘરમાં રાખ્યો હોય, તે ફૂલ ઘરમાં આવતી

પ્રકાશની એક રેખાથી પણ કેટલું આનન્દિત થઇ જાય? તેના ને તેના તરફ જોઇ રહે!

એમ પતિસેવામાં ને સંસારકાર્યમાં એકે એકે વર્ષો વીતવા લાગ્યાં. ધીર, શાન્ત લક્ષ્મીબાઇ ધીરે ધીરે યૌવનના આંગણામાં આવી ઉભી, પણ તે યૌવન કેવું શાન્ત! કેવું નિરુદ્વેગ! લક્ષ્મી બાલ્યાવસ્થાની ઘણી વાતો ભૂલી ગઇ હતી અથવા કદી કદી સાયંકાળે રાજસ્થાનની કથા સાંભરી આવે, બાલ્યકાળનું સુખ, બાલ્યકાળની ક્રીડા અને પ્રાણ-સમાન સહોદર રઘુનાથની વાતો સાંભરી આવે, તો બાગમાં જઇ જરા છાનું રોઇ લે, પછી રક્તશૂન્ય ગાલ ઉપર નિતરેલાં આંસુ લુંછી નાખે ને ફરી ઘરમાં આવી કામે વળગે.

આજે ચન્દ્રરાવ ભોજન કરવા બેઠો છે, લક્ષ્મીબાઇ પાસે ઉભી રહી વાયુ નાખે છે; લક્ષ્મીબાઇનું વય અત્યારે સત્તર વર્ષનું છે. અવયવો કોમળ, ઉજ્જવલ અને લાવણ્ય-મય છે, પણ કંઇક ક્ષીણ છે. ભ્રમરો સુન્દર ને ગોળ છે, જાણે એ સ્વચ્છ કપાળમાં પીંછી વડે ચિતરી હોય તેવી જણાય છે. શાન્ત, કોમલ, કૃષ્ણ નયનોને જાણે ચિન્તાએ પોતાનું વાસસ્થાન બનાવ્યું હોય તેવાં દેખાય છે. ગાલ સુન્દર, પણ કંઇક પાણ્ડુવર્ણ છે. સમસ્ત શરીર શાન્ત અને ક્ષીણ છે, યૌવનનું સૌન્દર્ય વિકાશી રહ્યું છે, પણ યૌવનની પ્રફુલ્લતા, ઉન્મત્તતા ક્યાં? આહા! આ અપૂર્વ કુસુમ મહારાષ્ટ્રની કઠોર પર્વતભૂમિમાં આવી પડ્યું, સૌન્દર્ય સુગન્ધ તો આપે છે, પણ બિચારૂં કરમાઇ જાય છે.

લક્ષ્મીબાઇનાં ચારુ નયનમાં, દીર્ઘ કેશભારમાં, કોમળ બાહુ-ઓમાં અને કોમળ દેહલતામાં મોતીનું લાવણ્ય છે, પણ મણિનાં ઉજ્જવલ કિરણ નથી.

એક દિન લક્ષ્મીને ચન્દ્રરાવે જણાવ્યું કે તારો ભાઇ મારા હાથ નીચે હવાલદાર થયો છે, ને સારી ખ્યાતિ મેળવે છે. એટલા શબ્દો બોલતાં બોલતાં તો ચન્દ્રરાવની ભ્રૂકુટિ સંકોચાઇ, એ દેખીને લક્ષ્મીબાઇને સન્દેહ પડ્યો.

વળી એક દિવસ સ્વામીની એક બે મિષ્ટ વાતોથી ઉત્સાહિત થઇ લક્ષ્મી સ્વામીના ચરણ પાસે બોલી: "દાસીની એક પ્રાર્થના છે, પણ બોલતાં ભય થાય છે."

ચન્દ્રરાવ સુતો સુતો પાન ચાવતો હતો, તે નમ્રમુખીને સ્નેહે ચુમ્બન કરીને બોલ્યો: "કેમ, બોલ ને! 'તને ન આપવા જેવું શું છે?"

લક્ષ્મી: "મારો ભાઇ બાળક છે, અજ્ઞાન છે."

ચન્દ્રરાવનું મુખ ગમ્ભીર થયું.

લક્ષ્મી: "એ આપનો સેવક છે, આપના તાબામાં છે."

ચન્દ્રરાવ: "ના, ના; એ તો મારા કરતાંયે સાહસી ને પરાક્રમી મનાય છે."

બુદ્ધિમતી લક્ષ્મીબાઇ ચેતી ગઇ કે તેને જે ભય થયો હતો તે વાસ્તવિક હતો; ચન્દ્રરાવ રઘુનાથ ઉપર અત્યંત

ક્રોધે ભરાયો છે, ભયકમ્પિત થઇ બોલી: "બાળક કદી દોષ કરે, તે દોષ આપ ક્ષમા ન કરો, તો કોણ કરે?"

ચન્દ્રરાવના કપાળમાં કાળું વાદળું ચઢી આવ્યું, લક્ષ્મીએ તે જોયું. લક્ષ્મીબાઇ સ્વામીને સારી રીતે ઓળખતી હતી, વધારે કંઇ વાત છેડી નહિ. ત્યાર પછી ચન્દ્રરાવ આજે ઘેર આવ્યો છે, રઘુનાથના સમ્બન્ધમાં જે બન્યું હતું તે તે જાણુતી નહોતી, પણ તેનું હૃદય ચિન્તાતુર હતું. મોં ફાડી રઘુનાથના કંઇ સમાચાર પુછી શકી નહિ, રાત્રે સ્વામી સુઇ જશે, ત્યારે નોકરોને ભાઇના સમાચાર પુછી લેઇશ, એવો સંકલ્પ કરી આશ્વાસન લીધું.

ચન્દ્રરાવ જમી રહ્યા પછી શયનગૃહમાં ગયો, લક્ષ્મી પાન લેઇ ત્યાં ગઇ. જોયું તો સ્વામીનું કપાળ ચિન્તાતુર છે. લક્ષ્મી પાન આપી ધીરે ધીરે ઘરમાંથી નિકળી ગઇ. ચન્દ્રરાવે સાવધાનતાથી બારણું બંધ કર્યું.

ધીરે ધીરે ચન્દ્રરાવે એક ગુપ્ત સ્થાનમાંથી એક પેટી બહાર કાઢી, પેટીમાંથી એક પુસ્તક બહાર કાઢયું. એ પુસ્તક હિસાબનું હતું. દશ વર્ષ ઉપર ગજપતિને હાથે સભામાં જે અપમાન સહ્યું હતું તે દિવસે તે પુસ્તકમાં એક ઋણનો હિસાબ લખી લીધો હતો, એ ખાતું ઉઘાડયું. ખાતું સુન્દર સ્પષ્ટ અક્ષરે આ પ્રમાણે લખેલું હતું:

"મહાજન . . . . . . ગજપતિ,
ઋણ . . . . અપમાન,

બદલો . . . . તેનું લોહી,
તેના વંશને અપમાન."

એક વાર, બે વાર એ અક્ષરો વાંચ્યા, કંઇક હાસ્ય એ વિકટ મુખમણ્ડળ ઉપર દેખાયું. ખાતું લખી વાળ્યું: "ઋણ પતી ગયું." તારીખ નાખી પુસ્તક બન્ધ કર્યું.

બારણું ઉઘાડી લક્ષ્મીને બોલાવી. લક્ષ્મીબાઇ ભક્તિભાવે સ્વામી પાસે ગઇ. ચન્દ્રરાવ લક્ષ્મીનો હાથ ઝાલી કંઇક હસ્યો ને બોલ્યો: "બહુ દિવસનું એક ઋણ આજે ફેડાયું છે."

લક્ષ્મી કમ્પી ઉઠી!

૧૯

ઇશાનીમન્દિર

પરાક્રમી જાગીરદાર અને જમાદારને ઘેરથી કેટલાક ગાઉ દૂર ઈશાનીદેવીનું એક મન્દિર હતું. થોડા ઉંચા એક પર્વતશિખર ઉપર એ મન્દિર અતિ પ્રાચીન કાળે સ્થપાયું હતું. મન્દિર નીચેના પર્વતમાં ખોદીને પગથીઆં બનાવ્યાં હતાં ને નીચેનાં પગથીઆંને નવરાવી એક પર્વત-નદી કલકલ શબ્દ કરતી ચાલી જતી હતી. પ્રાચીન

કાળથી અસંખ્ય યાત્રીજનો અને ઉપાસકો એ પુણ્યજળમાં સ્નાન કરી પગથીઆં ચઢતા ને માતાની પૂજા કરતા; આજ સુધી તેનું માહાત્મ્ય ઘટ્યું નહોતું ને યાત્રીજનો તથા ઉપાસકોની સંખ્યા પણ ઘટી નહોતી. મન્દિરની પાછળનો પર્વત બહુ મોટાં ઝાડથી છવાઇ ગયો હતો ને શિખરથી તે તળેટી સુધી ઝાડ વિના બીજું કંઇ દેખાતું જ નહિ. નીચે નદી વહેતી હતી અને ત્યાંથી પગથીઆંની હાર ઉઠી મન્દિર સુધી જતી હતી, જાણે લીલા લીલા રંગના વૃક્ષપટમાં જળદેવીનો જયસ્તમ્ભ બહુ કાળથી ઉભો કર્યો હોય ને બહુ કાળ સુધી સ્થિર રહેવાનો હોય એવો દેખાવ થતો હતો. લોક જળદેવીના અવિનાશી જણાતા કિર્ત્તિસ્તમ્ભના શિખરને ચુમી આવતા. દિવસે પણ એ વિશાળ વૃક્ષોથી પર્વતની પીઠ ઉપર અન્ધકાર રહેતો, અને એવા એક પર્વતશિખર ઉપર સુન્દર શીતળ છાયામાં ઈશાનીદેવીની પતાકા ગગનદિશામાં ઉડતી. મન્દિર પાસે કેટલીક કુટીઓ હતી તેમાં પૂજકો અને બ્રાહ્મણો રહેતા. એ પુણ્યપવિત્ર સુસ્નિગ્ધ સ્થાન જોતાં જ માનવીને લાગે કે ત્યાં શાન્તિરસ વિના બીજા કોઇ ભાવનો જન્મ નથી, ભારતવર્ષની પવિત્ર પુરાણકથા વા વેદમન્ત્ર વિના કોઇ શબ્દ એ પુરાતન વૃક્ષોની સુન્દર શીતળ છાયામાં સમ્ભળાતો નથી. મહારાષ્ટ્રમાં બહુ યુદ્ધો થયાં, પણ શું હિન્દુ કે શું મુસલમાન કોઇનો કલંકિત હાથ આ પ્રશાન્ત પર્વતમન્દિરને અડ્યો નથી.

પહોર રાત્રિને સમયે એક પ્રવાસી એકલો એ શાન્ત વનમાં થઇને જાય છે. પ્રવાસીનું હૃદય ઉદ્વેગથી પરિપૂર્ણ છે, વિશાળ લલાટ સંકુચિત છે, મુખમણ્ડળ રક્તવર્ણ છે, નયનમાંથી ઉન્મત્તતાનો અસ્વાભાવિક જ્યોતિ બહાર નિકળે છે. રોષે, વિષાદે આજે રઘુનાથનું હૃદય બળી ખાખ થયું છે.

ઘણી વાર ચાલ્યા પછી તેનું શરીર થાકી ગયું, તથાપિ હૃદયનો ઉદ્વેગ શાન્ત થયો નહિ. રઘુનાથ આજ ઉન્મત્ત બન્યો છે! એ ભીષણ ચિન્તાનાં બીજ શમશે નહિ, તો રઘુનાથની વિવેકશક્તિ પણ વખતે ભ્રષ્ટ થશે. સંસારમાં પ્રકૃતિ એક મોટો વૈદ્ય છે! આ વિષમ સંસારમાં જે દુઃખ હૃદયને બાણુની પેઠે વીંધી નાખે, જે ચિન્તા અગ્નિની પેઠે શરીરને બાળી નાખે, જે માનસિક રોગનું ઔષધ નથી, પરીક્ષા નથી, તે રોગને પ્રકૃતિ વિચારશક્તિનો નાશ કરી મટાડી શકે છે. ઉન્મત્તતા સેંકડો રોગોનો નાશ કરી આરોગ્ય બક્ષે છે. કેટલાક રોગીઓ આરોગ્યના ઔષધને માટે અહોરાત્રિ પ્રાર્થના કરે છે, પણ એ ઔષધ પ્રાપ્ત થતું નથી.

વૃક્ષથી થોડે દૂર કેટલાક બ્રાહ્મણો પુરાણપાઠ કરે છે. આહા! એ સંગીતપૂર્ણ પુણ્યકથા જાણે શાન્ત રજનીમાં શાન્ત તપોવનમાં અમૃત વર્ષાવે છે, નક્ષત્રવિભૂષિત રજની નભોમણ્ડળમાં ધીરે ધીરે એ અમૃતધારા ચઢાવે છે. એ પુણ્યકથા શાન્ત રજનીવનમાં પ્રતિધ્વનિત થવા લાગી, અચેતન વૃક્ષમાળાને પણ જાણે સચેતન કરવા લાગી, વૃક્ષનાં શાખાપત્ર પણ જાણે કથાસુધારસ કુતૂહલે પીવા

લાગ્યાં, વાયુ એ ગીત દૂર સુધી લેઇ જવા ઉલ્લાસે મચ્ચો, માનવહૃદય શાન્તિરસે ગળી ગયું.

ભારતવર્ષમાં હજારો વર્ષથી એ પુણ્યકથાનો ધ્વનિ-પ્રતિધ્વનિ સંભળાયા કરે છે. સુન્દર બંગદેશમાં, તુષાર-પૂર્ણ પર્વતોથી ઘેરાએલા કાશ્મીરમાં, વીરપ્રસુ રાજસ્થાનમાં અને મહારાષ્ટ્રદેશમાં, લલિત ગુર્જરદેશમાં, સાગર પ્રક્ષા-લિત કર્ણાટક અને દ્રાવિડદેશમાં હજારો વર્ષથી એ ગીતનો ધ્વનિ સમ્ભળાય છે, એટલા લાંબા કાળથી એ ધ્વનિ સમ્ભળાય છે કે આપણે એ શિક્ષણ ભૂલી શકીશું નહિ. ગૌરવકાળમાં એ અનન્ત ગીતે આપણા પૂર્વજોને પ્રોત્સાહિત કર્યા હતા; હસ્તિના, અયોધ્યા, મિથિલા, કાશી, મગધ, ઉજ્જયિની આદિ દેશોને વીરત્વ અને યશમાં સ્નાન કરાવ્યું હતું. અવનતિકાળમાં એ ગીત ગાઇ સમરસિંહે, સંગ્રામસિંહે, પ્રતાપસિંહે ધર્મરક્ષાર્થે, દેશ-રક્ષાર્થે હૃદયનું લોહી સમર્પ્યું હતું; એ મહામન્ત્રેથી મુગ્ધ થઇ શિવાજીએ પુરાકાળનું ગૌરવ ફરી સ્થાપવા યત્ન કર્યો છે. આજે ક્ષીણ દુર્બળ હિંદુજાતિના આશ્વાસનનું સ્થાન માત્ર એ પૂર્વગીત છે; વિપદ્‌માં, સમ્પદ્‌માં, દુર્બળતામાં આપણે એ પૂર્વકથા વિસરીશું નહિ; જ્યાં સુધી જાતિમાં જીવન હશે, ત્યાં સુધી હૃદયમન્ત્ર એ ગીતથી ધ્વનિત થશે.

નવયુગના પાઠક! તેં ઇલિયડકથા વાંચી છે, ડૅણ્ટિ, શેકસપિયર, ગોઇટે અને હ્યુગો વાંચ્યા છે, સાદિ અને ફર-દુસિ વાંચ્યા છે; પણ હૃદયમાં ઉંડું જો, હૃદયના અંતરમાં

કઇ કથા સરસ ભાવપૂર્ણ લાગે છે? કઇ કથાથી હૃદય વધારે ઉછળે છે? પ્રોત્સાહિત અને મુગ્ધ થાય છે? ભીષ્માચાર્યની અપૂર્વ વીરત્વકથા, દુઃખિની સીતાની અપૂર્વ પાતિવ્રત્યકથા હિંદુ માત્રના હૃદયમાં થરે થરે ગોઠવાઇ ગઇ છે. એ કથા હિંદુજાતિ કદી વિસરનારી નથી.

પાઠક! એકત્ર બેશીને એક એક વાર દેશીય ગૌરવની કથા ગાઇએ, આધુનિક અને પ્રાચીન સમયના વીરત્વની કથા સંભારીએ, એજ ઉદ્દેશ્યથી આ લેખણ પકડી છે; જો એ સમસ્ત કથા એકવાર પણ સ્મરણ કરાવી શકાશે તો આ યત્ન સફળ છે, નહિ તો મારાં પુસ્તકો દૂર ફેંકી દેજે, લેખક તેથી ખિન્ન થનાર નથી!

શાન્ત તપોવનની સંગીતયુક્ત પવિત્ર પુરાણકથાએ રઘુનાથના તપ્યા કપાળ ઉપર શીતળ જળ સીંચ્યું, ઉદ્વિગ્ન હૃદયમાં શાન્તિ વર્ષાવી; હતભાગ્યની ઉન્મત્તતા ધીરે ધીરે શાન્ત થઇ ગઈ, એ મહાકથા આગળ પોતાનો શોક અને દુઃખ ભૂલી ગયો. ધીરે ધીરે ચિન્તાહારિણી નિદ્રાએ રઘુનાથને ખોળામાં લીધો. રઘુનાથનું થાકેલું શરીર એ વૃક્ષ નીચેજ સુતું.

રઘુનાથને સ્વપ્ન આવ્યું. આજે સ્વપ્ન શેનું? આજે તે ગૌરવનું સ્વપ્ન હોઇ શકે? પદોન્નતિનું, યશોવિસ્તારનું સ્વપ્ન હોઇ શકે? હાય! રઘુનાથના જીવનમાંથી એ સ્વપ્ન આજે ચાલ્યું ગયું છે, એ વિચારનો આજે અન્ત આવ્યો છે, માયાપૂર્ણ સંસારમાંની એક માયા આજે લુપ્ત થાય છે.

રઘુનાથને યુદ્ધક્ષેત્રનું સ્વપ્ન આવ્યું છે? શત્રુઓનો નાશ કરે છે? ગઢ જિતે છે? યોદ્ધાનું કાર્ય કરે છે? રઘુનાથના એ ઉદ્યમોનો પણ અન્ત આવ્યો છે, એ સ્વપ્નોનો પણ અન્ત આવ્યો છે.

યૌવનના ઉદ્યમો એકે એકે શાન્ત પામ્યા છે, આશાનો દીવો બુઝાઇ ગયો છે, એ અન્ધકારરજનીમાં બન્ધુહીન થાકયા યુવકના હૃદયમાં પૂર્વદિનની કથા પૂર્વજીવનની પેઠે જાગ્રત થઇ છે. શોકભારથી હૃદય અકળાયું, આશા અને સુખ એની પાસેથી વિદાય થયાં. બન્ધુહીન જનોને જે સ્વપ્ન આવે છે, તે સ્વપ્ન રઘુનાથને આવ્યું હતું. સ્નેહમયી માતાનું સ્નેહસિક્ત મુખ હૃદયસમુદ્રમાં ડુબી ગએલું, તે આજે ફરી તરી આવ્યું. પિતાના દીર્ઘ અવયવો અને વિશાળ કપાળ સાંભરી આવ્યું, બાલ્યકાળમાં સૂર્યમહેલમાં રમતો, હાસ્યધ્વનિથી દિશાઓ ગજવી મુકતો, એ સૌ સાંભરી આવ્યું. એ વાત સાંભરી આવતાં બાલ્યકાળની સહચરી, શાન્ત, ધીર ભગિની લક્ષ્મી પણ સાંભળી આવી. આહા! એ સ્નેહમયી ભગિનીને હવે આ જીવનમાં ફરી દેખી શકીશ? આજે એ સોના જેવો સંસાર ક્યાં ગયો? એ પ્રફુલ સુખનું જગત કયાં ગયું? એ હૃદયની સહોદરા કયાં ગઇ? ઉંઘેલા રઘુનાથની મીંચાએલી આંખમાંથી એક અશ્રુબિન્દુ ધીરે રહી સરી પડયું.

સ્નેહમયી ભગિનીની ચિન્તામાં રઘુનાથની આંખ ઉઘડી ગઇ. શું જોયું? જાણે લક્ષ્મી જાતે જ ભાઇનું માથું ખોળામાં

લેઇ બેઠી છે. કોમળ શીતળ હસ્ત ભાઇના ઉષ્ણ કપાળ ઉપર ફેરવી હૃદયનો ઉદ્વેગ દૂર કરે છે, સહોદરા સ્નેહપૂર્ણ નયને સહોદરના મુખ ઉપર એકીનજરે જોઇ રહી છે, આહા! જાણે શોકથી ને ચિન્તાથી લક્ષ્મીનું પ્રફુલ્લ મુખ કંઇક સુકાયું છે, એ સ્થિર નયનો જાણે ચિન્તાનું આવાસસ્થાન છે!

રઘુનાથે ફરી નયન મીંચી; આંસુનું એક બીજું બિન્દુ ટપકયું: "ભગવાન! બહુ સહ્યું, હવે શું કરવા વૃથા આશા દેખાંડી હૃદયને વ્યથિત કરે છે? હું ઉન્મત્ત તો નહિ થઇ જાઉં?"

કોમળ હસ્તે આંસુ લ્હોવાયું, રઘુનાથની આંખ ફરી ઉઘડી. આ સ્વપ્ન નહોતું, તેની પ્રિય સહોદરા લક્ષ્મી તેનું માથું ખોળામાં લેઇ એ ઝાડ નીચે બેઠી હતી.

રઘુનાથનું હૃદય હર્ષે ઉછળ્યું; તેણે લક્ષ્મીના હાથ પોતાના તપ્ત હૃદય ઉપર દાબ્યા, એ સ્નેહપૂર્ણ મુખ સામે જોઈ રહ્યો, તેનું હૃદય ભરાઇ આવ્યું, કંઈ બોલી શકાયું નહિ, નયનમાંથી દડદડ આંસુની ધારા નીકળી પડી. એમ પણ હૃદયનો ઉભરો ના નીકળી શકયો, ત્યારે એ યુવક અન્તે છુટે મોંએ છાતીફાટ રોવા લાગ્યો: "લક્ષ્મી! લક્ષ્મી! તને શું આ જીવનમાં ફરી જોઇ શકયો? બીજાં સુખ બળી જાઓ, બીજી બધી આશાઓ બળી જાઓ, મારે કંઇ નથી જોઇતું; લક્ષ્મી! તારા હતભાગ્ય ભાઇને તારી પાસે સ્થાન આપ એટલે ઘણું! મારે કશું નથી જોઇતું!"

લક્ષ્મી પણ શોક શમાવી શકી ના. ભાઇની છાતીમાં મોં મુકી હૃદય ઠાલવી લીધું. આહા! એ રડવામાં જે સુખ! જગતમાં એવું કંઇ રત્ન છે કે સ્વર્ગમાં એવું કંઇ સુખ છે? દુઃખીઓ એ સુખને તુચ્છ માને છે!

બહુ દિવસે મળ્યા પછી પણ આજે આ બે જણ કંઇ બોલતાં નથી. રહી રહીને બહુ દિવસની કથાઓ એકે એકે હૃદયમાં જાગ્રત થાય છે, સુખની લહરીઓ સાથે દુ:ખની લહરીઓ મળી હૃદયને ઉછાળે છે, રહી રહીને તેઓ વચ્ચે વચ્ચે રડી પડે છે. ભગિનીના જેવું આ જગતમાં સ્નેહાળ બીજું કોણ છે? ભ્રાતૃસ્નેહના જેવો બીજો પવિત્ર સ્નેહ કયો છે? અમે એ સ્નેહનું વર્ણન કરવામાં અશક્ત છીએ, પાઠક! ક્ષમા કર.

કેટલીક વારે બન્નેનાં હૃદય શીતળ થયાં, લક્ષ્મી પોતાના પાલવથી ભાઇનાં આંસુ લોહી બોલી: “ઇશાનીની ઇચ્છાથી કેટલાય દિવસના શોધ પછી આજ તને જોઇ શકી. આહા! કેવું પરમ સુખ! દુખીઆરીના કપાળમાં સુખ હતું! ભાઇ, આ શીતળ વાયુથી તને અસુખ થશે, ચાલ, દેવીના મન્દિરમાં; હું પણ બહુ વખત અહીં થોભી શકીશ નહિ.”

ભાઇબેન મન્દિરમાં આવ્યાં. લક્ષ્મી એક થાંભલાને ટેકો દેઇ બેઠી, નિર્બળકાય રઘુનાથ બેનના ખોળામાં માથું મુકી સુતો. એ ગમ્ભીર અન્ધકાર રજનીમાં ભાઇબેન મૃદુ સ્વરે વાતો કરવા લાગ્યાં.

ભાઇના કપાળ ઉપર હાથ ફેરવતાં ફેરવતાં લક્ષ્મી કંઇ કંઇ પુછવા લાગી, રઘુનાથ તેના ઉત્તરો એકે એકે આપતો ગયો. દસ્યુઓના હાથમાંથી નાશી ક્યાં ક્યાં રખડ્યો, ક્યાં કેવી અવસ્થામાં રહ્યો તે સર્વનું તેણે વર્ણન કર્યું. કદી મરાઠાખેડુત સાથે ખેતી કરતો, કદી ઢોર ચારવા જતો, ઢોરની સાથે પર્વત, ખીણ કે મેદાનમાં રખડતો કે વગડે બેશી એકલો ચારણગીત ગાતો, કદી સાયંકાલે નદીતટે એકલો બેશી ઉચ્ચ સ્વરે એ ગીત ગાઇ હૃદયને શાન્ત કરતો, કદી પ્રભાતે વગડે જઇ પાછલી વાતો સમ્ભારી ઉચ્ચ સ્વરે રુદન કરતો. પર્વતમય કોંકણપ્રદેશમાં કેટલાંક વર્ષ રહી અન્તે એક મરાઠા સૈનિકને ત્યાં નોકર રહ્યો ને તેની સાથે કદી કદી યુદ્ધમાં જવા લાગ્યો. મોટો થયો તેમ તેમ તેનો યુદ્ધમાં જવાનો ઉત્સાહ પણ વધતો ગયો. અન્તે મહાન શિવાજીની પાસે ગયો ને તેની સેનામાં સૈનિક બન્યો. આજ ત્રણ વર્ષ થયાં તે કાર્ય કરે છે, ભગવાન જાણે છે કે તેણે પોતાના કાર્યમાં કંઇ બાકી રાખી નથી. પણ પ્રભુ શિવાજીના અયોગ્ય સન્દેહથી અપમાનિત થઇ દેશોદેશ નિરાશ્રિત અવસ્થામાં રખડે છે. હવે તેના જીવનને કંઇ ઉદ્દેશ્ય નથી. પિતાની પેઠે યુદ્ધમાં પ્રાણત્યાગ કરી આ અસાર સંસારનો ત્યાગ કરશે.

ભાઇની દુઃખકથા સાંભળતાં સાંભળતાં બેનની આંખમાંથી પાર વિનાનાં આંસુ નિકળી પડ્યાં. તે પોતાનું દુઃખ સહી શકતી, આજ ભાઇના શોકથી વ્યાકુળ બની ગઇ. જ્યારે એ વાત પૂરી થઇ, ત્યારે પોતાના સમ્બન્ધમાં શું

કહેવું એ વિચારવા લાગી. ચન્દ્રરાવનું નામ દીધું નહિ, નારી સ્વામીનું નામ દે નહિ, ધીરે ધીરે આંસુ લોહી જણાવ્યું: "મહારાષ્ટ્રદેશમાં આવ્યા પછી થોડે કાળે એક કુલીન મરાઠા જાગીરદાર સાથે લગ્ન થયાં છે. ગગનમાંના શશધરને નામે નામ છે, ને શશધરના જેવી તેમની શક્તિ તથા ગૌરવજ્યોતિ ચારે દિશામાં પ્રસરી રહી છે. તેમના સંસારમાં સુખી છું, પ્રભુ પણ દાસી ઉપર કૃપા રાખે છે, એ કૃપાથી દાસી સુખમાં રહે છે. આ જીવનમાં મારે કંઈ વાસના નહોતી, કેવળ ભાઇને સુખમાં જોવાય તો જીવન સાર્થક થાય. તારા સમાચાર કોઇ કોઈ વાર મળતા, તને મળવાને પ્રયત્નો કરતી. આજ દેવીની પૂજા કરવા આવતાં એ કામના સિદ્ધ થઇ, આજ અકસ્માત્ મન્દિર પાસે ઝાડ નીચે તને જોયો."

આમ પોતાની હકીકત જણાવી લક્ષ્મીએ ભાઇના હૃદયમાંથી દુ:ખનો કાંટો કાઢવાનો પ્રયત્ન કર્યો. લક્ષ્મી :ખિની છે, દુ:ખની વ્યથા જાણે છે. લક્ષ્મી નારી છે, દુ:ખમાં આશ્વાસન આપતાં એને આવડે છે. સહિષ્ણુ થઇ દુ:ખ સહન કરવું ને આશ્વાસન આપી બીજાનાં દુ:ખ દૂર કરવાં એ નારીનો ધર્મ છે.

અનેક પ્રકારનાં પ્રબોધવાક્યોથી ભાઇના મનને શાન્ત કરવા લાગી: "એ તો આપણું જીવન જ એવું છે, સૌ દહાડા સરખા જાય ના. ભગવાન રોજ સુખ આપે, તે આપણે ભોગવીએ, તો કોઇક દિન દુ:ખ આપે તે આપણે

સહન ન કરવું? માનવજન્મ જ દુઃખમય છે, જો આપણે દુઃખ સહન ન કરીએ, તો કોણ કરશે? સુખદુઃખ સર્વેને છે, વિધાતાનું નામ દેઇ દુઃખ પણ વેઠી લેવું જોઇએ. એણે જ એક દિન પિતાને ઘેર આપણને સુખ આપ્યું હતું અને એણે જ આજે વળી કષ્ટ આપ્યું છે, વળી તે જ આ દુઃખ દૂર કરશે. ભાઇ, આ નિરાશા દૂર કર, આવી અવસ્થામાં તે કેટલા દહાડા શરીર ટકે? આહારનિદ્રા ત્યાગ થાય તો મનુષ્યજીવન કેટલા દહાડા ટકે?"

રઘુનાથ: "હવે ના ટકે તોય શું? જે દિવસે 'વિદ્રોહી' શબ્દથી સૈનિકનું નામ કલંકિત થયું તે દિવસથી સૈનિકના જીવનનો અન્ત આવ્યો જ છે."

લક્ષ્મી: "તને શું એમ ગમે છે કે તારી બેન લક્ષ્મીને સદાની દુખિયારી કરવી છે? જો ભાઇ, મારે આ જગતમાં બીજું કોણ છે? બાપ નથી, મા નથી, જગતસંસારમાં કોણ છે? તું પણ લક્ષ્મી ઉપરનો સ્નેહ છેક આમ ભૂલી જશે? વિધાતા આ અભાગિયણથી આમ એકેફેરે કેમ ફરી બેઠી!"

રઘુનાથ: "લક્ષ્મી! તું મારા ઉપર સ્નેહ રાખે છે, તે હું જાણું છું; જે દિવસે હું તને કષ્ટ આપું, તે દિવસે ભગવાન મારા ઉપર રૂઠજો. પણ બેન! આ જીવનમાં હવે સુખ નથી; તું સ્ત્રી છે, સૈનિકના શોકને તારું હૃદય શી રીતે જાણી શકે? જીવન કરતાં મને મારું નામ વધારે પ્રિય છે, મૃત્યુ કરતાં અપયશ અને કલંક હજારોગણું કષ્ટકર છે! એ કલંકથી રઘુનાથનું નામ કલંકિત થયું છે!"

લક્ષ્મી: "ત્યારે એ કલંક દૂર કરવાનો પ્રયત્ન કેમ નથી કરતો? મહાન શિવાજી પાસે જા, તેનો ક્રોધ દૂર થતાં જરૂર તારી વાત સાંભળશે. તારો દોષ નથી, એ સમજી શકશે."

રઘુનાથે કંઇ ઉત્તર દીધો નહિ, પણ તેનું મુખ રાતું થઇ ગયું, આંખોમાંથી અગ્નિ ઝરવા લાગ્યો. બુદ્ધિમતી લક્ષ્મી સમજી શકી કે પિતાનો દર્પ, પિતાનુ અભિમાન પુત્રમાં છે. તેનામાં પ્રાણ હોય ત્યાં સુધી એ શિવાજીની પ્રાર્થના કરવા તો જાય નહિ. ભાઇના અન્તરનો મર્મ સમજી તીક્ષ્ણબુદ્ધિ લક્ષ્મી બોલી: "ક્ષમા કર, હું નારી તારી વાત ન સમજી શકું. પણ જો શિવાજી પાસે જવાની ઇચ્છા ન જ હોય તો કાર્ય વડે તારો યશ પાછો કેમ સ્થાપતો નથી? પિતા કહેતા: 'સૈનિકનું સાહસ અને પ્રભુભક્તિ કાર્ય વડે પ્રકાશિત થાય!' જો તને વિદ્રોહી માની કોઇ શંકા લેતું હોય તો તું તલવાર લેઇ એ શંકાનું કેમ નિવારણ કરતો નથી."

ઉત્સાહથી રઘુનાથનાં નયન પ્રજ્વલિત થયાં, તેણે પ્રશ્ન કર્યો: "કેવી રીતે?"

લક્ષ્મી: "સાંભળ્યું છે કે શિવાજી દિલ્હી જાય છે, ત્યાં અનેક પ્રસંગો બનશે, દૃઢપ્રતિજ્ઞ સૈનિકને આત્મપરિચય આપવાના હજારો ઉપાય જડશે. હું સ્ત્રીલોક, શું કહી શકું? પિતાના જેવું સાહસ, તેના જેવી વીરપ્રતિજ્ઞા કરશે, તો તારો કયો હેતુ સફળ નહિ થઇ શકે?"

રઘુનાથને જો બીજા વિચારો કરવાને અવકાશ હોત, તો તે સમજી શકત કે નાની લક્ષ્મી માનવહૃદયશાસ્ત્રથી કેવળ અજાણી નથી. જે ઔષધિ આજ તેણે રઘુનાથના હૃદયમાં રેડી, તેથી મુહૂર્તમાત્રમાં તેનો શોકસન્તાપ દૂર થયો. સૈનિકનું હૃદય પ્રથમના જેવું જ ઉત્સાહિત થઇ ગયું.

રઘુનાથે અનેક ક્ષણ વિચાર કર્યા, તેનાં નયને અને મુખમણ્ડળે અકસ્માત્ નવગૌરવ ધારણ કર્યું. અનેકક્ષણ પછી બોલ્યો: "લક્ષ્મી! તું સ્ત્રીલોક, પણ તારી વાતો સાંભળી સાંભળીને મારા હૃદયમાં નૂતન ભાવોનો ઉદય થયો છે. મારૂં હૃદય ઉત્સાહશૂન્ય નથી. ભગવાન સહાય થાઓ, રઘુનાથ વિદ્રોહી નથી, ભીરુ નથી એ હકીકત હું અહુણાજ સિદ્ધ કરીશ. પણ તું બાલિકા છે, એ બધી વાતો તને કહ્યે શું થાય? તું મારા હૃદયના ભાવો શે સમજી શકે?"

લક્ષ્મી કંઇક હશીને વિચારવા લાગી: "રોગનિર્ણય કર્યો મેં, ઔષધ આપ્યું મેં, તથાપિ કંઇ ન સમજ્યું?" ભાઇને કહેવા લાગી: "ભાઇ, તારો ઉત્સાહ જોઇ મારા પ્રાણમાં પ્રાણ આવ્યો. તારો હેતુ હું શી રીતે સમજી શકું? ગમે તેમ હો, પણ તારી નાની બેન જીવે ત્યાં સુધીમાં તારા મનોરથ પૂર્ણ થાઓ, જગદીશ્વર પાસે મારી તો એજ પ્રાર્થના છે."

રઘુનાથ: "અને લક્ષ્મી! હું જિતીશ ત્યાં સુધી તારો સ્નેહ વિસરીશ નહિ." અનેક ક્ષણ પછી નીચે મોંએ લક્ષ્મી

ધીરે ધીરે બોલી: "મારે બીજું પણ કંઇક કહેવાનું છે, પણ કહેતાં ભય થાય છે."

રઘુનાથ: "લક્ષ્મી! મને કહેતાં ભય થાય છે? હું તારો સહોદર, સહોદરને કહેતાં ભય શો?"

લક્ષ્મી: "ચન્દ્રરાવ નામે એક જમાદારે, જણાય છે કે, તને કંઇક અપકાર કર્યો છે."

રઘુનાથનું હાસ્ય દૂર થઇ ગયું, પણ તે ઉદ્વેગ દાબી રઘુનાથ બોલ્યો: "ચન્દ્રરાવે રાજાની પાસે જે હકીકત કહેલી, તે અસત્ય નહોતી. તેણે મને શો અપકાર કર્યો છે, તે હું જાણતો નથી."

લક્ષ્મી: "તેણે જે કર્યું હોય તે, ભાઇ, અંગીકાર કરજે, તેનું કંઇ અનિષ્ટ કરતો ના."

રઘુનાથ નિરુત્તર થઇ વિચાર કરવા લાગ્યો. લક્ષ્મી ફરી બોલી: "ભાઇની પાસે મેં કદી કશું માગ્યું નથી, આજ આ માગી લેઉં છું; ભાઇ, મારા ઉપર સ્નેહ હોય તો આટલું મારૂં કહ્યું માનજે."

આ શબ્દોથી રઘુનાથનું હૃદય ગળી ગયું. બેનના હાથ ઝાલી બોલ્યો: "લક્ષ્મી! હવે મને કંઇક કંઇક સન્દેહ જાય છે, કે ચન્દ્રરાવેજ મારો નાશ કર્યો છે, પણ તારો બોલ પાછો વાળી શકતો નથી. આ ઈશાનીમન્દિરમાં

પ્રતિજ્ઞા કરૂં છું કે ચન્દ્રરાવનું કંઇ પણ અનિષ્ટ કરીશ નહિ. મેં એનો દોષ ક્ષમા કર્યો, પ્રભુ એનો દોષ ક્ષમા કરો.”

લક્ષ્મીના ઉંડા અન્તરમાંથી શબ્દો નિકળ્યા: “પ્રભુ એમનો દોષ ક્ષમા કરો.”

પૂર્વ દિશામાં પ્રભાતની પ્રકાશચ્છટા દેખાઈ, લક્ષ્મી ખુબ રડીને ભાઇની પાસેથી વદાય થઇ, જતાં જતાં બોલી: “મારી સાથે કેટલાક માણસો મન્દિરમાં છે, તે બધા હજી ઉંઘે છે, હવે હું ના જાઉં તો તેઓ જાણી જાય. હવે હું જાઉં છું. પરમેશ્વર તારા મનોરથ પૂર્ણ કરો.”

“પરમેશ્વર તને સુખમાં રાખો,” એમ કહી સ્નેહથી લક્ષ્મીની રજા લેઇ રઘુનાથ પણ મન્દિરમાંથી વદાય થયો. પાઠક, ચાલો આપણે હતભાગિની સરયૂ પાસે જઇએ.

૨૦

સાધુ સીતાપતિ

રુદ્રમણ્ડળ ઉપર હલ્લો કરવા જતાં રઘુનાથને કેમ વિલમ્બ થએલો, તેનું અનુમાન પાઠકે કરી લીધું હશે. યુદ્ધમાં કોણ ખપશે ને કોણ પાછું આવશે એ કોઇથી કહી શકાતું નથી, તેથી યુદ્ધમાં જતા પહેલાં રઘુનાથ એક વાર સરયૂને મળવા ગયો હતો. આંસુભર્યે લોચને સરયૂએ તેને વદાય કર્યો હતો.

એક દિવસ ગયો, બે દિવસ ગયા, પણ રઘુનાથના કંઇ સમાચાર મળ્યા નહિ. આશા ધીમું ધીમું કહેવા લાગી: "રઘુનાથને યુદ્ધમાં વિજય થયો છે, એને રાજાએ સમ્માન આપ્યું છે, વિજયી રઘુનાથ ઉલ્લાસહૃદયે ઉતાવળો આવે છે, પરમ કુતૂહલે પિતાની સાથે યુદ્ધકથા કરે છે." પણ રઘુનાથ હજી યે આવ્યો ના, પિતાની સાથે યુદ્ધકથા કરી ના.

અકસ્માત્ વજ્રની પેઠે સમાચાર આવ્યા કે રઘુનાથ વિદ્રોહી છે, વિદ્રોહાચરણથી અપમાન આપી રાજાએ દૂર કર્યો છે. સાંભળતાં સાંભળ્યું તો ખરૂં, પણ માન્યું મનાય નહિ! ધીરે ધીરે તેનું કપાળ રાતું થયું, મુખ રાતું થયું, શરીર કમ્પવા લાગ્યું, નયનમાંથી અગ્નિ ઝરવા લાગ્યો. દાસીને કહેવા લાગી: "શું કહ્યું? રઘુનાથ વિદ્રોહી? રઘુનાથ મુસલમાને સાથે મળી ગયો? બને ના. તને ભાન નથી! શું કહું? જા અહીંથી દૂર!"

યુદ્ધમાંથી એકે એકે સૈનિકો આવવા લાગ્યા ને એના એ જ સમાચાર લાવવા લાગ્યા: "રઘુનાથ, વિદ્રોહી." સરયૂની સખીઓ પણ એ જ કહેવા લાગી. વૃદ્ધ જનાર્દનદેવ પણ શાસ્ત્રાભ્યાસ કરતો કરતો બોલ્યો: "કોણ જાણી શકે કે એ સુન્દરમૂર્તિ બાળકના મનમાં આવી ક્રૂરતા હશે?" સરયૂએ સો સાંભળી લીધું, કંઇ ઉત્તર આપ્યો ના. જગતના લોક કહે છે: "રઘુનાથ વિદ્રોહી છે:" સરયૂનું હૃદય કહે

છે: "હોય નહિ, જગત્ મિથ્યા છે; રઘુનાથના ચારિત્રમાં દોષનો સ્પર્શ નથી."

બહુ દિવસ એમ ચાલ્યા ગયા; પછી એક દિવસે સંધ્યાને સમયે સરયૂ સરોવરતટે ગઇ, સરોવરતટે એક જટાજૂટધારી દીર્ઘકાય સાધુ બેઠા છે. સરયૂ કંઇક વિસ્મય પામી ઉભી રહી, સાધુને જોવા લાગી. જેમ જેમ જોવા લાગી, તેમ તેમ તેના હૃદયમાં ભક્તિભાવ ઉત્પન્ન થતો ગયો.

સાધુ સરયૂને જોઇ રહ્યો, બહુ વાર જોઇ રહ્યા પછી બોલ્યો: "ભદ્રે! આ સાધુની પાસે ઉભા રહેવાનું કંઇ પ્રયોજન છે? કોઇ વિશેષ કારણુથી મારી પાસે આવી છે? રમણી, તારા કપાળમાં દુઃખનાં આ ચિહ્ન શાનાં? તારી આંખમાં આંસુ શાનાં?"

સરયૂ ઉત્તર આપી શકી નહિ. સાધુ ફરી બોલ્યો: "હું જાની તારો હેતુ સમજી ગયો છું, કોઇ સમ્બન્ધીના વિષયમાં કંઇ પુછવા આવી છે, ખરૂં ને?"

કમ્પિત સ્વરે બોલી: "ભગવાન! આપની શક્તિ અસાધારણુ છે, જો કૃપા કરી બીજું કંઇ વધારે કહો તો સારૂં. તે સમ્બન્ધી વિપદ્‌માં છે, તેની કુશળવાર્ત્તા પુછવા આવી છું."

સાધુ: "જગત એને વિદ્રોહી માને છે."

સરયૂ: "પ્રભુને કશું અજાણ્યું નથી."

સાધુ: "મહારાજ શિવાજીએ એને વિદ્રોહી જાણી દૂર કર્યો છે."

સરયૂનું મોં રાતું થઇ ગયું. ફરી બોલી: "તપસ્વી ખળ છે એમ માની શકીશ, પણ રઘુનાથ વિદ્રોહી છે એમ માની શકીશ નહિ. મહારાજ! હવે તો જઇશ."

સાધુની આંખમાં આંસુ આવ્યાં, તે ધીરે ધીરે બોલવા લાગ્યો: "મારે હજી પણ કંઇક કહેવાનું છે."

સરયૂ: "કહો, ત્યારે."

સાધુ: "મનુષ્યનું હૃદય મનુષ્યથી જાણી શકાતું નથી. રઘુનાથનું હૃદય કેવું હતું તે જાણવાનો એક ઉપાય છે. પ્રણયિનીનું હૃદય પ્રણયીના હૃદયનું દર્પણસ્વરૂપ છે. જો રઘુનાથની યથાર્થ પ્રણયિની હોય, તો તેની પાસે જા ને પુછ કે એનું હૃદય કેવું હતું. તેના હૃદયના અભિપ્રાય મિથ્યા ના હોય."

સરયૂ આકાશ તરફ જોઇ બોલી: "જગદીશ્વર! તારો ઉપકાર કે તેં મને આ શાન્તિ આપી. એ ઉન્નતચરિત યોદ્ધાની પ્રણયિની થવાની જે સુન્દરી આશા બાંધે તે જીવ જાય તોપણ રઘુનાથની સત્યતામાં સન્દેહ આણે નહિ."

ક્ષણેક પછી સાધુ ફરી બોલ્યો: "ભદ્રે! તારા શબ્દો એમ સાખ પૂરે છે કે તું જ એ યોદ્ધાની પ્રણયિની છે.

હું દેશેદેશમાં પર્યટન કરૂં છું, વખતે રઘુનાથની સાથે ફરી મળવાનું થાય પણ. એને કંઈ કહેવું છે? મારી પાસે શરમ રાખવાનું કારણ નથી, હું સંસાર બહાર છું."

સરયૂ કંઈક લજવાઇ, ધીરે ધીરે બોલી: "પ્રભુને આપ અહુણા ક્યાંય મળેલા?"

સાધુ: "ગઇ રાત્રે ઈશાનીમન્દિરમાં મળ્યો હતો. તેણે જ મને તારી પાસે મોકલ્યો છે."

સરયૂ: "તેમણે હવે શું કરવાની પ્રતિજ્ઞા લીધી છે, તે સમ્બન્ધે કંઇ કહ્યું હતુ?"

સાધુ: "પોતાના બાહુબળથી, પોતાના કાર્યગુણથી અન્યાય અપયશ દૂર કરશે, અથવા તે પ્રયત્નમાં પોતાનો પ્રાણ આપશે."

સરયૂ: "ધન્ય વીરપ્રતિજ્ઞા! જો તેમને ફરી મળવું થાય તો કહેજો, સરયૂ રાજપુતબાળા છે, જીવન કરતાં યશને પ્રિય ગણે છે. કહેજો, સરયૂ જ્યાં સુધી જીવતી રહેશે ત્યાં સુધી રઘુનાથને કલંકશૂન્ય વીર માની તેનાં યશોગીત ગાશે. ભગવાન રઘુનાથનો યત્ન અવશ્ય સફલ કરશે."

સાધુ: "ભગવાન એનો યત્ન સફળ કરો. પણ ભદ્રે! સત્યનો સદા ય જય નથી થતો. વિશેષમાં રઘુનાથ જે વિકટ ઉદ્યમમાં મંડ્યો છે, તેમાં તેનો પ્રાણ પણ જાય."

સરયૂ: "રાજપુતનો એ ધર્મ છે. આપ એમને કહેજો કે કર્તવ્યસાધનમાં તેમનો કદી પ્રાણ જશે તો સરયૂબાળા તેમનાં યશોગીત ગાતી ગાતી પોતાનો પ્રાણ ઉલ્લાસે વિસર્જન કરશે."

બન્ને જણ ક્ષણેક સ્તબ્ધ રહ્યાં. અનેકક્ષણ પછી સરયૂએ પુછ્યું: "રઘુનાથે આપને બીજું કંઇ કહ્યું છે?"

સાધુ ક્ષણેક વિચાર કરી બોલ્યો: "આપને પુછ્યું છે કે વિદ્રોહી કહી જગત એનો તિરસ્કાર કરશે, તોપણ તારા હૃદયમાં એ સ્થાન પામી શકશે? જગત જેનું નામ ઉચ્ચારશે નહિ, તેનું નામ તું સ્મરી શકશે? તિરસ્કૃત, અપમાનિત, દૂરીકૃત રઘુનાથને સરયૂબાળા શું મનમાં રાખી શકશે?"

સરયૂ: "પ્રભુ! એમને જણાવજો કે સરયૂ રાજપુત-બાળા છે, અવિશ્વાસિની ન હોય."

સાધુ: "જગદીશ્વર! ત્યારે હવે તેના હૃદયને કષ્ટ નથી. લોક કદી તેની નિન્દા કરશે, તોપણ તે આશ્વાસન લેઇ શકશે કે જગતમાં હજી પણ એક જણ તેના ઉપર વિશ્વાસ રાખનાર છે. હવે રજા આપો. આ હકીકત જણાવી રઘુનાથના હૃદયમાં શાન્તિ રેડું."

સજળ નયને સરયૂ બોલી: "તેમને એમ પણ કહેજો કે તલવાર વડે પોતાનો માર્ગ સ્વચ્છ કરે, જગતનો જે આદિપુરુષ છે તે તેમને સહાય થશે."

બન્ને ફરી ચુપ થયાં. ફરી સરયૂ બોલી: "પ્રભુ! તમે મારૂં હૃદય શાન્ત કર્યું છે, પ્રભુનું નામ પુછું તો?"

સાધુ: "સીતાપતિ."

રાત્રિથી જગત શ્યામ થયું છે. એ અન્ધકારમાં સાધુ રાયગઢના કિલ્લા તરફ ચાલતો થયો.

૨૧

રાયગઢ

ઉપરના બનાવ પછી કેટલેક દિવસે શિવાજી પોતાની રાજધાની રાયગઢમાં મધ્યરાત્રિએ એક સભા ભરી બેઠો છે. શિવાજીના મુખ્ય મુખ્ય સેનાપતિઓ, મન્ત્રીઓ, કર્મચારીઓ, પુરોહિતો અને શાસ્ત્રજ્ઞ બ્રાહ્મણો સભામાં બેઠા છે. પરાક્રમી યોદ્ધાઓથી, બુદ્ધિસમ્પન્ન મન્ત્રીઓથી, શીર્ણતનુ શુકલકેશ બહુદર્શી ન્યાયશાસ્ત્રીઓથી સભામન્દિર સુશોભિત થઇ રહ્યું છે. યુદ્ધવ્યવસાયમાં, બુદ્ધિસંચાલનમાં અથવા વિદ્યાબળમાં તેઓએ જ શિવાજીને સહાયતા આપી છે, શિવાજીની પેઠે એમનાં હૃદય પણ સ્વદેશભક્તિથી પરિપૂર્ણ છે, પણ આજ સભાસ્થાન નીરવ છે, શિવાજી પણ નીરવ છે. મહારાષ્ટ્રીય વીરો આજે મહારાષ્ટ્રીય ગૌરવલક્ષ્મીની પાસે વદાય લેવા આવ્યા છે.

અનેક ક્ષણ પછી શિવાજી મોરો ત્રિમળને કહેવા લાગ્યો: "પેશ્વાજી! આપ ત્યારે એમ જ સલાહ આપો છો કે બાદશાહને તાબે થઇ તેના જાગીરદાર થઇ રહેવું?"

મોરો: "માનવીથી થાય એટલું તો આપે કર્યું. વિધિનો હાથ કોનાથી ઠેલાય એમ છે?"

શિવાજી: "સોનદેવ! જ્યારે મારી આજ્ઞાથી આ સુન્દર વિશાળ રાયગઢનો કિલ્લો બાંધ્યો, ત્યારે એ રાજાની રાજધાની થવા બાંધ્યો હતો કે જાગીરદારને રહેવા બાંધ્યો હતો?"

આબાજી સોનદેવે ખિન્ન સ્વરે ઉત્તર આપ્યો: "ક્ષત્રિય-રાજ, ભવાનીની આજ્ઞાથી એકદિન સ્વાધીનતાની આકાંક્ષા કરી હતી, ભવાનીની આજ્ઞાથી એ ચેષ્ટાથી દૂર થવું પડ્યું છે, હવે આક્ષેપ લેવો નિરર્થક છે, ઇશાનીએ પોતે હિંદુ-સેનાપતિ સામે યુદ્ધ કરવાનો નિષેધ કર્યો છે."

આનાજી દત્તે પણ કહ્યું: "થવાનું થઇ ગયું છે. હવે તો દિલ્હી જવું કે નહિ તે સમ્બન્ધે જ વિચારો કરો."

શિવાજી: "આનાજી! તમારૂં કહેવું ઠીક છે. પણ જે આશાએ, જે પ્રયત્ને આટલા દિવસો સુધી હૃદયમાં વાસ કર્યો, તેમને સહજમાં શી રીતે હાંકી કઢાય? આ જે ઉન્નત પર્વતશ્રેણિ ચન્દ્રિકામાં દૃષ્ટિએ પડે છે, તે પર્વ-તોનાં શિખરો ઉપર ચઢતાં ને ખીણોમાં રખડતાં હૃદયમાં કેટલાં સ્વપ્ન જાગ્રત થયાં હતાં? ફરી મહારાષ્ટ્રદેશ સ્વા-

ધીન થશે, ભારતવર્ષ સ્વાધીન થશે. ફરી હિન્દુ રાજા હિમાલયથી સાગર સુધીના સમસ્ત દેશ ઉપર રાજ્ય કરશે! ઈશાની! જો એ આશા સ્વપ્નમાત્ર હતી, તો બાળકના હૃદયને શા માટે એ સ્વપ્નથી ચંચળ કર્યું હતું?"

આ શબ્દો સાંભળીને સર્વ સભાસદો નીરવ બન્યા, સભામાં શબ્દમાત્ર નથી. એ નિસ્તબ્ધતામાં સભાસ્થાનના એક કંઇક અન્ધારા ભાગમાંથી ગમ્ભીર શબ્દ સમ્ભળાયો: "ઈશાનીએ તમને ઠગ્યા નથી! મનુષ્યમાં કદી વીરતા ને પ્રયત્ન હોય, તો ઈશાની સહાયતા આપવામાં કદી પાછી પડતી નથી."

ચંકિત થઇ શિવાજીએ શબ્દદિશામાં દૃષ્ટિ કરી તો એક સાધુને જોયો, એ સાધુ સીતાપતિ હતો.

ઉત્સાહથી શિવાજીનાં નયન તેજ મારવા લાગ્યાં. તે બોલ્યો: "બાવાજી, તમે મારા હૃદયમાં બાલ્યઉત્સાહ ફરી પ્રેર્યો છે, બાલ્યકથા ફરી યાદ દેવડાવી છે. તીર્થસ્વરૂપ દાદાજી કાણ્ડદેવે મરતી વખતે આમ કહ્યું હતું: 'વત્સ! તેં જે પ્રયત્ન આદર્યો છે, તેના કરતાં વધારે પવિત્ર પ્રયત્ન બીજો નથી. એ ઉન્નતિમાર્ગે ચાલ્યો જા, દેશની સ્વાધીનતાને માટે સાધના સાધ, બ્રાહ્મણગોવત્સાદિ અને ખેડુતોની રક્ષા કર. દેવાલયોને કલંક આપનારાઓને સજા કર, ઈશાનીએ જે ઉન્નત પંથ દેખાડયો છે તે ઉન્નત પન્થે વિચર્યો જા.' વીશ વર્ષ પછી આજ દાદાજીનો ગમ્ભીર સ્વર મારા કાનમાં શબ્દિત થાય છે, દાદાજીએ શું મને ઠગ્યો હતો કે?"

ફરી સીતાપતિ ગમ્ભીર શબ્દે બોલ્યો: "દાદાજી ઠગે ના. ઉન્નત પન્થે પળે તેને અવશ્ય ઉન્નત ફળ પ્રાપ્ત થાય, માર્ગમાંથી જો નિરુત્સાહ થઇ પાછા વળીએ તો તે દાદાજીની ઠગાઇ કે આપણી ભીરુતા?"

'ભીરુતા' શબ્દનું ઉચ્ચારણ થતાં સભામાં કોલાહલ થઇ રહ્યો, વીરોની તલવાર ઝનઝનાટ શબ્દ કરવા લાગી.

સીતાપતિ ફરી ગમ્ભીરં સ્વરે બોલ્યો: "રાજા, સાધુની વાચાળતાને ક્ષમા કરજો. જો અન્યાયકથા ઉચ્ચારાઇ હોય તો ક્ષમા કરજો, પણ મારો ઉપદેશ સત્ય છે કે નહિ, તે ક્ષત્રિયરાજ! આપના વીરહૃદયને પુછી જુઓ. જેણે જાગીરદારની પદવી ઉપરથી રાજપદવી ધારણ કરી છે, જેણે તલવાર વડે સ્વાધીનતાનો માર્ગ સ્વચ્છ કર્યો છે, જેણે પર્વત ઉપર, ખીણમાં, ગામમાં ને વનમાં વીરત્વનાં ચિત્ર ચિતરી મુકયાં છે, તે શું તે વીરત્વને વિસરી જશે? એ સ્વાધીનતાને જલાંજલિ આપશે? બાળસૂર્યની પેઠે હિન્દુરાજ્યની જ્યોતિ ચારે દિશાના અન્ધકારને ભેદી સર્વવ્યાપી થતી જાય છે, તે સૂર્ય શું અકાળેજ અસ્ત પામશે? રાજા! હિન્દુગૌરવલક્ષ્મી આપને વરી છે, આપ તેનો ઇચ્છા કરી ત્યાગ કરશો? હું તો માત્ર ધર્મવ્યવસાયી છું, મને સલાહ આપવાનો અધિકાર નથી, આપ પોતેજ વિચારી જુઓ."

સભામાં સર્વે ચુપ થઇ ગયા; શિવાજી પણ ચુપ છે, તોપણ તેનાં નયન ધક્ ધક્ બળવા લાગ્યાં.

અનેક ક્ષણ પછી શિવાજી સાધુ તરફ જોઈ કહેવા લાગ્યો: "ગોસ્વામી! આપની સાથે મારે માત્ર થોડા દિવસોનો જ પરિચય છે, આપ દેવ છો કે માનવી છો, તે હું જાણતો નથી, પણ દેવવાણી કરતાં એ આપની ગમ્ભીર વાણી હૃદયપટ ઉપર વધારે સ્પષ્ટ રીતે અંકિત થાય છે. એક પ્રશ્ન પુછું: હિંદુ સેનાપતિનો પ્રતાપ તુમુલ છે, રણકૌશલ તીક્ષ્ણ છે, રાજપુતસેના અસંખ્ય છે, તેની સાથે યુદ્ધ કરે એવી સેના મારી પાસે ક્યાં છે?"

સીતાપતિ: "રાજપુતો વીરજાતિ છે, પણ મરાઠાઓ દુર્બળ હાથે તલવાર પકડતા નથી; જયસિંહ રણપણ્ડિત છે, પણ શિવાજીએ પણ ક્ષત્રિયવંશમાં જન્મ ગ્રહણ કર્યો છે. પરાજયની આશંકા કરશો તો પરાજય જ પામશો. પુરુષસિંહ! વિપદને તુચ્છ માની, દૈવનો સંહાર કરી, કાર્યસાધન કરો. ભારતવર્ષમાં એવો હિન્દુ નથી કે જે આપને સહાય નહિ થાય!"

શિવાજી: "કબુલ, પણ હિન્દુ સાથે હિન્દુ યુદ્ધ કરે ને રુધિરથી દેશને કલંકિત કરે એ શું સારૂં છે? એ શું પુણ્યકર્મ છે?"

સીતાપતિ: "એ પાપનો પાતકી કોણ? જે સ્વધર્મને માટે, સ્વજાતિને માટે યુદ્ધ કરે તે કે જે મુસલમાનોના પૈસા ખાઇ સ્વજાતિ સાથે વૈર બાંધે તે?"

શિવાજી ફરી ચુપ થયો. ઘણા વખત સુધી વિચાર

કરતો રહ્યો. તેના વિશાળ હૃદયને ભીષણ ચિન્તાલહરીઓએ કેટલું વલોવી નાખ્યું હશે તે કોણ જાણી શકે? ઘણે વખતે મસ્તક ઉંચું કરી ધીરે ધીરે બોલ્યો: "સીતાપતિ! આજે જાણ્યું કે મહારાષ્ટ્રદેશ હજી યે વીરશૂન્ય નથી, હજી યે પરાધીનતા સ્વીકારવાનો નથી. ફરી યુદ્ધ થશે તે સમયે આપના કરતાં વધારે વિચક્ષણ અને સાહસી સહયોગી બીજો કોઇ મળી શકશે નહિ. પણ એ યુદ્ધના દિવસો હજી આવ્યા નથી. હું પરાજયની શંકા કરતો નથી, સ્વધર્મીઓના નાશની શંકા કરતો નથી, બીજે એક કારણે યુદ્ધ બન્ધ કરવું પડે છે; સાંભળો:

"જે મહાન વ્રત ધારણ કર્યું છે, તેની સાધના માટે અનેક પ્રપંચો, અનેક ગુપ્ત ઉપાયો ગ્રહણ કર્યા છે. મ્લેચ્છો આપણી સાથે સન્ધિ પ્રમાણે ચાલતા નથી, ત્યારે મેં પણ ઘણી વખત સન્ધિનું ઉલ્લંઘન કર્યું છે.

"આજે હિન્દુધર્મના અવલંબનસ્વરૂપ, સત્યનિષ્ઠ જયસિંહની સાથે સન્ધિથી બન્ધાયો છું, શિવાજી એ સન્ધિનું ઉલ્લંઘન કરી શકશે નહિ. મહાશય, રાજપુતની સાથે જે સન્ધિથી બન્ધાયો છું, તે સન્ધિનું ઉલ્લંઘન શિવાજી જીવતો હશે ત્યાં સુધી કરશે નહિ.

"એ ધર્માત્માએ એક દિવસ મને કહ્યું હતું: 'સત્યપાલનથી સનાતન હિન્દુધર્મની રક્ષા થતી નથી, તો

સત્યના ઉલ્લંઘનથી થશે?' એ શબ્દો હજી હું વિસરી શકતો નથી, એ શબ્દો કદાપિ વિસરી શકાશે નહિ.

"સીતાપતિ, ચતુર ઔરંગજેબ જો સન્ધિનું ઉલ્લંઘન કરશે, તો આપનો ઉપદેશ ગ્રહણ કરીશ, પછી શિવાજી દુર્બળ હાથે તલવાર કદાપિ નહિ પકડે. પણ સત્યપરાયણ જયસિંહ સાથેની સન્ધિનું ઉલ્લંઘન કરવું એ શિવાજીથી ન બને એવું છે."

સભાસદો ચુપ જ હતા. ક્ષણેક પછી આનાજી બોલ્યો: "મહારાજ! હવે એક વાત: ત્યારે શું આપે દિલ્હી જવાનું નક્કી જ કર્યું છે?"

શિવાજી: "એ વિષયમાં તો મેં જયસિંહને વચન આપ્યું છે."

આનાજી: "મહારાજ! આપ ઔરંગજેબની ચતુરતા સમજો છો, અને તોપણ તેના ઉપર વિશ્વાસ રાખો છો? તે કયે મનોરથે આપને દિલ્હી બોલાવતો હશે, તે હજી પણ આપ જાણી શકતા નથી?"

શિવાજી: "આનાજી, જયસિંહે જાતે વચન આપ્યું છે કે દિલ્હી જવાથી કંઇ પણ અનિષ્ટ નિવડશે નહિ."

આનાજી: "અને કદી કપટાચારી ઔરંગજેબ આપને કેદ કરે કે મારી નાખે તો જયસિંહ કઇ રીતે આપનું રક્ષણ કરી કરશે?"

શિવાજી: "વચનભંગનું ફળ ઔરંગઝેબને સત્વર જ ભોગવવું પડે. આનાજી! મહારાષ્ટ્રભૂમિ વીરપ્રસવિની છે, ઔરંગઝેબ એવું આચરણ આચરે તો મહારાષ્ટ્રદેશમાં જે યુદ્ધાનળ સળગી ઉઠે, તે અનળ અનર્ગળ જળથી પણ બુઝાય ના! ઔરંગઝેબ અને તેનું સમસ્ત સામ્રાજ્ય તેમાં બળીને ભસ્મ થઇ જાય! પાપનું ફળ નિશ્ચય ફળે!"

શિવાજીની સ્થિર પ્રતિજ્ઞા દેખી હવે કોઇ તેનો નિષેધ કરી શક્યું નહિ. ક્ષણેક પછી શિવાજી બોલ્યો: "પેશ્વાજી, આબાજી સોનદેવ, અને આનાજી દત્ત, આપના જેવા કાર્યક્ષમ વિચક્ષણ પણ્ડિતો મહારાષ્ટ્રમાં વિરલ છે; હું દેશમાંથી દૂર હોઉં, ત્યાં સુધી તમે ત્રણ રાજ્ય ચલાવજો; હું વ્યવસ્થા કરી જઇશ કે તમારી આજ્ઞાનું મારી આજ્ઞાની પેઠે પાલન થાય."

મોરોજીએ, સોનદેવે અને આનાજીએ કાર્યભાર ગ્રહણ કર્યો. તાનાજી માલુસરે બોલ્યો: "ક્ષત્રિયરાજ, મારી એક પ્રાર્થના છે. બાલ્યકાળથી આપનો સંગ કદી છોડ્યો નથી. અનુમતિ આપો તો હું પણ આપની સાથે દિલ્લી આવું."

સજલ નયને શિવાજી બોલ્યો: "માલુસરે! તમને ન અપાય એવું કશુંયે નથી. તમારી ઇચ્છા પૂર્ણ થશે."

સીતાપતિ ક્ષણેક પછી બોલ્યો: "રાજા, ત્યારે મને હવે વિદાય કરો. વ્રત સાધવા માટે હજી તો બહુ તીર્થાટન કરવાનું છે, જગદીશ્વર આપને કુશળ રાખો."

શિવાજી: "મહારાજ! સુખે યાત્રા કરો. યુદ્ધના સમયમાં આપનું સ્મરણ કરીશ, આપના જેવો ઉપદેશક મને મળવો અશક્ય છે. આપના જેવા નાના વયના કોઇ પુરુષમાં આવું તેજ, સાહસ ને વીરત્વ મેં કદાપિ જોએલું નહિ."

પછી એક દીર્ઘનિશ્વાસ નાખી અસ્પષ્ટ સ્વરે બોલ્યો: "કેવળ એક જણમાં જોયું હતું."

૨૨

ચન્દ્રકવિનું ગીત

ઈ. સ. ૧૬૬૬ના વસન્તમાં પચાસ ઘોડેશ્વારો અને એક હજાર પાળાઓ માત્ર લેઇ શિવાજી દિલ્હી પાસે આવી પહોંચ્યો. નગરથી છ કોશ દક્ષિણે તમ્બુ નાખ્યા છે, સૈનિકો વિશ્રાન્તિ લે છે, શિવાજી ચિન્તાતુર મને આમતેમ ફરે છે. દિલ્હી આવ્યો તે ઠીક કર્યું? મુસલમાનોની આધીનતા સ્વીકારી તે વિરોચિત કાર્ય કહેવાય? હજી યે શું પાછા ના જઇ શકાય? એવી હજારો ચિન્તાઓ શિવાજીના હૃદયને મન્થન કરી રહી છે. યોદ્ધાના મુખ-મણ્ડળ અને લલાટ ઉપર ચિન્તાની સ્પષ્ટ રેખાઓ અંકાઈ રહી છે, વિપત્કાળમાં ને યુદ્ધકાળમાં કોઇએ શિવાજીના મુખમણ્ડળ ઉપર ચિન્તારેખાઓ જોઇ નહોતી.

શિવાજીની સાથે તેનો માત્ર નવ વર્ષનો તેજસ્વી ઉગ્ર-

સ્વભાવ પુત્ર શમ્ભાજી ફરતો હતો, એકવાર પિતાના ગમ્ભીર મુખમણ્ડળ ઉપર દષ્ટિ કરી, પિતાના હૃદયનો ભાવ તે કંઇક કંઇક સમજી શકયો છે. રઘુનાથપન્ત ન્યાયશાસ્ત્રી નામે શિવાજીનો વૃદ્ધમન્ત્રી કંઇક પાછળ પાછળ આવે છે.

અનેકક્ષણ પછી મન્ત્રીએ શિવાજીને પુછ્યું: "ન્યાયશાસ્ત્રી! આપ કદી દિલ્લી આવેલા કે?"

ન્યાયશાસ્ત્રી: "નાનો હતો ત્યારે એક વાર આવેલો."

શિવાજી: "પેલી દૂર બહુવિસ્તીર્ણ ભીંતના જેવું શું દેખાય છે? આપ ચિત્તશૂન્ય થઇ એ દિશામાં શું જોઇ રહ્યા છો?"

ન્યાયશાસ્ત્રી: "દિલ્લીના છેલ્લા હિન્દુ રાજા પૃથુરાજના કિલ્લાની એ ભીંત દેખાય છે."

શિવાજી વિસ્મિત થઇ બોલ્યો: "એજ પૃથુરાજનો કિલ્લો કે? ત્યાંજ એની રાજધાની હતી કે? અહીંજ દિલ્લીનો છેલ્લો હિન્દુ રાજા રાજ્ય કરતો હતો? ન્યાયશાસ્ત્રી, સ્વપ્નની પેઠે એ દિનો ચાલ્યા ગયા છે! દિવસનો પ્રકાશ ચાલ્યો ગયો છે. ફરી દિવસ ઉગશે? શીતકાળનાં વિલુપ્ત પત્રકુસુમ હવે વસન્તમાં ફુટશે? આપણા ગૌરવના દિવસો શું હવે નહિ આવે?"

ન્યાયશાસ્ત્રી: "ભગવાનની કૃપાથી સૌ સારાં વાનાં

થશે. ભગવાન કરે ને આપના બાહુબળથી ફરી ગૌરવ-લાભ પ્રાપ્ત કરીએ."

શિવાજી: "ન્યાયશાસ્ત્રી! નાનપણમાં કોંકણદેશમાં બારોટો પાસેથી ચન્દ કવિનું ગીત સાંભળેલું! આહા! આપને તે યાદ છે? પ્રાસાદોથી અને લોકસમૂહથી આ નષ્ટપ્રાય દુર્ગ છલકાતો હતો. રાજસભામાં યોદ્ધાઓ વચ્ચે રાજા બેઠો છે, જ્યાં સુધી દૃષ્ટિ પહોંચે છે, ત્યાં સુધી માર્ગે, ઘાટે, આંગણે નાગરિકો આનન્દે ઉત્સવ ઉઝવે છે, વિશાળ ચૌટાંમાં માલની આપ-લે થાય છે, બાગમાં લોકો આનન્દે નૃત્ય કરે છે, સરોવરમાંથી નગરનારીઓ સુન્દર કળશોમાં જળ ભરી નગરમાં આવે છે, સજ્જ થઇ સેના મહેલ પાસે ઉભી રહી છે, અશ્વ, હસ્તી, રથ ઉભા છે, વાદ્ય વાગે છે. પ્રભાતનો સૂર્ય એ અપૂર્વ દૃશ્ય ઉપર સુન્દર કિરણો વર્ષાવે છે. એવે સમયે મહમદ ઘોરીને દૂતે રાજ-સભામાં પ્રવેશ કર્યો. એ કથા આપને સ્મરણમાં છે?"

ન્યાયશાસ્ત્રી: "મહારાજ, ચન્દકવિની કથા યાદ છે, પણ આપ એ કથા કહો, આપને મુખે એ કથા મીઠી લાગે છે."

શિવાજી: "મુસલમાન દૂતે પૃથુરાજને કહ્યું: 'મહારાજ! મહમદ ઘોરી આપના રાજ્યનો અર્ધો ભાગ લેઇ સન્ધિ કરવા ધારે છે, આપનો શો અભિપ્રાય છે?'

"વિક્રમશાળી પૃથુરાજે ઉત્તર આપ્યો: 'સૂર્યદેવ આકાશમાં બીજા કોઇ સૂર્યને સ્થાન દેશે, ત્યારે પૃથુરાજ

પોતાના રાજ્યમાં બીજા કોઇ રાજાને સ્થાન દેશે, એ સમય આવે ત્યારે આવજો.'

"મુસલમાન દૂત ફરી બોલ્યો: 'મહારાજ! આપના સસરાએ મહમદ ઘોરી સાથે સન્ધિ કરી છે. યુદ્ધસમયે આપ મુસલમાનોને ને રાઠોડોને એકઠા જોશો.'

"પૃથુરાજે ઉત્તર આપ્યો: 'સસરાજીને મારા પ્રણામ કહેજો ને જણાવજો કે હું જાતે આવું છું; એમને ભેટી એમના પગની રજ માથે ચઢાવીશ.'

"સત્વર ચૌહાણસેના આ વિશાળ દુર્ગમાંથી નિકળી પડી, તિરોહીના યુદ્ધમાં યવનો ને રાઠોડો પૃથુરાજને હાથે માર ખાઇ નાઠા, વાયુ આગળ ધૂળ નાસે તેમ નાઠા. ઘવાએલો ઘોરી મહાકષ્ટે નાશી છુટચો.

"રઘુનાથ, એ દિવસ ગયા!—ગયા! હવે ચન્દકવિનાં ગીત કોણ ગાશે ને કોણ સાંભળશે? તથાપિ આ સ્થાને ઉભા રહીને આપણા પૂર્વપુરુષોની કીર્તિનું સ્મરણ કરીએ છીએ, ત્યારે સ્વપ્નની પેઠે મનમાં કંઇ કંઇ નવી આશાઓ ઉગે છે. આ વિશાળ કીર્ત્તિક્ષેત્ર બહુ દિવસ અન્ધકારમાં નહિ રહે, ભારતનો ગૌરવદિન અહુણા જ ઉગશે. જગદીશ્વર રોગીને નીરોગ કરો, દુર્બળને સબળ કરો; જીર્ણ પદદલિત ભારતસન્તાનો હજી પણ ઉન્નત થઇ શકશે."

૨૩

રામસિંહ

શિવાજી અને તેનો પુત્ર શમ્ભાજી તમ્બુમાં બેઠા છે, એવે સમયે એક પહેરેગીર આવી બોલ્યો: "મહારાજ, જયસિંહના પુત્ર રામસિંહ એક સૈનિક સાથે બાદશાહની આજ્ઞાથી આપને દિલ્હી તેડી જવા આવ્યા છે, બન્ને બારણે ઉભા છે."

શિવાજી: "એમને આદરથી અન્દર તેડી લાવ."

ઉગ્રસ્વભાવ શમ્ભાજી બોલ્યો: "પિતાજી, આપને તેડી જવાને માટે ઔરંગજેબે માત્ર બે દૂત જ મોકલ્યા છે?"

ઔરંગજેબે કરેલા એ અપમાનથી શિવાજીને પણ ક્રોધ ચઢયો; પણ એ ક્રોધ બહાર દેખાડ્યો નહિ. થોડી વારે રામસિંહ તમ્બુમાં આવ્યો. રાજપુતયુવક પિતા જેવો જ તેજસ્વી અને વીર છે, પિતાના જેવો જ ધર્મપરાયણ અને સત્યપ્રિય છે. તીક્ષ્ણબુદ્ધિ શિવાજી યુવકનું મુખમણ્ડળ નિહાળતાં જ તેનો ઉદાર અને અકપટ ભાવ કળી ગયો, તથાપિ ઔરંગજેબનો કુડો અભિપ્રાય છે કે નહિ, દિલ્હીમાં જવાથી કંઇ ભય છે કે નહિ, તે કથાપ્રસંગથી જાણી લેવાનો તેણે પ્રયત્ન કર્યો. રામસિંહે પિતાની પાસેથી શિવાજીના પ્રતાપની અને વીર્યની કથાઓ અનેક વાર સાંભળી હતી, તે સવિસ્મય નયને મહારાષ્ટ્રીય

વીરપુરુષનું અવલોકન કરવા લાગ્યો. શિવાજીએ રામસિંહને આલિંગન આપ્યું ને આદરથી તેને આસન ઉપર બેસાડ્યો.

ક્ષણેક પછી રામસિંહ બોલ્યો: "મહારાજને મેં કદી દીઠેલા નહિ, પણ પિતા પાસેથી આપની યશોવાર્તા બહુ સાંભળેલી. આજ આપના જેવા સ્વદેશપ્રિય ધર્મપરાયણ વીરપુરુષનાં દર્શન કરી મારાં નયન સાર્થક થયાં."

શિવાજી: "મારૂં પણ આજે પરમ સૌભાગ્ય છે. આપના પિતાના જેવા વિચક્ષણ ધર્મપરાયણ વીરપુરુષ રાજસ્થાનમાં પણ વિરલ છે. દિલ્હીમાં પ્રવેશ કરતી વેળાએ તેમના પુત્રની સાથે મેળાપ થાય એ સુલક્ષણ છે, એમાં તો સન્દેહ જ નથી."

રામસિંહ: "મહારાજ, આપને દિલ્હી આવતા સાંભળીને બાદશાહે મને આપને લેવા મોકલ્યો છે. આપ નગરપ્રવેશ કરવાની ક્યારે ઇચ્છા રાખો છો?"

શિવાજી: "એ સમ્બન્ધે આપ શી સલાહ આપો છો?"

અકપટ સ્વરે રામસિંહે ઉત્તર આપ્યો: "મારો અભિપ્રાય તો એવો છે કે આ સમયે જ નગરમાં જવું, વિલમ્બ થશે તો તાપ થઇ જશે."

રામસિંહનો સરળ ઉત્તર સાંભળી શિવાજી હાસ્ય કરી બોલ્યો: "એ પુછતો નથી. હાલ આપ દિલ્હીમાં રહો

છો, આપનાથી કશું ગુપ્ત નહિ હોય. મારે દિલ્હીમાં જવું એ ઠીક કે નહિ, તે તમે જરૂર જાણી શકો."

ઉદારચેતા રામસિંહ શિવાજીનો મનોગત ભાવ સમજી ગયો ને કંઇક હાસ્ય કરી બોલ્યો: "ક્ષમા કરો, હું આપનો ભાવ પ્રથમ સમજી શક્યો નહિ હું આપની અવસ્થામાં હોત તો સદાકાળ પર્વતમાં વાસ કરત, મારી તલવાર ઉપર ઝઝુમત; તલવારના જેવો કોઇ બન્ધુ જ નથી. પણ આ વિષયમાં કેવળ અજ્ઞાત છું, પિતાએ દિલ્હી આવવાની સલાહ આપી છે, ત્યારે આપે આવવામાં ઠીક જ કીધું છે; તેઓ અદ્વિતીય પણ્ડિત છે, તેમની સલાહ કદી વ્યર્થ હોતી નથી."

શિવાજી સમજી શક્યો કે દિલ્હીમાં પોતાને કેદ કરવાની કંઇ કલ્પના નથી. અથવા હશે તો રામસિંહ જાણતો નથી. તે બોલ્યો: "હા, આપના પિતાએ મને અહીં આવવાની સલાહ આપી છે. વળી આવતી વખતે તેમણે એક વચન આપ્યું હતું તે તેમને પણ વખતે ખબર હશે."

રામસિંહ: "ખબર છે, દિલ્હી આવવાથી આપને કંઇ વિપદ નહિ પડે, કંઇ અનિષ્ટ નહિ થાય, એ સમ્બન્ધમાં તેમણે આપને વચન આપ્યું છે; તે સમ્બન્ધમાં તેમણે મને પણ આજ્ઞા કરી છે."

શિવાજી: "એ સમ્બન્ધમાં આપનો શો અભિપ્રાય છે?"

રામસિંહ: "પિતાજીની આજ્ઞા અવશ્ય પળાશે, રાજપુતનું વચન ફરશે નહિ. કદી કંઇક એવું થશે તો આપ નિર્ભયતાથી સ્વદેશ જઇ શકશો, એ વિષયમાં હાસ યત્ન કરતાં પાછું વાળી નહિ જુએ."

શિવાજીનું મન નિરુદ્વેગ થયું, હવે સન્દેહ રહ્યો નહિ. કંઇક હશીને બોલ્યો: "ત્યારે આપની સલાહ ગ્રહણ કરૂં છું. વિલમ્બ થશે તો તાપ થશે,' ચાલો હાલજ દિલ્લી જઇએ."

તુરતજ તેઓ દિલ્લી તરફ ચાલ્યા.

આખો માર્ગ મુસલમાન ઇમારતોનાં ખણ્ડેરોથી પરિપૂર્ણ હતો. પ્રથમ મુસલમાનોએ દિલ્લી લીધું, ત્યારે પૃથુરાજના કિલ્લાની પાસે તેમણે નવું નગર વસાવી ત્યાં રાજધાની કરી. તે બાદશાહોએ મસ્જિદો, મહેલો ને કબરો બન્ધાવી હતી, તેનાં ખણ્ડેરો આજ પણ દૃષ્ટિએ પડે છે. જગદ્વિખ્યાત કુતુબમિનાર પણ આ સ્થાનેજ આવેલો છે. કાળક્રમે બાદશાહો ઉત્તર દિશામાં મહેલો વગેરે બન્ધાવતા ગયા ને નગર ઉત્તર તરફ વધતું ચાલ્યું. જતાં જતાં શિવાજીએ કેટકેટલા મહેલ, કેટકેટલી મસ્જિદ અને મિનારા, કેટકેટલા જયસ્તમ્ભ અને કબરોનાં ખણ્ડેરો દીઠાં, તે ગણી શકાય નહિ. રામસિંહ શિવાજીની સાથેજ હતો, તે શિવાજીને દરેક ખણ્ડેરનો ઇતિહાસ સમ્ભળાવતો જતો હતો. બન્ને એક બીજાના ગુણનો પરિચય પામી ગયા ને

બન્ને વચ્ચે મિત્રતા જાગી. તીક્ષ્ણબુદ્ધિ શિવાજીને આશ્વાસન મળ્યું કે દિલ્હીમાં કંઇ વિપદ્ આવી પડશે તો એક મિત્ર છે.

માર્ગમાં લોદી વંશના બાદશાહોની ભવ્ય કબરો દેખાઇ. પ્રત્યેક બાદશાહની કબર ઉપર એક પ્રકાણ્ડ ઘુમ્મટ અને અટ્ટાલિકા હતો. અફઘાનોનો ગૌરવસૂર્ય જ્યારે અસ્ત પામતો હતો, ત્યારે દિલ્હી આ સ્થાને હતું. પછી દિલ્હી એથી પણ ઉત્તરે ચાલ્યું હતું.

ત્યાર પછી હુમાયુની ભવ્ય કબર આવી, ત્યાર પછી 'ચોસઠ ખંભા' અર્થાત શ્વેત પત્થરના ચોસઠ સ્તમ્ભ ઉપર બનાવેલી સુંદર પ્રકાણ્ડ અટ્ટાલિકા આવી. તેની પાછળ અસંખ્ય કબરો છે. પૃથુરાજના કિલ્લાથી આજના દિલ્હી સુધી આવતાં આવતાં શિવાજીને ખાત્રી થઇ કે આટલ આ માર્ગમાં જ ભારતવર્ષનો સમસ્ત ઇતિહાસ લખાઇ રહ્યો છે. એક એક મહેલ અને અટ્ટાલિકા એ ઇતિહાસને લેખક છે, નહિ તો આવા સ્પષ્ટ અક્ષરે ઇતિહાસ શેને લખાઇ રહ્યો હોય?

શિવાજી આગળ ચાલ્યો. દિલ્હીના કિલ્લાની પાસે આવ રામસિંહ ગર્વથી એક મન્દિર દેખાડી બોલ્યો: "મહારા આ જે મન્દિર દેખો છો, તે જ્યોતિષની ગણના મ પિતાજીએ માનમન્દિર બંધાવ્યું છે. બહુ દેશના પણ્ડિ આ મન્દિરમાં આવી રાત્રે નક્ષત્રની ગણના કરી જાય છે

શિવાજી: "આપના પિતા જેવા વીર છે, તેવા વિ

વિલાસી પણ છે. જગતમાં સકળગુણસમ્પન્ન પુરુષ વિરલ જ હોય છે. સાંભળ્યું છે કે પુણ્યપ્રદ કાશીધામમાં પણ એમણે આવું માનમન્દિર બંધાવ્યું છે."

દિલ્લીના દરવાજામાં પ્રવેશ કરતાં શિવાજીનું હૃદય કંઈક કમ્પ્યું. તેણે ઘોડો થોભાવ્યો; એક વાર પાછું જોયું, મનમાં એકવાર વિચાર થયો કે હજીયે સ્વાધીન છું, બીજી જ પળે વખતે કેદી થઈ જઈશ: પણ ધર્મપરાયણ જયસિંહને જે વચન આપેલું તે તત્ક્ષણ સાંભરી આવ્યું, જયસિંહના પુત્રનું ઉદાર મુખમણ્ડળ જોયું; પોતાના મ્યાનમાંની ભવાની તલવારનાં દર્શન કરી દિલ્લીનગરના દરવાજામાં પેઠો.

સ્વતંત્ર મહારાષ્ટ્રીય યોદ્ધો તે જ ક્ષણે કેદી થયો!

૨૪

દિલ્લીનગરી

દિલ્લીનગરીએ આજે મનોહર શોભા ધારણ કરી છે. ઔરંગજેબને જાતને તો ઝાકઝમાક પ્રિય નથી, પણ રાજકાર્યમાં સમયે સમયે ઝાકઝમાકની આવશ્યક્તા છે તે એ સારી રીતે સમજતો હતો. આજ શિવાજી દરિદ્ર મહારાષ્ટ્રદેશમાંથી મહાસમૃદ્ધિશાળી મોગલરાજધાનીમાં આવ્યો છે; મોગલરાજ્યની શક્તિ, સમ્પત્તિ ને સમૃદ્ધિ જોઈ

શિવાજી પોતાની હીનતા સમજી શકે, મોગલરાજ્યની સાથે યુદ્ધ કરવાની અશક્તિ સમજી શકે એ હેતુથી ઔરંગજેબે આજ ખુબ ઝાકઝમાક કરવાની આજ્ઞા કરી છે. બાદશાહની આજ્ઞાથી આજે દિલ્હીનગરીએ, ઉત્સવદિનની કુળલલનાની પેઠે અપૂર્વ વેશ ધારણ કર્યો છે.

શિવાજી અને રામસિંહ રાજમાર્ગ ઉપર સાથે સાથે ચાલતા હતા. રાજમાર્ગ ઉપર અસંખ્ય અશ્વારો અને પાળાઓ આવ-જા કરે છે, લોકથી નગર ઉભરાઇ ગયું છે; વ્યાપારીઓ બજારમાં દુકાનો ઉપર બહુમૂલ્ય વસ્તુઓ વેચે છે; ઉત્કૃષ્ટ વસ્ત્રો, બહુમૂલ્ય સોનારૂપાના અલંકારો, અપૂર્વ ખાદ્ય સામગ્રી અને ઘરમાં વાપરવાની અસંખ્ય વસ્તુઓ જોતો જોતો શિવાજી રાજમાર્ગે ચાલ્યો; કોઇ સ્થળે ઘર ઉપર નિશાન ઉડે છે, કોઈ સ્થળે સુન્દર વસ્ત્રો પહેરીને લોક આંગણામાં બેઠા છે, કોઇ સ્થળે બારીઓમાં રહી નગરનારીઓ આ પ્રસિદ્ધ મહારાષ્ટ્રીય વીરને નિહાળે છે; માર્ગમાં અનેક ગાડીઓ, મ્યાના, હાથી, ઘોડા વગેરે વાહનો ઉપર બેશી રાજા, મન્સબદાર, શેખ, અમીર, ઉમરાવ આવ-જા કરે છે, અશ્વારો તીવ્ર વેગે નગરને કમ્પાવી મુકે છે, સુન્દર અલંકારો ને રાતાં વસ્ત્રોથી શુંડ હલાવતા ગજેન્દ્રો મહાલતા મહાલતા ચાલે છે, મ્યાના ઉંચકનારા શબ્દો કરી માર્ગ ખુલ્લો કરતા ચાલે છે. શિવાજીએ આવું નગર કદી જોએલું નહિ, એણે તો પુના કે રાયગઢ જ જોએલું.

જતાં જતાં રામસિંહે દૂરથી ત્રણ શ્વેત ઘુમ્મટ દેખાડી કહ્યું. "આ જુઓ જુમામસ્જિદ! બાદશાહ શાહજહાંએ જગતનું દ્રવ્ય એકઠું કરી આ ઉન્નત વિશાળ મન્દિર બન્ધાવ્યું છે. સાંભળ્યું છે કે આવી મસ્જિદ જગતમાં બીજી નથી."

શિવાજીએ વિસ્મયચકિત લોચને જોયું, રાતા રંગના પત્થરની દિવાલે બહુ ભૂમિ આંતરી છે, તેની અન્દર મસ્જિદ છે. તે ઉપર શ્વેત પત્થરના બનાવેલા ત્રણ ઘુમ્મટ છે અને બે બાજુએ બે મિનારા ગગનને ભેદતા જણાય છે.

આ સુન્દર મસ્જિદની પાસે રાજમહેલની આસપાસની લાલ પત્થરની બાંધેલી મોટી દિવાલો દેખાતી હતી. કિલ્લાની પાછળ યમુનાનદી વહે છે. આગળ વિશાળ રાજમાર્ગ ઉપર લોકપ્રવાહ વહે છે. આ સ્થાન જેવું કોલાહલપૂર્ણ સ્થાન સમસ્ત ભારતવર્ષમાં નહોતું, જગત્‌માં હતું કે નહિ તે પણ સન્દેહ છે. કિલ્લાની દિવાલ ઉપર સેંકડો નિશાન વાયુમાર્ગે ઉડે છે, જગતને મોગલરાજ્યની શક્તિ અને ગૌરવ પ્રદર્શિત કરે છે. દરવાજા આગળ એક મુખ્ય મન્સબદારનો વિશાળ તમ્બુ છે, મન્સબદાર દરવાજાની રક્ષા કરે છે. કિલ્લા બહાર સેના હારબંધ ઉભી રહી છે, બંદુકની નળીઓ સૂર્યપ્રકાશમાં ચળકાટ મારે છે, પ્રત્યેક નળી ઉપર લાલ રંગનાં નિશાન ઉડે છે. અસંખ્ય લોકો અસંખ્ય પ્રકારની વસ્તુઓ ખરીદવા કિલ્લા પાસે એકઠા થયા છે, રાજમહેલ અને મસ્જિદની દિવાલો વચ્ચેના માર્ગમાં જવા-આવવાની જગ્યા પણ

નથી, કાન પડયું કંઇ સમ્ભળાતું નથી ભારતવર્ષના મોટા મોટા રાજાઓ હાથી ઉપર, ઘોડા ઉપર કે મ્યાનામાં બેશી રાજમહેલના કિલ્લામાં જાય છે આવે છે. વચ્ચે વચ્ચે કિલ્લાની તોપો સમસ્ત કલરવને દબાવી દેઇ બહાર નિકળે છે ને નગરને કમ્પાવી મુકે છે, અને રાજાધિરાજ આલમગીર અર્થાત્ દિગ્વિજયી અધિપતિની શક્તિકથા જગતને સમ્ભળાવે છે. વિસ્મયચકિત લોચને અનેક ક્ષણ સુધી આ સમસ્ત વ્યાપાર જોતો જોતો શિવાજી અન્તે કિલ્લાને દરવાજે આવી ઉભો.

કિલ્લામાં પેશી શિવાજીએ જે જોયું તેથી તો વળી તે બહુ જ વિસ્મય પામી ગયો. ચારે બાજુનાં વિશાળ કારખાનામાં અસંખ્ય કારીગરો રાજવ્યવહારના નાના પ્રકારના પદાર્થો બનાવે છે: સોનું રૂપું જડેલાં અપૂર્વ વસ્ત્રો, મલમલ, મસલિન, બહુમૂલ્ય ગાલિચા, છતો, તમ્બુઓ, પડદાઓ, સુંદર પાઘડીઓ, શાલ અને ઉપરણા, બેગમોને માટે સોનાના ને મણિમાણિક્યના સુન્દર અલંકારો, સુન્દર ચિત્રો, શ્વેત પત્થરની સુન્દર વસ્તુઓ, રંગરંગનાં રમકડાં! વર્ણન તે કેટલું થાય! સમગ્ર ભારતવર્ષના જે બધા કારીગરો હતા, તે બાદશાહની આજ્ઞાથી પગાર ખાય છે, ને અહીં કામ કરે છે, કારીગરોનું ને કારીગરીનું આ પ્રદર્શનસ્થાન છે! રાજકાર્યને માટે કે પોતાના પ્રયોજનને માટે બાદશાહને જે કંઇ વસ્તુ જોઇએ, વિલાસને માટે વિલાસી બેગમોને જે કંઇ વસ્તુ જોઇએ, કે રોજના ઉપ-

યોગને માટે રાજમહેલમાં જે કંઇ વસ્તુ જોઇએ તે સર્વ વસ્તુ આ કારખાનામાં બનતી.

શિવાજીને આ સર્વ જોવાનો અવસર નહોતો. અસંખ્ય લોકમાં થઇને 'દિવાને આમ' નામના રાતા રંગના પત્થરના બાંધેલા ઉંચા વિશાળ મહેલ પાસે આવ્યો. બાદશાહ સર્વદા આ મહેલમાં સભા ભરતો, પણ આજ શિવાજીને મહેલનો સમસ્ત મહિમા દેખાડવાના હેતુથી શ્વેત પત્થરથી બાંધેલા, નાના પ્રકારથી શણગારેલા અને જગતમાં અતુલ્ય સુન્દર 'દિવાને ખાસ' નામના મહેલમાં સભા ભરી છે. શિવાજીએ એ સ્થાને જઇ જોયું, તો મહેલની અન્દર રત્નમણિના બનાવેલા ને સૂર્યકિરણોથી અલૌકિક તેજ મારતા મયૂરાસન ઉપર ઔરંગજેબ બેઠો છે. બાદશાહની ચારે બાજુએ રૂપાનો કઠેરો છે, કઠેરાની બહાર ભારતવર્ષના મુખ્ય મુખ્ય રાજાઓ, મન્સબદારો, ઉમરાવો અને સેનાપતિઓ નિઃશબ્દે ઉભા રહ્યા છે. રામસિંહ શિવાજીનું ઓળખાણ કરાવી બાદશાહ પાસે ઉભા રહ્યો.

આજે દિલ્લીનગરીની અલૌકિક શોભા જોઇને જ શિવાજી બાદશાહનો હેતુ સમજી ગયો હતો, અત્યારે બાદશાહની પાંસે આવતાં એ હેતુ સ્પષ્ટ રીતે સમજી ગયો. જેણે વીશ વર્ષ સુધી યુદ્ધ કરીને પોતાનું અને સ્વજાતિનું રક્ષણ કર્યું છે, જેણે અહુણા બાદશાહની આધીનતા સ્વીકારી યુદ્ધમાં યથેષ્ટ સહાયતા આપી છે, જે મહારાષ્ટ્રદેશમાંથી બાદશાહનું દર્શન કરવા દિલ્લી સુધી આવ્યો છે, તેને બાદશાહે

કેવું માન આપ્યું? શિવાજી આજ એક સાધારણ કર્મચારીની પેઠે નમ્ર ભાવે બાદશાહ સામે ઉભો છે! શિવાજીની ધમનીમાં ઉષ્ણ લોહી દોડવા લાગ્યું, પણ અત્યારે એ નિરુપાય છે. સામાન્ય કર્મચારીની પેઠે તેણે બાદશાહને 'તસલીમ' કરી રીત પ્રમાણે 'નજરાણો' મુકયો. ઔરંગજેબનો બહુ દિવસનો હેતુ આજે સિદ્ધ થયો. જગતે માન્યું, શિવાજીએ જાણ્યું કે શિવાજી ને ઔરંગજેબ સરખા ન હોય, દાસે પ્રભુની સાથે યુદ્ધ કરવું એ મૂર્ખતા છે.

એ હેતુ સાધવાને ઔરંગજેબે નજરાણો સ્વીકાર્યો અને કંઇ વિશેષ સત્કાર ન આપતાં તેણે શિવાજીને 'પાંચહજારી' અર્થાત્ પાંચ હજાર સૈનિકોનો સેનાપતિ બનાવ્યો. શિવાજીનાં નયન તે સમયે અગ્નિની પેઠે બળી ઉઠ્યાં, શરીર કમ્પી ઉઠ્યું. ઓઠ ઉપર દાંત પીશી અસ્પષ્ટ સ્વરે બોલ્યો: "શિવાજી પાંચહજારી? બાદશાહ જ્યારે દક્ષિણમાં આવશે ત્યારે જોઇ. શકશે કે શિવાજીના તાબામાં એવા પાંચહજારી તો કેટલાય છે! જોઇ શકશે કે તેઓ દુર્બળ હાથે તલવાર પકડતા નથી."

જરૂર પુરતાં કાર્યો સમાપ્ત થયાં એટલે સભા બરખાસ્ત થઇ. બાદશાહ ઉઠીને પાસેના શ્વેત પત્થરના બનાવેલા બેગમમહેલમાં ગયો. નદીના પ્રવાહની પેઠે-કિલ્લામાંથી લોકપ્રવાહ બહાર નિકળવા લાગ્યો. નદીનું જળ સાગરમાં વેરાઇ જાય, તેમ આ લોકજળ વિશાળ દિલ્લીનગરીમાં વેરાઇ ગયું.

શિવાજીને રહેવા માટે એક ઘર નક્કી કર્યું હતું. રોષે, અભિમાને સન્ધ્યાસમયે શિવાજી એ ઘેર ગયો, એકલો બેશી વિચાર કરવા લાગ્યો.

અનેક ક્ષણ પછી રાજમહેલમાંથી સમાચાર આવ્યા કે આજે બાદશાહની સમક્ષ શિવાજી રુષ્ટ થઇ જે શબ્દો બોલ્યો હતો, તે તેણે સાંભળ્યા હતા. બાદશાહ શિવાજીને દંડવા ઇચ્છતો નથી, પણ શિવાજી હવે બાદશાહની સમક્ષ જઇ શકશે નહિ, રાજસભામાં તેને સ્થાન મળી શકશે નહિ. શિવાજી સમજી શકયો, કે "ભાવિ આકાશ વાદળથી ઘેરાતું જાય છે. સિંહને પકડવાને પારધી જેમ જાળ પાથરે, તેમ ક્રૂર દુષ્ટબુદ્ધિ ઔરંગજેબ મને કેદ કરવાનું મન્ત્રણાજાળ પાથરવા માંડે છે." તેણે વિચાર્યું: "એ જાળ છેદી ફરી સ્વાધીનતાલાભ પ્રાપ્ત ન કરી શકાય? હા! સીતાપતિ ગોસ્વામી! નિરંતર યુદ્ધની તમે સલાહ આપી હતી, તમારા ગુરુગમ્ભીર શબ્દો હજી યે મારા કાનમાં સંભળાય છે! ઔરંગજેબ, સાવધાન! શિવાજીએ અત્યાર સુધી તારી સાથેનું વચન પાળ્યું છે, એની સાથે કપટ કર ના. કારણ કે શિવાજી એ વિદ્યામાં બાળક નથી. જો કપટ કરીશ તો, ભવાનિ! સાક્ષી રહેજો, મહારાષ્ટ્રદેશમાં એવો સમરાનળ સળગાવીશ, કે આ ભવ્ય રાજમહેલો સમેત સુન્દર દિલ્લીનગર, આ વિશાળ મુસલમાન બાદશાહત, એકેવારે તેમાં બળી ભસ્મ થઇ જશે!"

૨૫

રાત્રે અતિથિ

થોડા જ દિવસોમાં શિવાજી ઔરંગઝેબનો હેતુ સ્પષ્ટ રીતે સમજી શકશે, શિવાજી હવે સ્વદેશમાં જઇ શકશે નહિ, સદાકાળ દિલ્હીમાં કેદી થઇ રહેશે, મરાઠાઓ હવે કદી સ્વતંત્ર થઇ શકશે નહિ. એ ઔરંગઝેબનો હેતુ છે. શિવાજી બાદશાહના આ આચરણથી બહુ રુષ્ટ થયો, પણ તે રોષ દબાવી દિલ્હીમાંથી નાશી છુટવાના ઉપાયો શોધવા લાગ્યો.

શિવાજી પોતાના ચિરવિશ્વસ્ત મન્ત્રી રઘુનાથપન્ત ન્યાયશાસ્ત્રી સાથે એ સમ્બન્ધે સર્વદા વિચાર કર્યા કરતો હતો ને નાના પ્રકારના ઉપાયો યોજી કાઢતો હતો. અનેક વિચારો કર્યા પછી બન્નેએ નક્કી કર્યું કે સ્વદેશમાં પાછા જવા દેવાની પ્રથમ બાદશાહને પ્રાર્થના કરવી, જો અનુમતિ ના જ આપે તો પછી આપણે આપણું સુઝતું કરી લેવું.

ન્યાયશાસ્ત્રી પણ્ડિતપ્રવર હતો, વાકપટુતામાં બહુ કુશળ હતો. તેણે શિવાજીની પ્રાર્થના લેઇ રાજસભામાં જવાનું કબુલ કર્યું. જે જે કારણે શિવાજીએ દિલ્હી આવવાનું સ્વીકાર્યું હતું, તે સર્વે પ્રાર્થનાપત્રમાં લખી જણાવ્યાં; શિવાજીએ મોગલસેનાને સહાયતા આપી જે જે કાર્ય સાધી આપ્યાં હતાં, ઔરંગઝેબે જે જે સરતો કરી શિવાજીને દિલ્હી બોલાવ્યો હતો, તે સર્વ તેમાં સ્પષ્ટરૂપે જણાવ્યું હતું; અન્તે તે પત્રમાં શિવાજીએ પ્રાર્થના કરીઃ "મેં

જે કાર્યસાધન સાધવા સ્વીકાર્યું હતું, તે સાધવા હજી યે તૈયાર છું. વિજાપુર અને ગોવલકંડાનાં રાજ્ય દિલ્હીની શહેનશાહતમાં ભળી જાય એવા પ્રયત્નો બની શકશે ત્યાં સુધી કરીશ. અથવા બાદશાહને જો મારી સહાયતાની જરૂર ન હોય, તો હું મારી જાગીરમાં પાછો જાઉં; કારણ કે હિંદુસ્થાનનાં જળવાયુ મને, મારા સંગીઓને અને મારી સેનાને અનુકૂળ પડતાં નથી, અહીં રહેવાથી મારૂં શરીર બગડશે."

રઘુનાથ ન્યાયશાસ્ત્રી એ પ્રાર્થનાપત્ર લેઇ બાદશાહ પાસે ગયો. બાદશાહે ઉત્તર મોકલ્યો, તેમાં અનેક પ્રકારે ઉત્તર આપ્યા; પણ શિવાજીને પાછા જવાની અનુમતિ આપી નહિ. શિવાજી સ્પષ્ટ રીતે સમજી શકયો કે તેને નિરન્તર કેદી રાખવાનો બાદશાહનો એકમાત્ર હેતુ છે. પછી તેણે રોજ રોજ નાશી છુટવાના ઉપાયો શોધવા માંડ્યા.

ઉપરનો બનાવ બન્યા પછી કેટલાક દિવસો એમ ને એમ ચાલ્યા ગયા. પછી એક દિવસે સન્ધ્યાસમયે શિવાજી બારી પાસે બેઠો છે. સૂર્ય અસ્તાચળમાં ઉતરી ગયો છે, પણ હજી બહુ અન્ધારૂં થયું નથી. રાજમાર્ગ ઉપર હજી લોકપ્રવાહ એવો ને એવો જ છે. કેટકેટલા દેશના લોકો કેટકેટલા પ્રકારના પોશાક પહેરી કેટકેટલા કાર્યને માટે આ મહાનગરીમાં આવ્યા છે. વખતે વખતે એકાદ બે શ્વેતાંગ મોગલો અભિમાને ચાલ્યા જાય છે. કંઇક કૃષ્ણવર્ણ હજારો દેશીય હિંદુ ને મુસલમાન સર્વદા

આમતેમ ભ્રમણ કર્યા કરે છે. વળી વચ્ચે વચ્ચે એકાદ બે કૃષ્ણવર્ણું હબશીઓ પણ દેખાય છે. ઇરાન, અરબસ્તાન, તાતાર અને તુર્કસ્તાન દેશમાંથી મુસાફરો અને સોદાગરો આ સમૃદ્ધ નગરીમાં ફરાફર કરી રહ્યા છે. મુસલમાન નવાબો ને હિન્દુ રાજાઓ કે મનસબદારો બહુ લોક સાથે મહાસમારોહે હાથી, ઘોડા કે મ્યાનામાં બેશી જાય છે આવે છે. સૈનિક પુરુષો હાસ્યકૌતુક કરતા જાય છે. ફેરી-આ માથા ઉપરનો સમાન વેચવા બુમો પાડતા જાય છે, અને બીજા હજારો લોકો કંઇ કંઇ કામે નદીના પ્રવાહની પેઠે દોડાદોડ કરી રહ્યા છે.

ધીમે ધીમે એ પ્રવાહ ઓછો થતો ગયો. દિલ્હીના અસંખ્ય દુકાનદારો પોતાની દુકાનો બન્ધ કરવા લાગ્યા. નગરનો અનન્ત કલરવ શાન્ત થતો ગયો. બારીઓમાંથી દીવા દેખાવા લાગ્યા. દૂરનાં ભવ્ય મકાનો અંધકારમાં લીન થવા લાગ્યાં. આકાશમાં એક બે તારા દેખાવા લાગ્યાં. પશ્ચિમ દિશાનો રાતો પ્રકાશ હવે અન્તર્દ્ધાન થઇ ગયો. શિવાજીએ પૂર્વ દિશા તરફ જોયું, શાન્ત વિસ્તીર્ણ દિગન્તપ્રવાહિની યમુના નદી સાયંકાળની નિસ્તબ્ધતામાં અનન્ત સાગરને ભેટવા વહી જાય છે.

આ નિસ્તબ્ધતાનો જુમામસ્જિદમાંથી ઉઠેલા બાંગના પોકારે ભંગ કર્યો. એ ગમ્ભીર શબ્દ ધીરે ધીરે ચારે દિશામાં વિસ્તરવા લાગ્યો, ધીરે ધીરે માનવીના મનને આકર્ષી ગગન તરફ લેઇ જવા લાગ્યો. શિવાજી ક્ષણ

વાર સ્તબ્ધ થઇ એ સાયંકાળનો દૂરથી ઉચ્ચારાતો ગમ્ભીર શબ્દ સાંભળવા લાગ્યો. એ દિશામાં અન્ધારે જોયું, કેવળ જુમામસ્જિદના શ્વેત પત્થરના બાંધેલા ઘુમટો અને મિનારા સ્વચ્છ આકાશ ઉપર અસ્પષ્ટ રૂપે દેખાય છે, કેવળ રાજમહેલના કિલ્લાની લાલ રંગની દિવાલો દૂરથી પર્વત-માળા જેવી દેખાય છે, એ વિના સર્વ નગરી અન્ધકારથી ઢંકાઇ ગઇ છે, રાત્રિની સ્તબ્ધતામાં સર્વ નગરી સ્તબ્ધ થઇ ગઇ છે.

રાત્રી જતી ગઇ પણ શિવાજીનું ચિન્તાસૂત્ર તુટ્યું નહિ, કારણકે આજે પૂર્વકથાઓ એક એકે મન આગળ તરી આવવા લાગી. બાલ્યકાળનો મિત્રવર્ગ, બાલ્યકાળની આશાનિરાશાઓ ને ઉદ્યમો, સાહસી ને ઉન્નતચરિત પિતા શાહજી, પિતૃતુલ્ય બાલ્યગુરૂ દાદાજી કાણ્ડદેવ, વૃદ્ધ ને સ્નેહમયી માતા જીજીબાઇ! એજ વીર માતાએ બાળક શિવાજીને મહારાષ્ટ્રના જયની વાત કહી હતી, એજ વીર માતાએ બાળક શિવાજીને વીરકાર્યનું અચળ વ્રત લેવરાવ્યું હતું, એજ વીર માતાએ શિવાજીને વિપદમાં આશ્વાસન આપ્યું હતું, યુદ્ધમાં ઉત્સાહ આપ્યો હતો.

ત્યાર પછી યૌવનની ઉન્નત આશાઓ, ઉન્નત કાર્યપરંપરા, દુર્ગવિજય, દેશવિજય, રાજ્યવિજય, વિપદ ઉપર વિપદ, યુદ્ધ ઉપર યુદ્ધ, અપૂર્વ જયલાભ, પ્રચણ્ડ પ્રતાપ, દુર્દમનીય મહાભિલાષ! શિવાજીએ વીશેક વર્ષો તપાસી જોયાં, પ્રત્યેક વર્ષ અપૂર્વ વિજય અથવા અસમસાહસ કાર્યથી પ્રકાશી રહ્યું છે.

ત્યારે શું એ કાર્યપરમ્પરા વ્યર્થ થશે? એ આશા શું માયાવી? ના; ત્યારે શું હજીયે ભાવિ આકાશમાં ગૌરવનક્ષત્ર અણઉગ્યું રહ્યું છે? હજી એ ભારતવર્ષના મુસલમાન રાજ્યના નસીબમાં અવસાન થવું લખ્યું છે? હિંદુ-રાજ્યચક્રવર્તીના મસ્તક ઉપર રાજ્યછત્ર ચઢવું લખ્યું છે?

શિવાજી એ પ્રકારે વિચારો કરતો હતો એવે સમયે પહોર રાત થયાનો ઘંટ થયો. રાજમહેલના નગારખાના-માંથી એ ઘંટનાદ છુટયો ને સર્વ નગરમાં ફરી વળ્યો, શાન્ત રાત્રિમાં બહુ દૂર સુધી ફરી વળ્યો. આકાશગર્ભમાં એ શબ્દ હજી તો શાન્ત થયો નથી એવે સમયે શિવાજીએ ઉઘાડી બારીમાંથી એક દીર્ઘકાય મનુષ્યમૂર્તિ જોઇ. કાળા અન્ધકારમાં જાણે આકાશપટ ઉપર કાળે રંગે એ મૂર્તિ ચિતરી હોય એવું જણાતું હતું.

વિસ્મિત થઇ શિવાજી ઉભો થયો, એ આકૃતિ તરફ તીવ્ર દૃષ્ટિ ફેંકી, મ્યાનમાંથી તલવાર અર્ધીક બહાર નિકળી. આવનાર મૂર્ત્તિએ એ કશાને ન લેખ્યું ને ધીરે ધીરે બારીમાં થઇ અંદર આવવા માંડયું. ધીરે ધીરે કપાળ ઉપરનો પરસેવો લુંછી નાખ્યો.

શિવાજીએ તીક્ષ્ણ દૃષ્ટિએ જોયું તો એ રાત્રિના અતિથિને મસ્તકે જટા હતી, શરીરે વિભૂતિ હતી, હાથમાં કંઇ હથિયાર નહોતું. ત્યારે બાદશાહે શિવાજીની હત્યા કરવા મોકલેલો કોઇ દૂત તો ન હોય, ત્યારે આ અતિથિ કોણ?

અતિથિ તીક્ષ્ણ નયને શિવાજીને અન્ધારામાં ધારી ધારીને જોવા લાગ્યો ને બોલ્યો: "જય થાઓ!"

અન્ધારાને લીધે શિવાજી એ આકૃતિને ઓળખી શકયો નહોતો, પણ કણ્ઠશબ્દ સાંભળતાંજ ઓળખી શકયો. જગતમાં આવા પ્રકૃત બન્ધુઓ બહુ વિરલ હોય છે, વિપત્સમયે એવો બન્ધુ આવી મળે ત્યારે હૃદય આનન્દે નૃત્ય કરી ઉઠે છે. શિવાજીએ સીતાપતિ ગોસ્વામીને પ્રણામ કર્યા, સસ્નેહ આલિંગન આપ્યું ને પાસે બેસાડયો. દીવો સળગાવ્યો ને બહુ ઉત્સુકતાથી પ્રશ્ન કર્યો: "બન્ધુપ્રવર! રાયગઢના શા સમાચાર છે? આપ ત્યાંથી કયારે આવ્યા? આટલે દૂર આવવાનું શું પ્રયોજન? આજે રાત્રે બારીએ ચઢી મારી પાસે આવવાનો અર્થ શો?"

સીતાપતિ: "રાયગઢમાં સર્વે કુશળ છે. આપે જે સચિવમણ્ડળને રાજ્યકારભાર સોંપ્યો છે, તેમને હાથે કંઇ અમંગળ થવાનો સમ્ભવ નથી; પણ એ સમ્બન્ધમાં હું બહુ જાણતો નથી, કારણકે આપ રાયગઢમાંથી ગયા, ત્યારપછી હું ત્યાં બહુ રહ્યો નથી. તે વખતેજ મેં આપને કહ્યું હતું કે વ્રતસાધનાને માટે મારે દેશોદેશ પર્યટન કરવાનું છે; એ પ્રયોજને મથુરા આદિ તીર્થસ્થળોમાં ફરતો ફરતો અહીં દિલ્હીમાં આવ્યો છું. પ્રભુનાં દર્શન થાય, એજ મારૂં સૌભાગ્ય છે; અમારે સાધુઓને રાત શી ને દહાડો શો?"

શિવાજી: "પણ કંઇ ખાસ કારણ વિના રાત્રે બારીએ ચઢીને આવો ના, કંઇ કારણ હોય તો બોલી દો."

સીતાપતિ: "કહું છું. પણ પહેલાં મને એ કહો કે આપ આવ્યા ત્યારથી કુશળ તો છો ને?"

શિવાજી: "શરીરે તો કુશળ છું, બાકી શત્રુઓ મધ્યે મન તો કયાંથી કુશળ હોય?

સીતાપતિ: "બાદશાહની સાથે આપને સન્ધિ થઇ છે, પછી આપનો શત્રુ કોણ?"

શિવાજી: "સર્પની સાથે દેડકાને કેટલી પળ સન્ધિ રહે? સીતાપતિ, આપને બધું માલમ છે, પછી મને ફોકટ શું કરવા શરમાવો છો? જો રાયગઢમાં આપની સલાહ સાંભળી હોત, તો આ દહાડો ના આવત. કોંકણદેશના પર્વતો અને ખીણોમાં અત્યારે પણ સ્વાધીનતા ભોગવતો હોત; કપટી બાદશાહના વચન ઉપર વિશ્વાસ કર્યો ને દિલ્હીમાં કેદી થયો."

સીતાપતિ: "પ્રભુ, આત્મતિરસ્કાર કરો મા; મનુષ્યમાત્ર ભ્રાન્તિને આધીન છે, આ જગત જ ભ્રમપરિપૂર્ણ છે. અને વળી આ વિષયમાં તો આપનો કંઇ દોષ નથી, આપ સન્ધિ ઉપર વિશ્વાસ કરી અહીં આવ્યા છો; જેણે અસદાચરણનો દોષ કર્યો છે, તેને જગદીશ્વર અવશ્ય દણ્ડશે. પ્રભુ! ખળતાને જય નથી. આજ ઔરંગજેબે જે પાપ કરી આપને કેદ કર્યા છે, તે પાપ તેનો તેના વંશ સાથે નાશ કરશે. મહારાજ! આપે રાયગઢમાં જે શબ્દો કહ્યા હતા, તે શબ્દો મહારાષ્ટ્રદેશ ભૂલી ગયો નથી. ઔરંગજેબ જો કપટાચરણ

આચરશે, તો મહારાષ્ટ્રદેશમાં જે યુદ્ધાનળ પ્રજ્વલિત થશે, તેમાં સમસ્ત મોગલરાજ્ય બળી ભસ્મ થઇ જશે."

ઉત્સાહે ઉલ્લાસે શિવાજીનાં નયન પ્રકાશ્યાં, તે બોલ્યો : "સીતાપતિ! એ વિશ્વાસ હજી પણ લોપ નથી થયો. હજી પણ ઔરંગજેબ જોઇ શકશે કે મહારાષ્ટ્રજીવનનો લોપ નથી થવાનો. પરન્તુ હાય! જે સમયે વીરયોદ્ધાઓ મોગલો સાથે યુદ્ધ કરતાં રણમાં પડશે, તે સમયે હું શું દૂર દિલ્લીનગરમાં નિશ્ચેષ્ટ કેદીસ્વરૂપે પડ્યો હોઇશ?"

સીતાપતિ: "ઔરંગજેબ એકવાર ગગનસંચારી વાયુને જાળમાં રોકી રાખે ને ત્યાર પછી ભલે તે આપને દિલ્લીની દિવાલોમાં કેદ રાખે, તે પહેલાં તો નહિ જ."

શિવાજી કંઇક હસ્યો, પછી ધીરે ધીરે બોલ્યો: "ત્યારે લાગે છે કે પલાયનનો માર્ગ આપે શોધી કાઢ્યો છે; તે દેખાડવાને જ આમ ગુપ્ત ભાવે આજ રાત્રે આપ અહીં આવ્યા છો."

સીતાપતિ: "આપ તીક્ષ્ણબુદ્ધિ છો, આપનાથી કશું 'ય ગુપ્ત રહી શકે એમ નથી."

શિવાજી: "કયો ઉપાય યોજી કાઢ્યો છે?"

સીતાપતિ: "અન્ધારી રાતે આપ અનાયાસે ગુપ્તવેશે આ ઘરમાંથી બહાર નિકળી શકશો. દિલ્લીની ચારે બાજુએ

કિલ્લો છે, પણ પૂર્વદિશામાં એક સ્થાને દિવાલમાં લોઢાના શળીઆ છે, તે વડે કિલ્લો ઓળંગી જવો મહારાષ્ટ્રીય વીરને અસાધ્ય નથી. બીજી બાજુએ નદીમાં એક મછવો છે ને તે ઉપર આઠ માણસો તૈયાર રાખ્યા છે, તેઓ આપને સત્વર મથુરા પહોંચાડી દેશે. મથુરામાં આપના અનેક ભક્તો છે, અનેક હિન્દુ દેવાલયોમાં અનેક ધર્માત્મા પુરોહિતો છે, ત્યાંથી અનાયાસે સ્વદેશ જઇ શકાશે.

શિવાજી: "હું આ ઉદ્યોગથી સન્તુષ્ટ થયો, આપ મારા બન્ધુ છો, એનું આ એક પ્રમાણ મળ્યું. પણ કિલ્લો ઓળંગતાં જો કોઇ દેખી ગયું, તો નાશી શકાવાનું નહિ ને પછી તો ઔરંગઝેબને હાથે નક્કી મૃત્યુ જ."

સીતાપતિ: "ભીંતમાં જે સ્થાને શળીઆ છે, ત્યાંથી થોડે છેટે ગુપ્તવેશે આપણા દશ તીરન્દાજ સૈનિકો તૈયાર રાખ્યા છે, કોઇ આપને દેખી જાય અથવા અટકાવવા પ્રયત્ન કરે, તેનું તો મોત જ થાય."

શિવાજી: "ઠીક, મછવામાં જતી વખતે તટ ઉપરનો કોઇ પહેરેગીર કદી સન્દેહથી મછવો પકડે તો?"

સીતાપતિ: "મછવા ઉપર આઠ ખલાસીઓ ગુપ્તવેશે આપણા જ માણસો છે. તેઓનાં શરીર ઉપર બખ્તર છે, એમ એકદમ મછવો અટકાવવો અશકય છે."

શિવાજી: "મથુરામાં કોઇ બન્ધુ ના મળ્યો તો?"

સીતાપતિ: "આપના પેશ્વાનો બનેવી મથુરામાં છે, તેને આપ ઓળખો છો, તે આપનો વિશ્વાસુ છે; હું આજ તેની પાસે થઇને આવું છું, તેણે સર્વ તૈયાર કરી રાખ્યું છે, આ વાંચો એનો પત્ર."

વસ્ત્રમાંથી એક પત્ર બહાર કાઢી સીતાપતિએ શિવાજીના હાથમાં મુકયો. શિવાજીએ કંઇક હશી પત્ર પાછો આપ્યો ને બોલ્યો: "આપ એ પત્ર વાંચી સંભળાવો."

સીતાપતિ શરમાઇ ગયો, એને હવે જ યાદ આવ્યું કે છત્રપતિ શિવાજી મહારાજને પોતાનું નામ જ વાંચતાં કે લખતાં આવડતું નથી; એ ભણ્યા જ નહોતા.

સીતાપતિએ પત્ર વાંચી સંભળાવ્યો. જે જે આવશ્યક હતું, તે મોરેશ્વરના કુટુમ્બે સર્વ તૈયાર કરી રાખ્યું હતું. પત્ર લાંબો હતો.

શિવાજી: "મહારાજ! આપનું સમસ્ત જીવન યાગ-યજ્ઞમાં વ્યતીત થયું છે, તોપણ શિવાજીનો મુખ્ય મન્ત્રી પણ કદી જે ઉપાય શોધી શકે નહિ તે આપે સુન્દર રીતે શોધી કાઢ્યો છે, પણ હજીયે એક પ્રશ્ન છે; હું નાશી જાઉં તો મારા પુત્રની શી ગતિ? વિશ્વસ્ત મન્ત્રી રઘુનાથપન્ત, પ્રિયમિત્ર તાનાજી માલુસરેની શી ગતિ? ઔરંગજેબના કોપમાંથી મારી સેના પણ શી રીતે બચવાની?"

સીતાપતિ: "આપનો પુત્ર, મંત્રીવર અને આપનો પ્રિયમિત્ર આજે રાત્રે આપની સાથે જઇ શકશે. આપની સેના દિલ્હીમાં રહેશે, તોયે શી હાનિ? ઔરંગજેબ એને રાખીને શું કરશે? અન્તે છોડી દેવી પડશે."

શિવાજી: "આપ ઔરંગજેબને ઓળખતા નથી. એ તો ભાઇઓનો વધ કરીને સિંહાસને ચઢ્યો છે."

સીતાપતિ: "જો આપના સૈનિકો ઉપર કઠોર આજ્ઞા થશે, તો કયો મહારાષ્ટ્રીય વીર આપની મુક્તિ સાંભળી ઉલ્લાસે પ્રાણવિસર્જન નહિ કરે?"

શિવાજી ક્ષણેક શાન્ત રહ્યો, પછી એ મહાત્મા બોલ્યો: "ગોસ્વામી! આપના પ્રયત્નને માટે, આપના ઉદ્યોગને માટે હું આપનો સદાનો ઋણી છું, પણ શિવાજી પોતાના વિશ્વસ્ત અને ચિરપાલિત સેવકોને વિપત્તિમાં મુકી દેઇ પોતાનો ઉદ્ધાર કરવા ઇચ્છતો નથી. એવી ભીરુતાનું કાર્ય કદીયે કરશે નહિ. સીતાપતિ, બીજો ઉપાય હોય તો બતાવો, નહિ તો મને કેદમાં જ રહેવા દો."

સીતાપતિ: "બીજો ઉપાય તો નથી."

શિવાજી: "ત્યારે મને સમય આપો. શિવાજીને આ વિપત્તિપ્રસંગ પહેલો જ નથી, ઉપાય શોધવામાં કદી પાછો પડનાર નથી."

સીતાપતિ: "સમય પણ નથી. આજ રાત્રે પ્રભુએ પલાયન કરવું જોઇએ, નહિ તો પછી કંઇ થઇ શકનાર નથી."

શિવાજી: "ક્યા યોગબળે આપ એમ કહી શકો છો? પણ કહી આપની કથા સત્ય હોય તો યે શું થયું? શિવાજી પાસે બીજો ઉત્તર જ નથી. આશ્રિત પ્રતિપાલિત લોકને સંકટમાં રાખી આત્મપરિત્રાણ કરે એવું શિવાજીના સમ્બન્ધમાં નહિ બને. ગોસ્વામી! એ ક્ષત્રિયનો ધર્મ નથી."

સીતાપતિ: "વિશ્વાસઘાતકને સજા કરવી એ ક્ષત્રિયનો ધર્મ છે, આરંગજેબને સજા કરો. દૂર મહારાષ્ટ્રદેશમાં પાછા જાઓ, ત્યાં સાગરતરંગની પેઠે સમરતરંગ ઉછાળો. સત્વર ઔરંગજેબનું સુખસ્વપ્ન ઉડી જશે, સત્વર પાપપૂર્ણ સામ્રાજ્ય અતુલ જળમાં ડુબી જશે."

શિવાજી: "જે બ્રહ્માણ્ડનો નિયામક છે, તે વિશ્વાસઘાતકને સજા દેશે. મારા શબ્દોમાં વિશ્વાસ રાખો, હવે એને બહુ વિલમ્બ નથી. શિવાજી આશ્રિતનો ત્યાગ નહિં કરે."

સીતાપતિ: "હજી યે એ પ્રતિજ્ઞા છોડો, હજી યે વિચાર કરીને આજ્ઞા કરો, કાલે વિચાર કરવાનો સમય રહેશે નહિ, કાલે આપ કેદી થશો."

શિવાજી: "ભલે એમ થાઓ. શિવાજી આશ્રિતનો ત્યાગ નહિ કરે, શિવાજીની એ પ્રતિજ્ઞા અવિચળ છે."

સીતાપતિ કંઇ બોલી શક્યો નહિ. શિવાજીએ જોયું

કે એની આંખમાં આંસુ છે. સસ્નેહ સીતાપતિનો હાથ ઝાલ્યો ને બોલ્યો: "ગોસ્વામી, મારો દોષ લેશો ના. આપનો પ્રયત્ન, આપની ચેષ્ટા, આપનો સ્નેહ મરતા લગી નહિ ભૂલું, રાયગઢની આપની સલાહ ને દિલ્લીનો મને છોડાવવાને આટલે સુધીનો પ્રયત્ન મારા હૃદયમાં કોતરાઇ રહેશે. આપ મારી સાથે રહો, આપની સલાહથી જલદી જ ઉદ્ધાર થઇ શકશે."

સીતાપતિ: "પ્રભુ, આપના મિષ્ટ શબ્દોથી મને યોગ્ય બદલો મળી ગયો છે, જગદીશ્વર જાણે છે કે આપની સાથે રહેવા વિના બીજી મારે અભિલાષા જ નથી. પણ મારૂં વ્રત અલંઘનીય છે, વ્રતસાધનને માટે મારે જુદે જુદે સ્થળે ફરવું પડશે, અત્યારે અહીં રહેવાય એમ નથી."

શિવાજી: "જાણતો નથી એવું તે કયું અસાધારણ વ્રત છે? સીતાપતિ! એવું કયું કઠોર વ્રત છે?"

સીતાપતિ: "બધું તો અત્યારે શી રીતે વર્ણવી શકું? પણ વ્રતનું એક અંગ એવું છે કે દિવસે આપનાં દર્શન કરી શકું નહિ."

શિવાજી: "ઠીક, એ વ્રત કઇ સાધનાને માટે ધારણ કર્યું છે?"

અનેક વિચાર કરી સીતાપતિ બોલ્યો: "મારા કપાળમાં એક અમંગળ લખ્યું છે; મારો ઇષ્ટદેવતા,

જેને હું નાનપણથી પૂજતો આવ્યો છું, જેના નામના જપ જપી જીવન ધારણ કરતો આવ્યો છું, તે વિધિની ઘટનાથી મારાથી ફરી બેઠો છે, એ અમંગળના ખણ્ડનને અર્થે એ વ્રત ધારણ કર્યું છે."

શિવાજી: "એ અમંગળ આપને શી રીતે જણાયું? એ અમંગળના ખણ્ડનને અર્થે આ વિશેષ વ્રત ધારણ કરવાનું આપને કોણે બતાવ્યું?"

સીતાપતિ: "પ્રસંગોને લીધે મારી જાતે હું જાણી ગયો. ઈશાનીમન્દિરમાં એક જણે મને આ વ્રત દેખાડ્યું. જો વ્રત સફળ થશે, તો આપને હું બધું જણાવીશ; જો વિફળ થયું તો આ નિરર્થક જીવનનો ત્યાગ કરીશ. જેની પૂજા માટે આ જીવન ધારણ કર્યું છે, તે વિમુખ હોય તો જીવ્યું શા કામનું?"

શિવાજી: "સત્ય છે, સીતાપતિ. જેને માટે પ્રાણથી પ્રયત્ન કરીએ, જેને માટે પ્રાણ સમર્પીએ, તેના અસન્તોષ જેવું જગતમાં મર્મભેદી દુ:ખ બીજું કશું નથી."

સીતાપતિ: "રાજા, આપને શું એવા દુ:ખનો કદી અનુભવ થયો છે?"

શિવાજી: "પ્રભુ, મને ક્ષમા કરો; મેં એક નિર્દોષ પુરુષને એવું દુ:ખ આપ્યું છે. એ બાળકની કથા સાંભરી

આવે છે, ત્યારે હજીયે મને સમયે સમયે હૃદયમાં વેદના થાય છે."

સીતાપતિ: "એ હતભાગ્યનું નામ શું?"

શિવાજી: "રઘુનાથજી હવાલદાર"

ઘરનો દીવો એકદમ બુઝાઇ ગયો. શિવાજી દીવો સળગાવવા ઉઠ્યો, પણ સીતાપતિ બોલ્યો: "દીવાની જરૂર નથી; બોલોને, એ તો હું સાંભળું છું."

શિવાજી: "શું બોલું? ત્રણ વર્ષ વીતી ગયાં છે એ વાતને. તે બાળવીર મારી પાસે આવ્યો ને મેં એને સેનામાં મુકયો. સીતાપતિ, આપના જ જેવું તેનું લલાટ ઉન્નત હતું, આંખો ઉજ્જવલ હતી. એનું વય પણ આપના જ જેટલું હશે. આપના જેવી એની બુદ્ધિ તો તીવ્ર જણાતી નહોતી, પણ એ ઉન્નત હૃદયમાં આપના જેવું જ દુર્દમનીય સાહસ અને વીરત્વ ભર્યું હતું. આપનો બલિષ્ઠ ઉન્નત દેહ જોઉં છું, આપનો સુસ્પષ્ટ કણ્ઠસ્વર સાંભળું છું, આપનું વીરોચિત પરાક્રમ વિચારૂં છું, ત્યારે એ બાળકની કથા સર્વદા હૃદયમાં જાગ્રત થાય છે."

સીતાપતિ: "ત્યાર પછી?"

શિવાજી: "એ બાળકને મેં જોયો, તે જ સમયે મેં જાણી લીધું કે એ સાચો વીર છે, તે જ સમયે મેં એક તલવાર આપી, રઘુનાથે કદી એ તલવારને અપમાન

આપ્યું નથી. વિપત્તિને સમયે સર્વદા તે છાયાની પેઠે સાથે રહેતો, યુદ્ધને સમયે દુર્દમનીય તેજથી શત્રુરેખા ભેદી પાર નીકળી જતો. તેની એ વીર આકૃતિ, એ શ્યામ કેશ-ગુચ્છ, એ ઉજ્જવળ નયનો હજીયે જાણે હું દેખી શકું છું."

સીતાપતિ: "ત્યાર પછી?"

શિવાજી: "એ બાળકે એક યુદ્ધમાં મારો જીવ બચાવ્યો હતો, બીજા એક યુદ્ધમાં તેનાજ પરાક્રમથી એક કિલ્લો જિતાયો હતો, અનેક યુદ્ધમાં તેણે પરાક્રમ દેખાડયું હતું."

સીતાપતિ: "ત્યાર પછી?"

શિવાજી: "હવે શું કરવા પુછો છો? હું એક દિન ભ્રમમાં પડયો ને એ ચિરવિશ્વસ્ત અનુચરને અપમાન આપી કાઢી મુકયો. અન્ત પર્યન્ત રઘુનાથે એક પણ કર્કશ શબ્દ ઉચ્ચાર્યો નહિ, જતી વખતે પણ મને મસ્તક નમાવી ચાલતો થયો."

શિવાજીનો કણ્ઠ રૂંધાઇ ગયો, આંખમાંથી આંસુ પડયાં. અનેક ક્ષણ સુધી કોઇ કંઇ બોલી શકયું નહિ. અન્તે સીતાપતિ બોલ્યો: "એમાં પ્રશ્ન શો? દુષિતને દણ્ડ દેવો એ તો રાજધર્મ છે."

શિવાજી: "દૂષિત? રઘુનાથના ઉન્નત ચારિત્રમાં દોષ

હોય નહિ. હું કઇ કુક્ષણે ભ્રમિત થયો, તે સમજાતું નથી. યુદ્ધસ્થાને આવતાં રઘુનાથને વિલમ્બ થયો, તેથી મેં એને વિદ્રોહી માન્યો. તપાસ કરતાં મહારાજ જયસિંહને માલમ પડેલું કે યુદ્ધ પહેલાં રઘુનાથ તેના એક પુરોહિત પાસે આશીર્વાદ લેવા ગયો હતો, ને તેથી જ વિલમ્બ થયો હતો. નિર્દોષને મેં અપમાન આપ્યું ને સાંભળ્યું છે કે એ અપમાનથી રઘુનાથે પ્રાણત્યાગ કર્યો છે. યુદ્ધમાં જેણે મારો પ્રાણ બચાવ્યો, તેનો મેં પ્રાણ લીધો! હા, રઘુનાથ!"

શિવાજીનો કણ્ઠ ફરી રૂંધાઇ ગયો, અનેક ક્ષણ ચુપ રહી ફરી બોલ્યો: "સીતાપતિ!"

કંઇ ઉત્તર મળ્યો ના. કંઇક વિસ્મિત થઇ દીવો સળગાવ્યો, જોયું તો સીતાપતિ ઘરમાં નથી.

૨૬

ઔરંગઝેબ

બીજે દિને પહોર દહાડો ચઢચે શિવાજી જાગ્યો, ત્યારે રાજમાર્ગ ઉપર કંઇ કોલાહલ થતો સાંભળ્યો. બારીએથી દૃષ્ટિ કરતાં જે જોયું તેથી તે ચકિત અને સ્તબ્ધ થઇ ગયો.

જોયું કે ઘરની ચારે બાજુએ હથિયારબન્ધ પહેરેગીરો પહેરો ફરે છે. ખાસ ઓળખાણ આપ્યા વિના બહારના માણસોને પહેરેગીરો અન્દર આવવા દેતા નથી, ઘરના લોકને બહાર જવા દેતા નથી. આ જોઈને શિવાજીને સીતાપતિ સાંભરી આવ્યો. કાલે શિવાજી નાશી શકત, આજે કેદી છે.

શિવાજીએ બાતમી મેળવી, તેથી જણાયું કે તેણે બાદશાહને સ્વદેશ જવા દેવાની પ્રાર્થના કરી હતી, ત્યારથી તેના મનમાં શિવાજી માટે સન્દેહ ભરાયો હતો ને એ સન્દેહને વશ થઇ ઔરંગજેબે નગરના કોટવાળને આજ્ઞા કરી હતી કે શિવાજીના ઘરની ચારે બાજુએ અહોરાત્રિ પહેરેગીરો મુકી દેવા; શિવાજી જ્યાં જ્યાં જાય, ત્યાં ત્યાં તેની સાથે પહેરેગીરોએ જવું ને પાછો આવે ત્યારે પાછા આવવું. શિવાજી સમજી શક્યો કે સીતાપતિ ઔરંગજેબની આ આજ્ઞાની હકીકત જાણી ગયો હતો ને પહેરેગીરો આવે તે પહેલાંજ નાશી જવાની તૈયારીઓ કરી દીધી હતી; તેથી જ મધ્યરાત્રે તેડવા આવ્યો હતો. શિવાજી સીતાપતિને ધન્યવાદ આપવા લાગ્યો.

ઔરંગજેબનું કપટ આટલે દહાડે સ્પષ્ટ થયું. બાદશાહે પ્રથમ તો શિવાજીને બહુ આદરપૂર્વક પત્ર લખી દિલ્લી આવવાનું આમન્ત્રણ કર્યું હતું; શિવાજી આવ્યો, ત્યારે રાજસભામાં ત્હેનું અપમાન કર્યું, પછી રાજસભામાં જવાનો પણ નિષેધ કર્યો, સ્વદેશમાં પાછા ફરવાનોય નિષેધ

કર્યો ને અન્તે તેને કેદ કર્યો. કેટલાક અજગરોની એવી પ્રકૃતિ હોય છે કે પશુને ભક્ષણ કરતા પહેલાં પોતાનું લાંબું શરીર વિસ્તારી તે પશુને ધીરે ધીરે ઘેરી લે છે ને તેને સમ્પૂર્ણ રીતે વશ કરે છે, પછી ધીરે ધીરે ચુશી અન્તે તેને પેટમાં ઉતારી જાય છે. આજ પ્રકારે ક્રૂર ઔરંગજેબે પોતાની કપટજાળમાં શિવાજીને સમ્પૂર્ણ રીતે વશ કરી અન્તે તેનો નાશ કરવાનો સંકલ્પ કર્યો હતો. બન્યા એ બધા પ્રસંગો ઉપરથી શિવાજી શત્રુનો દૃઢ હેતુ સમજી ગયો ને રોષે ગર્જી ઉઠ્યો. ઘરમાં ઉતાવળે પગલે આમતેમ ફરવા લાગ્યો. હોઠ ઉપર દાંત પીસ્યા, આંખ રાતી થઇ ગઇ. અનેક ક્ષણ પછી અર્ધસ્પષ્ટ સ્વરે બોલ્યો: "ઔરંગજેબ! શિવાજીને તું હજીયે ઓળખતો નથી. ચતુરતામાં તું પોતાને અદ્વિતીય માને છે, પણ શિવાજી એ વિદ્યામાં બાળક નથી. આ ઋણ એક દિવસ વાળીશ, ત્યારે દક્ષિણ હિન્દુસ્થાન સુધી સમરાગ્નિ સળગી ઉઠશે!"

અનેકક્ષણ વિચાર કરી શિવાજીએ વિશ્વસ્ત મંત્રી રઘુનાથપન્તને બોલાવ્યો. વૃદ્ધ ન્યાયશાસ્ત્રી આવ્યો ને કંઇ બોલ્યા વિના સામે બેઠો. શિવાજી બોલ્યો: "પણ્ડિત-પ્રવર! આપ ઔરંગજેબની બાજી જુઓ છો, એની સામે આપણે પણ પાસા નાખવા પડશે. આપને પ્રતાપે શિવાજી એ બાજીમાં કાચો નથી. આજે આપણે કેદી થઇશું એવી બાતમી ગઇ રાત્રેજ મળી ગઇ હતી, પણ અનુચરવર્ગનો પ્રથમ ઉદ્ધાર થયા વગર આપણો ઉદ્ધાર કરવો એ ઉચિત નથી. આ વિષયમાં આપનો શો અભિપ્રાય છે?"

ન્યાયશાસ્ત્રી બહુ ક્ષણ વિચાર કર્યા પછી બોલ્યો: "અનુચરવર્ગને સ્વદેશ જવા દેવા માટે બાદશાહને પ્રાર્થના કરો. હાલ આપ કેદી થયા છો, તેથી અનુચરોની સંખ્યા જેટલી કમી થશે તેટલો બાદશાહનો આનન્દ વધશે ને ચિન્તા કમી થશે. મને લાગે છે કે અનુમતિ મળશે જ."

શિવાજી: "આપની સલાહ સફળ છે, મને પણ લાગે છે કે ધૂર્ત ઔરંગજેબ એ વિષયમાં વાંધો નહિ લે."

તુરત જ ન્યાયશાસ્ત્રીએ એક પ્રાર્થનાપત્ર લખી કાઢ્યું. તેઓની કામના સફળ થઈ. શિવાજીના અનુચરો દિલ્લીમાંથી જશે એ હકીકતથી બાદશાહને બહુ આનન્દ થયો, તે વાતની અનુમતિ આપી. શિવાજીને થોડા દિવસોમાં અનુમતિપત્ર મળ્યું. તે મનમાં ને મનમાં બોલવા લાગ્યો: "અરે મૂર્ખ! તું શિવાજીને કેદ રાખી શકશે કે? એક અનુચરનો વેશ લેઇ આ અનુમતિપત્ર દેખાડી દિલ્લીમાંથી ચાલતો થાઉં, તો બોલ, તું શું કરી શકે? ગમે તેમ, પણ અનુચરવર્ગને નિર્વિઘ્ને પહોંચાડી દેઉં, બાકી શિવાજી પોતાનો ઉદ્ધાર કરવાને તો ગમે તે ક્ષણે સમર્થ છે."

વાચક, અસાધારણ ચતુરતાથી, બુદ્ધિકૌશલથી અને રણનૈપુણ્યથી ભાઇઓને હરાવી, મયૂરાસન બનાવનાર વૃદ્ધ પિતાને કેદ કરી દિલ્લીના મયૂરાસન ઉપર જે ચઢ્યો છે, કાશ્મિરથી બંગાળ સુધીના ભારતનો અધીશ્વર જે બન્યો છે ને વળી મહારાષ્ટ્ર જિતી સમગ્ર ભારતનો ચક્રવર્તી અધી-

શ્વર થવા મથે છે, જેણે અસામાન્ય ચતુરતાથી મહાવીર સુચતુર શિવાજીને કેદ કર્યો છે, તે કપટાચારી, અદૂરદર્શી ઔરંગજેબના મહેલમાં ચાલો જઇએ ને તેના મનના ભાવનું નિરીક્ષણ કરીએ.

રાજકાર્ય સમાપ્ત થયું છે, ઔરંગજેબ 'ગોસલખાના' નામના એક મહેલમાં બેઠો છે. મન્ત્રીઓની સાથે ગુપ્ત મન્ત્રણા કરવાનું એ જ સ્થાન છે, પણ આજ ઔરંગજેબ ત્યાં એકલો બેશીને વિચાર કરે છે. કદી તેના કપાળ ઉપર ચિન્તાની રેખાઓ અંકાય છે, કદી તેનાં ઉજ્જવળ નયનોમાં રોષ કે અભિમાનથી દૃઢ પ્રતિજ્ઞાનાં ચિહ્ન દેખાય છે, કદી મન્ત્રસફળતાથી જન્મેલા સંતોષને લીધે તેના હોઠ ઉપર હાસ્યની રેખાઓ પડે છે. બાદશાહ શું કરે છે? પોતાના બુદ્ધિબળથી સમસ્ત હિંદુસ્થાનનો એકાધીશ્વર બન્યો છે, એ વાતનું સ્મરણ કરે છે? હિન્દુધર્મનું હજીયે અપમાન કરવાનો કે રાજપુતોને અને મરાઠાઓને હજી એ પદદલિત કરવાનો સંકલ્પ કરે છે? શિવાજીને કેદી કરી મનમાં ઉલ્લાસિત થાય છે? અમે જાણતા નથી; અમે તો શું, પણ તેની સભામાંનાને, સમગ્ર ભારતવર્ષમાંનાને, તેના કોઇ મન્ત્રીને પણ એ ઔરંગજેબના ભાવની ખબર નથી, એને કોઇ ઉપર વિશ્વાસ જ નથી. ઔરંગજેબ એમ જ માની બેઠો છે કે મારી બુદ્ધપ્રખરતાને બળે સર્વને પુતળીની પેઠે નચાવું, આ સમગ્ર વિશાળ દેશ ઉપર મારી બુદ્ધિથી જ સુન્દર રીતે રાજ્ય ચલાવું. વાસુકી જેમ પોતાન

મસ્તક ઉપર આ જગત ધારણ કરે છે, વિશ્રામની ઇચ્છા કરતો નથી, કોઇની સહાયતાની ઇચ્છા કરતો નથી, તેમ ઔરંગઝેબ પણ પોતાના અસાધારણ માનસિક બળથી સમસ્ત બાદશાહતના શાસનકાર્યનો ભાર એકલો ઉઠાવવા સંકલ્પ કરે છે, કોઇની પણ સલાહ ઇચ્છતો નથી.

અનેક ક્ષણ એમ વિચાર કરતો બેઠો, તેવામાં એક સૈનિક તસલીમ કરી બોલ્યોઃ "બાદશાહનો જય થાઓ, જહાંપનાહ! દાનેશમન્દ નામનો આપનો એક સભાસદ આપને મળવા ઇચ્છે છે, દરવાજે ઉભો છે. બાદશાહે દાનેશમન્દને અન્દર આવવાની પરવાનગી આપી, ચિન્તારેખાઓ કપાળ ઉપરથી સંકેલી લીધી, મુખ ઉપર હાસ્ય ધારણ કરી બેઠો.

દાનેશમન્દ ઔરંગઝેબનો મન્ત્રી નહોતો, તેથી રાજકાર્યમાં બાદશાહને સલાહ આપવાનું સાહસ કરતો નહિ; પણ તે ફારસી અને આરબી ભાષામાં અસાધારણ પુણ્ડિત હતો, તેથી બાદશાહ એને બહુ માન આપતો. કોઇ કોઇ વેળા વાતવાતમાં તેની સલાહ પુછતો. ઉદારચેતા દાનેશમન્દ ઘણું કરીને ઉદાર અને સરળ સલાહ આપતો, એટલે સુધી કે ઔરંગઝેબે જ્યારે પોતાના મોટા ભાઇ દારાને કેદ કર્યો, ત્યારે દાનેશમન્દે તેના જીવનની રક્ષા કરવાની બાદશાહને સલાહ આપી હતી. એવી સલાહ કુટિલ ઔરંગઝેબને ગળે ઉતરે નહિ ને તેથી તેણે તેને અલ્પબુદ્ધિ અને અદૂરદર્શી માની લીધો. તથાપિ તેની વિદ્યા, ધન

અને પદમર્યાદાને લીધે તેને માન આપ્યા કરતો. આજે સરળભાવ વૃદ્ધ દાનેશમન્દ બાદશાહને સલામ કરી બેઠો.

દાનેશમન્દ: "આ સમયે જહાંપનાહને મળવા આવવાની આ દાસે ધૃષ્ટતા કરી છે, કારણકે આ સમયે બાદશાહ રાજકાર્યમાંથી પરવારી વિરામ લે છે. તે છતાં જે આવું છું તે બાદશાહની સર્વદા કૃપા છે માટે જ. ફારસી કવિએ સુન્દરરૂપે લખ્યું છે: 'સૂર્ય તરફ સર્વે પ્રાણીઓ સર્વે સમયે જોયા કરે છે, માટે શું સૂર્ય વિરક્ત થશે? કે કિરણ આપતો અટકશે?'"

બાદશાહ સહાસ્ય વદને બોલ્યો: "દાનેશમન્દ! બીજાના સમ્બન્ધમાં ગમે તેમ હશે, પણ આપ તો સર્વે સમયે આદરપાત્ર છો."

થોડીવાર એમ આડીઅવળી વાતો કર્યા પછી દાનેશમન્દ બોલ્યો: "જહાંપનાહ, 'આલમગીર' નામ હવે સાર્થક થશે! સમસ્ત હિન્દુસ્થાન આપના પગ આગળ છે, હવે દક્ષિણ જીતતાં પણ વાર નહિ લાગે."

કંઈક હાસ્ય કરી ઔરંગજેબ બોલ્યો: "કેમ, એ વિષયમાં મારો કંઇ ઉદ્યોગ જોયો કે શું?"

દાનેશમન્દ: "દક્ષિણદેશનો મુખ્ય શત્રુ આપના પગ નીચે આવી પડ્યો છે."

આરંગજેબ: "શિવાજીની વાત કરો છો કે? હા, ઉન્દર ઉન્દરિયામાં પુરાયો છે!"

તત્ક્ષણ પોતાનો વિચાર છુપાવવા બોલ્યો: "દાનેશમન્દ! આપ મારો હેતુ જાણો છોજ, દેશના મુખ્ય મુખ્ય પુરુષોને સર્વદા માન આપવું એ મારો હેતુ છે. શિવાજી ધૂર્ત્ત અને વિદ્રોહી હશે, પણ તે એક સમર્થ યોદ્ધો છે. તેને માન આપવામે મેં દિલ્લી બોલાવ્યો હતો, રાજસભામાં ઉચિત માન આપીને તેને સ્વદેશમાં પાછો વદાય કરવાનો મારો હેતુ હતો, પણ તે એવો મૂર્ખ કે રાજસભામાંજ તેણે કંઇ દુરાચરણ આચર્યું. એને કેદ કરવાની કે એનો પ્રાણ લેવાની મને ઇચ્છા નથી, તેથી તેને બીજી સજા ન કરતાં રાજસભામાં આવવાનો એને નિષેધ કર્યો. હાલ એવું સંભળાય છે કે દિલ્લીમાંના અનેક સંન્યાસીઓ અને વિદ્રોહીઓ સાથે તે મસલત ચલાવે છે, તેથી કંઇ અનિષ્ટ થવા ન પામે, એ હેતુથી કોટવાળને એના ઉપર દૃષ્ટિ રાખવા સૂચવ્યું છે, થોડા દિવસ પછી સમ્માનપૂર્વક વદાય કરીશ."

દાનેશમન્દ: "બાદશાહનું એ ફરમાન સાંભળી હું રાજી થાઉં છું."

ઔરંગજેબ: "કેમ?"

ઉદારચેતા દાનેશમન્દ બોલ્યો: "બાદશાહને સલાહ તો શી રીતે આપી શકું? પણ જહાંપનાહ, જો શિવાજી

પ્રતિ દયાળુ આચરણ ના કરો ને તેને સદા કેદી રાખો, તો લોક નિન્દા કરે, કહે કે શિવાજીને બોલાવી તેને કેદ કરવો એ ન્યાયસંગત નથી.”

ઔરંગજેબ કંઇક કોપ છુપાવી સહાસ્ય વદને બોલ્યો: “દાનેશમન્દ! મૂર્ખ લોકની નિન્દાથી દિલ્લીશ્વરને હાનિ-લાભ નથી, પણ ન્યાય ને દયા તો સિંહાસનને પણ શોભાવે છે. પ્રથમ ન્યાય કરી શિવાજીને સાવધાન કરી દેઇશ ને પછી દયા કરી તેને સમ્માનસહિત વદાય કરીશ.”

દાનેશમન્દ: “એવા જ સદાચરણથી આપના પ્રપિતા-મહ અકબરશાહ દેશ ઉપર સારી રીતે રાજ્ય કરી શકયા હતા. એવા સદાચરણથી આપની પણ ખ્યાતિ અને શક્તિ દિનદિન વૃદ્ધિ પામશે.”

ઔરંગજેબ: “કેમ?”

દાનેશમન્દ: “બાદશાહથી કશું અજાણ્યું નથી. જુઓ, અકબરશાહ જ્યારે ગાદીએ બેઠા, ત્યારે સમસ્ત રાજ્ય શત્રુથી પરિપૂર્ણ હતું; રાજસ્થાનમાં, બિહારમાં, દક્ષિણમાં, સર્વ દેશમાં વિદ્રોહીઓ જોર ઉપર હતા; દિલ્લીની પાસેનાં સ્થાન પણ શત્રુશૂન્ય નહોતાં. તેમના મૃત્યુસમયે સર્વ સામ્રાજ્ય નિ:શત્રુ અને નિર્વિરોધ હતું; એ જ રાજપુતોએ બાદશાહની આધીનતા સ્વીકારી ને વળી કાબુલથી તે બંગાળા સુધી દિલ્લીની વિજયપતાકા ઉડતી કરી. જયસાધન શી રીતે સધાયું હતું? કેવળ

બાહુબળે? કેવળ સાહસે? તૈમુરના વંશમાં બાહુબળ અને સાહસનો અભાવ નથી જ, ત્યારે એવો વિજય બીજા કોઇ બાદશાહ કેમ ન કરી શકયા? ના, જહાંપનાહ, કેવળ સદાચરણથી બાદશાહ અકબરશાહ એવો વિજય પ્રાપ્ત કરી શકયા હતા. તેમણે શત્રુઓ પ્રતિ સદાચરણ આચર્યું, આધીન હિન્દુઓ ઉપર વિશ્વાસ મુકયો, હિન્દુઓએ પણ ત્યારે વિશ્વાસપાત્ર બનવાનો પ્રયત્ન કર્યો. માનસિંહ, ટોડરમલ્લ, બીરબલ આદિ હિન્દુઓ મુસલમાનં રાજ્યના સ્તમ્ભસ્વરૂપ હતા. ઉત્તમ પુરુષ ઉપર પણ અવિશ્વાસ કરીએ, તો અન્તે તે ધીરે ધીરે અધમ બની જાય; અધમ કાફર ઉપર પણ વિશ્વાસ કરીએ, તો અન્તે તે ધીરે ધીરે વિશ્વાસયોગ્ય બને. એ તો માનવપ્રકૃતિ જ એવી છે, શાસ્ત્રમાં પણ એમ જ લખ્યું છે. વિશ્વાસ મુકવાથી દક્ષિણદેશના યુદ્ધમાં શિવાજીએ આપણને બહુ સહાયતા કરી છે. જહાંપનાહ, તેને સમ્માન આપશો, તો તે જીવતો રહેશે ત્યાં સુધી દક્ષિણદેશમાં મોગલરાજ્યનો સ્તમ્ભ બની રહેશે.”

દાનેશમન્દ અત્યારે બાદશાહને શા માટે મળવા આવ્યો હતો, તે હવે વાચક સમજી શકયો હશે. દિલ્હીશ્વરે શિવાજીને આમંત્રણ આપી તેને કેદી બનાવી દીધો જાણી સદાચારી ને જ્ઞાની મુસલમાન સભાસદો લજવાઇ ગયા. દાનેશમન્દને બાદશાહ સારી રીતે માન આપતો, તેથી કોઇ રીતે વાતવાતમાં તેને સમજાવી એવી કુપ્રવૃત્તિ અને દુષ્ટ

હેતુ દેખાડી આપવા તે ઉત્સુક બની ગયો. શિવાજી પ્રતિ સદાચરણ આચરે ને તેને સ્વદેશમાં પાછા જવા દે એવા પ્રયોગ બાદશાહ ઉપર અજમાવવા આજે એ આવ્યો છે. બિચારા દાનેશમન્દ જાણતા નહોતા કે હાથ વડે મોટા ભૂધરને ખસેડી શકાય, પણ સલાહ વડે ઔરંગજેબની દૃઢ પ્રતિજ્ઞાને અને ગમ્ભીર હેતુને ચલિત કરી શકાય તેમ નહોતું.

દાનેશમન્દના ઉદાર સારગર્ભ શબ્દો કુટિલ ઔરંગજેબ આગળ અતિશય મૂર્ખના શબ્દો સમાન હતા. તે કંઇક હસીને બોલ્યો: “હા, દાનેશમન્દ જેવો શાસ્ત્રવિશારદ છે, તેવોજ તે માનવહૃદયનો અભ્યાસી છે દેખું. દક્ષિણ દેશમાં શિવાજીને સ્તમ્ભરૂપ સ્થાપું, રાજસ્થાનમાં તો વિદ્રોહીઓને કયારનાય સ્તમ્ભ સ્વરૂપ બનાવ્યા છે, કાશ્મિરને ફરી સ્વતન્ત્ર કરી દેઉં ને બંગાળના પઠાણોને ફરી સમ્માનપૂર્વક આમન્ત્રણ આપું. એ ચાર સ્તમ્ભો ઉપર મોગલરાજ્ય, વાહ! સુન્દર ને દૃઢ રૂપે સ્થપાશે!”

દાનેશમન્દનું મુખમણ્ડળ રાતું થયું, તે ધીરે ધીરે બોલ્યો: “આપના પિતા આ દાસ ઉપર કૃપા રાખતા, આપ પણ યથેષ્ટ કૃપા રાખો છો, તેથીજ કદી કદી મનની વાતો પ્રકટ કરૂં છું, નહિ તો જહાંપનાહને સલાહ દેઉં એવી વિદ્યાબુદ્ધિ તો મારામાં નથી જ.”

દાનેશમન્દ મૂર્ખ અને સરળ છે, એ જાણ્યા છતાં, તેની એ સરળતાને માટેજ બાદશાહ તેને ચાહતો. તેને ખોટું

લાગ્યું છે એમ જોઇ બોલ્યો : "દાનેશમન્દ! ખોટું લગાડતા ના. અકબરશાહ બુદ્ધિમાન હતા એમાં સન્દેહ નથી, પણ કાફર અને મુસલમાનને એક આંખે જોવા એ શું ધર્મસંગત આચરણ હતું કે? વળી બીજો એક પ્રશ્ન પુછું: મારો એક સામાન્ય સૈનિક પણ કાર્યસંપાદનસમયે સમજી શકે છે કે આપણી જાતે જે કાર્ય કરી શકીએ, તેવું કાર્ય બીજાને હાથે કરાવીએ તો તે ન થાય. આવા વિસ્તીર્ણ મહારાજ્યના શાસનકાર્યમાં પણ એમ બીજા ઉપર વિશ્વાસ ન મુકતાં કામ જાતે કરી લેવું એ શું ઠીક નથી? સમગ્ર ભારતવર્ષ ઉપર રાજ્ય ચલાવવાનું સામર્થ્ય જો આપણા બાહુબળમાં હોય, તો એ તિરસ્કૃત કાફરોની શા માટે સહાયતા લેવી? ઔરંગજેબ બાલ્યકાળથી પોતાની જ તલવાર ઉપર ઝઝુમ્યો છે, પોતાની જ તલવારથી એણે સિંહાસનનો માર્ગ સ્વચ્છ કરી દીધો છે, પોતાની જ તલવારથી એ દેશ ઉપર રાજ્ય ચલાવશે, બીજાની સહાયતા નહિ ઇચ્છે, બીજા ઉપર વિશ્વાસ નહિ કરે."

દાનેમન્દ: "જહાંપનાહ, પોતાને હાથે દૈનિક કાર્યો તો થયા જાય, પણ આવડા મોટા રાજ્ય ઉપર સહાયતા વિના રાજ્ય ચલાવી શકાય? બંગાળ, દક્ષિણ આદિ દેશોમાં આપ સર્વ સમયે શી રીતે હાજર રહી શકો? બીજા કોઈને એ કાર્ય સોંપ્યા વિના શી રીતે સફળતા મળે?"

ઔરંગજેબ: "અવશ્ય નોકરોને તો મોકલીશ, પણ તેઓ સદા નોકરો જ રહે, કદી પ્રભુ બની ન શકે એવી

વ્યવસ્થા કરીશ. આજ કોઇને વધારે અધિકાર આપું, તો કાલે એ અધિકાર મારીજ વિરૂદ્ધ વાપરે; આજ કોઇના ઉપર વધારે વિશ્વાસ મુકું તો કાલે એ વિશ્વાસઘાતકતા કરે. આવી અવસ્થામાં અધિકાર અને વિશ્વાસ પોતાનાજ હાથમાં રાખવો ઉચિત છે. દાનેશમન્દ, તમે જ્યારે ઘોડા ઉપર બેસો, ત્યારે તેને લગામથી સમ્પૂર્ણ રીતે વશ રાખો, જે દિશામાં ફેરવો, તે દિશામાં ફરે એવો વશ રાખો. રાજ્યમાં પણ એ પ્રમાણે શાસન કરવું ઉચિત છે, કોઇના ઉપર વિશ્વાસ કરવો નહિ, કોઇને બહુ અધિકાર આપી દેવો નહિ. સમસ્ત અધિકાર મારા હાથમાં રાખીશ, કર્મચારીઓ અને સેનાપતિઓને સમ્પૂર્ણ વશ રાખી તેમની પાસેથી કામ લેઇશ."

દાનેશમન્દ: "પ્રભુ! મનુષ્ય તે ઘોડો નથી, તેનામાં કંઇક વિશેષ મહત્ત્વ છે, તેનામાં આત્મસમ્માનનું જ્ઞાન છે."

ઔરંગજેબ: "મનુષ્ય તે ઘોડો નથી, માટેજ ઘોડાને લગામથી ચલાવીએ ને મનુષ્યને ઉન્નતિની આશાથી ને સજાના ભયથી ચલાવીએ. જે ઉત્તમ કાર્ય કરે, તેને ઇનામ આપીશ ને જે અધમ કાર્ય કરે તેને દણ્ડ દઇશ. ઇનામની આશાથી ને સજાના ભયથી બધા પાસે કામ લેઇશ. અધિકાર, વિશ્વાસ ને મન્ત્રણા ઔરંગજેબના પોતાના હૃદયમાં ને બાહુબળમાંજ રહેશે."

દાનેશમન્દ: "પ્રભુ! ઇનામની આશા ને સજાના ભય

વિના મનુષ્યના હૃદયમાં બીજા પણ ભાવો છે. એના હૃદયમાં મહાભિલાષ છે, મહત્ત્વ છે, આત્મસમ્માનનું જ્ઞાન છે. જે માનવી સજાના ભયથી કામ કરે છે, તે ગમે તે રીતે કાર્ય સમાપ્ત કરી વિરમે છે, પણ જે આત્મસમ્માનથી, સમાદરથી, અધિકાર ને વિશ્વાસના જ્ઞાનથી કામ કરે છે, તે આત્મસમ્માનનાં, સમાદરનાં ને વિશ્વાસનાં પ્રમાણ આપવા પ્રયત્ન કરે છે ને એ પ્રમાણ આપતાં પ્રભુકાર્યમાં પોતાનાં ધન, માન ને પ્રાણું પર્યન્ત સમર્પે છે. એવાં ઉદાહરણ શાસ્ત્રમાં અનેક છે."

ઔરંગજેબ: "દાનેશમન્દ! હું તમારી પેઠે શાસ્ત્રજ્ઞ નથી, કવિતામાં લખેલા ઉપર વિશ્વાસ કરતો નથી; કશા ઉપર વિશ્વાસ કરતો નથી, એ મારો સ્વભાવ જ છે. માનવ-પ્રકૃતિ એ મારૂં શાસ્ત્ર છે. માનવીમાં મહત્ત્વ મેં બહુ ઓછું જોયું છે; શઠતા, કપટતા, વિશ્વાસઘાતકતા બહુ જોઇ છે. આ શાસ્ત્ર ભણી અધિકાર મારા હાથમાં રાખતાં હું શીખ્યો છું. એટલા માટે હું કાફરો ઉપર જજિયાવેરો નાખીશ, વિદ્રોહોન્મુખ રાજપુતો ઉપર કઠોર શાસન કરીશ, મહારાષ્ટ્રદેશ નિઃશત્રુ કરીશ, બિજાપુર ને ગોવલકંડા જિતીશ, હિમાલયથી સમુદ્રપર્યન્ત એકલો રાજ્ય કરીશ. કોઇની સહાયતા નહિ લેઉં, આલમગીર નામ સાર્થક કરીશ."

ઉત્સાહથી બાદશાહનાં નયન ઉજ્જવળ થઇ ગયાં. તેણે મનના ગમ્ભીર ભાવ કદાપિ કોઇને જણાવેલા નહિ, તે આજ વાતવાતમાં જણાવી દીધા. વળી દાનેશમન્દને તે

ઉદારચિત જાણતો હતો, તેથી તેને એ ભાવ જણાવતાં હાનિ માનેલી પણ નહિ.

થોડી વાર પછી કંઇક હાસ્ય કરી બોલ્યો: "સરળ-સ્વભાવ બન્ધુ, હવે આજ મારો હેતુ ને મન્ત્રણા કંઇક કંઇક સમજી શકયા?"

તીક્ષ્ણબુદ્ધિ ઔરંગજેબે પોતાની આ ગમ્ભીર મન્ત્રણા થોડે ઘણે અંશે ત્યજી હોત ને એ સરળ દાનેશમન્દની સરળ સલાહ ગ્રહણ કરી હોત તો ભારતવર્ષમાં મુસલમાન-રાજ્યનો નાશ એટલો સત્વર ન થાત.

એં પ્રમાણે કથાવાર્ત્તા કરે છે. એવામાં સૈનિકે ફરી આવી સમાચાર આપ્યા: "રામસિંહ જહાંપનાહને મળવા આવ્યા છે, દરવાજે ઉભા છે."

બાદશાહે આજ્ઞા આપી: "આવવા દો."

તુરતજ રાજા જયસિંહનો પુત્ર રામસિંહ પાસે આવી ઉભો,

રામસિંહ: "આવે સમયે બાદશાહની પાસે આવવું એ મારા જેવાને ઉચિત નથી. પણ પિતાજી પાસેથી અતિશય ગમ્ભીર સમાચાર આવ્યા છે, તે પ્રભુને જણાવવા આવ્યો છું."

ઔરંગજેબ: "આપના પિતા તરફના પત્ર મને પણ આજે મળ્યા છે, સર્વે સમાચાર જાણ્યા છે."

રામસિંહ: "ત્યારે જહાંપનાહને માલમ હશે કે પિતાજીએ સમસ્ત શત્રુઓને હરાવી, શત્રુઓનો દેશ ઉજ્જડ કરી રાજધાની બિજાપુર ઉપર હલ્લો કર્યો છે. પણ તેમની પાસે હવે બહુ સેના ન હોવાથી હજી રાજધાની લેઇ શક્યા નથી. વળી ગોવલકંડાના સુલતાને બિજાપુરને સહાયતા કરવા નેકનામખાં નામે સેનાપતિને મોટી સેના સમેત મોકલ્યો છે."

ઔરંગજેબ: "હા, માલમ છે."

રામસિંહ: "પિતાજી ચારે દિશાએથી શત્રુઓએ ઘેરાયા છે, છતાં બાદશાહની આજ્ઞાથી યુદ્ધ કરે છે; પણ આ યુદ્ધમાં જય સમ્ભવિત નથી, તેથી પ્રભુની પાસે થોડી સેનાની પ્રાર્થના કરે છે."

ઔરંગજેબ: "આપના પિતા વીરશ્રેષ્ઠ છે, તેઓ પોતાની જ સેનાથી બિજાપુર નહિ લેઇ શકે?"

રામસિંહ: "મનુષ્યથી જે થાય તે તે કરી છુટશે. શિવાજી પ્રથમ ગાંઠતો નહોતો, તેને પિતાજીએ હરાવ્યો છે. બિજાપુર ઉપર પ્રથમ કોઇએ હલ્લો કર્યો નહોતો, તે પણ એમણે કર્યો છે. હવે આપની પાસે માત્ર થોડી સેનાની પ્રાર્થના કરે છે, તે આપો એટલે કાર્ય સમાપ્ત થાય, દક્ષિણદેશમાં મોગલરાજ્ય સ્થપાય ને દૃઢ થાય."

આ અવસ્થામાં બીજો કોઈ બાદશાહ હોત, તો સહાયતા મોકલી આપત, ને દક્ષિણ જીતવાનું કાર્ય સત્વર

સમાપ્ત કરી નાખત. ઔરંગજેબ પોતાને બહુ દૂરદર્શી અને તીક્ષ્ણબુદ્ધિ માનતો, તેથી તેણે સહાયતા મોકલી ના. તે બોલ્યો: "રામસિંહ! આપના પિતા મારા પરમ મિત્ર છે, તેમના ઉપર આવી પડેલી વિપત્તિ સાંભળીને બહુ શોકાતુર થાઉં છું. તેમને પત્ર લખી જણાવો કે તમારા અસાધારણ બાહુબળથી જય પ્રાપ્ત કરો, એ જ બાદશાહની અહોરાત્ર આકાંક્ષા છે. પણ જ્યારે દિલ્લીમાં જ સેના ઘણી ઓછી છે, ત્યારે હું દક્ષિણમાં સેના શી રીતે મોકલી શકું?"

રામસિંહ ગળગળે સ્વરે બોલ્યો: "જહાંપનાહ, પિતાજી દિલ્લીશ્વરના પુરાતન દાસ છે, આપના પિતાના સમયમાં ને આપના સમયમાં તેમણે અસંખ્ય યુદ્ધ કર્યાં છે, અનેક કાર્ય સાધ્યાં છે, દિલ્લીશ્વરના કાર્યસાધન વિના તેમના જીવનને બીજો હેતુ નથી. આ ઘોર વિપત્તિમાં જો આપ સહાયતા નહિ કરો, તો વખતે સેના સમેત તેમનો નાશ થશે."

બાળક રામસિંહ જાણતો નહોતો કે તેનાં આંસુ, તેનો ગળગળો સ્વર ઔરંગજેબના ગમ્ભીર ઉદ્દેશ્યને, તેની ગૂઢ મન્ત્રણાને ચલાયમાન કરી શકે એમ નથી. એ ઉદ્દેશ્ય, એ મન્ત્રણા કઇ? રાજા જયસિંહ અતિશય બળવાન પ્રતાપી સેનાપતિ હતો; તેની સેના અસંખ્ય, તેનો યશ વિસ્તીર્ણ ને તેનો પ્રતાપ અનન્ત હતો. તેણે સર્વદા નિષ્કપટે દિલ્લીશ્વરનું કાર્ય કર્યું છે ખરૂં, પણ એટલો મોટો અધિકાર કોઇ સેનાપતિને આપવો તે ઉચિત નથી, બાદશાહ જયસિંહ ઉપર એટલો બધો વિશ્વાસ કરી શકે

નહિ. આ યુદ્ધમાં જયસિંહ જો વિજયી ન નિવડે ને અપમાનિત થાય, તો તેના પ્રતાપમાં અને યશમાં કંઇક ખામી પડે; જો સેના સાથે તેના નાશ થાય, તો બાદશાહના હૃદયનો એક કાંટો નિકળી જાય. કરોળિયાના જાળની પેઠે ઔરંગજેબનું કપટજાળ બહુ વિસ્તીર્ણ ને અવ્યર્થ છે, આજે જયસિંહ-કીટ તેમાં સપડાયો છે.

જયસિંહે બહુ દિવસ સુધી દિલ્હીની સેવા બજાવી, પણ તેથી ઔરંગજેબનું સૂક્ષ્મ મન્ત્રણાજાળ આજે વ્યર્થ થાય? એમ કોઇ સેનાપતિને બાદશાહ વધવા દે?

જયસિંહના બાળકની આંખમાંથી બાદશાહની સમક્ષ આંસુ નિકળી પડયાં, પણ બાળકના રુદનથી શું દૂરદર્શી બાદશાહ પોતાની મન્ત્રણાનો ત્યાગ કરે?

દયા, માયા આદિ સુકુમાર મનોવૃત્તિઓ ઉપર ઔરંગજેબને વિશ્વાસ નહોતો, એવી વૃત્તિઓને પોતાના હૃદયમાં પેસવા જ દેતો નહોતો. આત્મમાર્ગ સ્વચ્છ કરવાને આજે એક પતંગને જાળમાં સપડાવ્યું, કાલે વળી એક સહોદર ભાઇનો ઘાત કર્યો; એ બન્ને કાર્ય તેણે એક જ પ્રકારના ધીર નિરુદ્વગ હૃદયે કર્યાં. પિતા, ભ્રાતા, ભત્રિજા, અન્ય સમ્બન્ધીઓ તેના માર્ગમાં કાંટા સ્વરૂપે પડયા હતા, એ સર્વે કાંટાને તેણે એકે એકે ખેંચી નાખ્યા. પિતાને તેણે માયાને લીધે જીવતો રાખ્યો નહોતો, મોટા ભાઇ દારાને ક્રોધને લીધે મારી નાખ્યો નહોતો, એ સમસ્ત બાળક-

સહજ મનોવૃત્તિ તેનામાં હતી નહિ. પિતા જીવતો રહેશે તો હવે તેથી કંઇ હાનિ નથી, પોતાની સાધનામાં આડે આવી શકશે નહિ, એમ માની તેને જીવતો રહેવા દીધો. મોટો ભાઇ જીવતો રહે તો સાધનામાં કાંટા નાખે, માટે જલ્લાદ! એને ખસેડી નાખ ને બાદશાહ આલમગીરનો માર્ગ સ્વચ્છ કર!

હવે ઘણું કાર્ય સધાઇ ગયું છે, બીજું સાધવા જતાં જયસિંહ બળવાન થઇ જાય છે, માટે જયસિંહ તેની સેના સાથે નાશ પામે એ જ ઇષ્ટ છે. તે સારો કે ખોટો, વિશ્વાસી કે વિદ્રોહી છે તે જોવાનું કારણ નથી. આપણી કથા ચાલે છે, ત્યાર પછી થોડે સમયે દિલ્હીમાં સમાચાર આવી પહોંચ્યા કે અપમાનિત, અકૃતાર્થ રાજા જયસિંહ દક્ષિણમાં જ મૃત્યુ પામ્યો! તે સમયના ઇતિહાસલેખકો-માંથી કોઇ કોઇ શંકા કરે છે, કે બાદશાહની આજ્ઞાએ વિષપ્રયોગ થયો ને તેથી આ પ્રતાપી હિન્દુ વીર મુસલમાન કપટવેદી ઉપર હોમાયો!

અનેક ક્ષણ પછી દીર્ઘ નિશ્વાસ નાખી રામસિંહ બોલ્યો: "પ્રભુ! એક પ્રાર્થના છે."

ઔરંગજેબ: "બોલો, શું?"

રામસિંહ: "શિવાજી જ્યારે દિલ્હી આવ્યો ત્યારે પિતાજીએ એને વચન આપ્યું હતું કે દિલ્હીમાં તેને કોઇ પ્રકારે વિપત્તિ નહિ પડે."

ઔરંગજેબ: "આપના પિતાએ એ હકીકત મને લખી મોકલી હતી."

રામસિંહ: "રાજપુતોમાં એવું છે કે એક વખત વચન આપ્યા પછી તેનું ઉલ્લંઘન થાય, તો તેની નિન્દા થાય. પિતાની ને આ દાસની પણ પ્રાર્થના છે કે શિવાજીનો કોઇ દોષ થયો હોય, તો તે ક્ષમા કરીને એને વદાય કરી દેવો."

ઔરંગજેબ ક્રોધ છુપાવી બોલ્યો: "જે ઉચિત લાગશે, તે બાદશાહ કરશે જ, એમાં તમારે ચિન્તા રાખવાનું કંઇ જ કારણ નથી."

શિવાજી નામે એક બીજો કીટ પણ આજે બાદશાહના મન્ત્રણાજાળમાં સપડાયો છે, દાનેશમન્દ અને રામસિંહ તેનો ઉદ્ધાર કરી શકે એમ નથી.

જયસિંહનો જે દોષ છે, તેજ દોષ શિવાજીનો છે. શિવાજીએ પણ સન્ધિ કરી ને ત્યારથી અકપટભાવે દિલ્હીશ્વરના કાર્યને સહાયતા આપી, પોતાની સેના વડે દિલ્હીશ્વરને કિલ્લા જિતી આપ્યા; પણ તેની શક્તિ વધી ગઇ હતી. ઔરંગજેબ કોઇ પણ નોકરની શક્તિ વધી જવા દે નહિ, કોઇ ઉપર વિશ્વાસ કરે નહિ.

જેના ઉપર અવિશ્વાસ કરવામાં આવે, તે અન્તે ધીરે ધીરે અવિશ્વાસને યોગ્ય જ થાય. ઔરંગજેબ જીવતાંજ

મરાઠાઓએ અને રાજપુતોએ દિલ્હી વિરુદ્ધ જે ભીષણ યુદ્ધાગ્નિ સળગાવ્યો, તેમાં સમસ્ત મોગલ સામ્રાજ્ય બળી ભસ્મ થઇ ગયું!

૨૭

પીડા

સમસ્ત દિલ્હી નગરીમાં સમાચાર ફરી વળ્યા કે શિવાજી સંકટજનક પીડાથી પીડાય છે. અહોરાત્ર શિવાજીના ઘરનાં બારણાં ને બારીઓ બન્ધ રહે છે, અહોરાત્ર વૈદ્યો આવે છે. આ ભયંકર રોગ મટશે કે નહિ કે તે વિષે પણ શંકા રહે છે; રોગ જે પ્રમાણે વધતો જાય છે, તે પ્રમાણે તો અનુમાન થઇ શકે કે શિવાજી જરૂર આ પરદેશનાં કેદખાનામાં મરણ પામશે. કોઇ કોઇ વાર તો વાત ઉડે છે કે શિવાજી મરણ પામ્યો. રાજમાર્ગે બહુ લોકો જાય છે, ને શિવાજીની બન્ધ બારી તરફ આંગળી કરે છે. ઘોડેશ્વાર સૈનિકો અને સેનાપતિઓ એ ઘર આગળ જરા ઘોડો ઉભો રાખે છે ને પહેરેગીરોને શિવાજીની સ્થિતિના સમાચાર પુછે છે. મ્યાનામાં બેશી જનારા રાજા ને મન્સબદારો શિવાજીના ઘર આગળ વધતાં મ્યાનામાંથી ડોકું બહાર કાઢી તે ઘર તરફ નજર કરે છે. 'શિવાજીને કેમ છે?' 'એને મટશે કે નહિ?' 'કાલ સુધી તો જીવશે ને?' વગેરે અનેક પ્રકારના પ્રશ્નો બજારે, ઘાટે, વાટે નગરવાસીઓ પરસ્પર

પુછતા. ઔરંગઝેબ શિવાજીના સમાચાર હમેશાં મંગાવતો, પણ ઘરની આજુબાજુ જે પહેરેગીરો રાખ્યા હતા, તેમાં તો કંઇ ઘટાડો કર્યો નહિ. શિવાજીના આ રોગને માટે લોકની આગળ તો બાદશાહ ખેદ દેખાડતો, પણ મનમાં મનમાં આનન્દ પામતો કે એ રોગથી શિવાજીનું મૃત્યુ થાય, તો વિનાનિન્દાએ એક કાંટો હૃદયમાંથી નિકળી જાય.

સન્ધ્યાકાળ થવા આવ્યો છે, એવામાં એક મુસલમાન વૃદ્ધ હકિમ શિવાજીના બારણા આગળ આવી ઉતર્યો. પહેરેગીરે હકિમને પુછ્યું: "શા માટે શિવાજી પાસે આવ્યા છો?" હકિમે ઉત્તર આપ્યો: "બાદશાહના ફરમાનથી દરદીની દવા કરવા આવ્યો છું." પહેરેગીરોએ માન સહિત માર્ગ આપ્યો.

શિવાજી પથારીમાં સુઇ રહ્યો છે, નોકરે સમાચાર આપ્યા કે બાદશાહે એક હકિમને મોકલ્યો છે, તે આવ્યો છે. તીક્ષ્ણબુદ્ધિ શિવાજી સમજી ગયો કે કોઇ પ્રકારે વિષ-પ્રયોગ કરવા બાદશાહે હકિમને મોકલ્યો છે. તેણે નોકરને કહ્યું: "હકિમને મારી સલામ કહી જણાવો કે હિન્દુ વૈદ્ય-રાજ મારી દવા કરે છે, હવે બીજી દવાની અપેક્ષા નથી. આ કૃપા માટે બાદશાહનો આભાર માનું છું."

એ સન્દેશો લેઇને નોકર ઘર બહાર જાય તે પહેલાં તો હકિમ વગર બોલાવ્યે ઘરમાં પેઠો. શિવાજીને ક્રોધ

ચઢ્યો, પણ તે ક્રોધ દાબી અતિ મૃદુ ને ક્ષીણ સ્વરે હકિમનો સત્કાર કર્યો ને તેને શય્યા પાસે બેસાડ્યો. હકિમ બેઠો.

આકૃતિ ઉપરથી હકિમ ઉપર કોઇને સન્દેહ આવે નહિ. વયે વૃદ્ધ થઇ ગયો છે, સફેદ દાઢી છાતી સુધી આવી ગઇ છે, માથા ઉપર મોટી પાઘડી છે, એનો સ્વર ધીરો ને ગમ્ભીર છે.

હકિમ: "મહારાજ, આપે નોકરને જે આજ્ઞા કરી, તે મેં સાંભળી છે. મારી દવા કરવાની આપને ઇચ્છા નહિ હોય, તથાપિ માનવજીવનનું રક્ષણ કરવું એ મારો ધર્મ છે, એ ધર્મ હું પાળીશ."

શિવાજીને વધારે ક્રોધ ચઢ્યો, વિચાર્યું કે વળી આ પીડા ક્યાંથી આવી? કંઇ બોલ્યો નહિ.

હકિમ: "આપને શું દર્દ થાય છે?"

કાતર સ્વરે શિવાજી બોલ્યો: "કંઇ સમજાતું નથી કે આ ભયંકર પીડા શેની છે? શરીર સર્વદા અગ્નિ પેઠે બળે છે, હૃદયમાં વેદના થાય છે, સર્વે સ્થાને વેદના થાય છે!"

હકિમ ગમ્ભીર સ્વરે બોલ્યો: "પીડા કરતાં ચિન્તાથી શરીર વધારે બળે છે, અનેક સમય માનસિક ક્લેશથી આવી વેદનાઓ થાય છે. આપની પીડા એવી તો નથી ને?"

વિસ્મિત અને ભીત થઈ શિવાજી આ વિચિત્ર હકિમ તરફ જોઈ રહ્યો. એનું મુખ હજી યે ગમ્ભીર છે, કંઇ વિલક્ષણ ભાવ દેખાતા નથી. શિવાજી નિરુત્તર રહ્યો.

હકિમ તેના હાથ ને શરીર જોવા લાગ્યો, શિવાજી ભયભીત થયો; પણ અન્તે હાથ ને શરીર દેખાડવાં પડચાં.

અનેક ક્ષણ ચિન્તનપૂર્વક દૃષ્ટિ કરી હકિમ અન્તે બોલ્યો: "આપનો સ્વર તો ક્ષીણ છે, પણ નાડી તેવી ક્ષીણ નથી. ધમનીમાં લોહી તો જોરથી વહન કરે છે, માંસપેશીઓ પણ તેવી જ દૃઢ છે; આ બધી ઠગાઇ તો નથી માંડી ને?"

શિવાજી ફરી વિસ્મિત થયો ને એ અપૂર્વ હકિમ તરફ જોઇ રહ્યો. ચિકિત્સકનું મુખમણ્ડળ ગમ્ભીર અને અકમ્પિત છે, કંઈ કપટભાવ દેખાતો નથી. શિવાજીના શરીરનું લોહી ધીરે ધીરે ગરમ થવા લાગ્યું, પણ ક્રોધ શમાવી ફરી ક્ષીણ સ્વરે બોલ્યો: "આપ કહો છો તેવી જ હકીકત બીજા વૈદ્યો પણ કહે છે, આ મહાપીડા બાહ્યલક્ષણશૂન્ય છે, પણ દરરોજ થોડે થોડે કરી મારૂં જીવન નષ્ટ કરે છે."

હકિમ ક્ષણેક વિચાર કરી બોલ્યો: "'અલિફ્લાયલા અને લાયલૂન' નામે અમારામાં એક વૈદ્યક ગ્રન્થ છે, તેમાં એક હજાર રોગોની ચિકિત્સા છે, તેમાં કેટલાક બાહ્યલક્ષણશૂન્ય રોગોની પણ ચિકિત્સા લખી છે. એક રોગનું નામ 'બકુસ્તને અસિરે ઇશારત્ કર્દ' છે, કૈદીઓને કામ કરવું પડે છે, ત્યારે એવું દર્દ થાય છે; મસ્તક

છેદી નાખવું એ જ એની દવા છે. બીજા એક રોગનું નામ 'દિગરાં દોજખ્ અખ્ત્યાર કુનન્દ' છે, યુવકોને એ રોગ થાય છે ને ત્યારે તેઓ નરકગામી બને છે; લાતો લગાવવી એ જ એની દવા છે. ત્રીજા એક બાહ્યલક્ષણશૂન્ય રોગનું નામ 'આયેબહા બરગેરફ્તા જેહેબગલ' છે, પ્રપંચીઓને પોતાનો પ્રપંચ છુપાવવાનો હોય છે, ત્યારે એ રોગ થાય છે; આપને એ રોગ લાગુ પડ્યો છે, હું એની દવા કરૂં છું."

શિવાજી આ સર્વ શાસ્ત્રકથા સમજી શકયો નહિ, પણ હકિમ ઘણો તીક્ષ્ણબુદ્ધિ અને ચતુર હતો ને તે તો શિવાજીના મનના ભાવ સમ્પૂર્ણ રીતે સમજી શકયો હતો. શિવાજી ગભરાયો ને પુછવા લાગ્યો: "શી દવા?"

હકિમે ઉત્તર આપ્યો: "એ દવા બહુ ઉત્કૃષ્ટ છે, પણ સાથે ઉત્કૃષ્ટ વિષ પણ છે. 'રબ્બુલ આલમિન'નું નામ દેઇ એ દવા આપને આપીશ; જો ખરેખર રોગ હશે, તો તે અવ્યર્થ દવાથી પીડા તત્ક્ષણ નાશ પામશે; પણ જો પ્રપંચ હશે, તો તે અવ્યર્થ વિષથી મરણ થશે."

શિવાજીનું હૃદય કમ્પી ઉઠયું, કપાળ ઉપર પરસેવો વળ્યો. ઔષધ પાછું ધકેલે તો પ્રપંચ સિદ્ધ થાય, એનું સેવન કરે તો પ્રાણનાશ થાય!"

હકિમે દવા તૈયાર કરી આણી. શિવાજી બોલ્યો: "મુસલમાને સ્પર્શ કરેલું પાણી હું પીશ નહિ."

શિવાજીએ જોરથી હાથ માર્યો ને ઔષધપાત્ર દૂર જઇ પડ્યું. હકિમને કંઇ ક્રોધ થયો નહિ, શાન્ત ભાવે ધીરે ધીરે બોલ્યો: "આમ જોરથી હાથ મારવો, એ ક્ષીણતાનું લક્ષણ ના હોય."

શિવાજીએ અત્યાર સુધી તો અતિકષ્ટે ક્રોધ શમાવી રાખ્યો હતો, પણ હવે તેના હાથમાંથી વાત ગઇ. એકદમ ઉઠી ઉભો થયો. "રોગીની મશ્કરી કરવાનું આ ફળ!" કહી હકિમને લપડાક ખેંચી કાઢી ને તેની સફેદ દાઢી પકડી બળથી ખેંચી. શિવાજી વિસ્મય પામ્યો, ધારણ કરેલી દાઢી ખશી ગઇ, લપડાકથી પાઘડી દૂર જઇ પડી! તેનો બાલ્યમિત્ર તાનાજી માલુસરે ખડખડ હશી પડ્યો!

તાનાજી બહુ ક્ષણ પછી હસવું અટકાવી ઘરનું બારણું વાશી આવ્યો, પછી શિવાજી પાસે આવી બેઠો ને બોલ્યો: "પ્રભુ! વૈદ્યોને સદા આ જ પ્રમાણે ઇનામ આપો છો કે? આમ થાય તો રોગી મરતા પહેલાં દેશના બધા વૈદ્યો તો ઠેકાણે જ પડી જાય! વજ્રસમ લપડાકથી હજી મારા મસ્તકમાં ચક્કર આવે છે!"

. શિવાજી હશીને બોલ્યો: "બન્ધુ! વાઘની સાથે ગમ્મત કરતાં કદી કદી જીવનું ય જોખમ થાય. હશે, તને દેખીને એટલો આનન્દ થાય છે કે કંઇ કહ્યાની વાત નહિ. બહુ દિવસથી તારી વાટ જોતો હતો. બોલ, શા સમાચાર છે?"

તાનાજી: "પ્રભુની સમસ્ત આજ્ઞાઓનું પાલન થયું

છે, એકેએકે નિવેદન કરૂં છું. બાદશાહે જે પરવાનો આપ્યો હતો, તેથી આપણા સર્વે અનુચરો દિલ્લીમાંથી નિર્વિઘ્ને નિકળી ગયા છે.”

શિવાજી: “તે માટે જગદીશ્વરનો આભાર માનું છું. હવે મારૂં મન શાન્ત થયું; મને મારા ઉદ્ધારને માટે તો ઝાઝી ચિન્તા નથી, ગગનવિહારી પક્ષીરાજ સામાન્ય પાંજરામાં બન્ધાઇ રહેવાનો નથી.”

તાનાજી: “એ સર્વે અનુચરોએ દિલ્લીમાંથી નિકળી સાધુઓનો વેશ લીધો છે ને તેઓ સર્વે હાલ મથુરામાં છે. મથુરામાં અનેક દેવાલયોના પુરોહિત અહોરાત્ર આપની વાટ જુએ છે. દિલ્લીથી મથુરા સુધીનો માર્ગ મેં બરાબર સુરક્ષિત કરી દીધો છે, જયાં જયાં માણસો મુકવાની આજ્ઞા થઇ હતી, ત્યાં ત્યાં માણસો મુકી દીધા છે.”

શિવાજી: “ચિરબન્ધુ, તારા જેવા કાર્યદક્ષ મિત્રો છે, તો હું અવશ્ય સ્વદેશમાં જઇ શકીશ.”

તાનાજી: “દિલ્લીના કિલ્લા બહાર આપે ઉતાવળી ચાલનો ઘોડો રાખવાની આજ્ઞા કરી હતી, તેવો ઘોડો પણ તૈયાર રાખ્યો છે; દિવસ નક્કી થશે, એટલે બીજું બધું તો નક્કી જ છે.”

શિવાજી: “ઠીક.”

તાનાજી: “રાજા જયસિંહના પુત્ર રામસિંહ પાસે

હું ગયો હતો, તેના પિતાએ આપને જે વચન આપ્યું હતું તે મેં તેને સંભારી આપ્યું. રામસિંહ પિતાના જેવો સત્યપ્રિય અને ઉદારચેતા છે; સાંભળ્યું છે કે આપને માટે તેણે બાદશાહને સજળ નયને પ્રાર્થના કરી."

શિવાજી: "બાદશાહે શું કહ્યું?"

તાનાજી: "કહ્યું કે બાદશાહને યોગ્ય લાગશે તે કરશે!"

શિવાજી; "વિશ્વાસઘાતક! કપટાચારી! હજી યે શિવાજી એક દિન આનું વૈર લેશે."

તાનાજી: "રામસિંહ એમ વિફળપ્રયત્ન થયો ખરો, પણ યુવકે મને રોષથી કહાવી મોકલ્યું કે રાજપુતનું વચન ફરે ના. દ્રવ્યદ્વારા, સૈન્યદ્વારા યથાશક્તિ આપને સહાયતા આપીશ, એમાં મારૂં મૃત્યુ થશે તોપણ પાછો પડીશ નહિ."

શિવાજી: "યોગ્ય પિતાનો યોગ્ય પુત્ર! પણ હું એને વિપત્તિમાં લાવવા ઇચ્છતો નથી. આપણે નાશી જવાનો જે ઉપાય શોધી કાઢ્યો છે તે તેમને જણાવ્યો છે?"

તાનાજી: "હા, જણાવ્યો છે; તે જાણીને તે સમ્પૂર્ણ સન્તુષ્ટ થયો છે ને સમ્પૂર્ણ સહાયતા આપવા તૈયાર છે."

શિવાજી: "ઠીક."

તાનાજી: "વળી દાનેશમન્દ આદિ ઔરંગજેબના સર્વે સભાસદોને મીઠી વાણીથી કે દ્રવ્યથી આપણા પક્ષમાં આણ્યા છે. દિલ્લીમાં શું હિન્દુ કે શું મુસલમાન એવો એક પણ મહાજન નથી કે જે આપણા પક્ષમાં આવ્યો ન હોય, પણ ઔરંગજેબ કોઇની સલાહ માનતો નથી."

શિવાજી: "ત્યારે તો સર્વે તૈયાર જ છે, હવે હું સાજો થતો જાઉં?"

હશીને તાનાજી બોલ્યો: "મારા જેવો ઉસ્તાદ હકિમ જ્યારે આપની દવા કરવા લાગ્યો છે, ત્યારે પછી દર્દ રહેવાનું છે ક્યાં? પણ આપને પીવા માટે જે સુન્દર મીઠું શરબત તૈયાર કર્યું હતું તે શા માટે ઢોળી નાખ્યું?"

શિવાજીએ બીજું પાત્ર શરબત બનાવી લાવવાનું કહ્યું. તાનાજી એ પાત્ર લેઇ ફરી શરબત બનાવી લાવ્યો. શિવાજી તે પી ગયો ને બોલ્યો: "વૈદ્યરાજ! આપની ઔષધિ જેવી મીઠી છે, તેવી જ ફળદાયી છે. મારી પીડા એકદમ શમી ગઇ."

તાનાજીએ ફરી પાઘડી ને દાઢી પહેરી લીધી, પછી શિવાજીને સ્નેહથી આલિંગન આપી ઘરમાંથી નિકળ્યો.

બારણે ઉભેલા પહેરેગીરો પુછવા લાગ્યા: "કેમ, દરદની કેવી સ્થિતિ છે?"

હકિમે ઉત્તર આપ્યો: "પીડા તો બહુ ભયંકર છે,

પણ મારા અવ્યર્થ ઔષધથી મટી જશે. લાગે છે કે થોડા જ દિવસમાં શિવાજીની પીડા સમ્પૂર્ણ રીતે નાશ પામશે."

હકિમ મ્યાનામાં બેશી ચાલતો થયો. એક પહેરેગીર બોલ્યો: "હકિમ ઉસ્તાદ દેખાય છે, આટઆટલા વૈદ્યો દવા કરીને થાક્યા, પણ કંઇ આરામ થયો નહિ; હકીમે એક જ દિવસમાં શી રીતે સારૂં કર્યું ?"

બીજો પહેરેગીર બોલ્યો: "હોય ભાઇ, હોય; એ તો બાદશાહનો હાકેમ!"

૨૮

આરોગ્ય

ઉપરનો બનાવ બન્યા પછી થોડા દિવસોમાં શહેરમાં સમાચાર ફરી વળ્યા કે શિવાજીની પીડા કંઇક શમતી જાય છે. નગરમાં ફરી ધામધુમ થવા લાગી ને સૌ પરસ્પર એ સમ્બન્ધે પ્રશ્નો પુછવા લાગ્યા. હિન્દુમાત્ર એ સમાચાર સાંભળી આનન્દિત થવા લાગ્યા, સદાશય મુસલમાનો પણ સુખી થવા લાગ્યા. માર્ગે, ઘાટે, દુકાને, મન્દિરે, મસ્જિદે, સર્વે સ્થળે એ વાતો થવા લાગી. ઔરંગજેબે પણ આ સમાચારથી ઉચિત સન્તોષ પ્રકટ કર્યો.

નગરમાં ધામધુમ થઇ રહી. શિવાજી બ્રાહ્મણોને પુષ્કળ દાન આપવા લાગ્યો, દેવાલયમાં પૂજા મોકલાવવા માંડી,

વૈદ્યોને દ્રવ્યથી સન્તોષવા માંડયા. દિલ્લીના મોટા લોકોને ઘેર પુષ્કળ મીઠાઇ મોકલાવવા માંડી, હવે બજારમાં મીઠાઇ મળે ના! બધા ઓળખીતાઓને ત્યાં મીઠાઇ મોકલાવવા માંડી. એ તો શું, પણ બધી મસ્જિદોમાં અને બધા ફકીરોને સેવાર્થે પુષ્કળ મીઠાઇ મોકલાવવા માંડી. બાદશાહને ગમે તેમ હોય, પણ બધું દિલ્લી શિવાજીની ઉદારતા અને સદાચરણ માટે પ્રસંશા કરવા લાગ્યું. 'દિલ્લીકા લડ્ડુ'ની દોડાદોડી થઇ રહી; એથી કોઇ પસ્તાયું કે નહિ, એની તો કંઇ ખબર નથી, પણ ઔરંગઝેબ તો આ લાડુથી થોડા જ વખતમાં પસ્તાશે!

શિવાજી મીઠાઇ કેવળ મોકલાવવાથી સન્તુષ્ટ થયો નહિ, પણ તે ખરીદીને પોતાને ઘેર મંગાવતો, ને મોટી મોટી પેટીઓમાં ભરી મોકલાવી દેતો. એ પેટીઓ કોઇ કોઇ વાર ત્રણ ચાર હાથ લાંબી હોતી ને આઠ દશ માણસો તેને ઉંચકી જતા. કંઇ દિવસો એમ મીઠાઇની પેટીઓ શિવાજીના ઘરમાંથી નિકળતી રહી.

એકદિન સન્ધ્યાને સમયે એવી બે મોટી પેટીઓ શિવાજીના ઘરમાંથી નિકળી. પહેરેગીરોએ પ્રશ્ન કર્યો: "આ પેટીઓ કોને ત્યાં જાય છે?"

પેટીઓ ઉંચકનારાએ ઉત્તર આપ્યો: "રાજા જયસિંહને ઘેર."

પહેરેગીરો: "તમારો પ્રભુ ક્યાં સુધી મીઠાઇ મોકલ્યા કરશે?"

"આજે આ છેલ્લીજ પેટીઓ છે."

મીઠાઇ ઉંચકી તે લોકો ચાલતા થયા. કેટલેક દૂર જઇ એક એકાન્ત સ્થાનમાં સન્ધ્યાના કંઇક અન્ધકારમાં એ પેટીઓ ઉતારી. ચારે બાજુ જોયું, કોઇ માનવી નથી. કેવળ સન્ધ્યાનો વાયુ રહી રહીને વહેતો હતો. ઉચકનારાઓમાંથી એક જણે નિશાની કરી એટલે એક પેટીમાંથી શિવાજી ને બીજામાંથી શમ્ભાજી બહાર નિકળ્યા! બન્નેએ જગદીશ્વરનો ઉપકાર માન્યો.

વિનાવિલમ્બે તેઓ બન્ને ગુપ્ત વેશે દિલ્હીના કિલ્લા તરફ આવ્યા. ગલીકુંચીએ થઈ નિકળવા લાગ્યા, ત્યાંથી રસ્તા ઉપર કોઇ જતું આવતું નહોતું. એકાદ બે જણ કદી માર્ગમાં મળે તો શમ્ભાજીનું હૃદય ભયથી ને ઉદ્વેગથી કમ્પી ઉઠતું. શિવાજીનું તો સમસ્ત જીવન વિપત્તિપૂર્ણ હતું, એને તો આવી વિપત્તિઓની કંઇ નવાઇ નહોતી; તોપણ તેનુંય હૃદય કંઈ ઉદ્વેગશૂન્ય નહોતું.

બન્ને કમ્પિત હૃદયે દરવાજા બહાર નિકળ્યા, પહેરેગીરે પુછ્યું: "કોણ જાય છે?"

શિવાજીએ ઉત્તર આપ્યો: "ગોસ્વામી. 'हरेर्नाम हरेर्नाम हरेर्नामेव केवलम्!'"

પહેરેગીર: "ક્યાં જાય છે!"

શિવાજી: "મથુરાતીર્થસ્થાને. 'कलौ नास्त्येव नास्त्येव नास्त्येव गतिरन्यथा!'"

બન્ને દરવાજા બહાર નિકળી ગયા.

કિલ્લા બહાર પણ અનેક ધનાઢ્ય અને પદવીધરો વસતા હતા. બન્ને બાજુએ એ લોકોનાં ભવ્ય મકાનો વચ્ચે થઇને બાપદીકરો–ગુરુચેલો–ચાલતા થયા.

દૂર એક વૃક્ષ નીચે એક ઘોડો બાંધેલો જોયો. બહુ સાવધાનતાથી તે ઘોડો નિહાળ્યો, તાનાજીએ વર્ણવ્યો હતો, તેવો જ ઘોડો હતો. ઘોડાવાળાંને શિવાજીએ પુછ્યું: "ભાઇ, તમારૂં નામ શું?"

ઘોડાવાળો: "જાનકીનાથ."

શિવાજી: "ક્યાં જવું?"

ઘોડાવાળો: "મથુરા."

શિવાજી: "હા, એ જ ઘોડો ત્યારે."

શિવાજી ઘોડા ઉપર ચઢી બેઠો, શમ્ભાજીને ઉંચકી લીધો ને પાછળ બેસાડ્યો. ઘોડાવાળો પાછળ પાછળ પગે ચાલતો જવા લાગ્યો.

રાત્રે આડેઅવળે માર્ગે થઇ શિવાજીએ ઘોડો ચલાવવા માંડ્યો. આકાશમાં નક્ષત્રો ચક્ચક્ કરે છે, થોડાં થોડાં વાદળાં ગગનને ઘેરે છે, વર્ષાકાળને લીધે પૂર્ણકલેવર યમુના નદી પ્રબળ વેગે વહે છે, માર્ગમાં કાદવ છે અથવા પાણી ભરાઇ રહ્યું છે. શિવાજી ઉદ્વેગપૂર્ણ હૃદયે ઘોડો ચલાવે છે.

દૂરથી ઘોડાનાં પગલાં સમ્ભળાયાં. શિવાજીએ સન્તાવાનો પ્રયત્ન કરવા માંડ્યો, પણ એ સ્થાને નથી ઝાડ કે નથી ટેકરો; તેથી ઘોડો આગળ ચલાવ્યો.

ત્રણ ઘોડેશ્વારો દોડતે ઘોડે દિલ્હી તરફ આવતા હતા. તેમના મ્યાનમાં તલવાર હતી. દૂરથી શિવાજીનો ઘોડો આવતો જોઇ તેના તરફ તેઓએ પોતાના ઘોડા દોડાવ્યા. શિવાજીનું હૃદય ભયભીત થઇ ગયું. પાસે આવી એક ઘોડેશ્વારે પુછ્યું: "કોણ જાય છે?"

શિવાજી: "ગોસ્વામી."

ઘોડેશ્વાર: "ક્યાંથી આવે છે?"

શિવાજી: "દિલ્હીથી."

ઘોડેશ્વાર: "અમારે દિલ્હી જવું છે, પણ અમે માર્ગ ભૂલ્યા છીએ, અમને માર્ગ દેખાડી જા, પછી તું તારી મેળે મથુરા તરફ જજે."

શિવાજીના મસ્તક ઉપર જાણે વજ્રાઘાત પડ્યો. દિલ્હી જવા ના પાડે, તો સૈનિકો બળપૂર્વક લેઇ જવાનો પ્રયત્ન કરે. અને વળી વિવાદ કરતાં તેઓ શિવાજીને ઓળખી જાય, કારણ કે દિલ્હીમાં એવો કોઇ સૈનિક નહોતો કે જે શિવાજીને ઓળખતો ન હોય. શિવાજી પાછો માર્ગ બતાવવા દિલ્હી જાય તો અનેક વિપત્તિઓમાં આવી પડે. શું કરવું તે સુઝતું નથી.

એક અશ્વાર આગળ આવી શિવાજી સાથે વાત કરતો હતો, ત્યારે બીજા બે અસ્પષ્ટ સ્વરે કંઇક વાતો કરતા હતા. શી વાતો કરતા હતા?

એક જણ બોલ્યો: "આ સ્વર હું ઓળખું છું. મેં દક્ષિણ દેશમાં શાયેસ્તખાંના તાબામાં બહુ દિવસ યુદ્ધ કર્યું છે. હું નિશ્ચય કહું છું કે આ કોઇ ગોસ્વામી નથી."

બીજો બોલ્યો: "ત્યારે કોણ છે?"

એક: "મને લાગે છે કે એ શિવાજી પોતે છે. માનવીના કણ્ઠસ્વર બરાબર એકસરખા હોઇ શકે નહિ."

બીજો: "જા, જા, મૂર્ખા! શિવાજી તો દિલ્હીના કેદખાનામાં એ પડ્યો!"

એક: "અમે પણ એમ જ માન્યું હતું કે શિવાજી સિંહગઢમાં છે, અકસ્માત્ પુનામાં એક દિવસ રાત્રે આવી પુનાનો નાશ કરી ગયો."

બીજો: "ઠીક, એના માથાનું લુગડું ખસેડી નાખ, એટલે બધો સન્દેહ દૂર થશે."

અકસ્માત્ પેલા ઘોડેશ્વારોએ આવી શિવાજીના માથા ઉપરનું વસ્ત્ર ખસેડી નાખ્યું. શિવાજી તુરત જ ઓળખી શકયો, કે એ તો શાયેસ્તખાંનો એક સૈનિક છે.

જો હાથમાં કંઇ હથિયાર હોત, તો તો શિવાજી ત્રણેને ભોંય ભેગા કરી નાખત. ખાલી હાથે પણ એક જણને એવી

મુક્કી લગાવી, કે તે અચેતન થઇ ભોંયે સુતો. તલવાર લેઇ બીજા બે શિવાજી ઉપર તુટી પડયા ને તેને ભોંયે પાડયો.

શિવાજી ઇષ્ટદેવતાનું સ્મરણ કરી લેવા લાગ્યો. વિદેશમાં બન્ધુશૂન્ય અવસ્થામાં ઔરંગજેબને હાથે માર્યો જઇશ, એમ ચિન્તા થવા લાગી. શમ્ભાજી ઉપર નજર પડી, આંખમાંથી આંસુ નિકળી પડયાં.

અકસ્માત્ શબ્દ સમ્ભળાયો. શિવાજીએ જોયું કે એક ઘોડેશ્વાર તીરથી વીંધાઇ ભોંય પડયો. બીજું તીર આવ્યું ને બીજો પડયો. ત્રીજું આવ્યું તેણે સુતેલાને વીંધી નાખ્યો. શિવાજીના ત્રણે શત્રુ માર્યા ગયા.

શિવાજી પરમેશ્વરનો ઉપકાર માની ઉભો થયો ને જોયું તો જાનકીનાથ પાછળથી તીર ફેંકે છે. વિસ્મિત થઇ જાનકીનાથને પાસે બોલાવ્યો ને જીવનરક્ષાને માટે કોટિકોટિ ધન્યવાદ દેવા લાગ્યો. પાસે આવતાં શિવાજી તેને જોઇ વધારે વિસ્મિત થયો, પેલો તો ઘોડાવાળો નહોતો, ઘોડાવાળાનાં વેશમાં એ તો સીતાપતિ ગોસ્વામી હતો.

શિવાજીએ ગોસ્વામીની ક્ષમા માગી કહ્યું: "સીતાપતિ, આપ વિના બીજો કોણ બન્ધુ શિવાજીને વિપત્તિમાં સહાય થાય એમ છે? આપને ઘોડાવાળો માની કંઇ દરકાર કરી નહિ, તે માટે ક્ષમા આપશો. આપના આ કાર્યને માટે હું શો બદલો વાળીશ?"

સીતાપતિ શિવાજીને નમી પડ્યો ને બોલ્યો: “મહારાજ! ગુપ્ત વેશને માટે ક્ષમા આપશો. હું તો ઘોડાવાળોયે નથી ને ગોસ્વામીયે નથી, આ તો આપનો પુરાતન દાસ રઘુનાથ હવાલદાર! કંઇક ભાન આવ્યું તે દિવસથી હું આપની સેવા કરતો આવ્યો છું, મૃત્યુ સુધી આપની સેવા કરતો જ રહીશ, એ વિના બીજી કંઇ કામના નથી. પ્રભુનો કંઇ અજાણતાં દોષ થયો હોય તો ક્ષમા કરશો. નિરાશ્રયને આશ્રય આપશો.”

શિવાજી ચકિત થઇ બાળક રઘુનાથ તરફ જોઇ રહ્યો, હૃદયનો ઉદ્વેગ શાન્ત કરી શક્યો ના. સજળ નયને રઘુનાથને છાતી સાથે ચાંપી બોલ્યો: “રઘુનાથ! રઘુનાથ! શિવાજી તારો અપરાધી છે, પણ આ ઉદાર આચરણોથી તેં તેને જોઇએ તેટલી સજા કરી છે. તારૂં અપમાન કરેલું, તે જ્યારે જ્યારે સાંભરી આવે છે, ત્યારે હૃદય ચીરાઈ જાય છે. શિવાજી જીવતો રહેશે ત્યાં સુધી તારો ગુણ ભૂલી શકશે નહિ; જ્યારે જ્યારે પ્રસંગ મળશે, ત્યારે ત્યારે સ્નેહથી ને યત્નથી ઋણ ફેડવા પ્રયત્ન કરીશ.”

શાન્ત નિસ્તબ્ધ રજનીમાં બન્ને આલિંગનસુખમાં મુગ્ધ બની ગયા. રઘુનાથનું વ્રત આજે પૂર્ણ થયું, શિવાજીની હૃદયવેદના આજે દૂર થઇ. બાળકની પેઠે બન્ને છુટે મોંએ રોવા લાગ્યા.

૨૯

મહેલમાં

રાત્રે સીતાપતિ ગોસ્વામી વિદાય થયા પછી રાજપુતબાળા ઘેર આવી, પણ ઘેર આવી સરયૂએ અનુભવ્યું, કે હૃદય શૂન્ય છે! જેનાં પ્રથમદર્શન કરતાં જ તેનું હૃદય ચકિત અને આનન્દિત બની ગયું હતું, જેને કેટલાક માસ સુધી હૃદયેશ્વર માની હૃદયથી વરી હતી, જેને જનાર્દને વિવાહનું વાગ્દાન આપ્યું હતું, તે રઘુનાથના અદર્શનથી આજે સરયૂનું હૃદય શૂન્ય છે!

તે દિવસ ગયો, અઠવાડિયું ગયું, માસ ગયો, સરયૂના હૃદયનું ધન ફરી મળ્યું ના. અન્ધારી રાત્રે કોઇ કોઈ વેળા એકલી બારીએ બેસતી ને સન્ધ્યાથી મધ્યરાત્રિ સુધી, કોઇ કોઇ વેળા મધ્યરાત્રિથી પ્રભાત સુધી ચિન્તા કર્યા કરતી. દિવસે પ્રભાતથી સન્ધ્યાકાળ સુધી બારીમાંથી એ માર્ગ તરફ જોઇ રહેતી, એ માર્ગેથી રઘુનાથ ફરી આવ્યો ના.

કોઇ વાર વળી પાછલે પહોરે સરયૂ એકલી આંબાવાડિયામાં ભમતી, ભમતાં ભમતાં હૃદયમાં કેટલીયે વાતો તરી આવતી! તોરણગઢની વાત, કણ્ઠમાળાની વાત, રાયગઢમાં આવ્યાની વાત, રઘુનાથના વદાયની વાત અને એવી બીજી કેટલીયે વાતો તરી આવતી! સરયૂના ગાલ ઉપર થઇને આંસુ એકે એકે ગરી પડતાં. કોઇ કોઇ વાર રાત્રે અકસ્માત તેના હૃદયનાં દ્વાર ઉઘડી જતાં ને ભાદ્ર

માસની નદીની પેઠે અન્દરથી શોકપારાવાર નિકળી પડતો. ત્યાં બીજું કોઇ જોનાર હોતું નહિ, સરયૂ છુટે મોંએ અન્તરનો ડુમો કાઢી દેતી, હૈયું ખાલી કરી દેતી. શ્રાવણ માસની જળધારાની પેઠે આંસુ નિકળી પડતાં. રડતાં રડતાં રજનીનો પ્રભાત થતો, પૂર્વ ગગન રાતું થતું! બાલિકાનો શોક ત્યારે પણ શમતો નહોતો.

પ્રાતઃકાળે ફૂલ વીણવા બાગમાં જતી, પ્રફુલ્લ ફૂલોને એકે એકે વીણતી, હૃદય સાથે ચાંપતી અને કંઈ કંઈ વિચારતી. વિચાર કરતાં કરતાં વળી ફૂલને જોતી, ફૂલની પાંખડી ઉપર ઠરેલાં ઝાકળનાં બિન્દુઓ ઉપર વળી એક બે પોતાનાં આંસુનાં બિન્દુ પાડતી. સાયંકાળે હાથમાં વીણા લેઇ એક બે ગીત ગાતી. આહા, એ શોકનાં ગીત સાંભળી સાંભળનારની આંખમાંથી આંસુ નિકળી પડે! આમ ચિન્તામાં ને ચિન્તામાં સરયૂનું શરીર લેવાઇ ગયું, મોં ફીકકું પડી ગયું, આંખો ઉંડે ઉતરી ગઇ. સરળ-સ્વભાવ જનાર્દન હજીયે સરયૂના હૃદયના ભાવ સમજી શકયો નહોતો. પણ સરયૂના શરીરની અવસ્થા દેખીને બહુ ચિન્તા કરવા લાગ્યો, કારણ શોધવા લાગ્યો.

નારીની આગળ નારીના મનની વાત ગુપ્ત રહી શકે ના. સરયૂ હૃદયની વાત અનેક રીતે ગુપ્ત રાખવા પ્રયત્ન કરતી, પણ તેની સખીઓ ને દાસીઓ તેની ગુપ્ત કથા કંઇક કંઇક કળી ગઇ. તેઓએ વાતમાં ને વાતમાં જનાર્દનને જણાવી દીધું, કે "હવે તો સરયૂને વર્ષ થયાં,

કંઈ વિવાહની વાત કરો." સરયૂને કાને વાત ગઇ, તેણે પિતાને કહાવી મોકલ્યું: "મને વિવાહની રુચિ નથી, સદા અવિવાહિતા રહી તમારી પદસેવા કરીશ."

જનાર્દને એ વાત માની નહિ, તેણે વર માટે તજવીજ કરવા માંડી. રાજપુરોહિતપાલિત ભદ્ર ક્ષત્રિયકન્યાને માટે વર શોધતાં વાર લાગે નહિ. અન્તે રાજા જયસિંહના એક સેનાપતિ સાથે તેનો વિવાહ નક્કી થયો. સરયૂને કાને એ વાત ગઇ, સરયૂ કમ્પી ઉઠી. લાજ કોરે મુકી તેણે પિતાને કહાવી મોકલ્યું: "હું તો એક સૈનિકને હૃદયથી વરી ચુકી છું, તેજ મારો વાગ્દત્ત પતિ છે, બીજા કોઇ સાથે લગ્ન થશે તો વ્યભિચારદોષ લાગશે."

જનાર્દન એ સાંભળી ક્રોધે ભરાયો, સરયૂને કંઇક તિરસ્કાર આપ્યો, વળી ઘરમાં જઇ અન્તરના દુઃખથી રોયો. અન્તે કન્યાના વાંધાને પત ન કરી વિવાહનો દિવસ નક્કી કર્યો, રાજા જયસિંહને લખી વાળ્યું. સરયૂને કાને એ વાત ગઇ. સરયૂ પિતાને પગે આળોટી રડી પડી ને બોલી: "પિતાજી, ક્ષમા કરો, એ વાત જવા દો, નહિ તો બહુ દિવસની પાળેલી આ અભાગણી કન્યાને ખોઇ બેસશો." કન્યાને છાતીએ લેઇ જનાર્દન પણ રોવા લાગ્યો!

પણ કન્યાની વાત માને કોણ? પાંચ લોકમાં બેસવું, પાંચ લોક કહે તે કર્યા વિના કેમ ચાલે? વિવાહનો દિવસ પાસે આવતો ગયો; જનાર્દને કન્યાને બહુ બહુ સમજાવી, ધમકાવી, જનાર્દન અનેક વખત રોયો; પણ સ્નેહકન્યા

એકની બે ના થઇ. હવે વૃદ્ધની સહનશક્તિ ખુટી ગઇ, વિવાહને આગલે દિવસે તેણે સરયૂને કહ્યું: "પાપણિ! તારે માટે આ ધોળા વાળ મારે કાળા કરવા? તારા પિતાના નિષ્કલંક કુળમાં કલંક દેવા કેમ બેઠી છે?"

જળપૂર્ણ નયને ધીરે ધીરે સરયૂએ ઉત્તર આપ્યો: "પિતાજી, હું મૂર્ખ છું, મેં જો કદી આપનો અપરાધ કર્યો હોય, તો ક્ષમા કરજો. જગદીશ્વર મને સહાય થાઓ, મારે માટે વૃદ્ધાવસ્થામાં આપની કીર્તિને કલંક ન અડો!"

આ શબ્દોનો અર્થ જનાર્દન ત્યારે સમજી શક્યો ના, બીજે દિને સમજી શક્યો. વિવાહને દિવસે વિવાહની કન્યા ખોળતાં કોઇને જડતી નથી!

૩૦

ઝુંપડીમાં

શરત્કાળને પ્રભાતે સુન્દર પ્રકાશમાં વેગવતી નીરાનદી સમુદ્રદિશામાં દોડે છે, પ્રકાશમાં નદીજળ હાસ્ય કરે છે. એ સુન્દર નદીને તટે સુન્દર ખેતરો બહુ દૂર સુધી વિસ્તર્યાં છે. ખેડુતની પૂજાથી જાણે ધરતી સન્તુષ્ટ થઇ લીલો પોશાક પહેરી હસે છે, એમ જણાય છે. ઉત્તર અને પૂર્વ દિશામાં બહુ દૂર સુધી એ ખેતરો ને તેમાં એક બે ગામ દેખાય છે. દક્ષિણ અને પશ્ચિમ દિશામાં પર્વતો ઉપર પર્વતો દેખાય છે, ને તે બાળસૂર્યના કિરણોમાં સુન્દર શોભા ધારણ કરી રહ્યા છે.

એ નદીને તટે ખેતરોમાં એક ગામ આવી રહેલું છે. ગામની ભાગોળે ખેડુતની ઝુંપડી પાસે એક બાળકી નદી-તટે રમે છે. પાસે એક દાસી ઉભી છે. પટલાણી ઘરમાં કામ કરે છે.

ઘર જોઇને એમ કહી શકાય કે ખેડુત કોઇ પ્રતિષ્ઠિત પુરુષ છે. આંગણામાં એક બે કોઠાર છે, પાસે ચાર પાંચ ગાયો બાંધી છે. ખડકીની અંન્દર બે ચાર ઘર છે, ખડકીને મોખરે પટેલને રહેવાનુ મોટું ઘર છે. જોતાં જ એમ લાગે કે ઘરધણી ખેડુત છે, છતાં ગામમાં એક માતબર આદમી છે, કંઇક વ્યાપાર પણ કરે છે.

બાલિકા સાત વર્ષની છે; શ્યામવર્ણ, ચંચળ, પ્રફુલ્લ અને ઉજ્જ્વળનયના છે. એક વાર નદીતટે દોડાદોડ કરી મુકે છે, વળી એક વાર મા જે ખણ્ડમાં રાંધે છે ત્યાં દોડી જાય છે; ફરી એક વાર દાસીની પાસે જાય છે ને તેનો હાથ ઝાલી કંઇક વાત કહે છે.

બાલિકા: "બેન, ચાલને, કાલની પેઠે ઘાટ ઉપર જઇએ ને કપડું નાખી માછલાં પકડીએ."

દાસી: "ના બેન, માએ વાર્યાં છે કે નદી ઉપર જતાં ના."

બાલિકા: "મા શું જાણવાની હતી?"

દાસી: "ના બેન, માએ જે ના કહ્યું છે તે કરીએ ના. માની આજ્ઞા લોપાય કે?"

બાલિકા: "ઠીક, બેન; પણ મા તે તારી યે મા થાય કે?"

દાસી: "હાસ્તો!"

બાલિકા: "સાચું કહે છે?"

દાસી: "સાચે, મારી યે મા થાય."

બાલિકા: "ના બેન, તું તો રાજપુતની દીકરી છે, અમે કંઇ રાજપુત છીએ?"

દાસીએ બાલિકાને ચુમ્બન લીધું; પછી બોલી: "ત્યારે પુછે છે શા માટે?"

બાલિકા: "ત્યારે તું માને મા કેમ કહે છે?"

દાસી: "જે મને ખાવાપીવાનું આપે, જે મને રહેવાનું આપે, જે મારૂં દીકરીની પેઠે લાલનપાલન કરે, તેને મા ના કહું તો શું કહું? આ જગતમાં મારે માટે સ્થાનં નથી, માએ મને જગતમાં સ્થાન આપ્યું છે."

બાલિકા: "કેમ બેન, તું રડે છે કેમ? વાત કરતાં કરતાં રડી કેમ પડી?"

દાસી: "ના બેન, ક્યાં રડું છું?"

બાલિકા: "તને રડતી જોઈ મારાથી રડી પડાય છે."

દાસીએ કન્યાને ફરી ચુમ્બન લીધું ને બોલી: "તું મારા ઉપર સ્નેહ રાખે છે, માટે મને રડવું આવે છે."

બાલિકા: "તું મારા ઉપર સ્નેહ રાખે છે?"

દાસી: "હાસ્તો, કેમ નહિ?"

બાલિકા: "બરાબર સ્નેહ રાખીશ? કદી ભૂલીશ નહિ?"

દાસી: "ને બેન, તું પણ મારા ઉપર બરાબર સ્નેહ રાખીશ? કદી પણ ભૂલીશ નહિ?"

બાલિકા: "ના, નહિ ભૂલું."

દાસી: "હા બેન, એક દીન ભૂલી જઇશ."

બાલિકા: "ક્યારે?"

દાસી: "તારો વર આવશે ત્યારે."

બાલિકા: "ક્યારે આવશે?"

દાસી: "એક બે વર્ષમાં આવશે."

બાલિકા: "ના બેન, તને કદીયે ભૂલીશ નહિ, વરના કરતાંય તારા ઉપર વધારે સ્નેહ રાખીશ. અને બેન, તારો વર આવશે ત્યારે મને ભૂલી જઇશ કે?"

દાસીની આંખમાં ફરી આંસુ આવ્યાં. તે બોલી: "ના, કદીયે નહિ ભૂલું."

બાલિકા: "ને વરના કરતાં મારા ઉપર વધારે સ્નેહ રાખીશ?"

દાસી હાસ્ય કરી બોલી: "સરખેસરખો."

બાલિકા: "ત્યારે તારો વર ક્યારે આવશે, બેન?"

દાસી: "ભગવાન જાણે! છોડ હવે, રાંધવાની વેળા થઇ છે."

વાચકબન્ધુ સમજી ગયો હશે કે અનાથ સરયૂબાળાને હવે જગતમાં કોઇ સ્થાન ના રહ્યું, ત્યારે એક ખેડુતને ઘેર દાસી થઇને રહી છે. ખેડુત કંઇક પૈસાવાળો હતો, આબરૂવાળો હતો; એનું નામ ગોકર્ણનાથ હતું. ગોકર્ણનું અન્તઃકરણ સરળ ને સ્નેહયુક્ત હતું, નિરાધાર રાજપુત કન્યાને પોતાને ઘેર આધાર આપ્યો હતો. ગોકર્ણની બૈરી પણ ભલી હતી, નિરાધાર રાજપુતકન્યાને પોતાની પેટની જણી દીકરી સમાન લાલનપાલન કરતી. સરયૂ પણ ઉપકારવશ થઇ ગોકર્ણને અને તેની સ્ત્રીને યોગ્ય માન આપ્યા કરતી, બે વેળા રાંધતી ને બાળકીને રમાડતી. આથી પટેલપટલાણીને કામમાં બહુ સરળતા થતી. તેઓ દિનપ્રતિદિન સરયૂથી વધારે વધારે પ્રસન્ન થતાં ચાલ્યાં.

રઘુનાથની ગેરહાજરીમાં હવે સરયૂને જો કયાંય સુખનો સમ્ભવ હોય તો તે ઉદારસ્વભાવ ગોકર્ણનાથ અને તેની સરળસ્વભાવ સ્ત્રીને ઘેર હતો, તે ત્યાં પરમસુખમાં રહેવા લાગી. ગોકર્ણનું વય પીસ્તાળીશેક વર્ષનું હશે, સદાસર્વદા નિયમિત કામકાજ કરવાથી હજી પણ તેનું શરીર બલિષ્ઠ છે. ગોકર્ણનો એક પુત્ર શિવાજીની સેનામાં સૈનિક છે, તે બહુ દિનથી યુદ્ધમાં ગયો છે. આ એક ઘેર જે કન્યા છે, તેને રમાડી પુત્રવિયોગનું દુઃખ વિસારે નાખે છે. પ્રાતઃકાળમાં ગોકર્ણ કંઇ કામ માટે બહાર જાય છે,

સરયૂ ઘરનાં કામકાજ કરે છે. પટલાણી ઘણી વખત કહેતાં: "બેટા, તું મોટા ઘરની કન્યા; આટલી મહેનત કરીશ, તો કયાં સુધી શરીર ટકશે? તારાથી નહિ થાય, રહેવા દે, હું કરીશ."

સરયૂ સ્નેહથી ઉત્તર આપતી: "મા, તમે મારૂં બહુ જતન કરો છો, તમારૂં કામ કરતાં મને થાક લાગતો નથી; તમારી સેવા તો હું જન્મોજન્મ કરીશ, તમે મારા ઉપર સ્નેહ રાખજો એટલે થયું!"

સ્નેહવાકયથી સરળસ્વભાવ પટલાણીની આંખમાં પાણી આવતું. આંસુ લોહી બોલતી: "બેટા સરયૂ! તારા જેવી એકાદ છોકરી મારી નાતમાં મળે, તો મારા છોકરાને પરણાવું." પુત્ર અનેક દિવસથી યુદ્ધમાં ગયો છે, એ વાત સાંભરી આવ્યાથી વૃદ્ધ બાઇ રોઇ પડી.

એમ કેટલાય માસ ચાલ્યા ગયા. એક દિન સાયંકાળે ગોકર્ણનાથ બૈરી પાસે બેઠા છે, એક બાજુ સરયૂ બાળકીને ખોળામાં લેઇ બેઠી છે, એવે સમયે ગોકર્ણનાથ બોલ્યા: "આજે સારા સમાચાર આવ્યા છે."

પટલાણી: "શા? તમારા મોંમાં સાકર, જો ભીમજીના કંઇ સમાચાર કહો તો!"

ગોકર્ણ: "એ સમાચાર હવે જલદી આવશે. પુત્ર શિવાજીની સાથે દિલ્લી ગયો છે, આજે સાંભળ્યું કે શિવાજી

દુષ્ટ બાદશાહના હાથમાંથી છુટી સ્વદેશ પાછા આવે છે, આપણો ભીમજી પણ સાથે પાછો આવશે.”

પટલાણી: “આહા! ભગવાન ફળ્યો! એક વર્ષથી દીકરાને દીઠો નથી તે મનમાં શું શું થાય છે, તે તો ભગવાન જ જાણે!”

ગોકર્ણ: “ભીમજી જરૂર આવશે; જે રઘુનાથજી હવાલદારના હાથ નીચે તે નોકરી કરતો, એ રઘુનાથજીના પણ સમાચાર મળ્યા છે.”

સરયૂનું હૃદય નાચી ઉઠયું. ઉદ્વેગથી શ્વાસ રોકી ગોકર્ણની કથા સાંભળવા લાગી. ગોકર્ણ બોલવા લાગ્યો: “એને વિદ્રોહી કહી શિવાજીએ કાઢી મુકયો, ત્યારે આપણો ભીમજી શું કહેતો હતો તે યાદ છે?”

પટલાણી: “અમને બૈરાં માણસને તે શું શું યાદ રહે!”

ગોકર્ણ: “ભીમજી કહેતો હતો કે ‘પિતા, હું હવાલદારને ઓળખું છું, એના જેવો વીર શિવાજીની સેનામાં બીજો નથી. શાય વહેમમાં પડી રાજાએ તેને અપમાન આપ્યું છે, પણ પાછળથી હવાલદારના ગુણ જાણશે, ત્યારે પસ્તાશે.’ પુત્રની વાત આટલે દિવસે ખરી પડી.”

સરયૂના હૃદયમાં ઉલ્લાસથી, ઉદ્વેગથી કંઇ કંઇ થઇ ગયું, તેના કપાળ ઉપર પરસેવાનાં બિન્દુ ઠર્યાં.

ગોકર્ણનાથ બોલવા લાગ્યો: "રઘુનાથજી ગુપ્ત વેશે રાજાની સાથે દિલ્હી ગયો હતો, તેણે પોતાના બુદ્ધિકૌશલથી રાજાને કેદખાનામાંથી છુટો કર્યો ને સમ્પૂર્ણ રીતે પોતાની નિર્દોષિતા સિદ્ધ કરી આપી. સાંભળ્યું છે, કે શિવાજીએ રઘુનાથ પાસે પોતાના દોષની ક્ષમા માગી છે, રઘુનાથને ભાઇ કહી આલિંગન આપ્યું હતું, હવાલદારના પદ ઉપરથી એકદમ તેને પાંચહજારી ઉપર ચઢાવી દીધો છે. ગામમાં બીજી વાત નથી, બજારમાં બીજી વાત નથી, શહેરોમાં બીજી વાત નથી, લોકો રઘુનાથજી હવાલદારની વીરત્વકથા કરે છે, ને તેને જયજયનાદે ધન્યવાદ આપે છે.

આનન્દથી, ઉલ્લાસથી, સરયૂ ઉંચે સ્વરે રડી પડી ને મુર્છા ખાઇ ભોંયે પડી.

૩૧

સ્વપ્નદર્શન

એ દિવસથી સરયૂની આકૃતિ ફરવા લાગી. બહુ દિવસ પછી આશા, આનન્દ અને ઉલ્લાસને ફરી હૃદયમાં સ્થાન મળ્યું. નયન હસવા લાગ્યાં, બે હોઠ ફરી પ્રફુલ્લિત ફૂલની પેઠે પરિમલ ધારણ કરવા લાગ્યા, લલાટ અને સુન્દર ગાલ ઉપર લાવણ્ય ફરી ફુટી નિકળ્યું, રેશમને કોરે મુકે એવા વાળ એ સુન્દર, મધુમય, લાવણ્યમય મુખમણ્ડળને

રમાડવા લાગ્યા. પ્રાતઃકાળે મન્દ વાયુ સાથે દૂર વૃક્ષથી કોકિલનો સુન્દર, મધુર સ્વર આવતો તે ઉલ્લાસિત હૃદયે સાંભળવા લાગી. પાછલે પહોરે ઘરનાં કામકાજથી પરવારી નદીતટે ઉભી રહેતી ને સૂર્યતાપને નિવારવા આંખો ઉપર હાથ ધરી નદીની સામી બાજુને માર્ગે બહુ દૂર સુધી ઝીણી દૃષ્ટિ ફેરવતી. સન્ધ્યાસમયે દૂર વાંશળી વાગતી, ત્યારે મૃગલીની પેઠે ચમકી ઉઠતી.

ગોકર્ણની કન્યા સુદ્ધાં સરયૂમાં થએલો આ ફેરફાર જોઇ શકી. એક દિવસે સન્ધ્યાસમયે ઘાટે જતી વેળા કન્યાએ પુછ્યું: "બેન, તું રોજ રોજ રૂપાળી કેમ થતી જાય છે?"

સરયૂ: "શું કહે છે?"

બાલિકા: "એમાં વળી કહેવું છે શું? અમે દેખતાં નહિ હોઇએ કે?"

સરયૂ: "શું દેખે છે? તારા દેખવામાં ભૂલ છે!"

બાલિકા: "હોવે 'ભૂલ છે!' પહેલાં તો માથામાં કશું ઘાલતી ના, હવે તો કોઇ કોઇ દી વાળમાં ફુલગજરા ઘાલે છે, તે અમે દેખતાં નહિ હોઇએ કે?"

સરયૂ: "જા જા, હવે!"

બાલિકા: "અને છાની છાની ગળામાં એક કણ્ઠમાળા

પહેરે છે, કણ્ઠમાળામાં બબ્બે મોતી ને અક્કેક પરવાળું છે, તે અમે દેખતાં નહિ હોઇએ કે?"

સરયૂ: "જા જા, હવે, ગાંડી!"

બાલિકા: "ને નદીકાંઠે અનેક ક્ષણ સુધી પાણીમાં તારૂં સુન્દર મુખ જોઇ રહે છે તે અમે દેખતાં નહિ હોઇએ કે?"

સરયૂ: "ખોટું બોલ ના!"

બાલિકા: "ને ઝાડ નીચે બેશીને કોયલને મીઠે સ્વરે કોઇ કોઇ વેળા ગાય છે, તે અમે સાંભળતાં નહિ હોઇએ કે?"

હવે સરયૂથી ના રહેવાયું, તેણે બાલિકાના મોં ઉપર હાથ દેઇ દીધા.

બાલિકા હસતી હસતી ખશી ગઇ ને બોલી: "હું એ સૌ માને કહી દેઇશ તો!"

સરયૂ: "ના બેન, એવી એવી વાતો માને ના કહીએ, મારા સમ, જો કહું તો!"

બાલિકા: "ત્યારે એક વાત પુછું તે કહીશ?"

સરયૂ: "હા, કહીશ, બોલ."

બાલિકા: "એ બધાનો અર્થ શો? એ પુષ્પ, એ કણ્ઠ-

માળા, એ ગીત શેને માટે? તારી આંખો હસ્યા કરે છે, તારા હોઠ એ કણ્ઠમાળામાંના પરવાળા જેવા લાલ થયા છે, તારૂં સમસ્ત શરીર લાવણ્યથી ચક્ચક્ કરી રહ્યું છે, એ બધું શાથી?"

સરયૂ: "મા તને સારાં સારાં લૂગડાં પહેરાવે છે, ઘરેણાં પહેરાવે છે, એ શાથી?"

બાલિકા આ વેળા કંઇક લજવાઇને બોલી: "મા કહે છે કે 'આવતી સાલ તારો વિવાહ થવાનો છે.' એ તો તો મારો વર આવશે માટે!"

સરયૂ: "ત્યારે મારો ય વર આવશે માટે!"

બાલિકા: "સાચે?"

સરયૂ સાથે બાલિકા આમ વાતચિત કરે છે, એટલામાં એક દીર્ઘકાય સંન્યાસી 'હર હર મહાદેવ' કરતો ત્યાં આવી ઉભો. સન્ધ્યાના ઝાંખા પ્રકાશમાં તેનું સુન્દર શરીર સુન્દરતર દેખાતું હતું. બાલિકા ભયથી નાશી ગઇ, સરયૂ ઝીણી નજરે જોઇ શકી કે આ તો સીતાપતિ ગોસ્વામી!

સરયૂનું હૃદય એકદમ કમ્પી ઉઠયું, મનના આવેગથી સમસ્ત શરીર કમ્પી ઉઠયું, પણ સરયૂ એ આવેગ સમાવી, લજ્જા અને ભયને દાબી રાખી, ધીરે ધીરે સંન્યાસી પાસે જઇ ને પ્રણામ કરી સ્થિર સ્વરે બોલી: "પ્રભુ! આ

અભાગણીને આપે જ એકદિન જનાર્દનને ઘેર જોઇ હતી, ફરી આજે આ ઘેર દાસીરૂપે જુઓ છો. પિતાએ કલંકિની કહી મને ઘરમાંથી કાઢી મુકી છે, પણ ભગવાન જાણે છે કે હું વાગ્દત્ત પતિને અનુરક્ત છું, તે વિના બીજો મારો દોષ નથી.”

સંન્યાસીની આંખમાં આંસુ આવ્યાં; ધીરે ધીરે બોલ્યો: “રઘુનાથને માટે આટલું કષ્ટ સહન કરવું પડે છે?”

સરયૂ: “નારી જ્યાં સુધી પતિનું નામ જપી શકે, ત્યાં સુધી કષ્ટને કષ્ટ માને નહિ.”

સંન્યાસીનું હૃદય પ્રફુલ્લિત થઇ ગયું.

સરયૂ વળી બોલી: “પ્રભુની સાથે એ દેવપુરુષનો કદી મેળાપ થયેલો કે?”

સીતાપતિ: “હા, થએલો.”

સરયૂ: “આપે આ દાસીની વાત જણાવી હતી?”

સીતાપતિ: “હા, જણાવી હતી?”

સરયૂ: “શું જણાવ્યું હતું?”

સીતાપતિ: “તમે કહેલો એક પણ શબ્દ ચુક્યો નહોતો. મેં એમને જણાવ્યું હતું, કે ‘સરયૂ રાજપુતબાળા છે, જીવન કરતાં યશને પ્રિય ગણે છે, સરયૂ જ્યાં સુધી

જીવતી રહેશે, ત્યાં સુધી રઘુનાથને કલંકશૂન્ય વીર માની તેનાં યશોગીત ગાશે.'"

સરયૂ: "ઠીક."

સીતાપતિ: "મેં વળી એ પણ જણાવ્યું હતું કે 'કર્ત્તવ્યસાધનમાં તમારો કદી પ્રાણ જશે, તો સરયૂબાળા તમારાં યશોગીત ગાતી ગાતી ઉલ્લાસે પ્રાણ પણ વિસર્જન કરશે.'"

સરયૂ: "ઠીક."

ગોસ્વામી: "વળી એ પણ જણાવ્યું હતું કે 'સરયૂ તમારા ઉન્નત ઉદ્દેશ્યમાં પ્રતિરોધ નાખશે નહિ. તલવાર વડે તમારો માર્ગ સ્વચ્છ કરો, જગતનો જે આદિપુરુષ છે, તે તમને સહાય થશે.'"

ઉદ્વેગગદ્‌ગદ્‌ સ્વરે સરયૂએ પુછ્યું: "એમણે શો ઉત્તર આપ્યો?"

જ્વલન્ત સ્વરે ગોસ્વામી બોલ્યો: "રઘુનાથે કંઇ ઉત્તર આપ્યો નહિ, કેવળ એ શબ્દો હૃદયમાં રાખી અસાધ્ય સાધના સાધી છે, તલવાર વડે તેણે પોતાનો માર્ગ સ્વચ્છ કર્યો છે."

એ સન્ધ્યાને અન્ધકારે ગોસ્વામીનાં નયન ધક્‌ધક્‌ કરતાં હતાં, એ નદીતીરે ને વૃક્ષો મધ્યે ગોસ્વામીનો જ્વલન્ત સ્વર વારંવાર પ્રતિધ્વનિત થતો હતો.

"જે જગતનો આદિપુરુષ, તેને પ્રણામ કરૂં છું," એમ કહી સરયૂબાળાએ આકાશ તરફ જોઇ હાથ જોડી પ્રણામ કર્યા. ગોસ્વામીએ પણ જગતના આદિપુરુષને પ્રણામ કર્યા.

અનેક ક્ષણ બન્ને સ્તબ્ધ ઉભાં રહ્યાં. સન્ધ્યાના શીતળ વાયુએ બન્નેનાં શરીર શીતળ કર્યાં, આંખમાંનાં આંસુને શોષી લીધાં.

બહુ વાર પછી ગોસ્વામી બોલ્યો: "દેવકૃપાએ કાર્ય-સિદ્ધિ થયા પછી રઘુનાથે એક વાત મારી પાસે આપને પુછાવી છે."

સરયૂએ ઉત્કણ્ઠિત થઇ પ્રશ્ન કર્યો: "શી?"

ગોસ્વામી: "તેણે પુછાવ્યું છે કે 'સરયૂ આ દાસને તેના હૃદયમાં રાખશે? હું જાઉં તો સરયૂ મને ઓળખશે?'"

સરયૂ: "આ જીવનમાં એમને ભૂલી શકું?"

ગોસ્વામી: "આપનો સ્નેહ તો એ જાણે છે, તથાપિ નારીનું મન સર્વદા ચપળ હોય છે; કોણ જાણે, વખતે ભૂલી પણ જવાય!"

ગોસ્વામીની ચપળતા ને કંઇક હાસ્ય દેખી સરયૂ કંઇક વિરક્ત થઇ, તે બોલી: "નારીનું મન ચપળ છે, એ હું જાણતી નથી."

ગોસ્વામી: "હું યે જાણતો તો નહોતો, પણ આજ દીઠું!"

સરયૂ: "શું દીઠું?"

ગોસ્વામી: "જે મારી વાગ્દત્તા વધૂ તે આજે મને ભૂલી ગઇ છે, જોયા છતાં મને ઓળખી શકી નહિ."

સરયૂ: "એવી તે કઈ અભાગણી હશે!"

ગોસ્વામી: "તે એ જ ભાગ્યવતી કે જેણે તોરણદુર્ગમાં જનાર્દનના બાગમાં પ્રથમદર્શને મારૂં મન હરી લીધું હતું, તે એ જ ભાગ્યવતી કે જેના કણ્ઠમાં એક દિન મુક્તામાળા પહેરાવી મેં મારૂં જીવન કૃતાર્થ માન્યું હતું, તે એ જ ભાગ્યવતી કે જે તોરણદુર્ગમાં, જયસિંહના તમ્બુમાં, યુદ્ધસમયમાં ને સન્ધિસમયમાં મારા નયનના મણિ સમાન હતી, તે એ જ ભાગ્યવતી કે જેનું દર્શન મારા નયનપ્રકાશ સમાન છે, જેનો શબ્દ મારા કાનને સંગીત સમાન છે, જેનો સ્પર્શ મારા શરીરને ચન્દનલેપ સમાન છે, જેની પ્રીતિ મારા જીવનને જીવન સમાન છે, તે એ જ ભાગ્યવંતી કે જેનું નામ સ્મરણ કરૂં છું, જેનું ઉત્સાહવાકય હૃદયમાં ધારણ કરી હું દિલ્હી ગયો ને ઉન્નતિનો માર્ગ સ્વચ્છ કર્યો છે, અનન્ત વિપત્સાગર તરી ગયો છું. બહુ દિન પછી, બહુ વિપત્તિ તરી ગયા પછી, આજે એ ભાગ્યવતીને ચરણે ઉભો છું, તે શું આજ મને ઓળખી શકે છે?"

કોકિલ જેવા એ મધુર સ્વરે સરયૂના હૃદયને વલોવી નાખ્યું. તારાના પ્રકાશથી એ દીર્ઘકાય પુરુષશ્રેષ્ઠને સરયૂ

ઓળખી શકી. સરયૂ હૃદયનો આવેશ હવે સંકેલી શકી નહિ, તેનું મસ્તક ઘુમવા લાગ્યું, આંખોમાં આનંદ દેખાવા લાગ્યો: "રઘુનાથજી, ક્ષમા કરો," એવું કહી રઘુનાથ તરફ હાથ પહોળા કર્યા. પડી જતા પ્રિય દેહને રઘુનાથે પોતાના હાથમાં ઝીલી લીધો, એ ઉદ્વેગપૂર્ણ હૃદયને પોતાના હૃદય સાથે ચાંપી લીધું.

ક્ષણેક પછી ચેતના આવી; ત્યારે સરયૂએ આંખ ઉઘાડી. શું જોયું? હૃદયનાથે અભાગણીને હૃદયમાં ધારણ કરી છે, બહુ દિવસ સુધી ચિન્તવેલા પતિએ આજે સરયૂબાળાને ગાઢ આલિંગન દીધું છે!

બહુ દિન પછી આજે સરયૂનું તપેલું હૃદય રઘુનાથના ભવ્ય હૃદયસ્પર્શથી શીતળ થયું. સરયૂનો શ્વાસ રઘુનાથના નિશ્વાસમાં ભળી ગયો. સરયૂના કમ્પતા રાતા હોઠને જીવનમાં પ્રથમ જ વાર રઘુનાથનો હોઠ અડચો.

એ સ્પર્શથી બાલિકા કમ્પી ઉઠી! એ પ્રિય આલિંગનથી, એ વારંવાર ચુમ્બનથી બાલિકા કમ્પવા લાગી.

આ તે સાચું કે સ્વપ્નું?

વાયુથી કમ્પતા પાંદડાની પેઠે કમ્પતી કમ્પતી સરયૂબાળા વિચારવા લાગી: "જગદીશ્વર, એ જો સ્વપ્ન હોય, તો આ સુખનિદ્રામાંથી કદી જગાડતો જ ના!"

મહારાષ્ટ્રદેશમાં આનન્દ આનન્દ વર્તી રહ્યો છે, શિવાજી પાછો આવ્યો છે, ફરી ઔરંગઝેબ વિરુદ્ધ યુદ્ધ કરશે, મ્લેચ્છોને દેશમાંથી હાંકી કાઢશે, હિન્દુરાજ્ય સ્થાપન કરશે! નગરમાં, ગામમાં, વાટે, ઘાટે એ જ વાતો ચાલ્યા કરે છે.

આ બાજુ રાજા જયસિંહે વિજાપુર ઉપર હલ્લો તો કર્યો, પણ તે નગર લેઇ શક્યો નહિ. તેણે વારંવાર બાદશાહને સહાયતા માટે પ્રાર્થના કરી, પણ તે વિફળ થઇ. અને તેને સ્પષ્ટ સમજાયું કે સૈન્ય સમેત મારો નાશ થવા દેવો એ સિવાય બાદશાહને બીજો હેતુ નથી. પછી તે વિજાપુર ત્યજી ઔરંગાબાદ તરફ ચાલતો થયો.

અન્ત પર્યન્ત ઔરંગઝેબના વિશ્વસ્ત સેવક પ્રમાણે તેણે તેનું કામ કર્યાં કર્યું, ઔરંગઝેબે પોતાની પ્રત્યે અભદ્ર આચરણ આચર્યું છે, એમ માની એક ક્ષણ વાર પણ બાદશાહના કાર્યથી વિરક્ત થયો નહિ. તેને નિશ્ચય જણાયું કે હવે મહારાષ્ટ્રદેશ છોડી ગયા વિના બીજો માર્ગ નથી, ત્યાં સુધી બાદશાહની શક્તિ જાળવવા યથાશક્તિ પ્રયત્ન કર્યો. લોહગઢ, સિંહગઢ, પુરન્દર આદિ સ્થાનોમાં બાદશાહની સેના મુકી દીધી; વળી જે જે કિલ્લા હાથ

રાખી શકાય એમ નહોતા, તે કિલ્લાઓનો નાશ કરી દીધો કે જેથી શત્રુઓ ફરી તેનો ઉપયોગ કરી શકે ના.

પણ આ જગતમાં આવા વિશ્વસ્ત કાર્યને બદલો મળતો નથી. જયસિંહ દક્ષિણદેશ જિતી શકતો નથી એવું સાંભળીને બાદશાહ સન્તુષ્ટ થયો, વળી વધારે અપમાન આપવાના હેતુથી તેને દક્ષિણદેશના સેનાપતિને પદેથી, તેની નિષ્ફળતાનો દોષ કાઢી ખસેડી દીધો ને પાછા દિલ્હી આવવાનો હુકમ કર્યો. તેને બદલે જશવન્તસિંહને મોકલ્યો.

વૃદ્ધ સેનાપતિએ યથાશક્તિ દિલ્હીનું કાર્ય કર્યું હતું, અન્ત દશામાં આ અપમાનથી તેના ઉદાર અન્તઃકરણને બહુ વ્યથા થઇ, તે માર્ગમાંજ મૃત્યુ પામ્યો!

અપમાનિત, પીડિત, વૃદ્ધ જયસિંહ મૃત્યુશય્યામાં સુતો છે, એવામાં એક દૂતે આવી સમાચાર આપ્યા કે "મહારાજ, એક મરાઠા સેનાની આપના દર્શનને અભિલાષે આવ્યો છે, એક દિવસ તેણે આપને ચરણે બેશી આપનો ઉપદેશ સાંભળ્યો હતો, ફરી એક વાર ઉપદેશ સાંભળવા આવ્યો છે."

રાજાએ ઉત્તર આપ્યો: "એમને માનપૂર્વક લેઇ આવ. જે મહાપુરુષ આવ્યા છે, એમને હું સારી રીતે ઓળખું છું. તે ભલે આવે, એમને મેં અભયદાન આપ્યું છે."

અનેક ક્ષણ પછી એક ગુપ્તવેશી મરાઠો એ ઘરમાં

આવ્યો. રાજા તેના સામું જોયા વિના જ બોલ્યો: "મિત્રવર શિવાજી, મૃત્યુ પહેલાં એક વાર આપનાં દર્શન કરી લીધાં, હવે જીવન ચરિતાર્થ થયું. ઉઠીને માન આપવાની હવે શક્તિ રહી નથી, ક્ષમા આપશો."

સજળ નયને શિવાજી બોલ્યો: "પિતાજી! જ્યારે છેલ્લી વખતે આપની પાસેથી વદાય થઇને ગયો, ત્યારે મેં નહિ માનેલું કે આપ આ અવસ્થામાં આટલા જલદી આવશો."

જયસિંહ: "રાજા, માનવીનો દેહ ક્ષણભંગુર છે, એમાં વિસ્મય શું? શિવાજી, આપણે છેલ્લી વખત મળ્યા, ત્યારે આપે મોગલ રાજ્યનું ગૌરવ જોયું હતું, આજ શું જુઓ છો!?"

શિવાજી: "મહારાજ એ મહારાજ્યના સ્તમ્ભસમાન હતા; આપને જ્યારે આ અવસ્થામાં જોઉં છું, ત્યારે હવે મોગલરાજ્ય માટે કંઇ જ આશા રહેતી નથી."

જયસિંહ: "વત્સ! એમ નહિ, રાજસ્થાનભૂમિ વીરપ્રસવિની છે, એક જયસિંહ મરશે તો તેનું સ્થાન બીજો જયસિંહ લેશે; જયસિંહના જેવા સો યોદ્ધાઓ હજી રાજસ્થાનમાં છે, મારા જેવા એક યોદ્ધાના મરણથી મહારાજ્યને શી હાનિ છે?"

શિવાજી: "આપના અમંગળ કરતાં રાજ્યને બીજું શું અનિષ્ટ હોઇ શકે?"

જયસિંહ: "શિવાજી, એક યોદ્ધો જાય તો બીજો આવે, પણ પાપથી જે ક્ષય થાય તે ફરી સુધરે નહિ. મેં પહેલેથીજ કહ્યું હતું કે જ્યાં પાપ અને કપટાચાર, ત્યાં નિશ્ચય અવનતિ ને મૃત્યુ. અત્યારે પ્રત્યક્ષ જુઓ."

શિવાજી: "ખરૂં છે."

જયસિંહ: "આપને જ્યારે મેં દિલ્હી મોકલ્યા, ત્યારે આપનું હૃદય પણ દિલ્હીશ્વર તરફ કંઇક આકર્ષાયું હતું; આપે સંકલ્પ કર્યો હતો, કે જ્યાં સુધી દિલ્હીશ્વર તમારા ઉપર વિશ્વાસ રાખે, ત્યાં સુધી તેની સાથે કપટાચાર ન કરવો. આપની સાથે સદાચરણે વર્ત્યો હોત, તો દક્ષિણમાં એક પરાક્રમી બન્ધુ તેને પ્રાપ્ત થયો હોત, કપટાચારથી એક દુર્દમનીય શત્રુ ઉભો કર્યો છે."

શિવાજી: "મહારાજ, આપની બુદ્ધિ અસાધારણ ને દૂરદર્શી છે, સમસ્ત જગત જયસિંહને જ્ઞાની માને છે."

જયસિંહ: "ઔરંગજેબના પિતાના સમયમાં પણ મેં દિલ્હીનું કાર્ય કર્યું છે. વિપદ્‌માં, યુદ્ધસમયમાં યથાશક્તિ દિલ્હીશ્વર ઉપર ઉપકારો કર્યા છે, સ્વજાતિ વિજાતિનો વિચાર નથી કર્યો, સ્વાર્થનો વિચાર નથી કર્યો, જેના કાર્યનું વ્રત લીધેલું, તેનું કાર્ય યથાશક્તિ કરી આપ્યું છે. વૃદ્ધકાળમાં બાદશાહ પ્રથમ મારા પ્રત્યે સદાચરણ આચારતો, અન્તસમયે મારૂં અપમાન કર્યું. તથાપિ ઈશ્વરેચ્છાથી મેં મારા આચરણમાં ફેર કર્યો નથી, મેં જે સમર્થ કિલ્લાઓ

જિતી લીધા છે તે ધારત તો, શિવાજી, વિનાયુદ્ધે તમને આપી શકત; પણ એવું મેં કર્યું નથી, તેના રક્ષણની યથાશક્તિ વ્યવસ્થા કરી છે. પણ ખરેખર આ આચરણથી ઔરંગજેબને પોતાને હાનિ છે. અમ્બરપતિ જયસિંહ મૃત્યુ સુધી તેનો સહાય અને અનુચર રહેશે, અમ્બરના હવેના રાજાઓ તેના મુખ્ય શત્રુઓ થશે.”

શિવાજી: “ખરૂં કહો છો. ઔરંગજેબે પોતાના દુરાચરણથી અમ્બર અને મહારાષ્ટ્ર બન્નેને પોતાના શત્રુ બનાવ્યા છે.”

જયસિંહ: “બે ઉદાહરણ તો થયાં, મહારાષ્ટ્ર ને અમ્બર; પણ સમસ્ત ભારતની એ સ્થિતિ એણે કરી છે. શિવાજી, ઔરંગજેબ સમસ્ત ભારતવર્ષના અનુચરોને આમ અપમાન આપે છે, મિત્રોને શત્રુ બનાવે છે, કાશીનું મન્દિર તોડી નાખી ત્યાં મસ્જિદ બનાવી છે, રાજસ્થાનમાં હિન્દુઓનું અપમાન કરે છે, સર્વે દેશોમાં હિન્દુઓ ઉપર જજિયાવેરો નાખે છે.”

આંખ મીંચી ઘણીક વારે જયસિંહ અતિ ગમ્ભીર શબ્દે બોલ્યો, જાણે મૃત્યુશય્યામાં મહાત્માનાં ચક્ષુ ખુલી ગયાં હોય, એ ચક્ષુ ભવિષ્ય દેખતાં હોય, તેમ એ રાજર્ષિ બોલવા લાગ્યો: “શિવાજી! હું જોઉં છું, કે એ કપટાચારથી ચારે દિશામાં યુદ્ધાનળ પ્રજળે છે, રાજસ્થાનમાં એ અગ્નિ સળગ્યો, મહારાષ્ટ્રદેશમાં અગ્નિ સળગ્યો, પૂર્વ

દિશામાં ભભુકો થયો! ઔરંગઝેબ વીશ વર્ષ સુધી જાતે જળ સિંચે છે, પણ અગ્નિ બુઝાતો નથી. તેની તીક્ષ્ણ બુદ્ધિ, તેનું અસામાન્ય કૌશલ, તેનું અસાધારણ સાહસ વ્યર્થ ગયું; વૃદ્ધાવસ્થામાં પશ્ચાતાપ કરી દિલ્હીશ્વર પેલો મરણ પામે! અગ્નિ તો પ્રબળ વેગે સળગ્યાજ જાય છે. ચારે બાજુથી ધૂ ધ શબ્દ કરી અગ્નિ વધ્યા જાય છે, એ અગ્નિમાં અન્તે મોગલરાજ્ય હોમાયું, બળી ભસ્મ થઇ ગયું! ત્યાર પછી? ત્યાર પછી મરાઠાજાતિનું નક્ષત્ર ઉન્નતિ-શીલ થાય છે; મરાઠાઓ, આગળ આવો ને દિલ્હીના શૂન્ય સિંહાસન ઉપર બેસો!"

રાજા બોલતો બન્ધ થઇ ગયો. વૈદ્યો પાસે હતા, તેઓ નાના પ્રકારે સન્દેહ કરવા લાગ્યા; ગુપ્ત રીતે અસ્પષ્ટ સ્વરે રોગના ખરા કારણ વિષે અનુમાન બાંધવા લાગ્યા.

અનેક ક્ષણ પછી મૃદુ સ્વરે જયસિંહ બોલવા લાગ્યો: "કપટાચારી પોતાનેજ સજા કરે છે, सत्यमेव जयते!"

શ્વાસ રૂંધાઇ ગયો, શરીરમાંથી પ્રાણ નિકળી ગયો, જગતમાંથી એક મહાત્મા ઉઠી ગયો!

ન્યાય

એ જ દિવસે સન્ધ્યાસમયે રઘુનાથ એકલો નદીતીરે ફરતો હતો. પોતાને મળેલી ઉંચી પદવી, સરયૂ સાથે ફરી સંયોગ, મુસલમાનો સાથે ફરી યુદ્ધ, હિન્દુઓની ભાવિ સ્વાધીનતા, અને એવા એવા અનેક વિચારોથી તેનું હૃદય પ્રફુલ્લ હતું. અકસ્માત્ પાછળથી કોઈએ બોલાવ્યો: "રઘુનાથ!"

રઘુનાથે પાછળ જોયું તો ચન્દ્રરાવ જમાદાર. રોષથી તેનું શરીર કમ્પ્યું, પણ ઈશાની આગળ કરેલી પ્રતિજ્ઞા સાંભરી આવી.

ચન્દ્રરાવ બોલ્યો: "રઘુનાથ! આ જગતમાં તારે ને મારે, બન્નેને માટે સ્થાન નથી, બેમાંથી એક જણે મરવું જ—જોઇએ."

રઘુનાથ રોષ દાબી ધીરે ધીરે બોલ્યો: "ચન્દ્રરાવ! કપટાચારી મિત્રહન્તા ચન્દ્રરાવ! શિરચ્છેદન એ જ તને યોગ્ય સજા છે, પણ રઘુનાથ તને ક્ષમા આપે છે; જગદીશ્વર પાસે ક્ષમાની પ્રાર્થના કર."

ચન્દ્રરાવ: "બાળકની ક્ષમા સ્વીકારવી એ મારો અભ્યાસ નથી. તારે જીવવાના દિવસો હવે બહુ થોડા છે, માટે ધ્યાન દેઇ મારી વાત સાંભળ. જન્મથી તું મારો

પરમ શત્રુ છે, હું તારો પરમ શત્રુ છું. બાલ્યકાળે તને હું વિષચક્ષુથી જોતો, પત્થર વડે તારૂં માથું ફોડી નાખવાના અનેક વાર સંકલ્પ કર્યા હતા; એ તો મેં કર્યું ના, પણ તારૂં જીવન નષ્ટ કર્યું છે, તને દેશત્યાગી બનાવ્યો છે, તને વિદ્રોહી બનાવી અપમાનિત કર્યો છે, કાઢી મુકાવ્યો છે! ચન્દ્રરાવનું ભયંકર વૈર એમ કંઇક અંશે લેવાયું છે. તારૂં ભાગ્ય ભુંડું છે, ફરી પાછો ઉંચી પદવી લેઇ સેનામાં આવ્યો છે. ચન્દ્રરાવની સ્થિર પ્રતિજ્ઞા જીવનમાં કદી નિષ્ફળ થઇ નથી, હવે પણ થશે નહિ! બીજા ઉપાય હવે ત્યજી દીધા છે, આ તલવારથી તારૂં હૃદય વીંધી નાખીશ, હૃદયનું લોહી પી એ ભીષણ પિપાસા શાન્ત કરીશ. ભીરુ, આજે મારી તલવારમાંથી તારૂં રક્ષણ નથી.”

રોષે રઘુનાથનાં નયન અગ્નિવત્ બળવા લાગ્યાં, કમ્પિત સ્વરે બોલ્યો: “પામર, મોં આગળથી દૂર થા, નહિ તો મારી પવિત્ર પ્રતિજ્ઞા તુટશે, પાપીને દણ્ડ દેવો પડશે.”

ચન્દ્રરાવ: “ભીરુ, હજીયે યુદ્ધથી દૂર રહેવું છે? તો સાંભળ, ઉજ્જયિનીના યુદ્ધમાં જે બાણથી તારા પિતાની છાતી વીંધાઇ હતી તે બાણ શત્રુનું નહોતું, ચન્દ્રરાવ તારા પિતાનો હણનાર છે.”

હવે રઘુનાથનાં નયનો કંઇ જોઇ શકયાં નહિ, કાન કંઇ સાંભળી શકયા નહિ, રોષે તલવાર મ્યાનમાંથી ખેંચી

કાઢી ચન્દ્રરાવ ઉપર ઉતરી પડ્યો. ચન્દ્રરાવ પણ નિર્બળ હાથે તલવાર પકડતો નહોતો, અનેક ક્ષણ યુદ્ધ થયું, બન્નેની તલવારોથી બન્નેની ઢાલો ઉપર ઘા પડ્યા, શરીર પણ ઘવાયાં. વર્ષાધારાની પેઠે શરીરમાંથી લોહી વહેવા લાગ્યું. ચન્દ્રરાવ બળમાં ન્યૂન નહોતો, પણ રઘુનાથ દિલ્લીમાં તલવારયુદ્ધની વિલક્ષણ પદ્ધતિઓ શીખ્યો હતો. અનેક ક્ષણના યુદ્ધ પછી તેણે ચન્દ્રરાવને હરાવ્યો, તેને ભોંયે પટક્યો ને તેની છાતી ઉપર ઢીંચણ મુકી ચઢી બેઠો. પછી બોલ્યો: "પામર આજ તારાં પાપનું પ્રાયશ્ચિત થયું, પિતાની હત્યાનું વૈર લેવાયું."

મૃત્યુસમયે પણ ચન્દ્રરાવ નિર્ભય છે, તે વિકટ હાસ્ય કરી બોલ્યો: "અને તારી બેન વિધવા થઇ એ વિચારથી હું સુખે પ્રાણ ત્યજીશ."

વિજળીની પેઠે આ શબ્દોએ રઘુનાથનું હૃદય ચીરી નાખ્યું. આટલા જ માટે લક્ષ્મી સ્વામીનું નામ દેતી નહોતી, આટલા જ માટે ચન્દ્રરાવનું કંઇ અનિષ્ટ નહિ કરવાની પ્રાર્થના કરતી હતી. પિતૃહન્તા રુધિરપિશાચ ચન્દ્રરાવે બળાત્કારે લક્ષ્મી સાથે વિવાહ કર્યો છે! રોષે રઘુનાથની આંખમાંથી અગ્નિ ઝરવા લાગ્યો, પણ તેની ઉંચી થએલી તલવાર ચન્દ્રરાવની છાતી ઉપર ઉતરી આવી નહિ. તે ધીરે ધીરે ચન્દ્રરાવને છોડી ઉભો થયો.

બન્ને યોદ્ધા એક બીજાની સામે રોષભરી દૃષ્ટિથી

જોતા ઉભા છે. તલવારયુદ્ધમાં હાર્યાથી ચન્દ્રરાવ વિકટ અસુરની પેઠે રાતીચોળ આંખે રઘુનાથ તરફ જોઇ રહ્યો છે. પિતાની હત્યાકથા ને બેનની અપમાનકથા સ્મરણ કરી રોષથી, અભિમાનથી, વૈરથી બળી ઉઠેલો, પણ સજા કરવાને નહિં ઇચ્છતો રઘુનાથ, ચિત્રમાં ચીતરેલા વૃત્રહન્તા જેવો ઉભો રહ્યો છે, એવામાં ઝાડની પાછળથી એક યોદ્ધો અકસ્માત્ બહાર નિકળી આવ્યો. બન્નેએ ભયથી જોયું, એ તો શિવાજી!

શિવાજી કંઇ બોલ્યો નહિ, કંઇ પુછયું નહિ ને લાગલા જ પોતાના ચાર સહચરોને સંજ્ઞા કરી. એ ચાર સૈનિકો નિઃશબ્દે ચન્દ્રરાવ પાસે ગયા ને તેના હાથમાંથી તલવાર લેઇ લીધી. તેના હાથ પાછળથી બાંધી લીધા ને કેદી કરી લેઈ ગયા. શિવાજી ચાલતો થયો ને રઘુનાથ ચકિત થઇ ત્યાંજ ઉભો રહ્યો.

બીજે દિવસે પ્રાતઃકાળે ચન્દ્રરાવનો ન્યાય થવાનો છે. તેણે રઘુનાથના પિતાની હત્યા કરી છે, એ આરોપનો ન્યાય થવાનો નથી. ન્યાય માટે બીજો જ આરોપ છે. રુદ્રમણ્ડળના હલ્લા પહેલાં શત્રુ રહેમતખાંને ચન્દ્રરાવે ગુપ્ત સમાચાર આપ્યા હતા, તેનું પ્રમાણ મળી આવ્યું છે, તેનો આજે ન્યાય થવાનો છે.

પ્રથમ કહી ગયા છીએ કે અફઘાન સેનાપતિ રહેમતખાં રુદ્રમણ્ડલમાં કેદ પકડાયો, ત્યાર પછી શિવાજીએ

તેને માનસહિત મુક્ત કર્યો હતો. રહેમતખાં ત્યાંથી પોતાના પ્રભુ વિજાપુરના સુલતાન પાસે ગયો. જયસિંહ જ્યારે વિજાપુર ઉપર ચઢયો, ત્યારે રહેમતખાંએ બહુ શૌર્યથી યુદ્ધ કર્યું, તથાપિ એક યુદ્ધમાં ઘવાઇ કેદ પકડાયો. જયસિંહે તેને પોતાને તમ્બુએ આણ્યો ને તેની સેવાસુશ્રુષા કરી, તથાપિ રહેમતખાંને આરામ થયો નહિ ને મૃત્યુ પામ્યો.

મૃત્યુ પહેલાં થોડી વારે જયસિંહે રહેમતખાંને કહ્યું: “ખાં સાહેબ! આપનો અન્તકાળ હવે પાસે આવે છે, મારા સમસ્ત પ્રયત્નો વ્યર્થ ગયા છે; હવે જો આપને કંઇ વાંધો ના હોય તો એક વાત પુછું.”

રહેમતખાં બોલ્યો: “મરણને માટે મને કાળજી નથી, પણ શત્રુ થઇને પણ આપે મારા પ્રત્યે જે સદાચરણ આચર્યું છે, એનો બદલો વાળી શકતો નથી, એ મને બહુ સાલે છે. શું પુછવું છે? પુછો, તમને ના કહેવા જેવું શું હોય?”

જયસિંહ: “રુદ્રમણ્ડળ ઉપર શિવાજીએ હલ્લો કર્યો, તે પહેલાં કોઇ સેનાપતિએ આપને ગુપ્ત રીતે સમાચાર આપી દીધા હતા. એ સેનાની કોણ તે અમે જાણતા નથી, એક નિર્દોષી દંડાયો છે, એમ લાગે છે.”

રહેમતખાં: “મેં પ્રતિજ્ઞા કરી છે કે મારામાં જીવ હશે ત્યાં સુધી તો તેનું નામ નહિ દેઉં. રાજપુતવીર!

આપના ભદ્રાચરણથી હું બહુ સમ્માનિત થયો છું, પણ પઠાણ પ્રતિજ્ઞા તોડવાને અશક્ત છે."

જયસિંહ: "યોદ્ધા, આપને પ્રતિજ્ઞા તોડવાનું હું કહેતો નથી, પણ જો કંઇ પ્રમાણ હોય તો અમને તે આપવાને કંઇ વાંધો છે?"

રહેમતખાં: "પ્રતિજ્ઞા કરો કે તે પ્રમાણ મારા મૃત્યુ પહેલાં ઉકેલવું નહિ."

જયસિંહે પ્રતિજ્ઞા કરી, રહેમતખાંએ કેટલાક કાગળો એના હાથમાં મુકયા. રહેમતખાંના મૃત્યુ પછી રાજા જયસિંહે એ બધા કાગળો ઉકેલી જોયા, પ્રમાણ મળ્યું કે ચન્દ્રરાવજ વિદ્રોહી છે.

ચંન્દ્રરાવે પત્ર લખીને રહેમતખાં ઉપર મોકલ્યો હતો, તે રાજાએ વાંચ્યો; તે સમ્બન્ધે બીજા પણ કાગળો હતા, તે વાંચ્યા; ચદ્રરાવે પઠાણો પાસેથી જે લાંચ લીધી હતી, તેની પહોંચ પણ મળી આવી. જયસિંહના મૃત્યુને દિવસે તેના મન્ત્રીએ એ સર્વ કાગળો શિવાજીને આપ્યા હતા.

ન્યાયકાર્યમાં બહુ વિચાર કરવા જેવો નહોતો, બધું સ્પષ્ટ હતું. શિવાજીનો વિશ્વસ્ત મન્ત્રી રઘુનાથશાસ્ત્રી એકે એકે એ પત્રો વાંચવા લાગ્યો. જયારે કાગળો વંચાઇ રહ્યા, ત્યારે રોષે સૈનિકો ગર્જી ઉઠયા. ચન્દ્રરાવ વિદ્રોહી છે, એણે જાતે લાંચ લેઇને શત્રુઓને સમાચાર આપી દીધા હતા,

ને એણે નિર્દોષ નિષ્કલંક વીર રઘુનાથને પ્રાણદણ્ડ દેવરાવવાની યુક્તિ કરી હતી, એ વાત જાણી સર્વે રોષે હુંકારો કરી ઉઠ્યા.

પછી શિવાજી ક્રોધે બોલ્યો: "પાપાચારી વિદ્રોહી, તારૂં હવે આવી બન્યું છે, તારે કંઇ કહેવાનું છે?"

મૃત્યુસમયે પણ ચન્દ્રરાવ નિર્ભય હતો, હજી પણ પ્રથમના જેવો જ તે અભિમાની દેખાતો હતો. તે બોલ્યો: "હવે મારે શું કહેવાનું છે? આપની ન્યાયશક્તિ પ્રસિદ્ધ છે! એક દિવસ એ દોષે રઘુનાથને દણ્ડયો હતો, આજ મને દણ્ડો છો, મારા મૃત્યુ પછી એક દિન વળી બીજા કોઇને જ દણ્ડશો; અને ત્યારે જોશો કે ચન્દ્રરાવ એ વિષયમાં કંઇ જ જાણતો નહોતો. આ સર્વ પ્રમાણો બનાવટી છે."

આ આક્ષેપથી શિવાજીએ ક્રોધે ભરાઇ આજ્ઞા કરી: "જલ્લાદ! ચન્દ્રરાવના બે હાથ કાપી નાખો, કે ફરી લાંચ લેઇ શકે ના. ત્યાર પછી તપાવેલા લોઢા વડે એના કપાળ ઉપર 'વિશ્વાસઘાતક' એવો શબ્દ લખો, કે પછી કોઇ તેનો વિશ્વાસ કરી ફસાય નહિ."

જલ્લાદ આ નિર્દય આજ્ઞા પાળવા જતા હતા, એવામાં રઘુનાથ ઉભો થઇ બોલ્યો: "મારે એક નિવેદન કરવાનું છે."

શિવાજી: "રઘુનાથ, આ વિષયમાં તમારે કંઇ

કહેવાનું હશે તો અવશ્ય સાંભળીશ, કારણ કે એ પામરે તમારો નાશ કરવાનો યત્ન કર્યો હતો; તેનું વૈર લેવા જે ઈચ્છા હોય, તે નિવેદન કરો."

રઘુનાથ: "મહારાજની આજ્ઞા અલંઘ્ય, હું વૈર લેવા એ પ્રાર્થના કરૂં છું કે તેના વાળ સરખાને પણ કોઇ અડી શકે નહિ, કૃપા કરી વિનાદણ્ડે એને છોડી દો."

સભાના સર્વ જનો વિસ્મિત ને સ્તબ્ધ બની ગયા.

શિવાજી ક્રોધ સંકેલી બોલ્યો: "તમારા પ્રત્યે જે અત્યાચાર એણે આચર્યો છે, તેને માટે તમારી પ્રાર્થનાથી એને મુક્ત કરવામાં આવે છે. રાજવિદ્રોહાચરણની સજા દેવાનો અધિકાર રાજાને છે, એ સજા મેં ફરમાવી છે; જલ્લાદ, તું તારૂં કામ કર."

રઘુનાથ: "મહારાજનો ન્યાય અનિન્દનીય છે, પણ પ્રભુ પાસે દાસ એટલી ભિક્ષા માગી લે છે કે ચન્દ્રરાવને વિનાદણ્ડે છોડી દો."

શિવાજી: "એ ભિક્ષા આપવાને અસમર્થ છું. રઘુનાથજી, શિવાજીની આજ્ઞા ઉપર કંઇ બોલતા ના. તમને જ ક્ષમા આપું છું, બીજાને આવી ક્ષમા આપું નહિ."

રઘુનાથ: "પ્રભુ, એકાદ બે યુદ્ધમાં આ દાસ પ્રભુનું કાર્ય કરી શકયો હતો, પ્રભુએ પણ યોગ્ય ઇનામ

આપવાનું સ્વીકાર્યું હતું; આજે એ ઇનામ માગું છું: ચન્દ્રરાવને વિનાદણ્ડે છોડી દો."

રોષે શિવાજીની આંખો રાતી થઈ ગઇ. ગર્જના કરી બોલ્યો: "રઘુનાથ, રઘુનાથ, કોઇ કોઈ વખત મારા ઉપર ઉપકાર કર્યો છે, માટે મારો ન્યાય અન્યથા કરવા માગો છો? મારી આજ્ઞા અન્યથા થશે નહિ, તમારા વીરત્વની કથા બોલતા બન્ધ થાઓ."

એ તિરસ્કારવાક્યથી રઘુનાથનું મોં રાતું થઇ ગયું. તેણે ધીરે ધીરે કમ્પિત સ્વરે ઉત્તર આપ્યો: "પ્રભુ, ઇનામ માગવું એ દાસનો સ્વભાવ નથી. જીવનમાં આજે પહેલી વાર ઇનામ માગ્યું; એ આપની ઇચ્છા નહિ હોય, તો ફરી નહિ માગું. દાસની માત્ર એજ ભિક્ષા છે: પ્રભુ સદય થઇ દાસને રજા આપે, રઘુનાથ સૈનિકનું વ્રત ત્યાગ કરશે ને ફરી સંન્યાસી બની દેશેદેશમાં ભિક્ષા માગી ખાશે."

શિવાજી ક્ષણેક સ્તબ્ધ થઇ રહ્યો, તેવામાં એક અમાત્યે આવી શિવાજીના કાનમાં કહ્યું કે ચન્દ્રરાવ રઘુનાથનો બનેવી છે, એટલા માટે બનેવીના પ્રાણ સારૂ ભિક્ષા માગે છે.

વિસ્મય પામી શિવાજીએ ચન્દ્રરાવને ક્ષમા આપી; પણ વજ્રનાદે બોલ્યો: "જાઓ ચન્દ્રરાવ, શિવાજીના રાજ્યમાંથી બહાર નિકળી જાઓ. બીજા દેશમાં જાઓ, ત્યાં જઇ કુટુમ્બીઓનો વધ કરો, ત્યાં કોઇ બીજા મિત્રનો

નાશ કરો; ત્યાં શત્રુ પાસે લાંચ લેજો, કપટ અને વિદ્રોહથી બાકી રહેલું પાપજીવન પુરૂં કરજો."

ચન્દ્રરાવ ભીરુ નહોતો. ધીરે ધીરે ક્રોધજર્જરિત આંખ કરી રઘુનાથની પાસે જઈ બોલ્યો: "બાળક, તારી દયા મારે જોઈએ નહિ, તારૂં આપ્યું જીવન હું તુચ્છ માનું છું. વળી આ જગતમાં તારે ને મારે, બન્નેને માટે સ્થાન નથી, બેમાંથી એક જણે મરવુંજ જોઇએ." બીજીજ ક્ષણે છાતી નીચેથી કટાર કાઢી પોતાની છાતીમાં ખોશી ઘાલી ને અભિમાની ભીષણપ્રતિજ્ઞ ચન્દ્રરાવ જમાદાર બધાનો તિરસ્કાર કરતો આ જગતમાંથી ચાલતો થયો. એનો જીવનશૂન્ય દેહ રઘુનાથના પગ આગળ ધરતી ઉપર પડ્યો.

૩૪

ભ્રાતાભગિની

જે દિવસે ચન્દ્રરાવે આત્મહત્યા કરી, તેજ સન્ધ્યાએ આંસુભરી આંખે રઘુનાથ બેનને આશ્વાસન આપવા ચાલ્યો. ત્યાં જઈને જોયું તો તે સ્તબ્ધ બની ગયો. શવની પાસે લક્ષ્મી છુટે કેશે આળોટે છે, જોસબંધ શ્વાસ નિકળે છે, ઘડીએ ઘડીએ આર્તનાદથી દિશાઓ પુરી કાઢે છે! હિન્દુ રમણીને પતિના મૃત્યુથી જે ભીષણ યાતના થાય છે, તેનું કોણ વર્ણન કરી શકે?

આજે લક્ષ્મીના નયનનો પ્રકાશ બુઝાઇ ગયો છે, હૃદય શૂન્ય થઇ ગયું છે, જગત અન્ધકારમય થયું છે! શોકથી, વિષાદથી, નૈરાશ્યથી, નવવૈધવ્યની અસહ્ય યાતનાથી વિધવા દયાજનક પોકાર કરે છે!

રઘુનાથે તેને શાન્ત પાડવાના પ્રયત્નો કર્યા, શાન્ત થવું તો દૂર રહ્યું, પણ લક્ષ્મી પ્રાણસમાન બન્ધુને ઓળખી પણ શકી નહિ. આંસુભરી આંખે રંઘુનાથ ઘરમાંથી બહાર નિકળી ગયો.

મોડી રાત્રે રઘુનાથ ફરી બેનની પાસે ગયો. લક્ષ્મીની સ્થિતિ ફરી ગએલી જોઇને વિસ્મય પામ્યો. હવે લક્ષ્મીની આંખમાં આંસુ નથી, ધીરે ધીરે સ્વામીના મૃતદેહને સુન્દર સુગન્ધ ફુલોથી સજાવે છે. નાની બાળકી જેમ પોતાની પુતળીને શણગારે, તેમ લક્ષ્મી સંભાળીને પોતાના પતિના મૃત દેહને સજાવે છે.

રઘુનાથ ઘરમાં આવ્યો, એટલે લક્ષ્મી ધીરે ધીરે તેની પાસે આવી, બહુ સંભાળથી પગલાં મુકતી આવી, રખેને પગલાંના અવાજથી સ્વામીની નિદ્રા ભંગ થાય! અતિ મૃદુ સ્વરે બોલી: "ભાઇ રઘુનાથ, તને એકવાર મળી લેવાયું એ પરમ ભાગ્ય છે, હવે મારા મનને કંઇ કષ્ટ રહેશે નહિ."

સજળ નયને રઘુનાથ બોલ્યો: "બેન લક્ષ્મી, તને અત્યારે મળવા ન આવું એમ તે બને?"

લક્ષ્મીએ પાલવથી રઘુનાથનાં આંસુ લુંછી કહ્યું: "ખરૂં છે ભાઇ, તું દયામય છે, તેં હૃદયેશ્વરને માટે રાજા પાસે પ્રાર્થના કરી હતી તે મેં સાંભળ્યું છે. મારા ભાગ્યમાં જે થવાનું હતું તે થયું. જગદીશ્વર તને સુખી રાખો!"

રઘુનાથ: "લક્ષ્મી, તું બુદ્ધિમતી છે એ હું જાણું છું. તેં અસહ્ય શોક કંઇક શમાવ્યો છે, એ જાણી સન્તોષ પામું છું. મનુષ્યનું જીવન શોકમય છે, તારા ભાગ્યમાં જે હતું તે થયું. તે શોક હવે શાન્તિથી સહન કરવો. ચાલ, મારે ઘેર આવ, ભાઇ ઉપર સ્નેહ રાખ, ભાઇના યત્નથી તને કંઇ સન્તોષ થશે, તો હું કંઇ ઉંણી રાખવાનો નથી."

લક્ષ્મી કંઇક હશી, એ હાસ્ય જોઇ રઘુનાથનો જીવ ઉડી ગયો. કંઇક હશી લક્ષ્મી બોલી: "ભાઇ, તું દયામય છે; પણ લક્ષ્મીને જગદીશ્વરે શાન્તિ આપી છે, શાન્તિ માર્ગ દેખાડયો છે. જીવતા હતા ત્યારે દાસી ઉપર સ્નેહ રાખતા, દાસી જીવનમાં તેમની પ્રણયિની હતી, મરણમાં સંગિની થશે."

રઘુનાથના મસ્તક ઉપર વજ્રાઘાત થયો. હવે લક્ષ્મીની સ્થિતિ ફરી ગયાનું કારણ સમજાયું. લક્ષ્મીના શાન્ત ભાવનું કારણ સમજાયું. લક્ષ્મીએ સતી થવાનો સંકલ્પ કર્યો છે.

રઘુનાથે એ સંકલ્પ ફેરવવા માટે લક્ષ્મીને બહુ સમજાવી,

બહુ રડ્યો; મધરાત થતા સુધી તેને સમજાવી, પણ ધીર શાન્ત લક્ષ્મીનો એક જ ઉત્તર હતો: "હૃદયેશ્વર મારા ઉપર બહુ સ્નેહ રાખતા, હું તેમને છોડીને રહી શકીશ નહિ."

અન્તે રઘુનાથ સજળ નયને બોલ્યો: "લક્ષ્મી! એક દિવસ મારૂં જીવન નૈરાશ્યપૂર્ણ હતું, મેં જીવન ત્યાગ કરવાનો સંકલ્પ કર્યો હતો. બેન, તારી સ્નેહમય કથાથી, તારા આગ્રહથી એ સંકલ્પ મેં ત્યજ્યો હતો. ફરી મેં કાર્યજગતમાં પ્રવેશ કર્યો હતો. લક્ષ્મી! તું ભાઇનો બોલ નહિ રાખે? તું ભાઈ ઉપર સ્નેહ નથી રાખતી?"

લક્ષ્મી પ્રથમની જ પેઠે શાન્ત ભાવે બોલી: "ભાઇ, એ વાત હું વિસરી નથી ગઈ, કે તું લક્ષ્મી ઉપર સ્નેહ રાખે છે. લક્ષ્મીનો તેં બોલ રાખ્યો હતો, તે વાત ભૂલી નથી ગઇ. પણ વિચારી જો, પુરૂષને અનેક આશા છે, અનેક ઉદ્યમ છે, અનેક અવલમ્બન છે; એક અવલમ્બન જાય તો બીજું મળે, એક પ્રયત્ન વિફળ થાય, તો બીજો સફળ થાય. ભાઇ તેં તે દિવસે બેનનો બોલ રાખ્યો હતો, તેથી આજ તારૂં કલંક દૂર થયું છે, તારો અધિકાર વધ્યો છે, તારો યશ દેશદેશાન્તરમાં વિસ્તર્યો છે; પણ અભાગણી નારીને શું છે? આજ મારો નયનનો તારો ગયો છે, તે શું જીવનમાં ફરી મળશે? જે મહાત્મા દાસી ઉપર એટલો સ્નેહ રાખતા, એટલી કૃપા રાખતા, તે શું જીવતી રહેવાથી ફરી મળી શકવાના છે? ભાઇ! બાલ્યાવસ્થાથી તું લક્ષ્મી

ઉપર સ્નેહ રાખે છે, તો હવે આજ સહય થા. લક્ષ્મીના એકમાત્ર સુખમાં કંટક સમાન થા ના; દાસી ઉપર જે સ્નેહ રાખતા, તેમની સાથે જવા દે.”

રઘુનાથ નિરુત્તર બની ગયો. સ્નેહમયી ભગિનીના પાલવમાં મોં રાખી બાળકની પેઠે રોવા લાગ્યો. આ અસાર કપટસંસારમાં ભાઇબેનના જેવો પવિત્ર સ્નેહ બીજો કયો છે? સ્નેહમયી ભગિનીના જેવું અમૂલ્ય રત્ન આ વિશાળ જગતમાં બીજે કયાં જડવાનું છે?

મધ્યરાત્રે ચિતા તૈયાર થઇ, ચન્દ્રરાવનું શબ તેના ઉપર મુકાયું. હાસ્યવદન લક્ષ્મીએ સુન્દર પટ્ટવસ્ત્ર અને અલંકારો પહેરી એકે એકે સર્વે પાસેથી વદાય લીધી.

લક્ષ્મી ચિતા પાસે આવી. દાસીઓને અલંકાર, રત્ન, મોતી વહેંચી આપવા માંડયાં. પોતાને હાથે તેમનાં આંસુ લુંછી તેમને આશ્વાસન આપવા લાગી.

સમ્બન્ધીઓ પાસેથી વદાય લીધી, ગુરુજનોને ચરણેથી ધૂળ લેઇ મસ્તકે ચઢાવી. સર્વેનાં આંસુ પાલવથી લુંછયાં, મધુર વાકયોથી સર્વેને આશ્વાસન આપ્યું.

અન્તે લક્ષ્મી રઘુનાથ પાસે આવીને બોલી: “ભાઈ, બાલ્યાવસ્થાથી તું મારા ઉપર સ્નેહ રાખે છે, આજે લક્ષ્મી ભાગ્યવતી છે, આજે ચિરસુખિની થશે; હવે એક વાર સ્નેહકાર્ય કર, નાની બેનને સ્નેહથી વદાય કર, તારી લક્ષ્મીને વદાય કર.”

રઘુનાથથી હવે રહેવાયું નહિ. લક્ષ્મીના બે હાથ ઝાલી બાળકની પેઠે છુટે મોંએ રોઇ પડ્યો! લક્ષ્મીની આંખમાં પણ આંસુ આવ્યાં!

સ્નેહથી ભાઇનાં આંસુ લુંછી નાખ્યાં ને બોલી: "આ શું, ભાઇ! શુભકાર્યમાં આંસુ શાં પાડવાં? પિતાના જેવું તારામાં સાહસ છે, પિતાના જેવું તારૂં અન્તઃકરણ વિશાળ છે, જગદીશ્વર હજી યે તારી કીર્તિ વધારશે, જગત તારા યશથી પૂર્ણ થશે. લક્ષ્મીની શેષ વાસના એ છે કે ભગવાન રઘુનાથને સુખી કરો. ભાઈ, મને વદાય કર, સ્વામી દાસીની વાટ જુએ છે."

કાતર સ્વરે રઘુનાથ બોલ્યો: "લક્ષ્મી, તારા વિના જગત તુચ્છ લાગે છે, જગતમાં હવે રઘુનાથને શું છે? પ્રાણસમાન લક્ષ્મીને વદાય દેઇશ, તો કોનું મોં જોઈ જીવી શકીશ?" આર્ત નાદ કરી રઘુનાથ મુર્છાવશ થયો ને ધરણી ઉપર ઢળી પડ્યો.

અનેક પ્રયત્નથી લક્ષ્મીએ તેને સચેતન કર્યો ને ઉઠાડ્યો. ફરી આંસુ લુંછી આશ્વાસન આપવા લાગી, સમજાવવા લાગી: "ભાઇ, તું વીરશ્રેષ્ઠ છે, પુરુષનો જે ધર્મ છે તેનું તું પાલન કરે છે, તારી લક્ષ્મીને નારીનો ધર્મ પાલન કરવા દે. હવે વિલમ્બ કર ના, જો પૂર્વ દિશાનું આકાશ રાતું થતું જાય છે, તારી લક્ષ્મીને વદાય કર."

ગદ્ગદ્સ્વરે રઘુનાથ બોલ્યો: "લક્ષ્મી, પ્રાણસમાન

લક્ષ્મી, આ જગતમાંથી આજ તને વદાય કરૂં છું; એ આકાશમાં, એ પુણ્યધામમાં એક વાર ફરી તને મળીશ; ત્યાં સુધી જીવન્મૃત અવસ્થામાં દિવસો ગાળીશ.”

ભાઇના ચરણની રજ મસ્તકે ચઢાવી લક્ષ્મી ચિતા પાસે ગઇ. સ્વામીના ચરણકમળને મસ્તકે ધરી બોલી: “હૃદયેશ્વર! જીવતાં તમે બહુ સ્નેહ રાખતા; હવે દયા કરો, જેથી તમારે ચરણે બેશી દાસી તમારી સંગે આવી શકે. જન્મોજન્મ તમે સ્વામી મળો, જેથી જન્મોજન્મ લક્ષ્મી તમારી પદસેવા કરી શકે.”

ધીરે ધીરે લક્ષ્મી ચિતા ઉપર ચઢી, સ્વામીના પગ પાસે બેઠી, ભક્તિભાવે પગ ખોળામાં લીધા. નયન મીંચાયાં, જાણે તે જ પળે લક્ષ્મીના આત્માએ સ્વર્ગમાં પ્રવેશ કર્યો.

અગ્નિ સળગ્યો; પુષ્કળ ઘી હોમાયાથી અગ્નિ ધૂ ધૂ શબ્દે સત્વર સળગી ઉઠ્યો. પ્રથમ અગ્નિજિહ્વા લક્ષ્મીના પવિત્ર શરીરને ચાટવા લાગી, તુરત જ ચારે દિશામાં ફરી વળી, લક્ષ્મીના મસ્તકને પણ ચાટવા લાગી, પછી મહાશબ્દે રાત્રિગગનમાં ઉડવા લાગી. સ્થિરપ્રતિજ્ઞા લક્ષ્મીનું એક પણ અંગ કમ્પ્યું નહિ. ઘડીમાં હતું ન હતું થઇ ગયું!

લક્ષ્મી સતી થાય છે, એવે સમયે શિવાજી રાજપુત-તમ્બુમાંથી નિકળી ચાલ્યો. પ્રાતઃકાળ થતા પહેલાં મુખ્ય મુખ્ય સેનાનીઓ અને મન્ત્રીઓને એકઠા કર્યા, તેમની સાથે અનેક મન્ત્રણાઓ કરી, પછી તમ્બુમાંથી બહાર નિકળી પોતાની સમસ્ત સેનાને સમ્બોધી બોલ્યો: "બન્ધુઓ, આપણે ઔરંગજેબ સાથે સન્ધિ કર્યાને એક વર્ષ થઇ ગયું છે. ઔરંગજેબે પોતે જ પોતાના દોષથી અને કપટાચારથી એ સન્ધિનો ભંગ કર્યો છે. હવે આપણે એ કપટાચારનું વૈર લેઇશું, મુસલમાનો સાથે ફરી યુદ્ધ આરમ્ભીશું.

"ઔરંગજેબનો જે મુખ્ય સેનાપતિ હતો, જેની સાથે યુદ્ધ કરવાનો ઈશાનિએ નિષેધ કર્યો હતો, જેની આગળ વિનાયુદ્ધે શિવાજી પરાજય પામ્યો હતો, તે મહાત્મા જયસિંહ આજે રાત્રે ઔરંગજેબના દુરાચરણથી મરણ પામ્યો છે. સૈનિકો! દિલ્લીમાં મને કેદ કર્યો, હિન્દુપ્રવરજયસિંહનું મરણ નિપજાવ્યું, એ સર્વનું આપણે વૈર લેઇશું."

"મૃત્યુશય્યામાં રાજા જયસિંહનાં દિવ્યચક્ષુ ઉઘડયાં હતાં, તેથી તેઓ જોઇ શકયા હતા કે મોગલોનું ભાગ્યનક્ષત્ર હવે અસ્ત પામે છે, મરાઠાઓનું ભાગ્યનક્ષત્ર ગગનમાં ઉંચે આવે છે, દિલ્લીનું સિંહાસન થોડા જ સમયમાં શૂન્ય

થવાનું છે! બન્ધુઓ, ચાલો, પૃથુરાજનું સિંહાસન આપણે લેઇએ.

"પૂર્વદિશામાં પ્રકાશ દેખાય છે, એ પ્રભાતનો પ્રકાશ છે; પણ એ આપણે પક્ષે સામાન્ય પ્રભાત નથી; મરાઠાવીરો! એ આપણું **જીવનપ્રભાત**!"

સમસ્ત સેનાનીઓ અને સૈનિકો એ મહાવાક્ય સુણી ગર્જી ઉઠ્યા: "**એ આપણું જીવનપ્રભાત!**"

૩૬

ઉપસંહાર

આપણી કથા સમાપ્ત થાય છે. હવે કેટલાંક પાત્રોના સમ્બન્ધમાં કંઇક કંઇક કહી વદાય થઇશું.

વૃદ્ધ જનાર્દન પાલિતકન્યા ખોઇ બેઠો ને ગાંડા જેવો થઇ ગયો. ફરી સરયૂ આવી મળ્યાથી આનન્દાશ્રુ પાડવા લાગ્યો. તેણે આનન્દિત હૃદયે રઘુનાથને બોલાવ્યો, સાનન્દ હૃદયે શુભદિને શુભમુહૂર્તે કન્યાદાન દીધું અને હવે સરયૂબાળાના સુખનું તો વર્ણન જ શું કરવું! ચાર વર્ષ સુધી એ દેવકાન્તિ પુરુષના નામના જપ કર્યા, ત્યારે અન્તે સરયૂ એ પુરુષદેવના કોમલ હૃદયની અધિકારિણી થઇ.

સરયૂના હોઠને રઘુનાથના હોઠ અડતા, ત્યારે સરયૂ ગાંડી ગાંડી થઇ જતી!

અને રઘુનાથ?—રઘુનાથે તોરણદુર્ગમાં જે સ્વપ્ન જોયું હતું તે સાર્થક થયું. એ પ્રિય કણ્ઠમાળા વારંવાર સરયૂને કણ્ઠે ઝુલાવવા લાગ્યો, એ પુષ્પનિન્દિત દેહ હૃદયે ધારણ કર્યો, એ વિશાળ સ્નેહપૂર્ણ નયન જોઇ જોઇને જગતને ભૂલી ગયો.

સરયૂ પોતાની સાત વર્ષની બેનને ભૂલી ગઇ નહોતી. રઘુનાથની પ્રાર્થનાથી શિવાજીએ ગોકર્ણને એક નાનીશી જાગીર આપી, અને ગોકર્ણના પુત્ર ભીમજીને હવાલદારની પદવીએ ચઢાવ્યો.

બેનને સરયૂ સદા પોતાને ઘેર રાખતી અને તેના ઉપર વરના 'સરખેસરખો' સ્નેહ રાખતી. કેટલાંક વર્ષ પછી સારા વંશના એક સુચરિત પાત્રની સાથે તેનું લગ્ન કર્યું. વિવાહને દિવસે સરયૂ ને રઘુનાથ બન્નેએ પધારી મંડપની શોભા વધારી, સરયૂએ કન્યાના કાનમાં ધીરે રહી કહ્યું: "જોજે બેન, પેલી વાત ભૂલતી ના, વરના કરતાંય મારા ઉપર વધારે સ્નેહ રાખજે, હોં!"

રઘુનાથ આ સમય પછી તેર વર્ષ સુધી સુખ્યાતિથી અને સમ્માનથી શિવાજીની સેનામાં કામ કરતો રહ્યો. જશવન્તસિંહે જાણ્યું કે રઘુનાથ તો પોતાના પ્રિય અનુચર ગજપતિસિંહનો પુત્ર છે, ત્યારે તેને હેતે સ્વદેશમાં

તેડવા મોકલ્યું. પણ શિવાજીએ રઘુનાથને જવા દીધો નહિ; જ્યાં સુધી શિવાજી જીવ્યો ત્યાં સુધી પાસે રાખ્યો. પછી જ્યારે ઇ. સ. ૧૬૮૦ના ચૈત્ર માસમાં શિવાજીનું મૃત્યુ થયું, ત્યારે શિવાજીના અયોગ્ય પુત્ર શમ્ભાજીએ પિતાના જુના સેવકોને અપમાન આપવા માંડયાં ને કેદ કરવા માંડયા. રઘુનાથે વિચાર્યું કે હવે મહારાષ્ટ્રમાં રહેવામાં માલ નથી, એટલે સરયૂને અને જનાર્દનને લેઇને સ્વદેશ ગયો. સૂર્યમહેલના પોતાના કિલ્લામાં તિલકસિંહનો પ્રપૌત્ર અને તેજસિંહનો પૌત્ર રહેવા લાગ્યો.

સમાપ્ત

પુસ્તકાલય સ. સ. મંડળ લિ., વડોદરાએ
પ્રસિદ્ધ કરેલાં
પુસ્તકો

૧. સેન્ટ્રલ લાઈબ્રેરી ડિપાર્ટમેન્ટના સર્ક્યુલરો, સૂચનાઓ, જાહેરાતો વગેરેનું એકીકરણ	૧–૮–૦
૨. વડોદરા રાજ્યની પુસ્તકાલય–પ્રવૃત્તિ	૩–૦–૦
૩. તારામંડળ (બાલવાર્તાસંગ્રહ) કાચું પુઠું	૦–૬–૦
પાકું પુઠું	૦–૯–૦
૪. જીવનસન્ધ્યા	૧–૦–૦
૫. જીનનપ્રભાત	૧–૮–૦
૬. શ્રી ધોંડો કેશવ કર્વેનું આત્મચરિત્ર (છપાઈ રહેવા આવ્યું છે.)	

આ ઉપરાંત વિલ્હેલ્મ ટૅલની મુખ્ય આડત આ મંડળે રાખી છે. એની કીમત રૂા. ૨–૦–૦ છે.

ક્રમાંક ૧ અને ૨ સિવાયનાં પુસ્તકોની છુટક ખરીદીમાં ૬। ટકા વળતર મળે છે. જથાબંધ ખરીદનારે ભાવતાલ માટે મંડળના મંત્રીને પૂછાવવું.

મંડળે પ્રસિદ્ધ કરેલાં પુસ્તકો ઉપરાંત ગુજરાતી ભાષાનાં લગભગ બધાં સારાં પુસ્તકો મંડળમાં મળે છે. બીજે ક્યાંકથી ગુજરાતી પુસ્તકો ખરીદ કરતા પહેલાં મંડળમાં તપાસ કરી જોશો.

મંડળનું કાર્યાલય: લીમડા પોળ સામે, રાવપુરા
વડોદરા

તમારા પુસ્તકાલયને ઉન્નત બનાવવું હોય તો 'પુસ્તકાલય' માસિકના ગ્રાહક તરીકે

નામ નોંધાવો

'પુસ્તકાલય' સને ૧૯૨૫ના ઑક્ટોબરથી શરૂ થયું છે. પહેલાં તો તે ત્રિમાસિક હતું; પરંતુ પુસ્તકાલયને લગતા પ્રશ્નો અનેક હોવાથી સને ૧૯૨૭ના જાન્યુઆરીથી એને માસિક બનાવવાની ફરજ પડી છે.

આ માસિકમાં શું શું આવે છે?

દેશપરદેશનાં પુસ્તકાલયોની વિગતો; સારાં સારાં પુસ્તકોની સ્ત્રી-ઉપયોગી, બાલોપયોગી, તેમજ ભિન્ન ભિન્ન વિષય પરત્વેનાં પુસ્તકોની યાદીઓ; ચાલુ સાહિત્યનો તેમજ વાર્તાસાહિત્યનો દિશાસૂચક પરિચય; બાળકો, સ્ત્રીઓ, અન્ધ વગેરેનાં પુસ્તકાલયોની યોજનાઓ; છાપકામને લગતા માહિતીપૂર્ણ લેખો; માસિકોના અંક બહાર પડ્યાની વિગત, તથા ચાલુ માસિકોમાંના વાંચવા જેવા લેખોની યાદી; પુસ્તકાલયપ્રવૃત્તિની દ્યોતક નોંધ: **ટુંકામાં પુસ્તકાલયોના સંચાલકોને અને વાચકોને માર્ગદર્શક ઘણું ઘણું લખાણુ આવે છે.**

આ માસિકના દર અંકમાં વડોદરા લાયબ્રેરી ડિપાર્ટમેણ્ટના સર્ક્યુલરો, સૂચનાઓ, જાહેરાતો વગેરે ઉપરાંત ૪૮ પૃષ્ઠનું લખાણ આપવામાં આવે છે.

વખતોવખત પુસ્તકાલયોનાં મકાનો વગેરેનાં ચિત્રો આપવામાં આવે છે.

કાગળ, છપાઈ, ગેટ-અપ વગેરે સરસ છે.

દવાઓની કે જનતાને છેતરનારી તથા પાયમાલ કરનારી કે બીજી જાહેરાતો ન સ્વીકારતાં ફક્ત પુસ્તકાલયોને ઉપયોગી જાહેરાતો જ આ માસિકમાં લેવાય છે.

આવા માસિક સિવાય દરેક નાનુંમોટું પુસ્તકાલય અપૂર્ણ જ રહેવાનું, માટે વાર્ષિક લવાજમના રૂ. ૩–૮–૦ (પરદેશવાસીઓએ રૂ. ૫–૦–૦) મોકલી ગ્રાહક તરીકે જલદી નામ નોંધાવવું.

વર્ષના પાછલા અંકો શિલકમાં હશે ત્યાં સુધી પૂરા પાડવામાં આવશે.

વ્યવસ્થાપક 'પુસ્તકાલય',

પુસ્તકાલય સ. સ. મંડળ, લિ.

વડોદરા
